


JULY 30, 2016

(A page from a printed book)

# 'આત્મઝરમર'

♦Atmazarmar By Raman Pathak – 'Vachaspati'♦

●©રમણ પાઠક●

♦પ્રથમ આવૃત્તી : 2014♦

●મુદ્રક–પ્રકાશક●

પંચોલી વાડી સામે, બાવાસીદી,

ગોપીપુરા, સુરત – 395 001

ફોન : 0261–2597882/ 2592563

ઈ.મેઈલ : sahityasangamnjk@gmail.com

♦અન્ય પ્રાપ્તીસ્થાન♦

સુરત

સાહીત્ય સંકુલ, ચૌટાબજાર, સુરત – 395 003

ફોન : 0261–2591449

ઈ.મેઈલ : janaknaik54@gmail.com

અમદાવાદ

સાહીત્ય ચીન્તન, કચરીયા પોળ, બાલા હનુમાન સામે,

ગાંધી રોડ, અમદાવાદ – 380 001

ફોન : 079–22171929

---

રુપીયા 140-00

(A page for eBook)

♦eBook - 'Atmazarmar' By Raman Pathak 'Vachaspati' ♦

●©Raman Pathak●

●ઈ.બુક મુલ્ય: નીઃશુલ્ક (રૅશનલ વીચારોની મફ્ફત લહાણી)●

♦ઈ.બુક પ્રકાશક♦
મણી મારુ,
405, સરગમ એપાર્ટમેન્ટ,
કૃષી યુનીવર્સીટી સામે, નવસારી.
પોસ્ટ : એરુ એ. સી. – 396 450
સેલફોન : 9537 88 00 66
ઈ.મેઈલ : govindmaru@gmail.com

♦માર્ગદર્શન અને પ્રુફવાચન♦
ઉત્તમભાઈ ગજ્જર
ગુરુનગર, વરાછા રોડ, સુરત- 395 006
ફોન : 0261-255 3591
ઈ.મેઈલ:uttamgajjar@gmail.com

●ઈ.બુક અક્ષરાંકન●
'મણી મારુ' પ્રકાશન વતી : ગોવીન્દ મારુ 'અભીવ્યક્તી'
સેલફોન: 9537 88 00 66 ઈ.મેઈલ : govindmaru@gmail.com

# અર્પણ..



પરમ સ્નેહી–મીત્ર

શ્રી. નાનુભાઈ નાયક (નાનુબાપા)ને...

તમારી તો આત્મીયતા અમુલ્ય,
આત્મીય આગ્રહ–બળ પણ અજોડ !
વળી વધુમાં, હમદર્દ–હમસફર,
ને કૃતકૃત્ય હું !

–રમણ પાઠક ‘વાચસ્પતી’

પ્રા. રમણભાઈની હેત–સરવાણી જેમના તરફ અવીરત વહેતી રહેતી

તે વહાલાં બાળકોને આ ઈ.બુક શર્વરી અને મુકેશ દેસાઈ તરફથી સમર્પીત..

(રમણભાઈના શબ્દોમાં 'પ્રાણપ્રીય')



મૌલી

તર્જની–દક્ષેશની પુત્રી



દૌહીત્રી તર્જની તથા પતી દક્ષેશ



દૌહીત્ર મલ્હાર તથા પત્ની પ્રીતી

*

# નીવેદન – સંવેદન

'અર્પણ'માં નાનુભાઈને મેં જે 'હમદર્દ' ને 'હમસફર' લેખાવ્યા, એ હકીકત તો મારે મન એક અજોડ આનન્દ, આશ્ચર્યની ઘટના છે, જેથી વધુમાં ધન્ય છું.

'હમસફર' અર્થાત્ અમે બન્ને રૅશનાલીસ્ટ અને 'હમદર્દ' એટલે વળી અમારું સંવેદનતન્ત્ર પણ સમાન !

આ 'આત્મકથા'માં ક્યારેક મારે એય ઉલ્લેખવું હતું, પણ સુસંગતતા પ્રાપ્ત ન થતાં, એ રહી જ ગયું : હવે એ અત્રે સંક્ષેપમાં જ નોંધી લઉં; કારણ કે આ ઘટના મેં જાણી, ત્યારથી મનોમન પ્રસન્ન અને શ્રી. નાનુભાઈનો પ્રશંસક બની રહ્યો છું.

વાત જાણે એમ છે કે, શ્રી નાનુભાઈના આત્મકથનનાં કેટલાંક પ્રકરણો મેં ક્યાંક ક્યાંક વાંચ્યા અને સંતોષની પ્રસન્નતાથી હું કંઈક ઉલ્લસીત બન્યો. બાકી આ સંસારની ચીલાચાલુ રફતારથી તો હું  ખીન્ન ને હતાશ જ છું. શ્રી. નાનુભાઈ એવાં પ્રકરણોમાં પોતાના સંવેદનાજનીત વ્યવહારનું જે બયાન કરે છે, તે જાણે મારી જ ચીત્ત–સંવેદનાનું તસવીરવત્ દર્શન છે : દા.ત. મારે મારી મનોદશામાં મારે માટે જે જીવનભરની વેદનારુપ હૃદયસ્પર્શી બની રહ્યું, એ તો ગરીબો–વંચીતો ને દુઃખીયારાં પ્રત્યેની મારી સદાસતેજ સંવેદનશીલતા : એવી જ બરાબર શ્રી. નાનુભાઈનીય હાર્દીક લાગણી–સહાનુભુતી અને બાળકો પ્રત્યેની તેઓની સહનશીલ કરુણા. શ્રી. નાનુભાઈની જેમ જ, આજેય હું મારી (ફક્ત પાંત્રીસેક વર્ષની) નોકરને પણ કદી એકવચનથી નથી સંબોધતો, કદીય ગરમ કે મોટા અવાજે ભુલ નથી ચીંધતો યા ઠપકો નથી આપતો ! આજ પર્યન્ત એક પણ નોકરને મેં કાઢી નથી મુક્યો – મુક આત્મીયતાભરી માનવતાથી બધું જ સહન કરી લઉં છું, અને એનું વળી દુઃખ નથી, બલકે સન્તોષ–આનન્દ છે.

શ્રી. નાનુભાઈ લખે છે કે બાળકોની ઈચ્છા–અનીચ્છા, ગમા–અણગમા તથા સુખ–દુઃખ પ્રત્યે તેઓ સદાય સંવેદનશીલ છે. તેઓનું કાર્યાલય ખુલવાને ટાણે મહોલ્લાનાં પાંચસાત બાળકો ત્યાં રમતાં હોય, તો તેઓને દુર કરતાંય એમને મનોદુઃખ થાય, કોઈ બાળક રડતું સંભળાઈ જાય તો નાનુભાઈ અસ્વસ્થ થઈ જાય! અને હું તો જો કોઈ બાળક રોતું સાંભળું, તો મારી ઉંઘ–ભુખ હરામ થઈ જાય! બાલ કરુણા બાબતે તો હું લગભગ બદનામ પાગલ! બાળક એટલે અબોલ, લાચાર અને પરાધીન પશુ. એને માતાપીતા જ પીડે તો એ બાપડું જાય ક્યાં! હું આવાં કડક માબાપને હમેશાં પુછું છું કે, ‘એણે કદીય તમને વીનવેલાં કે ‘તમારે ત્યાં જ મને જન્મ આપો! અને આજે તમે હવે પાડાને વાંકે પખાલીને નીર્દય ડામ દીધ્યે રાખો છો’; પણ કોણ સાંભળે ને કોણ અનુસરે!...

સ્નેહીશ્રી નાનુભાઈનો પરીવારજનો પ્રત્યે, પરીવારનાં તથા ઈતર વહાલસોયાં બાળકો માટે, નોકરચાકર પ્રત્યે, કાર્યાલયનાં કર્મચારીઓ પ્રત્યે આવો જ લાગણી તથા માનવતાપુર્ણ વ્યવહાર છે. એ મારે માટે મારા વર્તમાન જીવનમાં જ કેવી આકસ્મીક છતાં અમુલ્ય ઉપલબ્ધી છે! અરે, શ્રી. નાનુભાઈની કલમે, લખાયેલી એક રોડ પર બેસતા મોચીની કરુણ કથની નરી નીઃસ્વાર્થ આત્મીયતા તથા કેવળ માનસીક સુખદુઃખ માટેની જ પ્રવૃત્તી અને નીરીક્ષણવૃત્તી, બસ કેવળ સંવેદનાની જ સૃષ્ટી! એ વાંચતાં, અને મારા જીવનની આવી કેટલીક લાચાર કરુણતાઓ યાદ આવી ગઈ :

એક સાંજે, સાત–આઠ વર્ષનો એક બાળક વીજળીના થાંભલા પાછળ દીવાલને અઢેલીને સાવ એકાકી નીરાધાર રડતો હતો. હું થોભી જ ગયો. પણ કંઈ જ ન કરી શક્યો! આવી પરીસ્થીતીમાં શું કરી શકાય? – એની મને આવડત જ નથી! એ દશ્ય હજી આજેય નથી ભુલાતું અને તીવ્ર વેદનાપુર્ણ જાતઠપકો શમતો નથી... શ્રી. નાનુભાઈ નાયક બરાબર આવા જ સંવેદનશીલ, લાગણીના માણસ છે. તેઓનું આવું મીલન કેવું આકસ્મીક અને મારે માટે જીન્દગીનું કેવું મોટું આશ્વાસન!

આવા સ્નેહીશ્રી નાનુભાઈ મને પ્રસંગોપાત, હરેક અનુકુળ પ્રસંગે આગ્રહ કરતા રહેતા કે 'આત્મકથા લખો !' અને અન્તે તેઓની આવી આત્મીયતાએ મને જરુર પાનો ચડાવ્યો. અને અલબત્ત, ઘણો જ મોડોમોડો હું આ લખવા પ્રવૃત થયો. ખુબ મોડો તો એટલા માટે કે ઉમ્મરના કારણે અશક્ત થઈ ગયો છું. છતાં વળી આજે એ લખાઈને પુર્ણ પણ થયું, ત્યારે સાચા દીલનો આગ્રહ કેવું હકારાત્મક ફળ પણ આપી જાય, એનો સાભાર પુરાવો મળ્યો. આવા પ્રીય નાનુભાઈનો તો જેટલો આભાર માનું તેટલો ઓછો જ.

મારી જીન્દગી ઘણી લાંબી ચાલી (આજે 92મું ચાલે છે) અને મારાં 'પરાક્રમો' પણ અસંખ્ય, અનેકવીધ અને વળી કથ્ય–અકથ્ય! એટલે આ આત્મકથા પુર્ણ તો ન જ કહેવાય; બલકે ઘણું ઘણું છોડી દઈને ઘણી સંક્ષીપ્ત કરેલી છે, ટુંકાવવી પડી છે. તો જેવી છે, તેવી વાચકોને લગીરેય ગમશે, તો મારો આ શ્રમ સાર્થક લેખીશ.

બીજો એવો જ આત્મીયતાભર્યો આગ્રહ ડીસાવાસી તબીબ ડૉ. વીજય વારડેનો સદાય રહ્યો. દર સપ્તાહે અને કવચીત્ તો એકથી વધુ વાર ફોનથી પુછે જ કે, 'આત્મકથાનું કેટલે આવ્યું?' અને હું મુશ્કેલી દર્શાવું તો સ્નેહભર્યો આગ્રહ પણ પછી આવે જ કે, 'પ્લીઝ, પુરી કરજો જ !' આમ તો ફક્ત લેખક તરીકેનો જ અમારો સમ્બન્ધ : હજી પરસ્પર મળ્યા તો શું, જોયા સુધ્ધાં નથી! બોલો, એવા નીર્વ્યાજ પ્રેમીના ઋણનો ઉલ્લેખ અત્રે કર્યા વીના કેમ ચાલે? હાર્દીક આભાર!

આ આત્મકથાની હસ્તપ્રત હાથમાં આવતાં જ સ્નેહી શ્રી. જનકભાઈ નાયકે એને તેઓના સામયીક 'સંવેદન'માં હપ્તાવાર પ્રગટ કરવા માંડી. અને સાંભળવા મુજબ, તેઓને એ ગમી પણ, તો મારે માટે તો એ પરમ સન્તર્પક પ્રતીભાવ બન્યો. એ બદલ હું શ્રી. જનક નાયકનો અનહદ ઋણી છું.

એ જ રીતે, અમારો આવો બધો સાહીત્યીક વ્યવહાર બહેનશ્રી રેખાબહેન મારફતે સરળતાથી ચાલે, એટલે તેઓની કાળજીભરી અને આદરભરી માવજત બદલ સદાય અસીમ ઋણી હોઈ, તેઓનો આભાર ન માનું તો નગુણો ઠરું.

આ બધો જ : લેખક–પ્રકાશક વચ્ચેનો વ્યવહાર યુવાન મીત્ર અને સદાય ‘ગુરુ’ માનીને આ વૃદ્ધ વયે મારી સેવા કરતા શ્રી. ધનસુખભાઈ ઢીમર મારફત ચાલે. તેઓ અમારા નીઃશુલ્ક (ઓનરરી તથા ઓનરેબલ) આંગડીયા! તેમનો આભાર માનું, એય તેઓને તો ન ગમે ! એવા ઉદાર, સેવાભાવી વીદ્યાર્થીમીત્ર શ્રી. ઢીમરભાઈનો આજના પ્રસંગે જેટલો આભાર માનું તેટલો મારે મન તો ઓછો જ.

અને અન્તે, આજે વૃદ્ધાવસ્થાની આ અપંગ અવદશામાં, મને સહાય કરવા માટે સાથે આવી રહેલા, રૅશનાલીઝમ આલમના મોટા વીચારક–લેખક શ્રી. એન. વી. ચાવડા સહીત, આ કાર્યમાં તથા અન્યથા પણ પ્રેરક તથા સહાયક બનનાર સર્વ સ્વજનો, મીત્રો, ખાસ કરીને સુરતના રૅશનાલીસ્ટ મીત્રો – એ સૌનો અન્તરથી અસીમ ઋણી છું :

તમે ન હો તો
જગ ને જીવન પણ
મારે માટે શુન્ય !

–રમણ પાઠક ‘વાચસ્પતી’
એ–4, નટરાજ એપાર્ટમેન્ટ,
પાટીદાર જીન કોમ્પલેક્સ, બારડોલી – 394 601



## ‘આત્મઝરમર’ના ઈ.બુક સ્વરુપને આવકાર...

–શર્વરી દેસાઈ

થોડા વખત પહેલાં શ્રી. ગોવીન્દભાઈ મારુનો મારા ઉપર ઈ–મેલ આવ્યો. લખ્યું હતું– પ્રા. રમણભાઈનું પુસ્તક ‘આત્મઝરમર’ એમના જન્મદીવસ 30 જુલાઈના દીને તેઓ ઈ–બુક સ્વરુપે પ્રકાશીત કરવા માંગે છે. એ વાંચતાં જ અવર્ણનીય આનન્દ અનુભવ્યો. કારણ આ પુસ્તક હવે સહેલાઈથી દેશ–વીદેશના દરેક મીત્રો સુધી પહોંચી શકશે.

શ્રી. ગોવીન્દભાઈ મારુએ એમના બ્લોગ ‘અભીવ્યક્તી’ દ્વારા રૅશનાલીઝમનો પ્રચાર અને પ્રસાર કરવાની સરસ પ્રવૃત્તી આદરી છે. તે ઉપરાન્ત મુરબ્બી શ્રી. ઉત્તમભાઈ ગજ્જરે ‘સન્ડે ઈ–મહેફીલ’ દ્વારા ગુજરાતી સાહીત્ય દેશ–વીદેશના મીત્રો સુધી પહોંચાડવાનો સેવાયજ્ઞ આરંભ્યો છે. બન્ને મીત્રોને હૃદયપુર્વક અભીનન્દન...

પ્રા. રમણભાઈ પાઠક (હું એમને જીજા કહેતી) ગયા વર્ષે 12 માર્ચ, 2015ના રોજ આપણી વચ્ચેથી વીદાય લઈ ગયા. એમના અનેક લેખો, પુસ્તકો અને વીવીધ સામયીકોમાં પ્રકાશીત થયા છે. આ લેખોમાં પ્રા. રમણભાઈના રૅશનાલીઝમ અંગેના વીચારો તેમ જ સમાજમાં પ્રવર્તતી કુરુઢીઓ, અન્ધવીશ્વાસ/અન્ધશ્રદ્ધા, વહેમ, ગેરમાન્યતાઓ સામે આક્રોશ વ્યક્ત થયો છે. પરીણામ સ્વરુપ માનવીને સમાજમાં સહન કરવી પડતી યાતના, રીબામણી માટે એમનું હૃદય કેવું ઉંડું દુઃખ અનુભવતું હતું એની પણ પ્રતીતી થાય છે.

પ્રા. રમણભાઈ તો ચુસ્ત કર્મકાંડી બ્રાહ્મણ કુટુમ્બમાં જન્મેલા! નાના ગામડાના રુઢીચુસ્ત બ્રાહ્મણસમાજમાં ઉછરેલા. મોટેભાગે બ્રાહ્મણ શીક્ષકોના હાથ નીચે શીક્ષણ પામ્યા; પરન્તુ આ જીવનકાળ દરમ્યાન તેમની આસપાસની વ્યક્તીઓનું અવલોકન કરતા રહ્યા. સમાજની રીતીઓ, કુરુઢીઓને લીધે આપ્તજનોએ ઉઠાવવી

પડતી યાતનાઓનો અનુભવ કરતા ગયા. સતત એક પ્રચંડ તુમુલ યુદ્ધ એમના અન્તર–મનમાં થતું રહ્યું. સામાજીક રીતરીવાજોની નીરર્થકતા સમજાતી ગઈ અને મનમાં આ બધાં સામે એક પ્રકારનો આક્રોશ ઉત્પન્ન થતો ગયો.

મનનો આ આક્રોશ જ ક્રમશઃ ચોક્કસ આકાર ધારણ કરીને વીવેકબુદ્ધીવાદ તેમ જ માનવવાદમાં પરીણમ્યો. જીવનમાં પ્રેમ, કરુણા, માનવતાનું મહત્ત્વ સ્થાપીત થયું. અને સમયાન્તરે એ અંગેનું સાહીત્ય સર્જાતું ગયું. આ બધાને પરીણામે એઓ પ્રખર રૅશનાલીસ્ટ તરીકે સ્થાપીત થયા. અને તેઓ ‘રૅશનાલીઝમના ભીષ્મપીતામહ’ તરીકે ઓળખાયા.

જીવનના સંક્રમણકાળ દરમીયાનની અને ત્યાર પછીના સમયગાળાની અન્તરંગ અને વૈવીધ્યસભર અનેક ઘટનાઓ વીશે ઘણા મીત્રોને બહુ ઓછી જાણ હશે. તેથી પ્રા. રમણભાઈની ‘જીવનયાત્રા’ વીશે સહુ મીત્રોને વીશેષ જાણકારી પ્રાપ્ત થાય એ જ હેતુ, એમની આત્મકથા સમું પુસ્તક ‘આત્મઝરમર’ ઈ.બુક સ્વરુપે પ્રકાશીત કરવા પાછળ રહેલો છે.

સાહીત્યસંગમ, સુરત દ્વારા ‘આત્મઝરમર’ પુસ્તકનુ પ્રકાશન સને 2014માં થયું હતું. વળી, પુજ્ય શ્રી. નાનુભાઈ નાયક તો રમણભાઈ સાથે લાગણીના તન્તુઓથી જોડાયેલા છે. એમણે આત્મકથા પુસ્તક લખવા માટે પ્રેમભર્યો ખાસ આગ્રહ કર્યો હતો. પુસ્તક પ્રકાશીત કરવા બદલ તેમ જ એને ઈ–બુક સ્વરુપે પ્રકાશન કરવાની અનુમતી આપવા બદલ વડીલશ્રી નાનુબાપાની હું અન્તઃકરણપુર્વક ઋણી છું.

પ્રા. રમણભાઈના પ્રીય મીત્રો શ્રી. ઉત્તમભાઈ અને મધુબહેન ગજ્જર તેમ જ શ્રી. ગોવીન્દભાઈ અને મણીબહેન મારુને હું હૃદયપુર્વકના અભીનન્દન આપું છું. ખરેખર જ મનના ઉંડાણથી હું એમની આભારી છું. ‘આત્મઝરમર’ પુસ્તકને ઈ–બુક સ્વરુપ આપવાનો વીચાર અમલમાં મુકવા માટે તથા એને માટે અનેક પ્રકારની

જહેમત ઉઠાવવા બદલ આ સહુને હજારો સલામ... આશા રાખું કે આ ઈ–બુક શ્રી. રમણભાઈના દેશ–વીદેશ સ્થીત સહુ મીત્રોને પહોંચે અને આપણા સૌનો મુળભુત હેતુ પુર્ણ થશે.

અસ્તુ.

...શર્વરી દેસાઈ...

Monroe Township, NJ –08831, USA

Cell Phone : +17329251758/ +17327898295

eMail : mstm.desai@gmail.com



શર્વરીબહેન તથા પતી મુકેશ દેસાઈ

*

# અમારા બન્નેના રૅશનાલીઝમ વીશેના વીચારો એક સરખા હતા

–નાનુભાઈ નાયક (નાનુબાપા)

પ્રા. રમણ પાઠક ગુજરાતના જ નહીં; દેશ આખાના રૅશનાલીસ્ટોમાં પણ પ્રથમ નામ મુકવું પડે એવા સાચુકલા માણસ હતા. એમની સાથે મારો ચાર દાયકા ઉપરનો અંગત સમ્બન્ધ હતો, ધીમે ધીમે એ સમ્બન્ધ એટલો વીકસ્યો હતો કે અમારા બન્નેના વીચારો એક સરખા જ થઈ ગયા હતા.

અંગત રીતે કહું તો રૅશનલ વીચારો વીશે હું રમણભાઈ પાસેથી ઘણું ખરું શીખ્યો છું. મેં રમણભાઈને સર્વાંગસમ્પુર્ણ રૅશનાલીસ્ટ માન્યા છે. આસ્તીકતા–નાસ્તીકતા તથા અન્ધશ્રદ્ધા વીશે રમણભાઈના વીચારો ઘણા ઉગ્ર છે. છતાં રમણભાઈએ કહેલું કે અમુકતમુક ધર્મના લોકો છે એટલે હું તેમનો અનાદર નહીં કરું. રૅશનલ માણસ દયા, કરુણા અને સંવેદનશીલતાને કોરાણે નહીં મુકી શકે. માણસના વીચારો સામે વાંધો હોઈ શકે. તેથી માણસનો માણસ તરીકે આદર ભુલાવો નહીં જોઈએ. મને લાગે છે કે ગાંધીજીએ અને રસેલે જે વાત કહી હતી, તે જ વાત માટે રમણભાઈએ જીવનભર ચીન્તા કરી છે.

હું ધીરેધીરે રમણભાઈ પાસેથી જ શીખતો ગયો તે એટલે સુધી કે પછી તો રમણભાઈના અને મારા વીચારો એકસરખા થઈ ગયા હતા. રમણભાઈ પણ એમની ‘રમણભ્રમણ’કૉલમમાં મારા વીચારોને જોડી મારા નામનો ઘણીવાર ઉલ્લેખ કરતા. એટલું જ નહીં, બેત્રણ વખત તો ‘રમણભ્રમણ’ની આખેઆખી કૉલમ મારે નામે લખી હતી. એક વખત તો હેડીંગ પણ એવું જ માર્યું હતું : નાનુબાપા, ઘણું જીવો, ઘણું પામો, ઘણું આપો. અને મેં પણ ‘મારા સપનાનું વીશ્વ’માં પર્યાવરણના પ્રકરણમાં છેલ્લે રમણભાઈને યાદ કરીને આખો પેરેગ્રાફ મુકી અન્તે લખ્યું હતું, ‘ચાલો, આપણે રમણભાઈ જેવા ગુજરાતના મોટ્ટા રૅશનાલીસ્ટની વાત માનીએ.’

ક્યારેક હું એમને 'મારા સપનાનું વીશ્વ'નું એકાદ આખું પ્રકરણ વાંચવા મોકલું, રમણભાઈ અત્યન્ત ખુશ થાય, ક્યારેક સુધારા પણ સુચવે. મુખ્ય કારણ એ જ કે અમારા બન્નેના રૅશનાલીઝમ વીશેના વીચારો એક સરખા હતા. એક વખત મેં રાષ્ટ્રવાદને માનવવાદનો મોટો દુશ્મન ગણાવ્યો હતો તો રમણભાઈ એટલા ખુશ થઈ ગયા કે એમણે બર્ટ્રાન્ડ રસેલની કંઈ કેટલીય વાતો ફોન પર કહીને રાષ્ટ્રવાદ માટે રસેલનું પ્રસીદ્ધ ક્વૉટેશન Nationalism is the most formidable evil of our times. It is more formidable than intoxication, consumption of narcotics and dishonest trading practices. લખાવ્યું હતું. એમણે કહ્યું કે મેં પણ બર્ટ્રાન્ડ રસેલને ટાંકીને તમારી જેમ રાષ્ટ્રના શાસનને બદલે દુનીયાના શાસન વીશે 'ગુજરાતમીત્ર'માં એક લેખ સીક્કે લખેલો. અમારા બધા વીચારો મુળ તો રૅશનલ સમાજ શી રીતે ઉભો થઈ શકે તે વીશેના જ, એટલે રમણભાઈ કહેતા કે નાનુભાઈ! આ જ કામ હું કરવા માગતો હતો. પણ કરી શક્યો નહીં. તમે એ કરો છો એથી મને અત્યન્ત આનન્દ થાય છે. મને થાય છે, આપણા બન્નેનો પણ કેવો મીલન સંજોગ!

એમની સાથે ફોન ઉપર અઠવાડીયામાં બેત્રણ વખત લાંબી વાતો થતી અને છેલ્લી માંદગીમાં મળવા જાઉં ત્યારે બોલવામાં તકલીફ પડવા લાગી ત્યારે મને જોઈને બેઠા થવા જાય; પણ હું તેમને બેઠા થવા નહીં દેતો. તેઓ મારી હથેળી પોતાના હાથમાં લઈને સુઈ રહેતા. હું તેના ઉપર મારા બીજા હાથની હથેળી મુકી બેસી રહેતો. અને કશા પણ બોલાયેલા શબ્દો વીના અમે બન્ને મુંગા મુંગા વાતચીત કરી લેતા.

આમ જુઓ તો રમણભાઈ મારા 'પ્રેરણાપુરુષ' હતા. મને એમના જેવો એમણે જ બનાવ્યો હતો. મને થાય છે કે એમનું છેલ્લું અદ્વીતીય વસીયતનામું વાંચીને મારી જેમ 'આત્મઝરમર' ઈ.બુકના વાચકોને પણ પ્રેરણા મળશે.

## એક સાચા રૅશનાલીસ્ટનું વસીયતનામું કેવું હોય તે જાણવું હોય તો ગુજરાતના પ્રથમ હરોળમાં પણ પ્રથમ, એવા રૅશનાલીસ્ટ પ્રા. રમણ પાઠકનું વસીયતનામું વાંચવું પડે.

'મેં મારું, આ મતલબનું વસીયતનામું તો બનાવ્યું જ છે; પરન્તુ લોકસ્મૃતી ખુબ ટુંકી હોય છે, એટલે અહીં અન્તમાં, અગત્યનો સારાંશ દોહરાવી લઉં :

(1) મારા મરણપ્રસંગે 'ઘીનો દીવો' નહીં; 'રામ બોલો, ભઈ રામ' નહીં જ, અને 'ગીતાપાઠ' કે અન્ય કોઈ જ ધાર્મીક પુસ્તકનું વાચન નહીં; મૃતકાનમાં કશા મંત્રો ગણગણવા નહીં !

(2) મારા મૃત્યુની તત્કાલ ખબર કોઈને આપશો નહીં; કોઈનેય નાહક દોડાવશો નહીં.યાદ રાખો, કસોટીકારક અનુભવે જ કહું છું કે મરણપ્રસંગે યા એ પછીના દીવસોમાં ખરખરો કરવા જવાના રીવાજને કારણે, મરનારનાં કુટુમ્બીજનોને અનહદ ત્રાસ થાય છે.

(3) શોક કરશો નહીં, રોકકળ તો નહીં જ, બેસણું પણ નહીં; અને જો આનન્દ કરી શકો તો એ ઉત્તમ ! ઘરમાં કે સ્વજનોમાં જો કોઈ મંગલપ્રસંગ હોય, તો તે જરાય મુલતવી રાખશો નહીં. અન્તીમવીધી પતાવીને તરત જ, ખુશીનો પ્રસંગ નીઃશંક ઉજવી શકાય. ઉત્સવનો દીવસ કે દીવસો હોય, તો તે પણ માણજો ! અંતમાં, બે વીનન્તી ખુબ ખુબ ભારપુર્વક :

[1] કોઈ પણ પ્રકારનો ધાર્મીક વીધી મુદ્દલે નહીં જ; બેસણું પણ નહીં ! અને શક્ય હોય તો અગ્નીદાહ ટાળશો. આપણે હવે જંગલો જાળવવાં જ રહે, અગ્નીદાહ એ મરણોત્તર હત્યાકૃત્ય છે; કારણ કે

મર્યા પછી માણસ એક આખા વૃક્ષને હણતો જાય છે. લાકડું ખુબ કીમતી અને દુર્લભ ચીજ ગણાય.

[2] મારી પાછળ દાન નહીં; સ્મૃતી–સ્મારક પણ નહીં જ ! શોકસભાઓ કે શ્રદ્ધાંજલીઓ ઔપચારીક રીતે તો અનાવશ્યક જ ગણવાં. હા, એ નીમીત્તે મારા વીચારો, અર્થાત્ રૅશનાલીઝમનો પ્રચાર થતો હોય, તો આવા કાર્યક્રમો ભલે યોજાય. વધુ માટે મારું પુસ્તક ‘આનન્દની આરાધના’માંનો લેખ નં. 34 જોશો – પૃ. 180.

આવા મરણોત્તર વીધી તથા કર્મકાંડના મુળમાં સર્વપ્રથમ તો, મૃત્યુની રહસ્યમયતા, અકળતા તથા ભયાવહતા, આત્માના અસ્તીત્વનો તથા એની અમરતાનો મીથ્યા ભ્રમ, કર્મફળના અર્થહીન સીદ્ધાન્ત અને સ્વર્ગ–નરકના ખોટા ખ્યાલો, કશુંક સારું કે નરસું, ગંભીર, મંગલ કે અશુભ બને યા આચરવાનું આવે, ત્યારે અમુકતમુક વીધીથી કહેવાતા ઈશ્વરની કૃપા યાચવાની આદીમ – ‘આ સર્વનો કર્તાહર્તાભર્તા ઈશ્વર છે’ એવી મીથ્યા માન્યતા, ભુતપ્રેતના તથા ઈતર વહેમો વગેરે કારણરુપ રહેલા છે. મૃતદેહને સ્નાન, પુષ્પાંજલી, સુખડ–ભસ્માદીનાં લેપન વગેરે વીધીઓ પાછળ વળી આ દેહની ઉત્તમતા, પવીત્રતા, દુર્લભતા તથા દૈવી વરદાન જેવા ખ્યાલો કારણભુત છે; જ્યારે ધુપદીપ, ગંગાજળ વગેરે વીધીઓનો ઉદ્ભવ સ્વચ્છતા, આરોગ્ય, શુદ્ધીકરણ જેવી આવશ્યક્તાઓ અને સમ્બન્ધીત યુગ પ્રમાણે પ્રાપ્ય સામગ્રીના અર્ધદગ્ધ ઈલાજોમાંથી થયેલો છે, જે આજે બીલકુલ આવશ્યક રહ્યા નથી જ.

મડદું એ મુળભુત રીતે તો, તત્ત્વતઃ એક ખખડી ગયેલું અને બંધ પડી ગયેલું યંત્ર માત્ર છે, જેને ભંગારમાં વેચી દેવાનું જ હોય ! પરન્તુ માણસ તો હજી દફન, દહન માટેય જીવલેણ ઝઘડે છે ! કારણ એ જ કે, માનવજાત મુર્ખ છે. ઉંડાણથી, સર્વભાવે જોતાં તો, આ દેહ એકદમ ગંદો, બીભત્સ તથા ભદ્દી માલસામગ્રીવાળો તેમ જ એની રચનાવ્યવસ્થા પણ એવી જ ગંદી છે. વીચાર કરતાં

તો ઘણી વાર પોતાની જાત માટેય અણગમો જન્મે છે. મીથ્યાભીમાનથી ફાટફાટ થતાં માણસોને જોઉં – મળું છું, ત્યારે ખરેખર જ એવા જણ પ્રતી નફરતભરી દયા પ્રગટે છે. ટુંકમાં, આવા કપોળકલ્પીત આત્મા અને ક્ષુદ્ર, ભંગાર દેહની 'મુક્તી–મોક્ષ' માટે થતાં કર્મકાંડ હવે સદન્તર બન્ધ કરીએ !'

છેલ્લે મારે ત્રણ વ્યક્તીનો આભાર માનવો. એક શ્રી. નાનુભાઈ નાયકનો, બે મારા પુત્રી શર્વરીબહેનના જમાઈ દક્ષેશભાઈનો અને ત્રણ મારી છેલ્લે સુધી રાતદીવસ એવા સુશ્રુષા કરનાર દમ્પતીનો.

–રમણ પાઠક (વાચસ્પતી)



પ્રા. રમણ પાઠક અને પ્રા. સરોજબહેનની વચ્ચે દીકરી શર્વરીબહેન

*

## અનુક્રમણીકા

'લેખનું શીર્ષક' કૉલમમાં આપની પસંદગીના લેખ પર ક્લીક કરતાં જ તે લેખનું પાનું ખુલશે. એ જ પ્રમાણે દરેક અધ્યાયના અન્તે લખવામાં આવેલ 'અનુક્રમણીકા' શબ્દ પર ક્લીક કરતાં જ આ અનુક્રમણીકા ખુલશે. આ સુવીધાનો લાભ લેવા વીનન્તી છે.


| ક્રમ | | | લેખનું શીર્ષક | પાન ક્રમાંક |
|---|---|---|---|---|
| | અધ્યાય–1 | : | મારી નોકરીઓ | 22 |
| 01 | સર્ગ–1 | : | પ્રાથમીકમાં 'માસ્તર' | 22 |
| 02 | સર્ગ–2 | : | માધ્યમીકમાં માસ્તરી | 31 |
| 03 | સર્ગ–3 | : | વીષયાન્તર– 1 : અર્થ–અનર્થ | 36 |
| 04 | સર્ગ–4 | : | સુપા–ગુરુકુળમાં | 40 |
| 05 | સર્ગ–5 | : | મુમ્બઈના મોહમાં–પત્રકારત્વમાં | 47 |
| 06 | સર્ગ–6 | : | 'હીન્દુસ્તાન'માં | 50 |
| 07 | સર્ગ–7 | : | ઑલ ઈન્ડીયા રેડીયો –દીલ્હીમાં | 57 |
| 08 | સર્ગ–8 | : | મદ્રાસ હૉટેલમાં | 72 |
| | અધ્યાય–2 | : | બાળપણ | 80 |
| 09 | સર્ગ–1 | : | રાજગઢમાં ઉછેર | 80 |

| | | | | |
|---|---|---|---|---|
| | અધ્યાય–3 | : | **મારું ભણતર** | 96 |
| 10 | સર્ગ–1 | : | વ.ફા.’દાર બન્યો | 96 |
| 11 | સર્ગ–2 | : | એક વર્ષના વનવાસ–ગોધરાકાંડ | 100 |
| 12 | સર્ગ–3 | : | ચાર વર્ષમાં પાંચ સ્કુલ અને ‘કૃષ્ણ કનૈયો’ | 105 |
| 13 | સર્ગ–4 | : | એમ. ટી. બી.ના આંગણામાં | 121 |
| | અધ્યાય–4 | : | **મારા ચાર અક્ષરાશ્રમો** | 128 |
| 14 | સર્ગ–1 | : | કવીઅવતાર | 128 |
| 15 | સર્ગ–2 | : | વાર્તાકાર–અવતાર | 136 |
| 16 | સર્ગ–3 | : | બ્રોકરસાહેબ અને નવોદીત આન્દોલન | 149 |
| | અધ્યાય–5 | : | **નોકરીઓમાં આગે આગે** | 162 |
| 17 | સર્ગ–1 | : | સોવીયત દેશમાં | 162 |
| 18 | સર્ગ–2 | : | આડત્રીસે ભણવા બેઠો! | 170 |
| 19 | સર્ગ–3 | : | આખરે પ્રૉફેસર થયો જ | 183 |
| 20 | સર્ગ–4 | : | સરોજ પણ પ્રૉફેસર | 186 |
| 21 | સર્ગ–5 | : | ગબડવાની મજા! | 189 |
| 22 | સર્ગ–6 | : | ઐતીહાસીક વીદાય... | 190 |
| 23 | સર્ગ–7 | : | સંખેડાની તેજછાયા | 193 |

| | | | | |
|---|---|---|---|---|
| 24 | સર્ગ–8 | : | સુસ્મરણીય ચીખલી | 196 |
| | અધ્યાય–6 | : | **રેશનાલીઝમની રાહે** | 198 |
| 25 | સર્ગ–1 | : | બાળપણથી સંશયાત્મા | 198 |
| 26 | સર્ગ–2 | : | સોળે સાન ? | 202 |
| 27 | સર્ગ–3 | : | અન્તીમ ભ્રમણ – રમણભ્રમણ | 206 |
| 28 | સર્ગ–4 | : | મુમ્બઈની મહેમાની | 212 |
| | અધ્યાય–7 | : | **કેટલાક નોંધપાત્ર પ્રસંગો** | 218 |
| 29 | પ્રસંગ–1 | : | રમણ પાઠકનો તલસલાટભર્યો પ્રેમ | 218 |
| 30 | પ્રસંગ–2 | : | શાશ્વતીને સહારે | 221 |
| 31 | પ્રસંગ–3 | : | આવું તો કોઈ ના કરે ! | 225 |
| 32 | પ્રસંગ–4 | : | લગ્નમાં મહેમાનોનું શું કામ? | 227 |
| 33 | પ્રસંગ–5 | : | નવો ‘નર્મદ’ | 227 |
| 34 | પ્રસંગ–6 | : | સૌથી મોટો આનન્દ બીજાને આનન્દ આપવાનો | 228 |
| 35 | પ્રસંગ–7 | : | રમણભાઈની ઉગ્રતા ? | 229 |
| 36 | પ્રસંગ–8 | : | કીશોરવયે ‘ક્રાંતી’! | 231 |
| 37 | પ્રસંગ–9 | : | સુવર્ણચન્દ્રકનો અસ્વીકાર | 232 |
| 38 | પ્રસંગ–10 | : | કેટલાક જલદ અભીપ્રાયો | 233 |

| | | | | |
|---|---|---|---|---|
| 39 | પ્રસંગ–11 | : | દીનેશ પાંચાલ અને રમેશ મોદી | 235 |
| 40 | પ્રસંગ–12 | : | સ્નેહ–પ્રેમ – મહત્ત્વાકાંક્ષા અને સમ્પ્રાપ્તી–રમણપાઠક | 236 |
| 41 | **અધ્યાય–8** | : | **ઉપસંહાર(લાંબું જીવન : ટુંકો સંતોષ)** | 240 |
| 42 | પરીશીષ્ટ–1 | : | મોરારીબાપુનો રાજીપો અને મહુવા આવવાની વીનન્તી | 245 |
| 43 | પરીશીષ્ટ–2 | : | સત્યના ઉપાસક | 246 |
| 44 | પરીશીષ્ટ–3 | : | આવારા મસીહા | 246 |
| 45 | પરીશીષ્ટ–4 | : | માનપત્ર | 247 |
| 46 | પરીશીષ્ટ–5 | : | જીવન–ઝલક (સાલવારી) | 250 |
| 47 | પરીશીષ્ટ–6 | : | રમણ પાઠક ‘વાચસ્પતી’નું લેખન–સર્જન–ચીન્તન | 254 |
| 48 | ●♦● | | અન્તીમ પૃષ્ઠ | 257 |


*

## અધ્યાય – 1. મારી નોકરીઓ

## સર્ગ – 1 : *પ્રાથમીકમાં 'માસ્તર'*

કાળા મસ્તકને શોભાવતી કાળી ટોપી ઉતારી, ડાબા હાથમાં ધારણ કરી, મોટાભાઈ લક્ષ્મીરામે દીવાન સાહેબને કમ્મરેથી લળી–લળીને ત્રણ સલામો મારી, એટલે મારોય છુટકો નહીં : મેં પણ એ જ રીતે કાળી ટોપી ઉતારી, કમ્મર ઝુકાવી, ગૌરવભરી ચાલથી પહેલા માળની ફરસ ધમધમાવતા દીવાનસાહેબ મોતીલાલ લલ્લુભાઈને જરા વધુ લળીલળીને બરાબર ત્રણને બદલે ચાર સલામો મારી લીધી.

દીવાનસાહેબનું બેઠી દડીનું જરાક ઓછી ઉંચાઈવાળું વજનદાર શરીર. એથી ખરે જ ફરસ જ નહીં જાણે સમગ્ર માહોલ પણ ધમધમતો હતો... આખરે તો રાજ્યના સર્વોચ્ચ સાહેબ! તેઓશ્રીએ એમની ઑફીસમાં પ્રવેશી, અમને અન્દર બોલાવ્યા.

ગુજરાતી ભાષામાં એક કહેવત છે; જે અહીં ટાંકતો નથી – મીત્રોની લાગણીને માન આપી! પરન્તુ એનો અર્થ એ થાય છે : માલીક કરતાં એનાં પાલતુ પ્રાણીઓ વધારે ડાહ્યાં – દોઢ ડાહ્યાં! એવી જ નીતી ત્યારે આપણાં રજવાડાંનીય હતી; સીધા બ્રીટીશ શાસનવાળા પ્રદેશમાં, તમે બીનધાસ્ત ધોળી ગાંધીટોપી પહેરી ફરી શકતા હતા. પરન્તુ રજવાડાંની ધરતી પર ગાંધીટોપી પહેરી ફરવું, એ રાજદ્રોહનો ગુનો જ બની જતો! રાજદ્રોહ એટલે સમ્બન્ધીત રજવાડાના રાજવી વીરુદ્ધનું કોઈ કાવતરું કે એવી ચળવળ એમ નહીં; પરન્તુ અંગ્રેજ 'કીંગ ઍન્ડ ઍમ્પરર' સામેના ગાંધીવાદી આઝાદી જંગના બંડખોર, ખતરનાક સેનાની જ તમને ગણી લેવામાં આવે, જો ગાંધીટોપી ચઢાવી ફર્યા છો તો! એટલે મેં તો જીન્દગીમાં પહેલી વાર જ મારા મસ્તકે એ ડબલ ગુલામીનો કાળો તાજ ઉર્ફે કાળી ટોપી ધારણ કરી હતી. જો કે એનો ખાસ અફસોસ નહોતો; કારણ કે મનોમન તો આ બધું નાટક જ હતું. બાકી સુરતની એમ. ટી. બી. કૉલેજમાં છેલ્લા ત્રણ વર્ષથી બીલકુલ

ઉઘાડેછોગ મસ્તકે અમે ‘ફરવા’ જતા અને એ પહેલાં કાલોલ (પંચમહાલ)ની એમ. જી. એસ. હાઈ સ્કુલમાં ગાંધીટોપી સાથે જ હાજરી આપતા. જો કે હું તો ગાયકવાડી હાઈ સ્કુલમાંય ભણેલો. ત્યાંય માથે તો કાળી ટોપી જ... મેં સ્કુલો, હાઈ સ્કુલો બદલી એથીય વધારે તો નોકરીઓ બદલતો રહ્યો. છેક ‘અંતકાળ’ સુધી! અંતકાળ તે અલબત્ત, મારો તો નહીં, પણ નોકરી ધંધાનો!.... અમે દીવાનસાહેબ સમક્ષ લળીલળીને ઝુક્યા, એય નોકરી માટે જ.

‘માનનીય સાહેબશ્રી, આ મારો નાનો ભાઈ રમણ, એને હવે નોકરી કરવી છે. અને એની ઉમેદ રાજ્યમાં જ શીક્ષકની નોકરી કરવાની છે. તે ઈન્ટર આર્ટ્સ પાસ થયેલો છે.’ મુરબ્બી મોટાભાઈએ નીવેદન પેશ કરતાં, અરજ ગુજારતાં, એક જોખમી વીધાન સીફતથી ઉડાવી દીધું કે, મારો આ ભાઈ કૉલેજ છોડીને ‘ક્વીટ ઈન્ડીયા’ના આઝાદી જંગમાં કુદી પડ્યો છે. હવે જંગ તો લગભગ શમી ગયો છે, એટલે બેકાર થઈ ગયો છે. માટે જ નોકરી શોધે છે. (ત્યારે ઑક્ટોબર–નવેમ્બર, 1942નો ગાળો ચાલતો હતો. અને ડાહ્યા વીદ્યાર્થીઓ તો પાછા ‘ડમરા’ થઈને કૉલેજક્લાસમાં ભણવાય બેસી ગયેલા) પણ મારા જેવા તો,

અય શીર જાવે તો જાવે,<br>
પર આઝાદી ઘર આવે!

(–જો કે પછીથી, આજે દાયકાઓથી હું 1942ની ‘ક્વીટ ઈન્ડીયા’ લડતનો સમર્થક રહ્યો નથી. સમજદાર તથા પરીપકવ થતાં, સત્ય સમજાયું કે જ્યારે માનવ–સ્વાતંત્ર્ય તથા લોકશાહી જેવાં સર્વોચ્ચ જીવનમુલ્યો વીનાશને ત્રાજવે તોળાઈ રહ્યાં હતાં અને ફાસીવાદનાં ઘનઘોર રાક્ષસી વાદળો લગભગ સમસ્ત માનવજાતને ગળી જવા, જીવલેણ ગર્જી રહ્યાં હતાં, ત્યારે શાણી તથા માનવહીતેચ્છુ પ્રત્યેક વ્યક્તીનું એક માત્ર ધ્યેય ‘હીટલરને હરાવો!’ – એ જ હોય અને હોવું જ જોઈએ. એવી નાજુક પરીસ્થીતીમાં મુલ્યરક્ષા માટે જીવન–મરણના જંગે ઝઝુમતાં મીત્ર રાષ્ટ્રોને જ મદદગાર થવું ઘટે. એથી ઉલટું, બ્રીટન સહીત, એ દેશોને તેમના બળને છીન્નભીન્ન

કરી, નબળાં પાડે એવું કોઈ પણ આંદોલન યોગ્ય ન જ ગણાય; એમ સમજદાર વૈશ્વીક દૃષ્ટીથી નીર્ણય કરવો એ જ ‘ધર્મ’ લેખાય)

લલકારતા લડતમાં કદાચ અમે ફાંફાં જ મારતા હતા. એકાદ સરઘસ કાઢી, બે–ચાર લાઠીઓ ખાઈ, પાછા ઘરમાં ભરાઈ જતા હતા. અને અમે તો રજવાડાના વતની – બારીયા સ્ટેટના, એટલે બ્રીટીશ પોલીસ લાચાર! અમને પકડી શકે નહીં... કંટાળીને તો નહીં; પરન્તુ જીવ જ પહેલેથી એવો ચંચળ અને ઉધમતીયો, એટલે વળી નોકરી કરવાનો નીર્ણય કર્યો, જે તરત મળી પણ ગઈ. આમેય દીવાનસાહેબને રાજ્યના બ્રાહ્મણો તરફ થોડી લાગણી જેવુંય ખરું, ઉજળીયાતના રાજ્યમાં માઈનોરીટી ખરી ને!

એટલે ઑર્ડર લખી જ નાખ્યો : ‘માસીક રુપીયા વીસની સ્ટાઈપેન્ડથી (ખર્ચીથી) આ સાથે શ્રી. રમણલાલ હીમ્મતલાલ પાઠકની પાટનગરની શ્રી. એસ. આર. હાઈ સ્કુલમાં તાલીમી ધોરણે શીક્ષક તરીકે નીમણુક કરવામાં આવે છે...’ અને એ ઑર્ડર હાથમાં પકડતાં હું તો ખુશખુશાલ : મને પહેલેથી જ ‘માસ્તરી’ ગમે, એ જ મારા જીવનની એક માત્ર મહત્ત્વકાંક્ષા! – જો એને કહેવાય તો! એ માટે ડૉક્ટર થવાની દરખાસ્ત મેં નકારેલી.

બીજા જ દીવસથી હું તો શ્રીમંત શ્રી. રણજીતસીંહજી હાઈ સ્કુલમાં હાજર થઈ ‘ભણાવવા’ લાગ્યો : ‘વૉટ ઈઝ અવર કાઈટ–ડે ઈન ઈન્ડીયા?’ એવો મારો શીક્ષણક્ષેત્રે પ્રથમોદ્ગાર! તાલીમ આપવા આવેલા વડીલ શીક્ષક તો ખુશ : કારણ કે પાઠનું મથાળું તો હતું : ‘એ કાઈટ–ડે ઈન ચાઈના’ અને મેં શરુઆત કરી, આપણી ઉતરાણથી. પણ હું અમારી કૉલેજના પ્રોફેસર સાહેબોની રીતને અનુસરીને, ટેબલ ઉપર બેસીને ભણાવવા લાગ્યો.

એટલે તાલીમદાતા સાહેબે તાલીમ આપતા કહ્યું : ‘ક્લાસ સમક્ષ આમ

ઈરેક્ટ ઉભા રહીને ભણાવવાનું!' તેઓશ્રીએ ઉભા રહી રીહર્સલ કર્યું. ત્યારે મારી ઉમ્મર વીસ જ વર્ષની અને હાઈ સ્કુલમાં મોટા મોટા છોકરાઓ : મેં તો થોડા જ વખતમાં એ લોકની દોસ્તી કરી લીધી. વધારામાં, મુળેય મારો રંગીલો સ્વભાવ, એટલે છોકરીઓ સાથે વળી વધારે નજીકથી વર્તું, હળુંમળું, તોફાન–ગમ્મત કરું. ખુબ મજા આવે. પણ પ્રીન્સીપલ સાહેબ ગજેન્દ્રશંકર લાલશંકર પંડ્યાની આંખમાં એ બધું ખુંચવા લાગ્યું.

આ ગજેન્દ્રશંકર પંડ્યાનો ઈતીહાસ પણ જાણવા જેવો છે : જો કે સાંભળેલો જ આલેખું છું. સાચું–ખોટું તો કોણ જાણે! એટલે ક્ષમાયાચના સાથે જ. તેઓશ્રી મુળ આપણા સુરતના નાગર : જી. એલ. પંડ્યા, એમ. એ., બી. ટી., વધારામાં વળી સારા લેખક. અને પર્સનૅલીટી જોઈ હોય તો ભારે દેખાવડા ને પ્રભાવશાળી! જાણવા મુજબ, એમને તો અમદાવાદમાં કોઈ કૉલેજમાં પ્રોફેસરની નોકરી જ મળી ગયેલી, કાદચ એ ગર્લ્સ કૉલેજ જ હતી. છતાં તેઓને ન જાણે કેવી કુબુદ્ધી સુઝી કે તેઓએ એક નાટક લખ્યું, 'કૉલેજની કન્યા'; જેમાં કૉલેજની વીદ્યાર્થીનીને બોલ્ડ આલેખેલી, એવું કંઈક યાદ છે. મેં એ નાટક ત્યારે વાંચેલું. પરીણામે, કૉલેજની નોકરી તેઓએ છોડવી પડેલી, એવી લોકવાયકા સાંભળેલી.

પરન્તુ દેવગઢ બારીયામાં તેઓને શ્રી. એસ. આર. હાઈ સ્કુલના પ્રીન્સીપલની નોકરી મળી ગઈ. અને અહીં તો તેઓનો પ્રખર વટ હતો. દીવાનસાહેબના તેઓ માનીતા, જમણો હાથ! હાઈ સ્કુલની પ્રીન્સીપલશીપ ઉપરાંત, સરકારે તેઓને રાજ્યના કેળવણી ખાતાનાય સર્વેસર્વા નીમેલા. ગુજરાતના નાગર નબીરા આમેય મુત્સદ્દી ગણાતા. જોકે આખા રાજ્યમાં ફક્ત ગુજરાતી શાળાઓ જ ચાલતી. હાઈ સ્કુલ તો એ એક જ – શ્રી. એસ. આર.... દેવગઢ બારીયા. ગજેન્દ્રશંકરે રાજ્યની પ્રાથમીક શાળાઓનાં તમામ (અંગ્રેજી રાજ્યે દાખલ કરેલાં)

પાઠ્યપુસ્તકો બદલી કાઢેલાં અને કેળવણી ખાતાના વડા તરીકે પોતે જ લખેલી ચોપડીઓ દાખલ કરી દીધેલી!

આ ગ. લા. પંડ્યા પછી નીવૃત્ત થઈને સુરત આવીને જ વસેલા. સ્મરણ છે ત્યાં સુધી, વનીતા વીશ્રામમાં કશીક નોકરી કરતા. અને સાથે જ્યોતીષ–કાર્યાલયેય કાઢેલું. કદાચ આ પંડ્યા સાહેબે આમલીરાનનું નર્મદનું ઘર ખરીદેલું. એનું રંગરોગાન કરાવતાં 'પ્રેમ–શૌર્ય' શબ્દો ભુંસી કાઢેલા. કવી જયંત પાઠકે જાહેરમાં કંઈક એવી મતલબનું લખ્યું (કાવ્ય?) કે, 'જમાનો તો જુઓ, નર્મદના જીવનમંન્ત્ર 'પ્રેમ–શૌર્ય' પર પણ કુચડો ફરી ગયો!' એથી થોડોક જાહેર વીવાદ પણ થયેલો– એવું યાદ છે. ઈતીશ્રી 'ગજેન્દ્ર–મોક્ષ' અધ્યાય : સમ્પુર્ણ....

દીવાનસાહેબે એકદા, અલબત્ત થોડા મહીના બાદ, મારા મોટાભાઈ લક્ષ્મીરામને ફરીયાદ કરી કે, તમારા નાના ભાઈ ર. પા. ચાઈલ્ડીશ(બાલીશ) બૉય છે. (હજી આજેય એવો જ છું) ગામમાં હાથમાં જ ટોપી પકડી રાખી, ઉઘાડે માથે ફરે છે! ઈત્યાદી! અને તત્કાળ એસ. આર. હાઈ સ્કુલમાંથી મારી બદલી કરી નાખવામાં આવી. પણ એ તો કાયમી શીક્ષક તરીકે, પાટનગરની હોળી ચકલા વીસ્તારમાં આવેલી ગુજરાતી (પ્રાથમીક) નીશાળમાં... (કદાચ એકલા છોકરાઓ જ એમાં ભણે એટલે!)

આ સમાચાર જાણી, મારી બા તો પ્રસન્ન પ્રસન્ન! તોફાની એવો સાવ ગાંડીયો દીકરો : ફળીયામાં પડી રહેતાં કુતરાં કે નીયમીત મુલાકાતી એવાં ગધેડાંનેય વગર કારણે પજવી, તોફાન મચાવવું, અરે, જતા–આવતા માણસોનેય ઉશ્કેરવું. ભણવાને નામે મીડું. એક વાર તો પાછળ જઈ, બારી પાસે ઉંધા બેસી ખુરશીમાં ઝુલતાં મંગળ માસ્તરની પીઠમાં પાછળથી મોટો પથરો મારીને ભાગેલો! આવા

દીકરાનું શું થશે?– બાને એવી સતત ચીન્તા. બાએ બીચારીએ જાતજાતની ભારી ચીન્તાઓ સીવાય જીવનમાં બીજું માણ્યું જ શું?... આ સુપુત્રનો કાં તો જંગલના કોઈ ઝાડ ઉપર જ મુકામ હોય, અથવા કરડ નદીમાં મગરમચ્છની જેમ તે પાણીમાં ધુબાકા મારતો હોય. મારી બા આમેય ઘણી જ દુઃખીયારી : લગભગ યુવાવયે (પાંત્રીસેકની ઉંમર હશે ત્યારે) વીધવા થયેલી, અને અમે નવ–નવ ભાઈબહેન! પણ ત્યારે મગજનો હું લાગણીહીન, સાવ જડ પથ્થર જેવો! આજે તો એવી મનોદશાનું પરમ પશ્ચાત્તાપ સાથે આશ્ચર્ય થાય છે. કારણ કે આજે હું કોઈનાં દુઃખની સામાન્ય વાત કરતાંય ગળગળો થઈ જાઉં છું. પણ ત્યારે તો દુઃખીયારી બા માટે મારા મનમાં જરાય લાગણી નહીં : 'વડનાં વાંદરાં ઉતારું' ને ઘેર ફરીયાદો લાવું. સુખડી આપીને, સમજાવી સમજાવીને બા માંડ નીશાળે ભણવા મોકલે, તો રસ્તે જ બધી સુખડી ઝાપટી લઈ, થોડી જ વારમાં પાછો ઘેર હાજર! બા કહે, 'મુઓ, આ શાન્તીયો! એ ભણવાનો જ નથી ને ભાભીના ઠુંહલા ખાઈને મરશે!' આજેય બાના હૈયાની એવી ભીતરી પીડા યાદ કરતાં આંખ ભીની થઈ જાય છે, પણ ત્યારે તો પુરેપુરો નઘરોળ!... અમ ભાઈઓની વર્તમાન 'સાહ્યબી' બાએ જોઈ હોત તો!

આવો 'શાન્તીયો' એકદમ રાજ્યમાં, અને તેય પાટનગરના શહેરમાં શીક્ષકની કાયમી નોકરીએ લાગી ગયો, કમાવા લાગ્યો. બાના આનન્દનો તો કોઈ પાર નહીં! મેં ત્યારે દેવગઢ બારીયાના હનુમાન ફળીયામાં (?) મહીને બે રુપીયાના ભાડાનું ઘર રાખેલું. પછી એનું જ ભોંયતળીયું વધારાનું રાખીને (માસીક ચાર રુપીયાના ભાડાથી) અવકાશ વધાર્યો ને બા તો આ કુંવારા દીકરાનું ઘર માંડવા હોંશે હોંશે સામાનનાં પોટલાં બાંધીને અમારે ગામ રાજગઢ (ગોઠ)થી બારીયા જતી બસમાં બેસી જ ગઈ. બારીયા નગરીમાં મારો એવો વાંઢાશાહી ઘરસંસાર ધમધોકાર ચાલુ થઈ ગયો... ત્યારે જ હું છાની છાની દેશી બીડીઓ ફુંકતો, અને અમે બ્રહ્મદેવો બીડી

ફૂંકીએ તો ધરતી રસાતાળ જાય! એટલે બાથી તો બરાબર છુપાવવાનું, છુપાવી શક્યો જ. બાકી સાહસીક તો એવો જ કે, ઘરેથી નોકરીએ જવા બહાર નીકળવું ને બે ડગલાં જ આગળ વધી ગજવામાંથી બીડી કાઢી ચેતાવું. બીડીની આવી ટેવ મને એમ. ટી. બી. કૉલેજના મીત્રોએ પાડેલી. ત્યારે દક્ષીણ ગુજરાતમાં ધુમ્રપાનનો જબરજસ્ત પ્રચાર, બધા જ જવાનીયા ફૂંકે જ. અમારી કૉલેજના, ખાસ કરીને ગામડામાંથી આવેલા વીદ્યાર્થીઓ લગભગ બધા જ ફૂંકણીયા! અને સીગરેટ તો ભાગ્યે જ કોઈને પોસાય. ત્યારે અહીંના સમાજમાં પણ બીડીનો પ્રખર પ્રચાર : દરેક ઘરમાં એક ‘ગલ્લો’ રહેતો. જેમાં એક બાજુ આશેતરીનાં પાતરાં ને બીજા ખાનામાં તમાકુ ને માચીસ : બસ, બીડી વાળીવાળીને ફૂંક્યે જ રાખો... ત્યારે અમારા પંચમહાલનાં બ્રાહ્મણ કુટુમ્બોમાં તો બીડીનું નામેય ના ઉચ્ચારાય. પણ હું તો પહેલેથી જ ‘વંઠી’ ગયેલો. (જીવનભર એવો, ‘પરમ્પરાતોડુ’ જ રહ્યો.)

દા.ત. હું અમારા બાજુના ગામના અસ્પૃશ્ય દલીત છોકરાંઓ સાથે ધરાર રમું. બા વીરોધ કરે, ધમકાવે, પણ સાંભળે કોણ! ક્યારેક તો ઘરે આવું ત્યારે માથાબોળ નવડાવે. મારા દલીત દોસ્તો ભોબો અને ચકલો : ભોબો ગોરો, વાંકડીયાં ઝુલ્ફાંવાળો, તન્દુરસ્ત ને પડછન્દ મારા કરતાં તો જાણે બધી વાતે ચડીયાતો. પછી એની સાથે કેમ ન રમાય? – મને સમજાય જ નહીં. અરે, બાજુના પરોળી ગામના નાનકડા ચીંથરેહાલ ફળીયામાં એક રુપાળી દલીત–કન્યા હતી. એની સાથે પરણવાનાંય સ્વપ્નો સેવું. બાજુના ગામ ઘોઘંબાની બહાર એ લોકનું ગંદું ફળીયું હતું. ત્યારે ગામડામાંય ક્યાંય સંડાસ તો નહીં જ, એટલે એ લોક શું વ્યવસાય કરી, રોટલો ખાતા હશે?... એ પ્રશ્ન આજેય વણઉકલ્યો જ મુંઝવે છે. હા, સરકારી અમલદારો ગમે ત્યારે એ લોકોને વેઠે પકડતા; છતાં ત્યારે એક રાતી પાઈ પણ એમને પરખાવવાની નહીં! એક વાર તો મારા એક મહેમાનની પાન ખાવાની ‘ચમચી’

કાલોલથી અમારે ત્યાં રાજગઢ આવવા રસ્તે ક્યાંક પડી ગઈ. તે ભાઈને અર્ધી રાત્રે પાનની તલપ લાગી, એટલે બીચારા દલીત છગનાને પકડ્યો ને ખાસ્સું ચારપાંચ માઈલ દોડાવ્યો! દલીતવાસમાં બે જ પુરુષો બહાર દેખાતા : છગનો ને રામલો, અને એમાં રામલો બીમાર રહે. અને વળી દલીતો માટે તો તે જમાનામાં દવાદારુ કેવાં ને વાત કેવી? (હા, દારુ સસ્તો ને સુન્દર, સ્વાદીષ્ટ મળતો; પણ દલીતો માટે એ સુલભ નહીં – રોકડો પૈસો એ લોકે તો કદાચ જીવનભરમાં જોયો સુધ્ધાં નહીં હોય!)

દેવગઢ બારીયાની ગુજરાતી પ્રાથમીક શાળામાં નોકરીની આમ તો મજા : બધા જ આદીવાસી છોકરા : નરમ અને શાંત. ઉજળીયાત નબીરાઓ તો પાંચમા ધોરણથી હાઈ સ્કુલમાં ફર્સ્ટ સ્ટાન્ડર્ડમાં ભણવા જતાં રહે. આદીવાસી છોકરાઓ માટે રાજ્ય સરકાર એક આશ્રમ પણ ચલાવતી, જેમાં અહીં ભણવા આવતા છોકરાઓએ મફત રહેવાનું. રાજ્યમાં સીત્તેર ટકા વસતી આદીવાસીઓની જ, અને આમ તો અમેય સૌ વનવાસી જ. ગુજરાતની પુર્વ પટ્ટી એટલે જંગલો અને પહાડો – પર્વતમાળાઓ. એ પુર્વપટ્ટીમાં બધા જ રજવાડાંનાં રાજ : ધરમપુર, વાંસદા, રાજપીપળા, બારીયા, લુણાવાડા વગેરે. આઝાદી બાદ આ બધા જ વીસ્તારો એકએક તાલુકો બની ગયા – એટલી નાનકડી એમની હકુમત અને છતાં જાહોજલાલી! અમે બારીયા રાજ્યના રાજગઢ મહાલના રાજગઢ (ગોઠ) ગામના રહેવાસી. જંગલમાં જન્મ્યા, રમ્યા–ભમ્યા, ડુંગરા ચઢી ઉતર્યા, નદીમાં નાહ્યા, ઝાડવાંની ને ઝરણાં–તલાવડાંની જ દોસ્તી. ઝાડવાં તો આજે બધાં જ પડી ગયાં. હરખાની આંબલી, માલગુણનો આંબલો, માતાજીનો પીપળો, મહાદેવની કઢાઈ, નાયકાની કોઠી વગેરે... પણ ડુંગરા તો હજી આજેય એવા ને એવા જ અચળ ખડા છે : જાણે કાળના સાક્ષી! અરે, નજર સામે તરે છે, જાણે બોલે છે : મોઈડીયો, કાનપુરીયો, ધેજગઢીયો, કાંસકીડુંગરી રુપાળાં ને રહસ્યમય. આ બધા જ પહાડો કાળનાં કેવાં કેવાં રહસ્યો,

કેવા કેવા અગોચર અનુભવો પોતાના પેટાળમાં છુપાવીને, બસ ચુપચાપ, નીર્લેપ ખડા છે! એ બોલી શકે તો?

પ્રાથમીક શાળામાં અમારે ઝાઝું ભણાવવાનું નહીં, એવી જાણે પ્રથા જ પડી ગયેલી! વળી ત્યાંના કે ત્યારના નીયમ મુજબ, અગીયારથી પાંચ, છ કલાક એક જ વર્ગમાં ભણાવ્યા કરવાનું, કેટલુંક ભણાવાય? વધારામાં અમારા હેડમાસ્તર સાહેબ છબીલશંકર મ. ત્રીવેદી એકદમ લહેરી માણસ. અમે નજરે પડીએ તો બોલાવે, 'આવો, આવો માસ્તર, બેસો! છોકરા તો એમની મેળેય ભણશે જ, ચીન્તા છોડો!' અને પછી સામી ખુરશીમાં બેસાડે અને અમે અલકમલકનાં ગપ્પાં હાંક્યા કરીએ. છબીલશંકરના માનીતા શીક્ષક તે વ્રજલાલ, બન્ને સૌરાષ્ટ્રી–ગપગોષ્ઠીના શોખીન. વ્રજલાલ મારાથી સીનીયર : તેઓ છઠ્ઠા ધોરણના જ્યારે હું પાંચમા ધોરણનો વર્ગશીક્ષક, સાતમો અને છેલ્લો વર્ગ તે હેડમાસ્તર સાહેબને હસ્તક. આ રીતેય બધું ચાલે તો બરાબર... મારો પગાર રુપીયા વીસની સ્ટાઈપેન્ડથી વધીને, પચ્ચીસ વત્તા સાત (મોંઘવારી) થયેલો અને કાયમી નોકરી. પણ મને એમાં એવો કોઈ રસ નહીં. મારું ચંચળ અને રોમાન્સપ્રેમી મન કશુંક – કશુંક અદૃષ્ટ ને અસામાન્ય જ ઝંખ્યા કરે... હા, બા અને ભાઈ–બહેનો ખુશહાલ!

એટલે જુન (1943) મહીનો આવ્યો ને પાછો હું તો મારી ધૃષ્ટ પ્રકૃતી મુજબ, એકદા હીમ્મતભેર દીવાનસાહેબની ઑફીસમાં ઘુસી ગયો. સલામ મારી અને પછી જાણે ડરતાં–સંકોચાતાં કહેતો હોઉં એમ ખચકાતાં બોલ્યો : સાહેબ, મારે તો આગળ ભણવા જવું છે. બી. એ. થવું છે. એટલે આ નોકરી હું છોડી દેવા વીચારું છું. કૃપા કરી, મને છુટો કરો અને...' હું અટકી ગયો.

દીવાનસાહેબ કહે, 'બોલો! બોલો!'

મને તો ડર એવો કે સાહેબ ગુસ્સે થશે ને બધી જ વીનન્તી નામંજુર જ થશે. પણ વાતાવરણ એવું પ્રતીકુળ ન સમજાયું, એટલે મેં પુરું કર્યું : 'સાહેબ, મહેરબાન સરકાર મને લોન આપે, તો હું આસાનીથી આગળ ભણી શકું...'

'મંજુર!' દીવાનસાહેબ આજે ગૌબ્રાહ્મણ–પ્રતીપાળ એવા મુડમાં પ્રતીત થયા : વાર્ષીક ત્રણસો રુપીયાની લોન પણ મંજુર! અને આમ મારી નોકરી, 'પ્રાથમીક શાળાની માસ્તરી'નો સદાનો અન્ત આવી ગયો.

બારીયાનગરી ખરેખર જ એક રમણીય ગામ : પશ્ચીમોત્તર ભાગોળે, રીતસર ગામને અડીને જ દેવગઢનો મોટો ડુંગરો, દક્ષીણ બાજુય નાનીમોટી ટેકરીઓ, ઉત્તર–પુર્વે સાગનું ગાઢ જંગલ... ગામથી પુર્વમાં સરકારે બંધાવેલું... તળાવ – 'માનસરોવર', પુર્વજ રાજવી માનસીંહના માનમાં એવું નામ પડેલું. પછી વીશાળ મેદાન અને પુર્વોત્તર છેડે રાજમહેલો. દક્ષીણ દીશામાં ગામને વીંટળાઈને વહેતી પાનમ નદી... બધું જ નયન મનોહર...

*

02

*સર્ગ – 2*

## માધ્યમીકમાં માસ્તરી

1945માં હું એમ. ટી. બી. કૉલેજ, સુરતમાંથી બી. એ. થઈ ગયો. જો કે છેલ્લું પેપર આપવાનું ભુલી ગયો. ચુકી જવું અને મેળવવું – અનાયાસ! જીવનભરનો એ જ ખેલ ખેલાતો રહ્યો... બધા સાથીમીત્રો પરીક્ષા આપી, કૃતકૃત્ય થઈ, જાણે જીવનભરની 'હાશ' કરતા બહાર નીકળી રહ્યા હતા. (આશરે 2–15 વાગ્યે; કારણ કે

પેપર 11–00 થી 2–00નું હતું) ત્યારે હું પરીક્ષા આપવા પહોંચ્યો. કૉલેજના મકાનની બહાર સુન્દર ઉદ્યાન હતું, તેઓ એની કેડીઓ પર સામા મળ્યા. મારા પરમ મીત્ર જેવા પછી તો તેઓ જીવનભર રહ્યા તે ભાઈ અનીરુદ્ધ સ્માર્ત (વીખ્યાત અરવીન્દવાદી ઍડવોકેટ, જેઓ હમણાં જ (2013) સદ્ગત થયા) મને તો તીવ્ર આઘાત લાગ્યો. તેઓ અને એમનાં ભાવી પત્ની હરવીદ્યાબહેન (ત્યારે ઉપાધ્યાય) તો ઓછાં ઓછાં થતાં, અછોવાનાં કરવા લાગ્યાં. એમને ચીન્તા કે મને કંઈક થઈ જશે. પણ હું નફ્ફટ તો હસતો જ હતો! તેઓ અમારા હમદર્દ પ્રાધ્યાપક મુરબ્બી વીષ્ણુપ્રસાદ ત્રીવેદીને મળ્યા, જેઓ વળી પ્રીન્સીપાલ એન. એમ. શાહને મળ્યા. પણ ત્યારનો જમાનો આજના જેવો ગરબડીયો – 'માનવતાવાદી' નહીં! કડક આચાર્ય એવા એન. એમ. શાહ ઉવાચ : 'નથીંગ ડુઈન્ગ!' – ફક્ત માથું ધુણાવી.

જો કે ત્યારના નીયમ મુજબ, ગુજરાતીનાં બે પેપરના ટોટલ પર પાસ થવાતું, એટલે હું તો સહેલાઈથી પાસ થઈ ગયો. હા, થર્ડ ક્લાસ! પરન્તુ ત્યારે દેશમાં ગ્રેજ્યુએટ્સની ભારે તંગી, એટલે નોકરી તો હાજરાહજુર! બીજું વીશ્વયુદ્ધ યુરોપમાં, જોરશોરમાં લડાય. એટલે બ્રીટીશ સરકારે આપણાં દેશમાંય નવાં નવાં ખાતાં ખોલેલાં. દા.ત. ખાંડ, કેરોસીન, અનાજ વગેરેની સખત તંગી. એનું રેશનીંગ એટલે ગ્રેજ્યુએટો બધા એવી સારી સરકારી નોકરીઓમાં જોડાઈ જાય. 1942ના 'ક્વીટ ઈન્ડીયા'નું તો ન જાણે ક્યારનું અચ્યુતમ્ કેશવમ્ બોલી ગયેલું. એમ છુટક સત્યાગ્રહોના ખેલ પાડ્યા કરવાથી તે કાંઈ આઝાદી મળે?... બાજુમાં, મામલતદાર (કલોલ તાલુકાના) મંગળદાસ ભાડે રહે. મને પુછે, 'શું રીઝલ્ટ આવ્યું?' અને પછી ઉમેરે : 'કાલથી કચેરીમાં આવી જા ! ચાલીસ વત્તા ચૌદનો પગાર મળશે.'

મેં રાષ્ટ્રીય ગૌરવપુર્વક જવાબ આપ્યો, 'હું તમારી અંગ્રેજ સરકારની ગુલામી ના કરું...'

અને હું દાહોદની હાઈ સ્કુલમાં 'માસ્તર' થઈ ગયો. 'કેમ દાહોદ?' એવો તો કોઈ વીચાર ગમ્ભીરતાથી કરતાં જીવનભર જ આવડ્યું નહીં. મારા પરમ મીત્ર

અમૃત પુરાણીને ત્યાં વેકેશનમાં દાહોદ ફરવા ગયેલો. ત્યાં સાંભળ્યું કે અહીંની હાઈ સ્કુલમાં નોકરી મળે છે, એટલે બસ! સીધો જોડાઈ ગયો. ન જાણે કેમ, ત્યારે જયંતભાઈ (કવી જયન્ત પાઠક) મારી સાથે ને સાથે જ આવે! તેઓ પણ દાહોદની મહાજન (?) હાઈ સ્કુલમાં જોડાઈ ગયા. તેઓ તો એમ. એ. (સેકન્ડ ક્લાસ) થયેલા એટલે મારો પગાર 40 વત્તા 15 જ્યારે તેઓનો 55 વત્તા 14. બસ, ભયો... ભયો...! નોકરી એટલે જીવનમાં ગમ્ભીરતાપુર્વક સ્થીર થવાનું. એ માટે યોગ્ય સ્થળ પસન્દ કરવાનું, પછી ધામધુમથી પરણવાનું, બાળકો જન્માવવાના, ઉછેરવાનાં, મરી જવાનું – લીલી વાડી મુકીને, આવાં બધાં ત્યારે મધ્યમ વર્ગના માણસનાં જીવનધ્યેય, જે લગભગ આજેય છે. એ અર્થમાં હું માણસ જ નહીં! બસ, ભણવાનું પત્યું, એટલે નોકરી, અને પછી પૈસા આવે તે મનમોજ માટે ઉડાવવાના– એવી જ કંઈક 'સમજદારી'!... પણ દાહોદમાં ઝાઝું ફાવે નહીં. વળી ગામનાં રંગઢંગેય અનાકર્ષક.

પંચમહાલ જીલ્લાનાં બે મોટાં ગામ ગીચોગીચ. ગન્દા ને નાગરીકોય જાણે કે માફક ન આવે એવા! તે બે નગરો – ગોધરા અને દાહોદ. જોકે દાહોદ નગરી બહારના ભાગે રમણીય પણ ખરી : હરીયાળી. પાદરે જ ડુંગરાડુંગરીઓ અને વૃક્ષો. વધારામાં વળી ગામને અડીને એક વીશાળ તળાવ, જેની સામે પાર રેલવે કોલોની, જેનું નામેય સુન્દર 'ફ્રી લૅન્ડ ગંજ'. ત્યાં રેલવેની મોટી વર્કશોપ, જો કે કંઈક એવીય અફવા સાંભળેલી કે, વીશ્વયુદ્ધને કારણે ત્યારે એ કારખાનામાં હથીયારોય, કે હથીયારો જ બનતાં! ફ્રી લેન્ડ ગંજ વસાહતમાં ભારતભરના નોકરીયાતો વસે. પરીણામે દાહોદ હાઈ સ્કુલના વીદ્યાર્થીય કોસ્મોપોલીટન. દાહોદ ગામના છોકરા પણ કેટલાક વયમાં જરા મોટા ને તોફાની, એટલે ભણાવવાની કશી મજા જ ન આવે. મનમાં વસવસો થયા કરે કે આ સંઘ કાશીએ કેમ પહોંચશે? જો કે કાશી એટલે ક્યાં, એનું પાછું સ્પષ્ટ ભાન તો નહીં જ. વધારામાં અમૃત પુરાણીને ઘરે અમે બબ્બે 'લઠ્ઠા' પડી રહીએ : વાંઢાવીલાસ! જો કે ત્યારે સગાને ત્યાં રહેવાનો રીવાજ ખરો. અને અમૃત અમારા સગા મામાનો દીકરો પણ એ બીચારો તાજોતાજો જ પરણેલો અને નવવધુ શારદાભાભીને ઘરકામની ઝાઝી ફાવટ નહીં. આમ, હું નોકરીએ તો લાગ્યો, પણ કશી જ મજા ના પડે. કારણ કે હું આનંદમાર્ગી મનમાં ક્યાંક ભાગી છુટવાના જ

વીચાર સેવતો નોકરી ખેંચુ. અને એવુંય ખરેખર બન્યું જ! જીન્દગીભર મારી ભાગેડુવૃત્તીને પ્રોત્સાહન મળે, એવી જ ઘટના આપોઆપ બનતી રહી છે. એથી મારા જેવો પુરુષાર્થ–રહીત, કમજોર જણ પણ ભારે પુરુષાર્થી ગણાવાનો લાભ ખાટી ગયો.

હાલોલ (કણઝરી)માં મારા એક ચાહક વડીલ મીત્ર ભગવાનદાસ દીક્ષીત વસે, સારા વગદાર ગૃહસ્થ. એકદા કુદરતની કૃપા જેવો જ તેઓનો પત્ર આવી પડ્યો, જાણે આકાશવાણી થઈ : 'તમે બન્ને ભાઈઓ હાલોલની મહાજન સાર્વજનીક હાઈ સ્કુલમાં આવી જાઓ! ઘણો વધારે પગાર આપશે. (મને 76 વત્તા 14 અને જ.પા. ને 91 વત્તા 14. પાંચનો ગુણાકાર મેળવવા જ આવી વીચીત્ર રકમ ઠરાવી હશે!)' ત્યારે ગ્રેજ્યુએટોની ભારે તંગી અને કદાચ એવો કેળવણીખાતાનો કાયદો કે 'હાઈ સ્કુલ ચલાવો તો એમાં ગ્રેજ્યુએટ શીક્ષકો અમુક સંખ્યામાં લેવા જ પડે!' એટલે આફતેય ખરી : દાહોદ હાઈ સ્કુલના સુત્રધારો અમને એમ સહેલાઈથી છુટા કરી, 'નો ઑબ્જેકશન' પકડાવી દે, એવી તો કોઈ જ સંભાવના નહીં.

પરન્તુ દરમીયાન, એક સામાન્ય એવી અસામાન્ય ઘટના બની ગયેલી. જે કારણે, દેવગઢ બારીયાના દીવાનસાહેબે મને 'ચાઈલ્ડીશ બોય' કહેલો, લગભગ એવા જ કંઈક કારણે અમે દાહોદ હાઈ સ્કુલમાંથી માનભેર વીદાયને લાયક બની રહ્યા! બનેલું એવું કે, સાંજના અમે બે ભાઈઓ ગામ બહારની ટેકરીઓ પર ફરવા (રમવા) જઈએ. એકદા એમ જ ફરવા ગયેલા ને ત્યાં ટેકરીના ઢોળાવ પરથી પથરા ગબડાવવાની રમત બે જણ એકલા એકલા જ રમીએ. કશાક કારણે, અમારા પ્રીન્સીપાલસાહેબ મી. એલ. એ. વી. આયરસાહેબ એ બાજુ ક્યાંક નીકળેલા, તે અમને આવી 'ચાઈલ્ડીશ' રમતો રમતા જોઈ ગયા. પરન્તુ એની તો એમના દક્ષીણ ભારતીય ચીત્ત ઉપર કદાચ 'બાલીશ', છતાં અમારે માટે ખુબ સાનુકુળ અસર પડી. આય કેવો અકસ્માત! અમે જ્યારે રાજીનામાની દરખાસ્ત સાથે સાહેબને મળ્યા, ત્યારે તેઓ કહે, 'હું જોઉં છું કે તમને દાહોદમાં ફાવતું નથી, યુ આર લાઈક એન આઉટસાઈડર હીયર!' (અરે મારા સાહેબ હું તો જીન્દગીભર આ દુનીયામાંય 'આઉટસાઈડર' જ રહ્યો છું.) અને તેઓશ્રીએ અમને રાજીખુશીથી છુટા કરી દેવાની

જ વાત કરી. ધન્ય! ધન્ય! પથરા ગબડાવ્યા, એમાં તો જાતે જ અહીં ગબડી પડવાનો અલભ્ય લહાવો મળી ગયો! અમારો વીદાય–સમારંભ હાઈ સ્કુલના શીક્ષકખંડમાં જ્યારે રંગચંગે યોજાયો ત્યારેય સાહેબે આ જ રહસ્યસ્ફોટ કર્યો. ચુપચાપ ભાગી છુટવાની સલાહ, તે જમાનાની પરમ્પરા મુજબ, અમને આપનારા વ્યવહાર ડાહ્યા શીક્ષકો તો મોંમા આંગળાં જ નાખી રહ્યા!

દાહોદના સંસ્મરણોમાં ખાસ કશું સ્મરણીય હોય, તો તે શીક્ષકોની ચડ્ડી! હાઈ સ્કુલના ખાસ્સા અડધો ડઝન જેટલા શીક્ષકો ચડ્ડી (હાફપેન્ટ) પહેરીને નીશાળમાં નોકરીએ આવે! પછી જીન્દગીમાં, અનેક નીશાળો બદલી, ઈતર કાર્યાલયોમાં પણ કાર્ય કરી આવ્યો; પણ ક્યાંય આવો 'ચડ્ડીધારી' સ્ટાફ નથી જોયો. હા, ગાંધી–આશ્રમમાં અને ગુરુકુળમાં ચડ્ડીધારી કાર્યકર્તાઓ જોયા, પણ એ તો દુનીયા જ જુદી! આમ જગતની એક (નવમી, દસમી કે જે ગણો તે) અજાયબી જ કહેવાય. ખુદ વાઈસ–પ્રીન્સીપાલ કક્ષાના સાહેબ પણ ચડ્ડી પહેરીને જ આવે. કેટલાક તો વળી ચડ્ડી ઉપર હાફકોટ પણ ચઢાવીને ફરે. આ તો જબરી વીચીત્ર ફેશન–પરેડ! હાઈ સ્કુલના સંચાલકો કે આવા કડક, શીસ્તના આગ્રહી આયરસાહેબ પણ કેમ શીક્ષકોની આવી 'ગાંધીવાદી' (?) સાદાઈ સામે વાંધો નહીં લેતા હોય? એ ત્યારેય અને આજેય મારા મનને અકારણ મુંઝવતો પ્રશ્ન : 'અકારણ' તો એટલા માટે કે આજે 'સકારણ' મુંઝાવા જેવી અને સમસ્યાઓ આ અસ્વસ્થ જીવને પીડી રહી છે. હા, બીજી બાજુ, પેલી ચડ્ડીની દાહોદીય શીક્ષકી ફેશન હવે એના અભીનવ અમેરીકી સ્વરુપે પાછી આ દેશમાં પ્રસરી રહી છેઃ અમેરીકામાં ધોતીયું કે લુંગી પહેરીને ના ફરાય, પણ લોકો પહોળી ચડ્ડીઓ ચડાવીને ફરતા જોવા મળે એ કેવું? એમ હવે આપણા ઈન્ડીયામાંય એવા ચડ્ડીધારી, 'બનીયાનધારી' નહીં એટલે સદગૃહસ્થો જાહેરમાં ફરતા જોવા મળે છે! અરે, વચમાં તો યુવતીઓય વળી (ખાસ કરીને ટીન–એજર કીશોરીઓ) 'મોટો ચડ્ડો' પહેરીને ફરતી. આ 'ચડ્ડો' શબ્દ મેં એક સાસુના મુખેથી ઉદ્‌ધૃત કર્યો છે. ઈતી શ્રી ચડ્ડી–ઉપાખ્યાનમ્ સમાપ્તમ્.

જે ગામમાં હું ત્રણ ત્રણ વાર એ જ હાઈ સ્કુલમાં શીક્ષક બનીને જોડાયો અને પાછો એક જ વર્ષમાં કે છેલ્લે તો એક જ મહીનામાં છોડી ચાલવા જ માંડ્યો; છતાં એ ગામમાં મારી પ્રતીષ્ઠા આજપર્યંત અક્ષુણ્ણ જ રહી છે, એય એક ચમત્કાર, જે મારો તો નહીં જ; હાલોલવાસીઓ દ્વારા સર્જીત! હાલોલે મને એક ભીન્ન જ જીવનનાં દર્શન–અનુભવ કરાવ્યાં. વીદ્યાર્થીઓ, વાલીઓ અને ગામ લોકોય ખુબ આત્મીય આદરથી અમારા તરફ જુએ, અમારી સાથે વર્તે.... (અમારી એટલે હું, જયન્તભાઈ પાઠક અને ચન્દ્રકાન્ત પંડ્યા)... પણ એ બધી વાતો પછી એક બ્રેક કે બાદ!

**03**

## *સર્ગ– 3*

## વીષયાન્તર– 1 : *અર્થ–અનર્થ*

અત્રે વાત નીકળી જ છે, તો થોડુંક વીષયાન્તર કરી લઈએ : આમેય મારી જીવન–યાત્રાની જેમ જ, આ આત્મકથા–લેખન પણ વીષયાન્તરપુર્ણ જ બની રહેવાનું. આશા રાખીએ કે, ભરપુર વીષયાન્તર અર્થાત્ પરીસ્થીતી–પરીવર્તન છતાં એકન્દરે જીવન સારું ચાલ્યું, અને 'સૌ સારું, જેનો અન્ત સારો' – એ ન્યાયે કશો અસન્તોષ આજે નથી. એ જ રીતે, આ લેખનયાત્રા પણ ભલે વીષયાન્તર ભરપુર; છતાં એકન્દરે સારી ચાલે, અને અન્તે વાચકમીત્રોને હાશ થાય કે, ચાલો ઠીક–કંઈક મજા તો આવી!

હા, તો હું ઘરમાંય સૌને અણગમતો અને એથી ઉપેક્ષીત અને પ્રસંગોપાત તીરસ્કૃત બાળક. એક તો, અમે નવ નવ ભાઈ–બહેનો અને એમાં મારો નબંર છઠ્ઠો, એટલે માનાં પ્રેમ–વાત્સલ્યમાં તો મારો નમ્બર લાગે જ ક્યાંથી? વધારામાં વળી હું સર્વ દુર્ગુણ સંપન્ન! જાલીમ તોફાની! એટલે માનો સ્નેહ મેં બહુધા એ જ રુપે અનુભવેલો : ગાળ અને માર! વધારામાં મોટા ભાઈ–બહેનો પણ વાતવાતમાં મને

તુચ્છકારી જ કાઢે! હું ગણના માટે કે બે સારા, મીઠા શબ્દ મારે નીરન્તર ફાંફાં મારું. એથી વળી વધારે તીરસ્કૃત બનું. ઉમ્મર વીતતાં મને 'મુર્ખદત્ત' કે 'ગાંડા'નું બીરુદ પણ મળેલું! આવા ભુતપુર્વ 'શાંતીયા' ઉર્ફે 'રમણીયા' ગાંડાને હાલોલ ગામે મબલખ પ્રેમ–આદરથી બસ વધાવી જ લીધો... આહા, કેવાં કેવાં આશકો ('ચાહકો' પણ) મળી ગયાં, ત્યારે એ નાની નમણી હાલોલ નગરીમાંથી! આજેય બધાં વારંવાર અને બરાબર યાદ આવે છે, અને કરેય છે (જે હયાત હોય તે).

સ્નેહ–પ્રેમ, આદર અને ગણનાની લાલસામાં હું બેફામ પૈસા ખર્ચી નાખું. એણે જ મને ઉડાઉ બનાવી દીધો, જેવો પછી હું જીવનભર રહ્યો. સુરતમાં મારા એક પ્રૉફેસર મીત્ર અને કવી હતા–ખરેખર સારા કવી, તે પ્રો. સી. ડી. વ્યાસ, જેઓ લૉ–કૉલેજમાં પ્રૉફેસર હતા. અમે રોજ હૉપપુલ ઉપર સાથે ફરવા જઈએ. મારી ઉડાઉગીરી જોઈને એક દીવસ મને તેઓ કહે, 'મારા બાપે મને નાનપણથી જ એવી શીખામણ આપી છે કે, 'બેટા, જો તું મહીને એક આનો કમાતો હોય, તોય એમાંથી અગીયાર પાઈ જ ખર્ચજે ને એક પાઈ અચુક બચાવજે!' (ત્યારે બાર પાઈનો એક આનો થતો અને સોળ આનાનો રુપીયો.)

હું વ્યાસ સાહેબને રમુજમાં જવાબ આપતો, 'સર, મને મારા બાપાએ એવી જ શીખામણ આપેલી કે, 'બેટા, જો તું મહીને એક આનો કમાતો હોય, તો ચારા આના જેટલું જોર કરજે ! વધારાના ત્રણ આના ક્યાંકને ક્યાંકથી મળી જ રહેશે.'

ખરેખર જ હું જીવનભર એવી જ રીતે જીવ્યો : હજારો કમાયો ને લાખો ખર્ચી નાખ્યા. આજેય મારી પાસે કંઈ જ નથી : ન ઘર, ન જમીનજાગીર, ન સોનાચાંદી કે ન બૅન્કબૅલેન્સ! અને છતાં આનન્દથી, મોજમસ્તીથી અને 'રોમૅન્સપુર્વક' આટલું લાંબું મેં જીવી કાઢ્યું.

આમ તો, જીવનભરનું દારીદ્ર્ય મેં પોતે સ્વેચ્છાએ જ, અમુક સીદ્ધાન્તો તથા ધુની પ્રકૃતીને કારણે વહોરી લીધેલું. બાકી જન્મથી કે ઘરથી અમે એટલાં ગરીબ નહોતાં. હું 1943માં મારી માનું મૃત્યુ થતાં નીરાધાર બની ગયો, ત્યારે મેં ‘આપકર્મી’ થવાની ધુનમાં પહેરેલાં બે કપડે ઘર છોડ્યું. અમે ગુજરાતી પાઠ્યપુસ્તકમાં ‘આપકર્મી’ અને ‘બાપકર્મી’ એવો પાઠ ભણેલા ત્યારથી જ બસ નીર્ણય કરેલો કે આપકર્મી થવું! બાકી પીતાજી તો ઘણી મીલકત મુકીને ગુજરી ગયેલા. (1930ના અરસામાં, જ્યારે હું ફક્ત આઠ વર્ષનો બાળક હોઈશ ત્યારે. એટલે પીતાજી વીશે આજે કશું જ યાદ નથી.) બાપુજી હીમ્મતલાલની 150 વીઘાં જમીનમાંથી મને વારસામાં 40 વીઘાં જમીન મળેલી ખરી, જે મારે નામે પણ થઈ ગયેલી. એ સાથે બે આખાં ગામ (મોટી પાલ્લી અને નાની પાલ્લી)ની યજમાનવૃત્તી. ઉપરાંત ઘરમાં પણ દરદાગીના–જરઝવેરાત મબલખ. પરન્તુ ‘બાપોતી મીલકતમાંથી મારે એક પાઈ પણ ના જોઈએ’ એવી જાહેરાત કરીને હું ફક્ત પહેરાલાં પાયજામો–ખમીસ સાથે કાલોલની વાટે, બસ, એકલો જાને રે! (ત્યારે અમારા ગામે વાહનની કોઈ સગવડ નહીં. એટલે પંદર–વીસ માઈલ ચાલતા જ જવાનું.)

અત્રે બે પ્રસંગ સ–સંકોચ નોંધુ : જો કે અગાઉ અનેક મીત્રોએ એ નોંધ્યા તો છે જ. એટલે એટલો સંકોચ ઓછો. (મારા જીવન વીશે ચારેક પુસ્તકો પ્રગટ્યાં છે.) મારે નામે આવેલી 40 વીઘાં જમીન ખરી; પરન્તુ મેં મારા જીવનમાં કદી જોયેલી સુધ્ધાં નહીં! ગણોતીયા એ ખેડે ને વર્ષે દહાડે ગણોત આપી જાય. મેં એવો એક્કે ગણોતીયો સુધ્ધાં કદી જોયેલો નહીં કે ગણોત કોણ લે છે, એય પરવા નહીં. આઝાદી બાદ મુમ્બઈ રાજ્યમાં ગણોતધારો આવ્યો : ખેડે તેની જમીન! અને છતાં ગણોતીયાઓએ પાછું જમીન–માલીકને વળતર તો ચુકવવાનું. અમારા બાપદાદાએ તો ન જાણે કેવી કેવી દાદાગીરીથી એ જમીનો પડાવી લીધી હશે ને ખરેખરા ખેડુત બીચારા ગણોતીયા બની ગયા હશે! એમાં સાચો માલીક કોણ? સરકારે વીઘા દીઠ રૂા.200/- નું વળતર ઠરાવેલું. ત્યારે તો હું દીલ્હીમાં વસું અને પાક્કો સામ્યવાદી બની ગયેલો. અમે સામ્યવાદીઓએ આ વળતરના કાનુનનો ઉગ્ર વીરોધ પોકાર્યો. મેંય જોરદાર લેખો લખ્યા કે લુંટારાઓને લુંટના માલનું તે વળતર હોય? હવે એવો હું

પોતે જ લુંટારો વળતર કેમ લઉં? મેં દરેક ગણોતીયાને રજીસ્ટર્ડ પત્ર લખીને જણાવી દીધું કે, 'એ જમીન આજથી તમારી માનજો! હું તમને મારી રાજીખુશીથી જ એ 'ભેટ' આપી દઉં છું. મારે વળતર–બળતર કાંઈ નહીં જોઈએ!...' ગામમાં ઉહાપોહ મચી ગયો. ખુદ સરકાર પણ ગાંઠે નહીં! મેં મહેસુલ મન્ત્રી (રસીકલાલ પરીખ) ને ખખડાવ્યા કે 'આ તે તમારો કેવો કારભાર? એક બાજુ, તમે ગણોતધારો (કાનુન) કરો છો, અને બીજી બાજુ, હું ગણોતીયાને મફત જમીન આપવા માંગુ છું, તો તમારા અમલદારો કાયદાની ગુંચો કાઢી કાઢીને આડાં રોડાં નાંખે છે!' ત્યારે હું રશીયન (સોવીયેત) એમ્બેસીના માહીતી વીભાગમાં બુલેટીન વીભાગનો વડો–મોટો પત્રકાર! એટલે મારા પત્રથી રસીકલાલ કદાચ ગભરાયા. અને મારી બધી જમીન વીના વળતરે ગણોતીયાઓને નામે થઈ ગઈ. (બાપડો એક બદનસીબ ન જાણે કેમ રહી ગયેલો, જે જ્યારે મળે ત્યારે દુઃખ વ્યક્ત કરે... પણ મારામાં એવી કશી આવડત જ નહીં કે હું એનું કામ કરી આપું.)

બીજો પ્રસંગ : મારી મજબુરી તથા નીરાધારી જોઈને, મારાં લાગણીશીલ બહેને ઘરના જરઝવેરાતમાંથી સોનાની આઠ તોલાની એક લગડી છાનીછુપી મારાહાથમાં પકડાવી દીધી. હું તો ગભરાયો, પણ કશું બોલ્યો નહીં. એ સોનું મેં તો તરત જ મારા મોટા બનેવી પુજાલાલ ભટ્ટને સોંપી દીધું. આ પુજાલાલ જ પછી તો મારા સમગ્ર જીવનના સશક્ત શીલ્પી બની રહ્યાં. તેઓ ખુબ જ ઉમદા, ઉદાર તથા પરોપકારી 'લોકોત્તર' પુરુષ. સોનાની લગડી લેતાં, તેઓ ફક્ત એટલું જ; પરન્તુ સરસ બોલ્યા, 'આવું ન કરવું જોઈએ!' કેવા ઉંચા વીચારો! ને કેવો ગૌરવશાળી પ્રતીભાવ! પછી તો, હું નોકરી કરતો થયો, ત્યારે એ સોનું હું હેમખેમ મારા મોટા ભાઈના હાથમાં પાછું સોંપી આવેલો.

માના મૃત્યુ પછી તરત જ તો હું પાછો એમ. ટી. બી. કૉલેજમાં ભણવા સુરત પહોંચી તો ગયો, પણ ખીસ્સામાં એક પૈસોય નહીં! ક્યાં રહેવું ને શું ખાવું? મને યાદ છે, નવ દીવસ મેં જમ્યા વીના ચલાવી લીધેલું! બહુ ભુખ લાગે, ત્યારે બે પૈસાનું ફરસાણ ફાકી લઈ, ઉપર પાણી પી લઉં! ત્યારે હું જુનીયર બી.એ.માં ભણું.

(બી.એ.નું પ્રથમ વર્ષ, જેમાં પરીક્ષા નહીં–સીધી બે વર્ષે ફાઈનલ પરીક્ષા જ આપવાની) નવ નવ દીવસના અપવાસથી જાણે 'પ્રભુ' મારા પર પ્રસન્ન થયા! એક તારણહાર મળી ગયો : તે નામે વીરમીત્ર ઓઝા, ભાવનગર નજીક આવેલા ગામડા – ભોજપરાનો રહેવાસી. ત્યારે કદાચ ભાવનગરમાં સાયન્સ કૉલેજ નહીં, એટલે ત્યાંથી કેટલાક વીદ્યાર્થીઓ સાયન્સમાં ભણવા સુરત કૉલેજમાં આવતા. એમાં આ ઓઝાય આવેલો. પણ એ જવાન ભારે લાગણીશીલ, થોડોક વધુ પડતો ઉત્સાહી અને ઉદાર. વળી 'શાબાશી'નો શોખ, એટલે જાતજાતનાં સાહસ ખેડે! તે એક દીવસ મને કહે, 'મારી સાથે આવી જા! મેં નાનપુરા–ખરાદી શેરીમાં એક ઘર રાખ્યું છે, 'ચાવાલા મેન્શન'... અને ખાવાપીવાનું તો સૌ થઈ રહેશે....' પરન્તુ આ ઘરનું ભાડું જ મહીને રૂા. 35/-, એટલે માસીક રૂા.17-50 મને તો પોસાય જ કેવી રીતે? હજી તો બજેટ બનાવવાનું જ બાકી! આવક ક્યાંકથી આવી ચડે, તો બજેટનો મામલોય ઉભો થાયને? આમ હું અવઢવમાં. પરન્તુ ભાઈ ઓઝાએ એના બેફીકર સ્વભાવ મુજબ, મને હીમ્મતસુતને હીમ્મત આપી, અને હુંય પાછો એવો જ અવીચારીને! 'ચાવાલા મેન્શન'માં ધામધુમ વગર પ્રવેશ્યો. કમસે કમ ત્યાં ચા તો મળવાની જ ને (ઓઝાની કૃપારુપ)? મારો એક આખાબોલો મીત્ર નામે હીમ્મતસીંહ પરમાર, તે ઉન ગામનો. મને કહે, 'રમણ, તારામાં કંઈ અક્કલ બક્કલ ખરી કે? મહીને રુપીયા સાડા સત્તર તું કાઢવાનો ક્યાંથી... ખરેખર એવી અક્કલ તો મારામાં જીવનભર ના પ્રગટી.

*

**04**

## *સર્ગ – 4*

## સુપા–ગુરુકુળમાં

મને નોકરીઓ તથા સ્થળો બદલવાનો શોખ. શોખ એટલે બસ શોખ જ : મજા ખાતર! બાકી એવું નથી જ કે હું વધુ પગાર કે એવા કશા લાભ માટે નોકરી

બદલું. અરે, ક્યારેક તો ઓછા પગારેય ઉપડી જાઉં! બસ, માર્ચ–એપ્રીલ આવે ને અખબારોમાં જા.ખ. જોવા માંડું : 'વૉન્ટેડ ! જોઈએ છે!' કેટકેટલા ઈન્ટરવ્યુ આપ્યા ને પછી ત્યાં ના ગયો, એવુંય બન્યું છે. વળી, દરેક નવા સ્થળે બહુધા એકાદ બે વર્ષ જ ટક્યું. પણ એટલામાં તો કેટલાક જીવનભરના સ્નેહસમ્બન્ધ પણ બંધાઈ જાય! દા.ત. ગુરુકુળમાં સૌ. કુસુમબહેન (ઠાકર) અને એમની નાની બહેનો ચી. મધુ અને ઈન્દુ પછી જીવનભરની ધર્મની બીલકુલ સગી જેવી જ બહેનો બની રહી. હું તો એ બધુ છોડીને દુર–દુર 'ચલો દીલ્હી' પોકારતો ચાલ્યો ગયો–મારા રમણભ્રમણીયા સ્વભાવ મુજબ; પણ જયન્તીભાઈએ (પાઠક) એ ધર્મ–સમ્બન્ધો જીવનભર જાળવ્યા. હા, ચી. ઈન્દુના અવસાન પ્રસંગે વર્ષો બાદ હું એને મળેલો. એ હૃદયદ્રાવક પ્રસંગનું વેધક બયાન ગુજરાતના પ્રખર રેશનાલીસ્ટ સદ્ગત જમનાદાસ કોટેચાએ લખેલા મારા વીશેના પુસ્તક 'સામા પુરનો તરવૈયો'માં વીગતે આલેખ્યું છે. (જો કે તેઓએ જરા જુદી દૃષ્ટીએ, જે પુર્ણ સત્ય નહીં.)

આમ તો હાલોલ હાઈ સ્કુલની નોકરીને હજી એક જ વર્ષ થયેલું. ત્યાં મને હીજરત કરવાની પાછી તીવ્ર ઉત્કંઠા પ્રગટી અને જા.ખ. જોતાં એક મનમાં વસી ગઈ. 'જોઈએ છે : ગુરુકુળ–સુપામાં અંગ્રેજીના શીક્ષક...રહેવા–જમવાની સગવડ મળશે.... ઈ'. મારા જેવા સ્વયંપાકી વાંઢા માટે આ તો ઉત્તમ. મેં તો અરજી રવાના કરી જ દીધી. મારી અરજીના ડ્રાફ્ટીંગથી આચાર્યશ્રી ચન્દ્રકાન્ત તો ખુશખુશાલ. સંભવતઃ અરજીમાં મેં આર્યસમાજના આદ્યસ્થાપક મહર્ષી દયાનન્દજીનેય સાંકળીને કંઈક લખેલું એવું યાદ છે. નીમણુક તો હમ્મેશ મુજબ મળી જ ગઈ; પણ ઈન્ટરવ્યુમાંય આચાર્યશ્રી વારંવાર બસ અરજીની લખાવટનાં જ વખાણ કર્યા કરે! ન જાણે એ અરજીમાં એવું તેં મેં શું લખેલું! આજે તો બારડોલીમાં વસુ છું, જ્યાંથી એ ગુરુકુળ ફક્ત પન્દરેક કી.મી. દુર છે. પરન્તુ ત્યારે, જ્યારે ત્યાં નોકરીએ જવાનું આવ્યું, ત્યારે તો એ દુર દુરનું સ્થળ લાગે, ક્યાં હશે? કેવું હશે? જરા સચીન્ત કુતુહલ થાય. પણ પહોંચી તો ગયો જ. જયન્તીભાઈ નવસારી સુધી વળાવીને ગુરુકુળની બસમાં બેસાડી ગયા. ત્યારે પુર્ણા નદી, કે જેને કાંઠે આજેય ભવ્ય ગુરુકુળ ખડું છે, તે નદી ઉપર પુલ નહીં એટલે અમને ઉતારુઓને તો બસવાળાએ સામે કાંઠે ઉતારી મુક્યા! ખભે

બીસ્તરો ઉપાડી, પાણી ખળખળાવતો હું નદી ઓળંગવા લાગ્યો. ત્યારે મનમાં ઉમાશંકરનું પેલું કાવ્ય ગુંજ્યા કરું :

ક્યાં ધ્યેયો–શ્રેયો
મન ધરત સાધો સફર આ?

જાતને ઠપકો આપું કે આવા વ્યર્થ ઉધામા શીદને? પણ ગુરુકુળમાં પ્રવેશતાં જ : 'આઈયે... આઈયે ભાઈજી!' કોઈ નવી જ ભાષાશૈલીમાં, સાવ જુદી જ ઢબનો આવકાર મળ્યો ને મજા આવી ગઈ. ગુરુકુળનું સમગ્ર વાતાવરણ એટલે બીલકુલ બીનગુજરાતી, જાણે ઉત્તર ભારતીય માહોલ! મોટે ભાગે બધો વાર્તાલાપ હીન્દીમાં જ ચાલે. શીક્ષકોને 'ભાઈજી' કહેવાનું અને તેઓ વળી લુંગીઓ અને ચડ્ડીઓ પહેરીને ફરે... એકદમ શુદ્ધ ભારતીય, હીન્દુસ્તાની એવો મીઠો વ્યવહાર : સવારે દુધ–નાસ્તો ને બપોરે ભોજનાલયમાં (કદાચ એને 'ભંડાર' કહેતા) બસ તૈયાર જમી લેવાનું. સ્વતન્ત્ર 'ક્વાર્ટર' મળશે, એવા પાકા વચન સાથે શરુઆતમાં તો અતીથીનીવાસમાં રહેવાનું. વર્ષોથી સ્વહસ્તે જે ભાખરી–શાક પકાવીને ખાતો, એને વીના પત્નીએ જ જાણે કે લગ્નસુખ મળી ગયું! બધું આમ તો બરાબર, પણ ત્રીજે જ દીવસે એક ગમ્ભીર મુસીબત મનોમન પીડવા લાગી : સાંજે ફરવા નીકળું ને છેક સુપા ગામમાં પહોંચી જાઉં. ગામડામાં આંટા મારતો તપાસ કર્યા કરું : ક્યાંય ચાની એકાદ હાટડીય મળી જાય છે! પરન્તુ ત્યારે, એટલે કે 1946ની સાલમાં તો આ બધાં ગામડાં સાવ પછાત. આજે તો ભુતબંગલા–ચોકડીનું બસ–સ્ટૉપ દુકાનો ને વસતીથી ધમધમે છે, તે ત્યારે તો સાવ નીર્જન–ખરેખર ભુતીયું! કેવળ એક નીર્જન બંગલો ત્યાં ખડો હતો!... છેવટે ન જ રહેવાયું, એટલે ત્રીજે દીવસે સવારે આચાર્યશ્રીને મળવા ગયો ને વીનન્તી કરી : 'આચાર્યજી–ભાઈજી, મારાથી આ નોકરી નહીં થઈ શકે; મને આજે જ છુટો કરી દો!' પણ આચાર્યજી મારા પર બસ એમ જ ફીદા, તેઓ મને છોડવા જરાય રાજી નહીં... બાળપણના તીરસ્કૃત રમણીયાને આમ હવે ઉલટો જ અનુભવ થવા લાગ્યો, જે ખુબ ગમે : લોકો મને માનપાન આપે ને ચાહે. આચાર્યજી

પુછે, 'પણ મુશ્કેલી શી છે? – એ તો કહો! અરે, થોડા દીવસ ટકી જાઓ, પછી જુઓ, અહીં બસ એવું ગમી જશે…'

મેં અધવચ્ચે જ મારી 'અતી ગમ્ભીર' મુશ્કેલી રજુ કરી : 'પણ માનનીયશ્રી, અહીં ચા નથી મળતી, અને ચા વગર તો હું જીવી જ ન શકું.'

આચાર્યશ્રી કહે, 'થોભો!' તેઓએ તત્કાળ શ્રી. ઠાકોરભાઈને બોલાવ્યા. ઠાકોરભાઈ દેસાઈ એટલે રસોડાના મેનેજર, તેઓની ઓરડી જુદી. તેઓ સવારે ચા બનાવે ને પીએ, એમને માટે છુટ! આચાર્યશ્રી ચન્દ્રકાંત ત્રીવેદીએ ઠાકોરભાઈને ફરમાવ્યું :

'આ રમણજીભાઈજીને તમારી સાથે રોજ સવારે ચા પીવડાવજો!…' એટલું જ નહીં, હું ચા શાન્તીથી પી શકું, મેઈડ બાય ઠાકોરભાઈ… એટલે તેઓશ્રીએ મને પહેલા બે પીરીયડ(તાસ) ફ્રી પણ કરી આપ્યા. બાકી વીદ્યાલય તો સવારે આઠ વાગ્યે જ શરુ થઈ જાય.. અને આમ મારું ગાડું ગુરુકુળમાં ગડગડાટ, બરાબર ગબડવા લાગ્યું. મારો સ્વભાવ એકંદરે ઉદાર અને મળતાવડો, વધારામાં વળી રમુજ અને કંઈક વીશીષ્ટ–વીચીત્ર, એટલે થોડા જ વખતમાં હું ગુરુકુળનો એક 'લોકપ્રીય ભાઈજી' બની ગયો. મનોરંજનની મૌલીકતા પણ મારામાં ખરી : એક વાર પુર્ણા નદીમાં ભયંકર રેલ આવી, ગુરુકુળમાં ધોધમાર પાણી પ્રવેશ્યાં. અમે બધાં વીદ્યાલયના માળ ઉપર ચડી ગયાં. ત્યાં રાત ગાળવાની. ત્યારે હું મોડી રાત સુધી એવા રમુજી કાર્યક્રમો પ્રસ્તુત કરતો રહ્યો કે બધાં જ રાજી રાજી! દા.ત. પંડીત ઓમકારનાથજીનું અને એ નીમીત્તે શાસ્ત્રીય સંગીતની ગાયકીનું અનુકરણ…'વન્દે માતરમ્… આ.આ.ઈ.ઈ.ઉ.ઉ.ઉ.' કરી હસાવ્યાં, પછી એવું જ એક નાનકડું એકપાત્રી નાટક પણ મેં રજુ કર્યું… બધાં હસતાં હસતાં બેવડ! વધારામાં એ નાટકમાં મેં આપણા હીન્દુ સમાજના કુરીવાજોની ઠેકડી ઉડાડેલી, એટલે આર્યસમાજીઓને તો એમાં ખાસ વધારે મજા આવે : દા.ત. એક સંવાદ : (મરણોત્તર વીધી પર કટાક્ષ પ્રહાર કરતો) 'હા, હા,

હું બારમું–તેરમું ને સઘળાં કારજપાણી બરાબર કરીશ જ... મારા બાપનું બારમું કરીશ. મારું બારમુંય કરીશ...’

ગુરુકુળ સુપામાં મેં ખરેખર એક અતીવ આનન્દદાયક વ્યવસ્થા જોઈ. અને હું આર્યસમાજનો તથા સ્વામી દયાનન્દનો મોટો પ્રશંસક બની રહ્યો. એ છે : સમાજસુધારો. નર્મદથી માંડીને ગાંધીજી સુધીના સમાજસુધારકોએ જે સુધારા લાવવા તનતોડ પરીશ્રમ કર્યો અને પ્રમાણમાં અલ્પ સીદ્ધી જ મેળવી, એ સર્વ સુધારા અહીં આર્યસમાજીઓમાં સાવ સ્વાભાવીક અને સહજ બની ગયેલા મેં નજરે નીહાળ્યા : અહીં કોઈ જ્ઞાતી–જાતી નહીં, ન ધર્મભેદ, ન વ્રત–તપ, જપ–ભક્તી, અપવાસ–એકટાણાં, ના કોઈ ઉંચ–નીચ, ના વહેમ, ન મન્ત્રતન્ત્રની અન્ધશ્રદ્ધાઓ... બધું જ વળી જાણે ધરમુળથી નષ્ટ, જેનો અવશેષ કે અણસાર સુધ્ધાં નહીં! અમે પચાસેક કર્મચારી ગણમાં મુખ્યત્વે તો ભાઈજીઓ (અધ્યાપકો), બધા સહકુટુમ્બ ત્યાં વસે. પરન્તુ કોણ કઈ જ્ઞાતીનો છે, એ બીલકુલ ઉલ્લેખાય સુધ્ધાં નહીં, કોઈ જરાય સભાન જ નહીં – એ ચમત્કાર! મારા મીત્ર એવા અધ્યાપકશ્રી ભાઈજી તો અસ્પૃશ્ય દલીત જાતીના હતા. પણ કોઈનાય વ્યવહારમાં તો શું, ચીત્તમાંય ઉંડે ઉંડે એવો કોઈ અણસાર સુધ્ધાં નહીં, ત્યાં અભીવ્યક્તી કે છુતાછુત તો હોય જ ક્યાંથી? વધુમાં, તેઓ તો વીદ્વાન અને માનનીય ગણાતા. એ જ રીતે, કોઈ ધાર્મીક ધતીંગનુંય ત્યાં પાલન નહીં...

ખરે જ, સ્વામીશ્રી દયાનન્દજીની આ સીદ્ધી અજોડ લેખાય. માટે જ તો ગાંધીજીએ કહેલું કે ‘હું જ્યાં જ્યાં જાઉં છું, ત્યાં ત્યાં મને સ્વામી દયાનન્દ સરસ્વતીનાં પદચીહ્નો દૃષ્ટીગોચર થાય છે!’ પરન્તુ આપણો સમાજ, આપણું રાષ્ટ્ર ને આપણો ભારત દેશ એક શાપીત માનવસમુહ છે. આર્યસમાજની આ ભવ્ય સીદ્ધી દીનપ્રતીદીન વીસ્તરવાને બદલે, સંકોચાઈ–આજેય સંકોચાઈ રહી છે. સાથે સાથે, એક દુ:ખદ હકીકતેય અત્રે ઉલ્લેખવી રહી કે, આર્યસમાજ હીન્દુત્વની ગર્વભરી ભાવના તથા ધર્મઝનુન જેવી માન્યતાઓને કારણે કોંગ્રેસ અને ગાંધી સમક્ષ એટલો પ્રતીષ્ઠીત ગણાતો ન રહ્યો.

અત્રે એક દાખલારુપ ઘટનાય નોંધવા જેવી છે. અમારા શંકરલાલકાકા શ્રાવણ માસમાં પાર્થીવ પુજા કરવા નીકળી પડતા. પાર્થીવ પુજા એટલે એક મહીનો અન્ય ગામના મહાદેવના કોઈ મન્દીરમાં રહેવાનું અને મુખ્યત્વે પાર્થીવ એટલે કે માટીનાં શીવલીંગ બનાવી, જુદા જુદા આકારમાં ગોઠવવાનાં. ગામલોકો એનાં દર્શને આવે. મહીનાને અન્તે લખણી (મરજીયાત ફાળાની ઉઘરાણી) કરી, જે મળે તે લઈ ઘરભેગા! શંકરલાલકાકા કહે કે, 'એક વાર હું મજીગામના મલ્લીકાર્જુનમાં પાર્થીવ પુજા કરવા બેઠો... પણ મહીનાને છેડે ગામમાં લખણી કરવા નીકળ્યો, ત્યારે મજીગામના દેસાઈઓ એક પાઈનીય દક્ષીણા આપવા રાજી નહીં! મજીગામ–મલવાડા બે આખાં ગામ આર્યસમાજી!.... વર્ષો બાદ એ જ મજીગામમાં મારે પાંચેક વર્ષ વસવાનું થયું. મેં જોયું કે ગામમાંથી આર્યસમાજનો પ્રભાવ લગભગ સાવ ઓસરી ગયેલો અને દેસાઈઓ પાછા વાંકડાના આંકડા ગોઠવતા થઈ ગયેલા!

બીજું, મહર્ષી દયાનન્દે આપણા સર્વોચ્ચ અને એક માત્ર માન્ય ધર્મગ્રંથ તરીકે 'ઋગ્વેદ' ને જાહેર કર્યો (કદાચ 'બાઈબલ', 'કુરાન'ની પ્રેરણાથી) પરીણામે જ પ્રસ્તુત સમાજસુધારણા આર્યસમાજ માટે એકદમ સહજ બની રહી અને સીદ્ધ થઈ. પરન્તુ મહર્ષીજીનેય એક મુશ્કેલી નડી અને એ બાબતે તેઓ કદાચ મુંઝાયા હશે અને નીરુપાય બની ગયા હશે. મતલબ કે તેઓએ યજ્ઞોપવીત(જનોઈ) અને યજ્ઞને માન્ય રાખવાં પડ્યાં; કારણકે, એ તો ઋગ્વેદનો જ આદેશ છે. પરીણામે, આર્યસમાજમાં જનોઈ દેવાનું અને યજ્ઞ કરવાનું કર્મકાંડ ચાલુ રાખવું પડ્યું. બાકી તો, એ પણ અન્ય ધાર્મીક કર્મકાડં જેવાં જ બે મીથ્યા કર્મકાંડો છે. જનોઈનો તો આજે કશો અર્થ કે પ્રભાવ જ રહ્યો નથી; જ્યારે યજ્ઞના લાભાલાભ બાબતે કેટલાક કપોલકલ્પીત દાવાઓ આગળ કરવામાં આવે છે; પણ એ બધું સાવ અવૈજ્ઞાનીક જ છે. હકીકતે વેદમાં યજ્ઞ એ કહેવાતા દેવોને અને વીશેષતઃ ઈન્દ્રને રીઝવવાનો એક અન્ધશ્રદ્ધા–જનીત વીધી જ છે. એટલે એનાથી હવા શુદ્ધ થવાની કે વરસાદ પડવાની વાત તો પાયા વગરની જ!

ગુરુકુળમાં અમારે ગાદી પર બેસીને ભણાવવાનું, સામે જમીન પર બેઠેલા ‘એસ. એસ. સી.’ પાસ વીદ્યાર્થીઓને હું અંગ્રેજી ભણાવું. ગુરુકુલીય શીક્ષણવ્યવસ્થામાં એસ. એસ. સી.ને શું કહેતા –એ તો યાદ નથી. પરન્તુ બહુ સરસ–સરસ પુસ્તકો ભણાવવાનાં આવેલાં એટલે મને તો મજા આવી ગઈ : ટાગોર કૃત વાર્તા–સંગ્રહ ‘હંગ્રી સ્ટોન્સ ઍન્ડ અધર સ્ટૉરીઝ.’ બીજું ‘રોલ કૉલ ઑફ ઑનર’–જેનો લેખક આજે યાદ નથી અને ત્રીજો એક કવીતાસંગ્રહ (યાદ નથી) ઈત્યાદી. એ નીમીત્તે, બહુ સરસ સરસ પુસ્તકો વાંચવા મળ્યાં. (ગુરુકુળમાં હું અંગ્રેજીનો પ્રોફેસર!!!)

અમારા એક સહકાર્યકર શ્રી. વીદ્યાવ્રત શાસ્ત્રીજી મહત્ત્વાકાંક્ષી લાગ્યા : કશુંક સ્વતન્ત્ર સાહસ શરુ કરવા આતુર, એટલે એમણે એક પ્રકાશનગૃહ કાઢવાની યોજના બનાવેલી : (વૈદીક વીમલ પ્રકાશન મન્દીર, ઝીટોડીયા, વાયા : આણંદ) એનું પ્રથમ પુસ્તક લખવાનું ‘બહુમાન’ મને મળેલું. ત્યારે સુભાષચન્દ્ર બોઝની યુદ્ધપ્રવૃત્તી વીશે નવી નવી ને સનસનાટીભરી માહીતીઓ પ્રગટ થવા લાગી હતી. એટલે શાસ્ત્રીજીએ એવું એક પુસ્તક પસન્દ કર્યું. ‘ચલો દીલ્હી!’ અને મારી પાસે અનુવાદ કરાવ્યો. એ જ મારા જીવનનું પ્રથમ પુસ્તક–પ્રકાશન : (‘ટોકીયોથી ઈમ્ફાલ)’ પ્રથમ પુસ્તક તો પ્રથમ પુત્રજન્મ જેટલો જ ‘આધ્યાત્મીક’ આનન્દ અર્પે. આજે તો મારા પુસ્તકો 70–75 થયાં. ગુરુકુળનું આ અકલ્પ્ય પરોક્ષ પ્રદાન : જોઈતું’તું ને વૈદે કહ્યું જેવું! કારણ કે હું નાનપણથી જ સાહીત્યકાર થવાની ઝંખના સેવું!... ત્યાં આ તો આખા એક પુસ્તકનો લેખક બની ગયો! ધીમે ધીમે લગભગ મારી જાણ બહાર અને મારા કશાય ઈરાદાસરના પ્રયત્ન વીના જ, ગુરુકુળમાં મારું ‘રસીક જીવન’ વીસ્તરી રહ્યું અને હું ગભરાયો. મને થયું, મારે હવે આ સંસ્થા વેળાસર માનભેર છોડી જવી જોઈએ! નહીં તો બડા બેઆબરુ હોકર....! મેં બહાનું કાઢ્યું : ‘મારે એમ. એ.; બી. ટી. (હાલનું બી.એડ્.) થવું છે. એ માટે વડોદરા કૉલેજમાં દાખલ થવું પડશે.’ પુનરપીજનનમ્‌ની જેમ જ પાછો એ જ હાલોલની એમ. એસ. હાઈ સ્કુલમાં! અને વડોદરા કૉલેજમાં એમ. એ.ના ક્લાસ ભરવા દર શની–રવી જવા માંડ્યું. જો કે એક બે અઠવાડીયામાં તો ભણવાનું જ માંડી વાળ્યું. આમેય હું ક્યાં ગંભીર હતો! પણ હાલોલમાં જબરજસ્ત પ્રતીષ્ઠા જમાવી : કેવળ લોકલાડીલો અને વીદ્યાર્થીપ્રીય શીક્ષક

જ નહીં; ગામનો સજાગ અને સેવાભાવી નાગરીક પણ બની રહ્યો. બસ, આ જ વર્ષમાં, આવી જ પ્રવૃત્તીઓ વડે, ઉપરાન્ત મળતાવડા સ્વભાવને કારણે હું ગામનું એક વીશીષ્ટ (નર્મદની પરીભાષામાં) 'ક્યારેક્ટર'ગણાવા લાગ્યો. ઉપરાન્ત સ્વભાવગત રસીકતાને પણ મનોહર અને માન્ય સમર્થન મળવા લાગ્યું... અને હાલોલના વીદ્યાર્થીઓય અજોડ કદરદાન : તેઓએ મને યથાયોગ્ય પોંખ્યો.... આ વીદ્યાર્થીઓ તો વળી એવા કદરદાન અને પ્રેમાળ કે પુરી અર્ધી સદી બાદ તેઓએ અમારું ત્રણ જણનું, (હું, જયંત પાઠક અને ચન્દ્રકાન્ત પંડ્યા) ઉત્તમ શીક્ષકો તરીકે ખાસ સન્માન કરવા એક મોટો સમારમ્ભ યોજ્યો. (એ પ્રસંગે મળેલ માનપત્રની નકલ 'પરીશીષ્ટ–1'માં અને અત્રે પ્રગટ કરી છે.)

*

**05**

## *સર્ગ–5*

## મુમ્બઈના મોહમાં–પત્રકારત્વમાં

હાલોલ હાઈ સ્કુલમાં પુનરાગમન બાદ, એ નમણી નગરીમાં મોજમજા કરતાં કરતાં, એક હકીકતે મારા મનનો કબજો લીધો : હાલોલના ઘણા નાગરીકો મુમ્બઈ શહેરમાં વસે! એ જોઈ મનેય ધુન વળગી કે બસ, મુમ્બઈ જવું જ. અત્યારે જેમ અમેરીકાનો ક્રેઝ(પાગલપન) છે, એવું જ ત્યારે મુમ્બઈનું! બસ, ગમે તેમ મુમ્બઈવાસી બની રહેવું. મુમ્બઈથી હાલોલ આવતા, 'દેશાન્તરીય' ગૃહસ્થોનાં રહનસહન તથા 'વટ' જોઈને, મુમ્બઈગરા બની જવાની અદમ્ય ઈચ્છા જાગે. અને ત્યારે મને જાણે 'વરદાન' કે, મનનું ધાર્યું બધું ફળીભુત થાય જ અને તેય વળી બહુધા સફળ–વધુ પડતું સફળ.

મેં મુમ્બઈમાં વસતા અમારા પરોપકારી મીત્ર શ્રી. ગોપાળ મજમુદારને ફક્ત એક પોસ્ટકાર્ડ લખ્યું: 'આ સોમવારે સવારે ગુજરાત મેલમાં હું આવું છું.' અને એક સુટકેસ હાથમાં ઝુલાવતો હું મુમ્બઈ બંદરે લાંગર્યો. પછી નોકરીની શોધ આદરી. ભાઈ ગોપાળ ખુબ ભલો માણસ, વધુમાં પ્રેમાળ અને ખરા દીલથી મદદ કરવાની વૃત્તીવાળો. તેય સાથે ફરે! પહેલીવાર મુમ્બઈમાં જ એવો અનુભવ થયો કે, નોકરી મળવામાં મુશ્કેલીય પડે! અરે, એક જા.ખ.ના જવાબમાં તો, મુમ્બઈના પીઢ અને પ્રખ્યાત અખબાર 'મુમ્બઈ સમાચાર'માં પહોંચી ગયો : એ અખબારના જા.ખ. વીભાગમાં જ મદદનીશની જગ્યા. ટેસ્ટ આપ્યો, પણ નીષ્ફળ! જો કે આમ તો પાછું એ સારું જ થયું. શુભમંગલ અકસ્માત જેવો જીવનમાં બહુધા બનતો રહ્યો છે! પત્રકારત્ત્વ ક્ષેત્રે વધુ સારી નોકરી મારી રાહ જોઈ રહેલી. મતલબ કે જા.ખ. વીભાગ કરતાં તન્ત્રીવીભાગ ઉંચો ગણાય. તન્ત્રીવીભાગનો સભ્ય જ અસલ પત્રકાર ગણાય... એવી જ એક જા.ખ. વાંચીને હું, નવાપ્રગટ થનારા વર્તમાનપત્ર 'હીન્દુસ્તાન'ના કાર્યાલયમાં, અરજી લઈને પહોંચી ગયો. તો ત્યાં તો આશ્ચર્ય : અમારા જ ગામના, શાખપડોશી અને મુમ્બઈના પ્રતીષ્ઠીત પત્રકાર શ્રી. ચન્દ્રકાન્ત પાઠક જ બેઠેલા. મને કહે, 'બધું મારા જ હાથમાં છે. કાલથી આવી જા!...' હું તો ધન્ય ધન્ય! બીજા જ દીવસથી હું 'હીન્દુસ્તાન'માં જોડાઈ ગયો : 21, દલાલ સ્ટ્રીટ, ફોર્ટ! આ ચન્દ્રકાન્ત પાઠક પણ, આમ તો આજે ભલે ભુલાયા, બાકી જાણવા જેવી, જાણીતી વ્યક્તી : માનશો? તેઓ વડોદરામાં કોઈ સગાને ત્યાં ભણવા રહ્યા, અને હજી તો હાઈ સ્કુલમાં ભણે, પણ એ ઉમ્મરે નાટયસર્જનની સફળ પ્રવૃત્તી તેઓએ વડોદરામાં જ આરમ્ભી. અમારું રાજગઢ (ગોઠ) ગામ જેણે જોયું હોય, એને તો ભારી આશ્ચર્ય જ થાય કે આ ગામડીયો છોકરડો, વડોદરા જેવા શહેરમાં માન્ય નાટ્યકાર કેવી રીતે બની ગયો! એ નાટક લખે અને તે પાછાં વડોદરામાં જ ભજવાય એટલું જ નહીં, લોકપ્રીય પણ નીવડે! (એમના મૃત્યુ બાદ, વર્ષો પછી એમનું એક નાટક મેં વાચેલું ખરું. તેઓ સારા નાટ્યકાર પ્રતીત થયા) ચન્દ્રકાન્તે કેવળ અભીનેય નાટક લખ્યાં, એટલું જ કરીને, પોતાનું પરાક્રમ સીમીત રાખ્યું નહીં; જીવનને પણ એક વાસ્તવીક નાટક બનાવી દીધું! તે જમાનામાં તો ખાસ; કારણ કે ત્યારે આવાં 'મહાપરાક્રમ' ભાગ્યે જ, નહીંવત થતાં

અને પુરાં સફળ તો વળી મહાભાગ્યે! માનશો? તે જમાનામાં, એટલે કે 1930ના અરસામાં આ ચન્દ્રકાન્ત પાઠકે આંતરજ્ઞાતીય પ્રેમલગ્ન કરી લીધાં! જબરજસ્ત મહાક્રાન્તી! એ જમાનામાં જ્ઞાતીનો એક નાનકડો રીવાજેય તોડવાની હીમ્મત કોઈનીય ન થાય! ભલભલા ગ્રેજ્યુએટ યુવાનો પણ ત્યારે માથે ફુલગજરાના હારનો ભારો ઝુલાવતા ને હાથમાં નાળીયેર પકડી, ડાહ્યાડમરા થઈને માબાપે ગોઠવેલાં લગ્ન કરવા પલાંઠી વાળી બેસી જતા ને ઘોડેય ચડતા! (અને પાછળથી દુઃખીય થતા! અમારા એક મોસાળીયા સગા પશાભાઈ પુરાણીએ પ્રેમલગ્ન કરી લીધેલાં, તે બરબાદ બરબાદ થઈ ગયેલા અને રખડીરવડીને જીન્દગી પુરી કરી!) ત્યારે ચન્દ્રકાન્ત પાઠકે નાગરકન્યા કુ. શૈલબાળા સાથે આન્તરજ્ઞાતીય પ્રેમલગ્ન કરી ભારે અજોડ હીમ્મત દાખવી અને વળી સજોડે મુમ્બઈ ચાલ્યા ગયા. અમારા ગામની કરડ નદીનું પાણી જ જાણે ક્રાન્તીકારી : અમારી જુની શ્રી ગૌડ બ્રાહ્મણની જ્ઞાતીમાં જો પ્રેમલગ્ન થયાં હોય, તે તે ફક્ત રાજગઢવાસી યુવાનોનાં જ અને તેય વળી કોઈ એકાદું કે છુટુંછવાયું નહીં, ત્રણ ત્રણ! ચન્દ્રકાંત પછી, તેઓના નાના ભાઈ નન્દકુમાર પાઠકે (જાણીતા કવી–નાટ્યલેખક અને ઑલ ઈન્ડીયા રેડીયોના સ્ટેશન ડીરેક્ટર) પણ એ જ રીતે મુમ્બઈમાં બારોબાર જ પ્રેમલગ્ન કર્યાં...અને ત્રીજો સાહસીક મુરતીયો તે આ સેવક ઉર્ફે રમણ પાઠક; જેણે મુમ્બઈમાં જ ભાટીયા જ્ઞાતીની કૉલેજકન્યા (પાછળથી જાણીતી વાર્તાલેખીકા) સરોજ પાઠક, ત્યારની સરોજ ઉદ્દેશી સાથે, તેય વળી દીલ્હી ભાગી જઈને, આન્તરજ્ઞાતીય પ્રેમલગ્ન કરી જ લીધાં!

અત્રે આ લગ્નની વાત હાલ મુલતવી રાખું; કારણ કે આ પ્રકરણ તો નોકરીનું છે. (છોકરીનું નહીં!) સરોજ સાથેના પ્રેમપ્રકરણને પરીણામે, એક બાજુ જીવનમાં ગુંચવાડા વધતા જતા હતા, તો બીજી બાજુ 'હીન્દુસ્તાન' દૈનીકના પાયા પણ હચમચતા જતા હતા! મતલબ કે, આ અખબાર કંઈ જામ્યું નહીં ને ખોટમાં ચાલવા લાગ્યું. લોકો (સાથીઓ) વાતો કરતા કે, 'આ અખબાર પ્રકાશન, એય ડાહ્યાભાઈનો (વલ્લભભાઈના સુપુત્ર) એક અર્ધગમ્ભીર સ્ટંટ જ છે. તેઓનું પુરું ધ્યાન એમાં નથી.' ધીરે ધીરે પગાર–ચુકવણી વીલમ્બાવા લાગી અને પછી તો જાણે ખાવટી આપતા હોય એમ, બહુ વીનવીએ, એટલે સો–દોઢસો પકડાવે! જો કે જોખમી લગ્નના

ઈરાદાથી કે પછી નોકરીમાં ઠેકડા મારવાની આન્તરીક વાનરવૃત્તીથી પ્રેરાઈને, મેં તો વેળાસર એ અખબારની નોકરી જ, આવા અંગત કારણસર (સરોજ સાથે ભાગી જઈને લગ્ન કરી લેવાં) છોડી જ દીધેલી...

દરમીયાન, જયન્તભાઈનેય મેં આગ્રહ કરીને હાલોલથી મુમ્બઈ બોલાવી લીધેલા. એય 'હીન્દુસ્તાન'માં જ બરાબરના ભેરવાયા. નીયમીત પગાર મળે નહીં, જે પછી તો ઘટતો ઘટતો સદન્તર બન્ધ જેવો જ થઈ ગયો! વળી જયન્તભાઈ તો કુટુમ્બકબીલાવાળા અને મુમ્બઈમાં તે જમાનામાં ભારે કહેવાય એવી પાઘડી આપીને રાખેલા ઘરમાં રહેવાનું, સહેજે મહીને બસો–અઢીસો જોઈએ અને અહીં તો બે–અઢીનાંય ફાંફાં! પછી તો 'હીન્દુસ્તાન' પુરું પરાજીત થઈ ગયું (બંધ પડી ગયું) ને જયન્તભાઈ મુમ્બઈની મહાનગરીમાં બેકાર! પણ અહીં જયન્ત પાઠકની જીવનકથાને અસ્થાને ગણી, અસ્પૃષ્ટ જ રાખીએ, અને જરા મારી 'હીન્દુસ્તાન'ની અર્થાત્ પત્રકારત્વની નોકરીનું ચીત્ર (કે ચરીત્ર) આલેખીએ...

*

06

*સર્ગ – 6*

## 'હીન્દુસ્તાન'માં

ત્યારે અમારી પત્રકાર આલમ એટલે અમુક સન્દર્ભે એક બદનામ જમાત; ખાસ તો મુમ્બઈની. અલબત્ત, એના આદ્ય પ્રણેતા–સ્થાપકોમાં મહાન હસ્તીઓ પણ ખરી, જેઓનાં નામ અખીલ ભારતીય ધોરણે ચમકે. જો કે એમાંય અન્દરોઅન્દર સાચોખોટો કાદવ તો ઉછળે જ. (યાદ કરો અમૃતલાલ શેઠ અને શામળદાસ ગાંધી)

પરન્તુ એ તો જે હોય તે, પત્રકારોની છાપ મહદંશે લાયસેંસીયસની, મતલબ કે લાઈન બહારના માણસો જેવી : અને અમુક અંશે એ વાત સાચી પણ ખરી; કારણ કે કેટલાક સજ્જનો–સીધી લાઈનના, શુદ્ધ ગુજરાતી ગૃહસ્થો અમારે ક્ષેત્રે ખરા, તેમ છતાં મોટા ભાગના સભ્યો–અસભ્ય : સીગરેટ–બીડી ન તાણતો હોય એવો માણસ ત્યારે પત્રકાર જ ના લેખાય, ઘણા તો શરાબ પણ પીએ! નામોલ્લેખ નથી કરતો, પણ કેટલાકનાં લગ્નજીવન કથળેલાં યા તો લગ્ન મુદ્દલે થયેલાં જ નહીં. કેટલાય છડેચોકસ્ત્રીમીત્રોને લઈને ફરે. વયસ્કોને પણ વળી લગ્નેતર લફરાં! ઑફીસોમાં મોડી રાત સુધી અશ્લીલ મજાકો ને ખડખડાટ હાસ્યો ગાજે, ગાળોનીય રમઝટ બોલે. અમુક તો વળી કોઠા પર જઈને આવ્યા હોય યા તો કામ પુરું થયે જવાના હોય! ટુંકમાં, પત્રકારત્ત્વ એટલે એની આવી બધી વીલક્ષણતા કે અપલક્ષણ સ્વીકારાઈ ગયેલાં. મારી દુનીયામાં આવી બધી બાબતોની ખાસ છોછ નહીં. અહીં ‘લાઈન બહારના’, ‘લફરાં’ કે ‘અપલક્ષણ’ જેવા શબ્દપ્રયોગો મેં કર્યા છે એ કવળ તત્કાલીન લોકમતની લોકબોલી જ સમજવાના. બાકી, ઘણી રીતે તો હુંય લાઈન બહારનો જ! અમુકતમુક સારું યા ખરાબ એવા ચુસ્ત, ચોખલીયા અભીપ્રાય ત્યારે પણ મારા નહીં, આજે પણ નથી. પરન્તુ ત્યારે હું સાવ ગામડીયો માણસ, મુમ્બઈમાં ને પત્રકારત્વમાંય નવોસવો જ, એટલે મારામાં એવા પત્રકારીય અપલક્ષણ ખાસ નહીં, હીમ્મત જ નહીં! હા, નાઈટ ડ્યુટી દરમીયાન ધુમ ચા–સીગરેટ ચાલે, બસ.

જો સરોજનો પરીચય ન થયો હોત, તો જીવન કંઈક જુદું જ ચાલ્યું હોત એ પણ નક્કી. કારણ કે આમેય કે તેમેયજીવન વીશેકદી વીચાર જ નહીં કરેલો. દા.ત. ગામડામાં શીક્ષક હતો; ત્યાંથી કેવળ વીચાર જ આવ્યો કે મુમ્બઈ જવું અને એક પેટી સાથે લઈને ચાલવા જ માંડ્યું, કશી જ યોજના વગર. જો કે ત્યારે આજના જેવી બેકારી નહીં, બીજા વીશ્વયુદ્ધને પરીણામે માણસનું મુલ્ય વધી ગયેલું. બાકી મારા જેવો શક્તી–આવડત વીનાનો આજે તો રવડી જ મરે... આમ, હું પત્રકાર બની ગયો. બાકી શીક્ષક જ બન્યો હોત. આ બે જ કામ આપણા રામને આવડે!

1971માં હું સંખેડામાં પ્રૉફેસર તરીકે જોડાયો, મુળહતો એથીય ઓછા પગારે, ત્યારે મારો બાળપણનો મીત્ર ડભોઈનો રુદ્રકાન્ત દવે મળી ગયો. કહે 'અરે, તું તો ગ્રેજ્યુએટ થયેલો... કોઈ બેન્કમાં જોડાયો હોત તો આજે...!' 'જેલમાં હોત' મેં પુર્તી કરી. રુદ્રકાન્ત ગ્રેજ્યુએટ નહીં, કદાચ, છતાં બેન્ક–મેનેજર. બીલીમોરામાં એક વાર એવો જ હાઈ સ્કુલી મીત્ર એન. જી. ભટ્ટ મળી ગયેલો, વલસાડનો મામલતદાર. મને કહે, 'અરે, રમણ રેવન્યુમાં જોડાયો હોત તો આજે આસીસ્ટન્ટ કલેક્ટર હોત!' પણ હું મારી જાતને પાકી ઓળખું. લાયકાતનો સવાલ પછી આવે, કશી દુન્યવી આવડત જ નહીં. મેં મનોમન વીચાર્યું : બેંકમાં જોડાયો હોત તો જેલમાં જ હોત; કારણ કે પૈસા તો ગણતાંય જીવનભર ન આવડ્યું. બાળપણથી એક જ ધ્યેય સેવેલું કે, બસ, માસ્તર થવું! આ તો અકસ્માત જ પત્રકાર બની બેઠો. જો કે અન્તે એય છોડીને બન્યો તો માસ્તર જ, અલબત્ત, ફરક એટલો કે તે કૉલેજનો!

મહત્ત્વાકાંક્ષા, એટલે કે આ દુનીયાની, સાંસારીક સીદ્ધીઓ માટેની આશા–આકાંક્ષા એવો કોઈ શબ્દ જ મારા શબ્દકોશમાં નહીં. એકદા એમ જ 'હીન્દુસ્તાન'માંથી રાજીનામું ફટકાર્યું., ત્યારેય સાથીઓ તો બોલેલા કે 'અરે, અમે તો ધારેલું કે આ લાઈનમાં તું ક્યાંનો ક્યાં પહોંચી જશે, એવી ઓથ છે તારે!' પણ હું તો લગભગ, બડે બેઆબરુ હો કર, તારદેવ ખાતેની 'હીન્દુસ્તાન'ની ગલીમાંથી નીકળ્યો.

કશીય યોજના–આકાંક્ષા વગર જ, કેવળ અકસ્માતો ને ઝંઝાવાતોની થપાટોથી જ આ જીવન હંકારાયું અને છતાં ખુબ સારું ચાલ્યું. ઘણી વારના નીર્ણયો તો અવીચારી, આંધળુકીયા અથવા હાફ–હાર્ટેડ; છતાં ક્યારેય પસ્તાયો નથી. દા.ત. રેડીયો છોડી, સોવીયેત માહીતી ખાતામાં જોડાયો, ત્યારે એ જ ખાતાના મીત્રોએ કહ્યું, 'મી. પાઠક! યુ આર મેકીંગ ધ ગ્રેટેસ્ટ મીસ્ટેક ઑફ યોર લાઈફ!' એ જ રીતે, 'સોવીયેત સંઘના સમાચાર અને વીચાર'નું મુખ્ય સમ્પાદકપદ છોડીને જ્યારે હું પ્રૉફેસર થવાની તરંગી યોજના લઈ, ચાલીસ વર્ષની વયે પુનઃ ભણવા બેઠો,ત્યારે ઉશનસ્ જેવા શુભેચ્છક પ્રાધ્યાપકોએ એમ જ કહ્યું, 'આ લાઈનમાં તને પગારની એ રકમ તો જીવનભર જોવા નહીં મળે!'

એક બીજો અકસ્માત : 'હીન્દુસ્તાન'ની ઑફીસમાં બેઠાં બેઠાં સુનીતી હાઈ સ્કુલ ફોર ગર્લ્સનો ટેલીફોન નમ્બર શોધી, એક દીવસ મીત્ર મગન નાયકને ફોન કર્યો. મગન મળ્યો પણ ખરો, કહે 'સાંજે ઘરે આવ! નીકદ્વારી લેન, ગીરગાંવ.' મળ્યો, એટલે કહે, 'સાથે રહેવા જ આવી જાને, યાર!' ભાઈ મગન નાયક તે ગોપાલદાસથી બીલકુલ ઉલટી પ્રકૃતીનો માણસ. જો ગોપાળ સાથે લાંબો વખત રહ્યો હોત, તો કદાચ દુન્યવી વ્યવહારના થોડાક ગુણો (સદ્ગુણ કે દુર્ગુણ તે તો આજેય નક્કી નથી કરી શકતો) મારામાં આવત. પણ આ તો મગન, રંગીલો રાજા! એનું નીમન્ત્રણ મેં તત્કાળ સ્વીકારી લીધું ને પછી તો 'એસા કો મીલા તેસા' જેવો જ ઘાટ થયો : ધુમ ચા–બીડી, ગમેતેવી ખાણીપીણી, બેફામ ખર્ચ, બેફામ ઉજાગરા ને બેફામ ગોષ્ઠી, દીનભર જ નહીં, રાતભર પણ રખડપટ્ટી... એવું બધું ચાલ્યું. અહીં જ મને સરોજનો પરીચય થયો, ભાઈ મગનના ઘરે જ. અને મામલો ઓર બીચક્યો.

મારામાં કશું દુન્યવી ડહાપણ નહીં; એટલું જ નહીં, ત્યારે તો વર્તન–વ્યવહાર પણ સાવ બાલીશ–તોફાની બાળક જેવાં. બીજી બાજુ વળી સરોજ મળીગઈ, જે સવાઈ બાળક, તોફાની તો નહીં; પણ તનમનથી માંદલું એવું ધુની બાળક.

'હીન્દુસ્તાન'માંય બે વર્ષ જેટલો લાંબો સમય મારી નોકરી કેમ સલામત ટકી? એ કેવળ આશ્ચર્ય! મારામાં સામાન્ય શીસ્ત, ઉચીત આચાર–વ્યવહાર કે સારાનરસાનું યા લાભહાનીનુંય કશું ભાન નહીં. સ્વ. ચંદ્રકાન્ત પાઠક મારા ગામના, કદાચ અમુક રીતે સગા, એટલે જ ધૈર્યની આવી આકરી કસોટીમાંયતેઓ અવીચળ રહ્યા, બાકી એમની સહનશીલતાની હદ તો અચુક આવી જ ગઈ હશે! મારી રીતભાત ઉડભંગ જેવી, કોઈ પણ નોકરીમાં નોકર પક્ષે તો એ ચાલે જ નહીં. એમાં વળી આવી એક આઉટસાઈડર જેવી જ, ઉર્મી–આવેગથી લાચાર, દુનીયાદારીથી અજાણ એવી સરોજ ત્યાં આવી ચઢી. પરીસ્થીતી અસહ્ય જ બની ગઈ. અમારા બે સ્થાનીક બોસ શ્રી. ચન્દ્રકાન્ત પાઠક અને શ્રી. લક્ષ્મીપ્રસાદ બારોટ–પાઠકભાઈ ને બારોટભાઈનો આભાર જ કે, ક્યારેય ઉગ્ર ઠપકો નથી આપ્યો, બાકી અન્યત્ર હોત

તો રીતસર કાઢી જ મુકત. આજે તો ભારે નવાઈ લાગે છે કે, એક જવાબદાર ઑફીસમાં આવું ચાલ્યું જ કેવી રીતે? અને તેય વળી કેટલો લાંબો સમય! કોઈ સાક્ષીએય ફરીયાદ નહીં કરી હોય–ન જાને! જો કે એટલું તો ચોક્કસ જ કે, આરમ્ભે કહ્યું તેમ, પત્રકારી આલમ ત્યારે એવી બદનામ–એનો જ મને આવો મોટો લાભ મળ્યો, અર્થાત્ એટલે જ ત્યાં આવું બધું ચાલી ગયું, બાકી બીજે ક્યાંય ના ચાલે!

વાત એમ બનતી કે ટાણેકટાણે સરોજ ઑફીસમાં દોડી આવે. બપોર હોય, સાંજ હોય યા રાત. 'કેમ કેમ? શું થયું?' – એમ પણ એને પુછાય નહીં–એને વળી બીજો આઘાત લાગે! 'આવ...આવ...!' એમ જ આવકારવાની. સડસડાટ વાત કરે, ખડખડાટ હસે કે ડુસકાં સાથે ચોધાર આંસુય સારે–બધાનો જ મલાજો જાળવવાનો ને શક્ય તેટલી મીઠાસથી આશ્વાસન આપવાનું. ક્યારેક કારણ વીના જ દોડી આવે, તો વળી ક્યારેક સાવ તુચ્છ, નાખી દેવા જેવી વાત લઈને : કુટુમ્બનો ઝઘડો હોય કે પછી કૉલેજનો કોઈ કાર્યક્રમ, ટ્યુશન કરવું હોય યા તો કશીક પરીક્ષા આપવી હોય–અરે, કંઈ નહીં તો, કશા જ કારણ વીનાની મારી તબીયતની ચીન્તા હોય કે પછી મારા આગલા દીવસના વર્તન બાબતે ગમ્ભીર ફરીયાદ હોય–મગજની અસ્વસ્થતાની ઘડીઓમાં સરોજને બધું જ ગમ્ભીર લાગે, તે જમાનામાં સાયકેટ્રી (મનોચીકીત્સા)નો આટલો પ્રચાર નહીં, એટલે હું જ એનો માનસચીકીત્સક ડૉક્ટર!

એક વાર સરોજ કહે, 'ચાલને, ક્યાંક ફરવા જઈએ!'ના તો એને પડાય જ નહીં. અને આ ગામડીયા, ગભરુ યુવાનને માથેરાન–મહાબળેશ્વર સુઝે જ ક્યાંથી? એવું ગજું જ ત્યારે નહીં, ગજવાનો સવાલ નહોતો, પણ આવડત જ નહીં. મેં કહ્યું, 'ચાલ પાવાગઢ જઈએ!' કારણ એ જ કે, મારા વતનના ગામ રાજગઢથી પાવાગઢ સાત જ માઈલ દુર અને બાળપણથી જ એ પહાડ હું ખુંદતો રહેલો. ઑફીસમાં કહેવડાવી દીધું કે, 'તબીયત સારી નથી.' ને અમે તો ઉપડ્યાં પાવાગઢની જાત્રાએ!

ત્યારે આ પહાડ આજની જેમ, વસ્તીથી ધમધમતો નહીં. એમાંય વળી ચોમાસાનો ને બીનરજાનો દીવસ. એટલે પહાડ પર તો કેવળ પક્ષીઓ જ ફરકે, કોઈ

જાત્રાળુનું તો નામોનીશાન નહીં. ચોમેર એકલવાયાં, ભીનાંભીનાં, ભેંકાર ડુંગર–ડુંગરીઓ જાણે કે ખાવા ધાય. ખીણ તરફ ધસમસતાં અસંખ્ય નાનાંમોટાં ઝરણાંનો કલકલ નીનાદ પણ જાણે કે બીહામણો લાગે, શરીરને વીંટળાઈને વાદળો ઘુમરાય, જેમાં દોડાદોડ કરતી સરોજ વારંવાર અદશ્ય થઈ જાય. બીક તો એવી લાગે, પણ બોલાય શું? જીવનમાં પહેલીવાર જ આવો અભીસાર ખેડેલો, એક છોકરી જોડે એકલા ફરવા નીકળવાનું સાહસ કરેલું. મારા પુરુષાર્થને એ પડકાર હતો, એટલે સરોજને તો કહેવાય જ નહીં. આમેય કોઈની છત્રછાયામાં સરોજ સમ્પુર્ણ બીન્ધાસ્ત. હું મનોમન બીકથી કાંપતો રહ્યો ને એણે પર્યટનનો પરમાનન્દ મનભર, બરાબર માણ્યો. બધું હેમખેમ પત્યું પણ ખરું.

પાઠકભાઈ વીચક્ષણ માણસ, અને આ તો, મામલા જ એવા કે, કોઈ પણ જણ એને શંકાની નજરે જુએ. મેં માન્દગીની રજા લીધી, એટલે ચન્દ્રકાન્તભાઈએ તો ઘરે ખબર કાઢવા માણસ મોકલ્યો, ત્યારે બંદા પથારીમાં તો શું, ઘરમાં જ નહીં! બે દીવસ બાદ હાજર થયો, એટલે કેબીનમાં બોલાવી પુછ્યું,

‘ક્યાં ગયો હતો?’

મેં કહ્યું, ‘જરા પાવાગઢ જઈ આવ્યો.’

‘સારું, સાચું બોલી ગયો, એટલે માફ! હવે આવું ના કરતો!’

‘જી...જી!’ સાચું ના બોલું, તો જાઉં ક્યાં? ઘરે માણસ તપાસ કરી ગયેલો એ તો આવતામાં જાણ્યું જ, પછી સાચું બોલ્યા વીના છુટકો જ ન હતો. અને પાઠકભાઈ માટે પણ માફ કર્યા વીના બીજો છુટકો જ ક્યાં હતો?

આમ બે વર્ષ ‘હીન્દુસ્તાન’માં બેજવાબદાર રીતે વીતાવ્યાં. જો કે એક વાત મારી તરફેણમાં : મારું કામ સરસ, પહેલેથી જ મારી બુદ્ધી તેજ અને ભાષાસાહીત્યનો રસીયો જીવ. એટલે આવાં કામમાં મારો અવ્વલ નંબર જ રહે. ત્યાં

મુખ્યત્વે મારે સમાચારોનું ભાષાન્તર કરવાનું, જેમાં હું પુરો નીપુણ. સામાન્ય જ્ઞાન પણ બાળપણથી જ આડેધડ સંચીત કરતો રહેલો, એટલે નવા–સવા જેવી ભુલો તો મારી થાય જ નહીં. આ પહેલાં જ અનુવાદનું તો એક પુસ્તક પણ પ્રગટ કરી ચુકેલો, 'ટોકીયોથી ઈમ્ફાલ', જે સુભાષ બોઝ વીશે હતું. બાકી નવા સભ્યોના છબરડાય મજેદાર રહેતા : એક સાથીએ ઢાકાની ત્યારની અંગ્રેજી જોડણીને વળગી રહી, 'ડેક્કા' એમ લખેલું. તો બીજાએ વળી સૌરાષ્ટ્રના 'આંબલા' ગામને પંજાબનું 'અંબાલા' બનાવી દીધેલું! અંગ્રેજી ભાષાની રચનારીતીનું અજ્ઞાન તથા સામાન્ય જ્ઞાનના અભાવે, અમારા રેડીયોના સાથીઓ પણ આવા જ છબરડાઓ હાંક્યે રાખતા. દા.ત. 'લેહ, ધ કેપીટલ ઓફ લદાખ'નું ગુજરાતી એક મીત્રે લખ્યું, લેહની રાજધાની લદાખ!

આવી 'નાજુક' પરીસ્થીતીમાં સારું જ થયું કે, સરોજે લગ્નની દરખાસ્ત કરીને મેં એ સ્વીકારી પણ લીધી. 'હીન્દુસ્તાન' છોડવાનું નીમીત્ત મળી ગયું. આમેય હું મુશ્કેલ પરીસ્થીતીઓમાંથી હમ્મેશાં અકસ્માત બચતો જ આવ્યો છું, જેથી જીન્દગી આસાન ગુજરી છે. 'હીન્દુસ્તાન' દૈનીક ચાલતું જ નહોતું. મેં છોડ્યું, એ છેલ્લા એકબે મહીના દરમીયાન જ પગાર અનીયમીત મળતો થઈ ગયો હતો. અમારા એક સાથીએ એકદા બારોટભાઈને માહીતી આપી :

'આજે અન્ધેરી સ્ટેશનના સ્ટોલ ઉપર 'હીન્દુસ્તાન' કંઈ દેખાયું નહીં? હસતાં હસતાં બારોટભાઈએ રમુજી જવાબ આપેલો, 'ક્યાંથી દેખાય? બધી જ નકલો અહીં તારદેવમાં, દરવાજા પાસે જ વેચાઈ જાય છે ત્યાં?'

તારદેવ ખાતે, 'અખીલ ભારત પ્રીન્ટર્સ'માંથી પ્રગટતા આ છાપાના આવા હાલ હતા, માંડ પાંચેક હજાર નકલો નીકળે, જેમાંની મોટા ભાગની બીજે દી પસ્તીમાં પરીવર્તીત થઈ જાય! પછી તો હાલ કથળ્યા. કર્મચારીઓને પગાર લગભગ મળતો જ બંધ થઈ ગયો. બધા બેહદ હેરાનપરેશાન થયા. બેકાર થયા ને ભાગદોડ મચી ગઈ. ત્યારે હું તો ઑલ ઈન્ડીયા રેડીયોમાં કમસે કમ 'સબસલામત' હતો. બીજી

બાજુ, મુમ્બઈમાં જ રહીને આવાં આન્તરજ્ઞાતીય લગ્ન કરવાં–એ તો મારામારીના મામલા! જેલમાં પણ બેસવું પડે. જોકે સાચી, આન્તરીક હકીકત તો એ કે, હું કોઈ પણ સ્થળે જીવનભર ઠરીઠામ થઈ શક્યો જ નથી. બેપાંચ વર્ષે મન ઉબાઈ જ જાય ને ત્યારે સ્થળ બદલવાથી ખુબ સારું લાગે, જાણે નવજીવન મળે, એમ કોઈપણ વાજબી કારણ વીના જ, પચીસ–પચાસ નોકરી તથા સ્થળબદલી કરી હશે. એમાંય 'ચઢતી ભાંજણી' ને 'ઉતરતી ભાંજણી' જેવું જ થયું, તેનોય પાછો વસવસો નહીં. શરુઆતમાં એક પછી એક ચઢતી નોકરીઓ શોધી ને ગામડાં છોડી મોટાં મોટાં શહેરો જ આંબ્યાં. એ પછી વળી વળતો પ્રવાહ ચાલ્યો : મુમ્બઈ, દીલ્હી, સુરત, પણ છેલ્લે તો ચીખલી, જી. વલસાડ! સરોજ બીચારી કમને જ પાછળ પાછળ ખેંચાય, કશુંય સમજ્યા–વીચાર્યા વીના જ, પાળેલા બચ્ચાની જેમ. જોકે એનેય અન્તે બારડોલી–સુરતમાં જ જાણે પોતાનું અસલ વતન–કલ્પનાની મંઝીલ મળી ગઈ. કેવળ ભણતરમાં ને નોકરીમાં જ નહીં, લેખીકા તરીકે સમ્પુર્ણ ખીલવામાં પણ આ બે સ્થળોની સાનુકુળ આબોહવા જ એને પુરી સહાયભુત નીવડી, જ્યાં લેખીકા વાર્તાકાર સરોજ પાઠક સોળે કળાએ ખીલી ઉઠી.

07

## *સર્ગ – 7*

## ઑલ ઈન્ડીયા રેડીયો –દીલ્હીમાં

મારા એક મીત્ર (મુળ કણઝરી ગામના એટલે, ને પછી કૉલેજમાંય સાથે ભણ્યા) શ્રી. રમણલાલ માણેકલાલ ભટ્ટ ત્યારે દીલ્હી રેડીયો સ્ટેશનમાં નીમાયેલા ન્યુઝ એનાઉન્સર તરીકે. આપણા પંડીત યુગના અવશેષ સમા વીદ્વાન વીવેચકવર્ય શ્રી. વીષ્ણુપ્રસાદ ર. ત્રીવેદીના તેઓ સગા સાળા થાય. એ જાણી, મનેય દીલ્હી–ગમનની ઝંખના જાગી. ત્યાં યોગાનુયોગ એવો બન્યો કે, દીલ્હીના એ ગુજરાતી ન્યુઝ યુનીટમાં એક ન્યુઝ એનાઉન્સર (વૃત્તપાઠક)ની જગ્યા પડી; કારણ કે,

સત્તાવાળાઓએ સવારનું એક વધુ ન્યુઝ બુલેટીન, એક્સટર્નલ સર્વીસીઝ અન્તર્ગત શરુ કરેલું. ત્યારે મુખ્યત્વે આફ્રીકા ને આસપાસના દેશોમાં ઘણા ગુજરાતી ભાઈઓ વસે, એટલે ભારત સરકાર તેઓના લાભાર્થે રેડીયો કાર્યક્રમ અને સાથે સમાચાર પણ આપે, જે સાંજે તો આપતા જ હતા. હવે સવારે પણ શરુ કર્યા. (એક્સટર્નલ સર્વીસીઝ એટલે વીદેશો માટેની સેવાનો વીભાગ)

મને ક્યારેય જીન્દગીભરમાં એવું ભાન ના થયું કે, નોકરી પરમેનન્ટ અને પેન્શનેબલ (સરકારી) સૌ કોઈ શીક્ષીત જણ શોધે. મેં આવી દુન્યવી મહત્ત્વાકાંક્ષાઓ કદી સેવી જ નહીં. હકીકતે એ કદીય મારા મનમાં ઉગી જ નહીં! હું નોકરી શોધતો ને બદલતો એ તો આત્મગૌરવના અંશતઃ સન્તોષ માટે, અને વધુ તો ચંચળ મન અને ધુન! દા.ત. મુમ્બઈનું આકર્ષણ એક સાગરકાંઠાના મહાનગર તરીકે મનને ખેંચે; પરન્તુ એના દ્વારા ગૌરવ પણ અનુભવાય કે, રમણ પાઠક તો મુમ્બઈમાં હીન્દુસ્તાન પેપરના તન્ત્રી વીભાગમાં છે. પરન્તુ ગૌરવની પ્રત્યેક ભુમીકા વખત જતાં (પત્નીની જેમ જ) પાછી સામાન્ય અને વીશીષ્ટ આકર્ષણ–વીહીન બની જાય છે. એટલે જ મારા મનમાં નવી મહત્ત્વાકાંક્ષા જાગી કે, દીલ્હીમાં રેડીયોમાં નોકરી મળી જાય તો એમ બોલાય ને કે, ‘રમણ પાઠક તો દીલ્હી રેડીયો સ્ટેશનમાં છે, સમાચાર આપે છે, એમનો અવાજ તો ગુજરાતભરમાં રોજ સંભળાય...’ આમ દીલ્હીમાં વસવું અને રેડીયો ઉપરથી બોલવું એ બન્ને મને ‘મહાગૌરવપદ સીદ્ધી’ તરીકે આકર્ષી રહ્યાં, અને હું દીલ્હી જવા થનગનવા લાગ્યો.

પણ મીત્ર શ્રી. રમણલાલ ભટ્ટ તો એક પત્ર લખીને અટકી ગયા કે, ‘આવી જગ્યા છે, ટ્રાય કરો! બાકી કશું વધુ કરવા માટે તો અહીં મારી એવી કોઈ વગ કે એવું સ્થાન નથી...’

હું મુળેય વીચીત્ર માણસ અને રેડીયોના ગુજરાતી વીભાગના સર્વેસર્વા એવા આપણા ‘નાટ્યમહર્ષી’ ચન્દ્રવદન મહેતાનું વ્યક્તીત્વ પણ વીલક્ષણ! જો કે મને ત્યારે એવો કોઈ એમનો પરીચય નહોતો, પણ વીચીત્ર વર્તનની મને જ આદત પડી

ગયેલી. એટલે મેં અરજી કરવાને બદલે ચં. ચી. મહેતાને ફક્ત એક અંગત પોસ્ટકાર્ડ જ લખ્યો. 'મારી... ઈચ્છા છે, અને હું મુમ્બઈનો જ અનુભવી પત્રકાર છું. ખાતરી કરવી હોય તો 'હીન્દુસ્તાન' ડેઈલીમાં ફોન કરી જોશો...ઈ.' અને ચન્દ્રવદનની પેલી 'જાણીતી' વીલક્ષણતાનો મને સાનુકુળ અનુભવ પણ થયો. અઠવાડીયામાં જ જવાબ આવ્યો, એય પોસ્ટકાર્ડથી જ કે, 'મુમ્બઈ આવો તો મળજો!' પરન્તુ 'આવો તો' શું, હું તો તત્કાળ દોડ્યો જ : જાણે મને નીમવાનો જ હોય તેમ. ચં. ચી. એ તો ચેતવણીઓ જ આપવા માંડી. 'જુઓ, દીલ્હીમાં તમને મકાન મળશે નહીં! પગાર રુપીયા અઢીસો જ મળશે! હાલ તુરન્ત આ નોકરી બીલકુલ ટેમ્પરરી જ છે! વગેરે.'

બધી જ ચેતવણીઓનો એક જ નીર્ભીક જવાબ : 'વાંધો નહીં... હુંય હજી 'વાંઢો' જ છું....' ચં. ચી. કહે, 'અચ્છા, તો જાઓ, ઑડીશન ટેસ્ટ (અવાજની પરીક્ષા) આપી દો!' ભાઈ રસીક શાહે મારો ટેસ્ટ પણ રેકોર્ડ કરી લીધો. છેવટે ચં. ચી. ઉવાચ : 'જાઓ, ઑર્ડર આવે, એટલે દીલ્હી પહોંચી જજો!...' પણ પછી તો આજની ઘડી ને કાલનો દહાડો! ચન્દ્રવદન તો એમની નબળી આંખો (જે પછી તો 90 વર્ષની જીન્દગીભર સરસ ને સાબુત જ રહી)ની સારવાર કરાવવા બીજે જ અઠવાડીયે સ્વીટ્ઝરલેન્ડ ઉપડી ગયા ને આ ઉત્કંઠ જીવને ઑર્ડરની પ્રતીક્ષામાં પ્રેમપત્રની જેમ, તરફડતો મુકી ગયા!

ત્યારે તો ચન્દ્રવદનને મારી શી પડી હોય? એ તો સર્વતોભદ્ર પુરુષ અને હું એક તુચ્છ જીવ! જો કે પાછળથી 1970 પછી તો તેઓ મારા ભારે પ્રશંસક અને મુરબ્બી–મીત્ર બની ગયેલા. કોઈ 'રમણભ્રમણ' (હું 'ગુજરાતમીત્ર' દૈનીકમાં જે કટાર લખતો તે) નોંધપાત્ર આવે કે તરત તેઓનું પ્રશંસાભર્યું પ્રમાણપત્ર આવે જ : 'પણ રમણ, તારો આ પુરુષાર્થ બધો વ્યર્થ જ જાણજે. આપણા લોકની ચામડી ગેંડાથીય જાડી થઈ ગઈ છે...ઈ.' એંશીના અરસામાં હું તેઓને મળવા વડોદરા ગયેલો. ત્યારે તેઓ યુનીવર્સીટી હોસ્ટેલમાં એક રુમમાં એકલા રહે. યુનીવર્સીટીએ તેઓને ટોકન ભાડાથી જીવનભર વસવા એ રુમ આપેલો, કારણ કે તેઓ જીવનભર એકલા જ જીવ્યા... તેઓના લગ્નનું પ્રકરણ તો ગુજરાતભરમાં જાણીતું જ છે. તેમણે પુછ્યું :

‘બીયર પીશો?’

મને ત્યારે બીયર બહુ જ પસન્દ, એટલે મેં કહ્યું, ‘જરુર, જરુર મુરબ્બી! આપ પીવડાવો–એવો ધન્ય અનુભવ ક્યાંથી? બોલો ક્યાં છે?’

એટલે તેઓ કહે, ‘નહીં! તમે બેસો!’ અને તેઓ જાતે જ ઉભા થતાં બોલ્યા, ‘આ તો મારો ભાણેજ અરુણ(?) આપી જાય છે.’ અને ફ્રીજમાંથી બીયરની બોટલ કાઢી લાવ્યા. ગ્લાસ પીરસતા પુછે, ‘બોલો, કેમ આવવું થયું?’

મેં કહ્યું, ‘તમારો તપોભંગ કરાવવા આવ્યો છું. જાણું જ છું કે તમે પુસ્તક–વીમોચન વીધીના સખત વીરોધી છો. છતાં, તમે મારાં પુસ્તકોનું (ત્રણ સેટ) વીમોચન કરવા પધારો એવી વીનન્તી છે.’ એટલે તેઓએ એક વાર પુનઃ પેલું તેમનું બ્રહ્મવાક્ય તો ઉચ્ચાર્યું જ કે ‘રામાયણ’નું વીમોચન કોણે કરેલું? ‘મહાભારત’નો વીમોચનવીધી રાખેલો કે?... ઈત્યાદી...’

મેં કહ્યું, ‘મુરબ્બી, તમારી વાત તો સાવ સાચી, પણ અહીં તમારી જ હાજરી ચોક્કસ સન્દર્ભે અમારે માટે ખુબ મહત્ત્વની છે.’

વાત જાણે એમ બનેલી કે, કોઈ એક ગુરુબાવાજીએ પોતાના પ્રવચનમાં યુવાન વીદ્યાર્થીઓને અનુરોધ કરેલો કે, ‘શેક્સપીયર વાંચશો નહીં...’ અને એથી નાટ્યમહર્ષી એમની દુર્વાસા પ્રકૃતી મુજબ ભારે કોપાયમાન થયેલા. તેમણે એ બાવાજીને ઉદ્દેશીને ઉગ્રતાથી લખેલું કે, કેવી વાત કરો છો મહારાજ! તમે ક્યારેય ‘ટેમ્પેસ્ટ’ વાંચ્યું છે, ‘હેમલેટ’ વાંચેલ કે?

આ પ્રસંગ મેં ‘રમણભ્રમણ’માં લીધેલો. અને પ્રસ્તુત લેખ ‘રમણભ્રમણ’ના સંગ્રહો એવા આ ત્રણ પુસ્તકોમાંના એકમાં મેં સમાવેલો. એટલે જ એ પુસ્તકોનું ચં. ચી. વીમોચન કરે, એવી મને ઈચ્છા જાગેલી. જવાબમાં ચં. ચી. કહે,

'હું કદી વીમોચનમાં જતો નથી, પણ તમારા આ પુસ્તકનું વીમોચન કરવા જરુર આવીશ...' (પછીથી એવું કંઈક બન્યાનું યાદ છે કે, પ્રસ્તુત બાવાજીએ રદીયો આપેલો કે, 'હું એવું બોલ્યો જ નથી.' અને ચન્દ્રવદને તત્કાળ દીલગીરી વ્યક્ત કરેલી...)

*

રેડીયોની નોકરી બાબતે હું લગભગ આશા ગુમાવી રહેલો, જો કે સરોજ ઉદેશી (પછીનાં વીખ્યાત વાર્તાકાર સરોજ પાઠક) સાથે લગ્ન કરવાં જ હોય તો મુમ્બઈ છોડવું પડે. એ માટેય આમ તો દીલ્હી જ શ્રેષ્ઠ સ્થળ હતું. મુમ્બઈ ગમ્ભીર રીતે જોખમી, જ્યારે દીલ્હી સલામત અને નીઃસંગ, એટલે વધુ તત્પર હતો. પણ ચન્દ્રવદને મારા જીવનમાં અમાસનો અન્ધકાર છાઈ દીધો ! (વદન ચન્દ્રનું છતાંય!)

પરન્તુ જીવનભરની મારી તમામ નોકરીઓ કેવળ અકસ્માતે જ મને પ્રાપ્ત થઈ છે. અનેક નોકરીઓ બદલી, જો કે કેવળ શોખ કે ઉપર જણાવ્યા એવા ખ્યાલોથી અથવા તો આવાં કારણોવશાત્! બાકી નોકરી માટે તનતોડ પ્રયાસ, દોડાદોડ, લાગવગશાહી ને એવા 'પ્રચંડ' પુરુષાર્થો તો મને આવડે જ નહીં, અને એવી કોઈ જરુર પણ નથી ઉદ્ભવી. મુમ્બઈ તો છોડી જવું જ હતું, કારણ કે ભાગીને આન્તરજ્ઞાતીય પ્રેમલગ્ન કરી લેવાનું અનીવાર્ય બની ગયું હતું. પાછું પેલું હાલોલ જ યાદ આવ્યું ને ત્યાંની એ જ હાઈ સ્કુલમાં ત્રીજી વાર 'માસ્તર' બની ગયો. ત્યારે ગ્રેજ્યુએટ માટે હાઈ સ્કુલની નોકરી એટલે તો માનભર્યું નીમન્ત્રણ! મેં ઉંડે ઉંડે, આછી આછી આશા સાથે હાલોલમાં શીક્ષકી શરુ કરીય દીધી : વળી પુનરપી જનનમ્...!

દરમીયાન વળી, ઉનાળાનું વેકેશન પડ્યું અને એમ હું, જયન્તી (જયન્ત પાઠક) અને ઉશનસ્ ત્રણે હીમાલયનો પ્રવાસ ગોઠવ્યો. કાકાસાહેબ કાલેલકરનું 'હીમાલયનો પ્રવાસ' પુસ્તક વાંચેલું, ત્યારથી મન થનગન્યા કરે કે બસ, હીમાલય ભમવા જવું જ! અમે નીકળી પડ્યા. એટલે સ્વાભાવીક જ માર્ગે દીલ્હી આવ્યું. ત્યારે

થયું કે, ચાલોને પેલી નોકરીની ટ્રેજેડીનો જરા કરુણ અન્તેયે પુરો જોઈ લઈએ! અને એવું જ બન્યું, ત્યાંના ગુજરાતી યુનીટમાં તપાસ કરતાં માહીતી તો એવી જ મળી ગઈ કે : ‘એ તો એક ભાઈની નવી નીમણુક હમણાં જ થઈ ગઈ છે.’ (તેઓ તે શ્રી. હર્ષદ સંઘવી) બસ, હવે તો નીરાશા પરીપુર્ણ જ!... પણ આવાં આયોજનમાં અને પ્રાપ્તીમાં મુખ્યત્વે અકલ્પનીય અકસ્માત જ મારી તરફેણમાં બનતા રહ્યા છે..

હીમાલયથી પાછા ફરતાં વડોદરા સ્ટેશન આવ્યું. જ્યાં અમે ત્રણેય ઉતરી જવાના હતા. હીમાલયનો પ્રવાસ પુરો ને નોકરીનો પ્રવાસ પણ પુરો જ.... ત્યાં વળી વડોદરા સ્ટેશને પશાભાઈ સહકુટુમ્બ હાજર, મને કહે, ‘રમણ, તારે અમારી સાથે મુમ્બઈ આવવાનું છે. હું બાલબચ્ચાંને મુમ્બઈ ફેરવવા લઈ જાઉં છું. અને અમે તો સાવ અજાણ્યાં. એટલે તું સાથે હોય તો ઠીક રહે... હું તારી ટીકીટ લઈને જ આવ્યો છું...’ (આ પશાભાઈ ઉર્ફે શ્રી. પુરુષોત્તમ પંડ્યા, કવીવર ઉશનસના સગા મોટાભાઈ થાય, જેઓ હમણાં જ સો વર્ષની વયે ગુજરી ગયા) અને હું સીધો જ પશાભાઈ સાથે મુમ્બઈ પહોંચી ગયો.

મુમ્બઈભ્રમણ દરમીયાન મેં પશાભાઈને સુચવ્યું કે ‘ચાલો, તમને મારી ‘હીન્દુસ્તાન’ દૈનીકની ઑફીસ બતાવું. વળી ત્યાં આપણા ચન્દ્રકાંત પાઠકેય મળશે.’ અમે ‘હીન્દુસ્તાન’ કાર્યાલયના દરવાજે પહોંચ્યા, ત્યાં નન્દકુમાર જ સામા મળ્યા. પશાભાઈ તો તેઓની સાથે અપૌચારીક બે વાત કરવા રોકાયા, ત્યારે હું તો એક બાજુ ‘નીષ્કામ નીષ્કર્મ યોગી’ જેવો જ ઉભેલો, કારણ કે હું તો છેક હમણાં સુધી મુમ્બઈગરો જ હતો. એટલે મારે માટે તો નન્દકુમારની મુલાકાત સામાન્ય... પરન્તુ નન્દકુમારે જ મને સમ્બોધીને સામેથી પુછ્યું કે, ‘તમે હમણાં શું કરો છો? ’ મેં કહ્યું, ‘કશું નહીં! આ ચન્દ્રવદને મારો ઈન્ટરવ્યુ લીધો અને બધી હકારાત્મક વાતોય કરી; પરન્તુ પછી આજ સુધી ઑર્ડર જ નહીં! રાહ જોયા કરું છું..’ નન્દકુમાર સ્વગત જેવું બોલ્યા કે, ‘ચન્દ્રવદને આમ કેમ કર્યું? પછી મને કહે, ‘ખેર, કાલે તું પાછો રેડીયો સ્ટેશન આવજે, કંઈક કરીશું...’ ચાલો, પુનરપી જનનમ્અને પુનરપી (કદાચ) મરણમ્! એ મન્ત્ર સદા રટતા ફરો! ચન્દ્રવદનની ગેરહાજરીમાં લગભગ બધો જ

કાર્યભાર કદાચ નન્દકુમારને હસ્તક. તેઓએ પાછો ઈન્ટરવ્યુ લીધો ને ઑડીશન ટેસ્ટ પણ... પછી કહ્યું, 'જા, હવે ઑર્ડર આવશે, એટલે દીલ્હી હાજર થઈ જજે!'

પરન્તુ એક સત્યમુલક જેવી માન્યતા છે ને કે હીસ્ટરી રીપીટ્સ ઈટ સેલ્ફ! મારા જેવા નગણ્ય માણસના તુચ્છ ઈતીહાસે પણ એ જ એનો ગુણધર્મ દર્શાવ્યો : પાછી એ જ પ્રતીક્ષા : આશા–નીરાશા વચ્ચે ઝોલાં ખાવ–સુદીર્ઘ, અદ્ધરતાલ–પુછવુંય કોને? જો કે સ્કુલોનું વેકેશન ખુલી ગયું અને હું તો પુર્વવત્ હાલોલની એમ. એસ. હાઈ સ્કુલમાં 'માસ્તરી' ભણાવવા લાગીય ગયો. પછીના પન્દરવીસ દીવસ દરમીયાન પ્રતીક્ષા અને ધૈર્યનું યુદ્ધ ચાલ્યું, અન્તે ધૈર્યનો પુર્ણ પરાજય નક્કી થયો. મતલબ કે પાકું નક્કી કર્યું કે હવે હાલોલ નીવાસ એ જ કલ્યાણ! હાલોલમાં એક ઘર પણ ભાડે રાખી લીધું, એવા નીર્ણય સાથે કે જો આ શનીવારે દીલ્હીનો ઑર્ડર ન આવે તો ઘર ચાલુ જ કરી દેવું અને પછી રાષ્ટ્રપતીપદની નીમણુંક આવે તોય બસ, હવે ક્યાંય નહીં, અહીં જ લગ્ન કરો, ઘર માંડો અને હાલોલમાં જ માસ્તરસાહેબ બની રહો! આગે આગે ગોરખ જાગે–પણ ગોરખ તો તરત જાગ્યા!

એક શનીવારે સ્કુલના પટાવાળાને મેં કહ્યું, 'બારેક વાગ્યે મારે ત્યાં (એટલે કે હું, જે એક સ્નેહીને ત્યાં રહેતો હતો ત્યાં) આવજે. જમી–પરવારીને, પછી નવા ઘરમાં સામાન લઈ જવાનો અને અને ગોઠવવાનો છે. હવે મારે પોતાનું ઘર ચાલું કરવું છે.'

પણ... માનશો? બપોરે બારેકના સુમારે, એક બાજુથી પટાવાળો આવ્યો ને બીજી બાજુથી ટપાલી! એક દીશાએથી નીરાશા ને બીજી દીશાએથી જાણે આશાભર્યા નવજીવનનો આશ્ચર્યજનક સંદેશ : 'ઑલ ઈન્ડીયા, ન્યુ દીલ્હીના સમાચાર વીભાગમાં, ગુજરાતી યુનીટમાં તમારી ન્યુઝ એનાઉન્સર તરીકે નીમણુંક કરવામાં આવે છે. ('ધ પ્રેસીડેન્ટ ઑફ ઈન્ડીયા ઈઝ પ્લીઝડ...)' સત્વરે હાજર થવું! અને મનોમન 'અસહ્ય' ખુશી અનુભવતાં મેં પટાવાળાનેય આશ્ચર્યમાં નાખી દેતી વીનન્તી કરી : 'હવે આ

સામાન નવા ઘરમાં નહીં; પણ બસ સ્ટૉપ પર લઈ લો!’ બોલો, ચમત્કાર આજેય બને છે ને!

1950ના જુનની પચીસમી તારીખે જ્યારે હું નોકરી માટે જુની દીલ્હીના રેલવે સ્ટેશને, હાલની દહેરાદુન એક્સપ્રેસમાંથી, સવારના સાતેક વાગ્યે ઉતર્યો, ત્યારે અંગ્રેજી અખબારોમાં મોટા અક્ષરે મથાળાં ચમકતાં હતાં :

‘નોર્થ કોરીયા ઈન્વેઈડ્ઝ સાઉથ કોરીયા’

પછી તો સ્મરણ છે ત્યાં સુધી, ચાર–સાડા ચાર વર્ષ સુધી : ‘આ ઑલ ઈન્ડીયા રેડીયો છે. આ સમાચાર આપને રમણ પાઠક વાંચી સંભળાવે છે.’ એમ શરુ કરી, આડત્રીસમી અક્ષાંસ, સીયોલ, સીંગ–મન–હી ને કીમ–ઈલ સુંગની ખબરો હું વહેવડાવતો રહ્યો. પરન્તુ દુર પુર્વમાં જાગેલી આ અશાન્તીએ મારું તો જાણે કે, જીવન જ અશાન્ત બનાવી મુક્યું. જો કે સન્તોમહન્તો કહે છે તેમ, ખરું કારણ તો મનનું જ છે!

મતલબ કે, સરકારી નોકરીમાં સમ્પુર્ણ શાન્તી : સ્થીર અને પેન્શનેબલ, બીજાય અનેક બેનીફીટ્સ : પાટનગરમાં સરકારી કવાટર્સ, બઢતીની તકો–આવાં આવાં પ્રલોભનો, મારા સીવાય આઠ સાથીઓમાંથી, કોઈએ છોડવાનો વીચાર સુધ્ધાં જીન્દગીભર નહીં કરેલો. મને ખ્યાલ છે ત્યાં સુધી તો, અમારા એ વખતના એક સાથી વસુભાઈ આચાર્ય તો હજી આજેય (1991) આ સમાચાર આપને... વાંચી સંભળાવે છે. જો કે મેં તો ક્યારેય ક્યાંય સ્થીર થવાનો વીચાર સુધ્ધાં જીન્દગીભર નથી કર્યો. છતાં કોરીયાની અસ્થીરતાએ મને રેડીયોમાં પ્રથમ દીવસથી જ અસ્થીર બનાવી મુક્યોએમ કહી શકાય.

હજી તો આઝાદી આવ્યે, માંડ ત્રણ વર્ષ થયેલાં. પરન્તુ એટલી વારમાં જ મારા જેવાઓને તો કોંગ્રેસ સરકારની નીર્બળતા–નીષ્ફળતાનો પુરો અણસાર આવી ગયેલો. અમે નીરાશ થયેલા ઉગ્ર યુવાનો! વર્ષો બાદ અને આજથીય વર્ષો પુર્વે એકદા

નેહરુભક્ત, રેડીયોના સાથીકર્મચારી શ્રી. નવરંગભાઈ ધોળકીયાનો અચાનક પત્ર આવેલો કે, 'તમે કહેતા હતા એ સાચું ઠર્યું... કોંગ્રેસ સાવ નીષ્ફળ નીકળી... આઝાદ સરકારોએ દેશને બરબાદ કરી મુક્યો.' જો કે આજે શ્રી. નવરંગભાઈ હયાત હોત તો મારેય એમને અણધાર્યું જ લખવું પડત કે, 'તમે બધા કહેતા હતા એ સાચું ઠર્યું... સામ્યવાદ સાવ નીષ્ફળ નીકળ્યો!'

બનેલું એમ કે, ભારતની લગભગ સાથે સાથે જ, એક–દોઢ વર્ષ બાદ ચીન પણ મુક્ત થયેલું, અર્થાત્ ચીનમાં સામ્યવાદી ક્રાન્તી થયેલી. રોજેરોજ અખબારોમાં ચીનની મોટી હરણફાળ આ ક્ષેત્રે ને તે ક્ષેત્રેના સમાચારો ચમકે. બીજી બાજુ, ભારતના હાલહવાલ થતા જોઈને ને હૈયે ફાળ પડ્યા કરે. આઝાદી પુર્વે તો હું ગાંધીજી ને કોંગ્રેસનો કટ્ટર ટેકેદાર. પરન્તુ કોંગ્રેસની વૈભવી નીતીરીતીઓ, દેશના ભાગલા, વધુ ને વધુ ગુંચવાતી ને ઘેરી બનતી દેશની સમસ્યાઓ, કશ્મીરની લડાઈ, દેશનાં હુલ્લડો ને ગાંધીજીની હત્યા, એનો ચાલી રહેલો ખુનખટલો, ભાવવધારો ને ભયંકર આર્થીક અસમાનતા, નીર્વાસીતોથી ઉભરાતાં દેશનાં નગરો, કમકમાં આવે એવી ગરીબી ને નીરાધારી આ બધું જોઈ, હતાશાનો નીઃશ્વાસ નીકળી પડે : 'અરેરે, શું આને માટે આપણે સ્વાતંત્ર્યસંગ્રામ ખેલેલો?' આ નીઃશ્વાસ તો હજી આજેય, ઘણો વધુ ને સમ્પુર્ણ હતાશ, ફળફળતો નીકળે જ છે. પણ ત્યારે આવી બધી પરીસ્થીતીઓએ મને સામ્યવાદી બનાવી દીધેલો. રેડીયોમાં જોડાતાં પહેલાં, શુભેચ્છકોએ સલાહ પણ આપેલી કે, 'જોજો, તમારા સામ્યવાદી વીચારો ત્યાં પ્રગટ ના કરતા, નહીં તો કાઢી જ મુકશે.' પરન્તુ આમેય આ વ્યવહારુ આત્માનો જીભ પર ઝાઝો કાબુ જ નહીં. અને તેમાં કોરીયાએ બળતામાં ઘી હોમ્યું.

ત્યારે પંડીત નેહરુને અન્તરથી તો વળી સામ્યાદ તરફ કુણી લાગણી. અમારાં પડોશી નીર્મળા જોશી નેહરુનીર્મીત કેન્દ્રીય સંગીત–નાટક અકાદમીનાં માનદ્ મન્ત્રી, જેઓ ત્યારના પ્રખર સામ્યવાદી નેતા પી. સી. જોશીનાં સગાં ભત્રીજી થાય. એમના પીતાજી ડૉ. એન. સી. જોશીને રમખાણો દરમીયાન, કોઈએ અર્ધી રાત્રે, 'પત્ની ગમ્ભીર છે' કહીને, વીઝીટે બોલાવેલા ને એમ મારી નાખેલા. આ ડૉ. જોશીની

હૉસ્પીટલ ઈસ્ટ પાર્ક રોડ–કરોલબાગ, બીલકુલ અમારી બાજુમાં. નીર્મળાબહેન સામ્યવાદી વીચારનાં, એટલે અકાદમી તો દેશભરના યુવાન સામ્યવાદીઓથી ધમધમે, જેનો નહેરુને કશોય વાંધો હોય એમ બન્યું નહીં. સામ્યવાદીઓ વળી કવી સ્વપ્નસ્થને ઘરે આવે ને જાય અને અમે એ જ સ્વપ્નસ્થના પેટાભાડુત એટલે શાખપડોશી. રેડીયામાં પણ ઘણા દક્ષીણ ભારતીય કર્મચારીઓ વીચારે સામ્યવાદી; પણ બોલે કોઈ નહીં. એમાંય કેરાળાવાસીઓ તો વળી કટ્ટર પુરા! કોંગ્રેસી સરકારે ત્યારે પંડીતજીની પ્રકાંડ આગેવાની હેઠળ ચીન–રશીયાને તો ગાઢ દોસ્ત બનાવેલા. અને દુનીયાભરના સામ્યવાદી દેશો સાથે બહેતર દોસ્તી. એનો લાભ અમને તો એટલો જ કે, આ તુચ્છ આદમીએ ત્યારે તો તુચ્છતમ એવા રેડીયો કર્મચારીએ પણ ચાઉ–એન–લાઈ તથા માર્શલ ટીટો સાથે હાથ મીલાવેલા, અને પાછળથી હો ચી મીન્હ સાથે પણ.

આમ ભારત સરકારની આન્તરરાષ્ટ્રીય નીતી મહદંશે સામ્યવાદ તરફી અને સામ્યવાદી દેશો સાથે બધા જ રાકીય સમ્બન્ધો ખુલ્લા, એથી જ તો સોવીયેત એલચી કચેરીનું માહીતીખાતું ધમધમી ઉઠ્યું ને એમાં ગુજરાતી બુલેટીનના સમ્પાદક તરીકે સ્વપ્નસ્થ દીલ્હી આવી શક્યા. તેઓ તો મુમ્બઈમાં પણ વર્ષોથી સામ્યવાદી : લેખકોમાંય શ્રી. ભોગીલાલ ગાંધી, સ્વ. જયન્ત ખત્રી, બકુલેશ એ બધા ગાઢ મીત્રો, ત્યારે પ્રગતીશીલ લેખકો ગણાય. બીજા પણ ઘણા હતા : શાન્તા ગાંધી, રમેશ સંઘવી, ચંદુલાલ પટેલ, દીના ગાંધી (હવે સ્વર્ગસ્થ દીના પાઠક), સુહાસી વગેરે... જવા દો! નામો પુરાં ને સાચાં આજે તો યાદ ક્યાંથી હોય?... છતાં ગૃહક્ષેત્રે, આન્તરીક નીતીમાં સામ્યવાદીઓ પ્રતી ભારત સરકારની ભારે તવાઈ. એમાં વળી સરદાર પટેલ ત્યારે ગૃહપ્રધાન, જેઓ પણ જમણેરી : એટલે સામ્યવાદી તો માનો કે, દેખો ત્યાંથી ઠાર! અલબત્ત, સરકારી નોકરી પુરતા જ. બાકી પુરેપુરું વ્યક્તીસ્વાતન્ત્ર્ય, એમાં સરકારની કે સરદારની એવી કોઈ સીધી દખલ કે એવાં કશાં દાબદબાણ નહીં. અલબત્ત, મોટા નેતાઓ પર ગૃહખાતું નજર રાખે ખરું. પણ ઉદાર લોકશાહીમાં વ્યક્તીગત કનડગત નહીંવત્, સીવાય કે કોઈ નીમીત્ત મળી જાય. એટલે મારા જેવા ‘વચને સામ્યવાદી’ને આમ તો કોણ પુછે? પરન્તુ કોરીયાની લડાઈથી મારી જબાન ખુલી ગઈ. હું ચુપ ના

રહી શક્યો. ખુલ્લમખુલ્લા ઉત્તર કોરીયાની તરફેણ કરતો બોલું કે, 'એક્ચ્યુઅલી સ્પીકીંગ, સાઉથ કોરીયા ઈન્વેઈડ્ઝ નોર્થ કોરીયા... આ અમેરીકાની દાદાગીરી છે ઈત્યાદી.'

એક બનાવેય આ સન્દર્ભે જાણવા જેવો છે : અમે રેડીયો કર્મચારીઓએ અમારું યુનીયન રચ્યું. ત્યારે સરકારી નોકરોનાં આટલાં વ્યાપક યુનીયનો નહીં. એ પ્રત્યે સરકારની કરડી નજર. ઉદ્‌ઘાટન સમારમ્ભમાં ઈન્ફર્મેશન એન્ડ બ્રોડકાસ્ટીંગ ખાતાના પ્રધાન સ્વ. બી. વી. કેસરકર પધાર્યા... મીઠું મીઠું બોલ્યા કે, 'મને તો થતું હતું કે પ્રજાનું મનોરંજન કરતાં કરતાં, મારા રેડીયોના ભાઈઓ પોતાનું જ મનોરંજન વીસરી ગયા છે!... પરન્તુ આજે તમારો આ કાર્યક્રમ જોઈને મને આનન્દઆનન્દ થાય છે વગેરે વગેરે!' ઉદ્‌ઘાટન–સમારોહમાં રેડીયો કલાકારોએ મનોરંજન કાર્યક્રમ આપેલો... પરન્તુ બીજા જ દીવસથી અમારા આગેવાનોને, સુત્રધારોને વ્યક્તીગત રીતે બોલાવી બોલાવી, ધાકધમકીઓ આપવી શરુ થઈ અને એમ યુનીયન વીખેરી નંખાયું. બીજી જાણવા જેવી વાત સ્વ. ઉમાશંકર જોષી શાન્તી મીશન સાથે ચીનની મુલાકાતે ગયા. (1953–54નો અરસો હશે) બીજે જ દીવસે અમારા રેડીયોની લેખકયાદીમાં ઉમાશંકર જેવા સાક્ષરવર્યનું નામ પણ બ્લેક લીસ્ટમાં મુકાઈ ગયું. આ કાળી યાદીમાં જે લેખકોનાં નામ હોય, એમને દેશભરનાં રેડીયો સ્ટેશનોમાં પછી પગ પણ નહીં મુકવા દેવો – એવો કાયદો, સંભવતઃ અંગ્રેજો વારસામાં મુકી ગયેલા. જો કે મુરબ્બી ઉમાશંકરભાઈ તો ચતુર સુજાણ માણસ, મામલો બરાબર કળી ગયા... સુકાન ફેરવી, થોડા જ વખતમાં કાળી યાદીમાંથી નીકળીય ગયા. (એવું કંઈક યાદ છે. બાકી ક્ષમાયાચના!)

આવી જોખમી પરીસ્થીતીમાં, રેડીયોમાં લગભગ પ્રથમ ગ્રાસે જ હું સામ્યવાદી તરીકે જાહેર થઈ ગયો. એમાં વળી સ્વપ્નસ્થનાં દોસ્તી–પડોશે બળતામાં ઘી હોમ્યું. રશીયાની માહીતીકચેરીમાં મારી અવરજવર રહે અને દીલ્હીના સામ્યવાદી દોસ્તો સાથે હળવા મળવાનું પણ ખરું, લેખોય લખું. બાકી, સક્રીય તો કશું પણ કરતાં જીવનભર આવડ્યું નથી, ત્યાં સામ્યવાદમાંય મને કોણ ગણે? તદ્દન

નીષ્ક્રીય અને મવાળ માણસ! પણ સરકારનું ધ્યાન મારા પર પુરેપુરું, જાતજાતનાં બહાનાં કાઢીને સી.બી.આઈ.ના જાસુસો મારે ઘરે આવે, હું ઘરમાં ન હોઉં ત્યારે આવે. સરોજ તો ભોળી ને ગભરુ છોકરી, એનાથી સાચું જ બોલાઈ જાય. એને ઠપકો આપીનેય શું કરું? મીત્રોએ સલાહ આપી, 'મી. પાઠક, તમે આ નોકરી છોડી દો! નહીંતર એક દીવસ અચાનક જ જેલમાં બેઠા હશો.' જેલનો તો મને ભારે ડર, આમેય શરીરે સુખીયો જીવ, કેદ કેમ વેઠાય? આઝાદીની લડતમાંય, 1942માં પણ, હું જેલ તો નહીં જ જઈ શકેલો. (જેલમાં જ ગયો હોત, તો આજે સ્વાતંત્ર્યસેનાનીનું પેન્શન મળતું હોત, જો કે એનોય હું તો વીરોધી! વળી એમાં વધુ તો બોગસ માણસો ઘુસ્યા છે.)

હું ત્રણ વ્યક્તીત્વમાં જીવું : 'હીન્દુસ્તાન'માં સરોજને કારણે અળખામણો થયેલો, તો રેડીયોમાં વળી સામ્યવાદને કારણે! ઘરમાં સરોજને શારીરીક–માનસીક રીતે સાચવવાનો (પીતાવત્) રોલ બરાબર અદા કરવાનો. એનો રસ, સાહીત્ય, સંગીત, કલાનો રસ જે વણસંતોષ્યો રહેતાં એ અકળાયા કરે. અને ત્રીજું, સામ્યવાદી બીરાદરો વચ્ચે જોખમી સ્થીતીમાં નાચીઝ, એટલે કે કશીય કીંમત યા કામગીરી વીના ફરવાનું ને સામ્યવાદ તરફી લેખો ને વાર્તાઓ લખવાનું. મારો લેખક તરીકેનો બીજો અવતાર આમ ત્યારે કહેવાતા પ્રગતીશીલ લેખક–વાર્તાકાર તરીકે થયેલો. પ્રથમાવતારમાં હું કવી તરીકે જરુર થોડો સફળ નીવડેલો, પરન્તુ 1945માં મેં લખવાનું છોડી દીધું, સાહીત્યથી વીમુખ થઈ ગયો. તે પછી દસકા બાદ સામ્યવાદપ્રીતીએ મને 'પુનઃગૃહપ્રવેશ' કરાવ્યો. મારો પ્રથમ વાર્તાસંગ્રહ શ્રી. ભોગીભાઈ ગાંધીના ચેતન પ્રકાશન ગૃહ–ગોરેગાંવે એક 'પ્રગતીશીલ' લેખકની રુએ જ પ્રગટ કરેલો. મારું જોઈને જ સરોજેય કલમ ઉપાડી અને એમ વળી વાર્તા–નવલકથામાં એ મારા કરતાં ક્યાંય આગળ નીકળી ગઈ. અવ્વલ દરજ્જાની લેખીકા બની પ્રગટી. અલબત્ત, એ એની પ્રચંડ પ્રતીભાના જ બળે.

આઝાદ ભારતસરકારે અંગ્રેજ સરકારના કેટલાક બીનઆઝાદ કાયદાઓ વાસ્તવમાં યથાવત્ જાળવી રાખેલા. જેમ કે, સરકારી કર્મચારી કોઈ પણ લખાણ

વગર મંજુરીએ બહાર પ્રસીદ્ધ ન કરી શકે, પુરસ્કાર ન સ્વીકારી શકે અને જો પુરસ્કાર મળે, તો એ સ્વીકારી તીજોરીમાં જમા કરાવી દેવાનો. અથવા કદાચ સરકારી મહેરબાની હોય તો લઈ લેવાનો એવું કંઈક, ચોક્કસ યાદ નથી.

આ વળી બીજી મોટી આપત્તી! લખાણ બહાર છપાવતાં પુર્વે અમુક સરકારી અમલદાર મારફતે એ મંજુર કરાવવાનું, જેને માટે વળી એનું અંગ્રેજી ભાષાંતર કરી–કરાવી રજુ કરવાનું! મારા જેવો મુફલીસ લેખક તે આવી માથાકુટ કેમ કરીને કરી શકે? મને લાગે છે કે, સરકારી નોકરીને પરીણામે અનેક આશાસ્પદ લેખકો અકાળે 'અવસાન' પામ્યા, જેનું એક કારણ આવા કાયદા જ હશે. શ્રી. નન્દકુમાર પાઠક મારા ગામના જ, મુરબ્બી ચન્દ્રકાન્તના જ લઘુબંધુ. તેઓ રેડીયોમાં જોડાયા, એ પુર્વે ખુબ પ્રતીભાશાળી કવી, વીદ્યાર્થી કારકીર્દી દરમીયાન જ એક સંગ્રહ 'સંવેદના' પણ પ્રગટેલો. પરન્તુ પછી, એમની ગજાદાર સર્જકશક્તી ઘણી કુંઠીત થઈ ગઈ. એનું કારણ પણ મહદંશે આવા સરકારી કાનુનો જ હોઈ શકે.

રેડીયો પુરતી તો અમે લડત ચલાવી કે 'આ તે કેવો કાયદો? રેડીયોમાં ભરતી કરતી વખતે તો, અમે લેખક છીએ, એને તમે એક વધારાની લાયકાત ગણો–ગણાવો છો. અને નોકરીએ રાખ્યાપછી, અમારી એ જ શક્તીનાં તમે કાંડા કાપી લો છો?' ઈત્યાદી! અમારી લડત અમુક અંશે સફળ નીવડી : ભાષાન્તર રજુ કરવાની કલમ અમારે માટે રદ થઈ. એને બદલે કેન્દ્ર સરકારના અમુકતમુક મોટા ગુજરાતી અમલદારને સ્ક્રીપ્ટ બતાવી, 'નોટ ઓબ્જેકશનેબલ'નું પ્રમાણપત્ર મેળવવું એમ ઠર્યું. રેડીયોમાં એ માટે અમારા બૉસ હતા બીપીનભાઈ રીંદાણી, જેઓ જી.એન.આર. (જનરલ ન્યુઝ રુમ)માં નોકરી કરતા. તેઓ ભલા માણસ. એકન્દરેય આપણા ગુજરાતી ભાઈઓ, જ્યાં સુધી સીધી ટક્કરમાં કોઈ ન આવે ત્યાં સુધી પ્રકૃતીએ ભલા ને નીરુપદ્રવી. એટલે કે મારા નવદસ સાથીઓ જેવા જ, વ્યવહારડાહ્યા ને ઘરગૃહસ્થીવાળા સીધા–સરળ શ્રી. રીદાણીસાહેબ! ઉપરાંત હું તો વળી એક્સટર્નલ સર્વીસીસમાં ગણાઉં, મારા સીધાં બૉસ તો મીસ મહેરા મસાણી, પારસી બાનુ–ડાયરેક્ટર ઑફ એક્સટર્નલ સર્વીસીસ, જેઓએ કદી મને ઓળખ્યો સુધ્ધાં નહીં!

સાથે સાથે એક એક્સટર્નલ ગુજરાતી યુનીટ પણ ત્યાં ખરું, જેના બૉસ વળી શ્રી. સુરેશ ઠાકોર, એમની સાથે કુ. અરવીન્દાબહેન દવે વગેરે. મારે કામ કરવાનું ન્યુઝ યુનીટમાં બેસીને, અને હું માણસ લઘરવઘર જેવો! જ્યારે સુરેશભાઈ, અરવીન્દાબહેન વગેરે તો એકદમ અપ–ટુ–ડેઈટ, ઉપલા વર્ગના ભદ્ર માનવીઓ જેવી રહનસહનવાળાં. ન્યુઝ યુનીટવાળા જોડે એ લોકનો ખાસ સમ્બન્ધ જ નહીં. અમે માનસીક સ્તરે નીચા ગણાઈએ, એમાંય હું તો નીચતમ, જુનીયર મોસ્ટ! આ બધાં કારણે હું બચી ગયો ને મારી આવી અણઆવડતવાળી, અવીચારી ને અવીવેકી વ્યવહારભરી નોકરીય પુરાં સાત વર્ષ ટકી ગઈ! અને જીવનભર એક જ સ્થળે ગોંધાઈ રહેવાનું તો આમેય આપણા રામનું ગજું નહીં. બાકી, આજે આમ બારડોલીમાં નીવૃત્તી ભોગવતો બેઠોબેઠો આ ન જ લખી રહ્યો હોત! છતાં એક વીચારે ઉંડે ઉંડે કમકમાં તો આવે જ છે : જો ત્યારે નોકરીમાંથી ફેંકાઈ ગયો હોત યા જેલમાં ગોંધાઈ ગયો હોત, તો સરોજ–શર્વરીના કેવા બદહાલ થયા હોત!

બારડોલી અને શર્વરીનો ઉલ્લેખ અત્રે આવ્યો જ છે, તો એક મજાની ઘટનાનોય (ચમત્કારીક) ઉલ્લેખ કરી લઉં :

દીલ્હીમાં અમે ઈસ્ટ પાર્ક રોડ (કરોલબાગ) ખાતે 872 નંબરની કોઠી (રહેઠાણનું વીશાળ મકાન)માં રહેતાં. એમાં ચાર ખુણે ચાર મોટા ફ્લેટ્સ (ચાર ચાર રુમના) અને વચમાં મોટો ચોક–ખુલ્લો, જેમાં બાળકો રમ્યા કરે, તેમાં પાંચ–છ વર્ષની શર્વરીય રમતી. એ લોકોની બાલરમતોમાં એક રમત આવી હતી :

એક બાળક બોલે : 'નવસારી લઈ જા!'

એટલે સામી પાર્ટીનું બાળક જવાબ બોલે :

'એક સારી, બે સારી, ત્રણ સારી,

ચાર સારી... આઠ સારી ને નવસારી!'

એ જ રીતે પછી સામું બાળક ફરમાવે :

'બારડોલી લઈ જા!'

એટલે સામી પાર્ટીવાળું બાળક બોલે :

'એક ડોલી, બે ડોલી, ત્રણ ડોલી,

ચાર ડોલી... દસડોલી, અગીયાર ડોલી ને બારડોલી!'

આ રમતોમાં જોડાતી શર્વરીય અનેક વાર બોલી હશે કે, 'એક ડોલી, બે ડોલી... બારડોલી!'

પરન્તુ ત્યારે આ અજ્ઞાન ભુલકાને તો ભાન જ નહીં કે બારડોલી વળી ક્યાં આવ્યું? અરે બારડોલી એ શું? –એની જ કદાચ જાણ નહીં! જો કે હું આછું આછું જાણું : આઝાદી જંગના એક સફળ સત્યાગ્રહની ભુમીરુપે. ઉપરાંત 1940–41ના અરસામાં મ. ગાંધીજી બારડોલી આશ્રમમાં ત્રણેક મહીના ખાસ રહેવા આવેલા, ત્યારે અમે સુરતથી તેઓનાં દર્શન કરવા ઉભાઉભા બારડોલી આવી ગયેલાય ખરા, ત્યારે અમો વળી સુરતમાં જ ભણીએ.

એ જ શર્વરીએ આજે એ જ બારડોલીને પોતાનું વતન બનાવી દીધું છે! કેવો અકસ્માત? અમે તો ફક્ત 1963માં નોકરી કરવા જ બારડોલી આવેલાં. પરન્તુ શર્વરીએ અહીંના જ અનાવીલ યુવક મુકેશ દેસાઈ સાથે પ્રેમલગ્ન કરી લીધાં. અને અમારુંય વતન બારડોલી બની રહ્યું. આજે એ જ કારણે હું બારડોલીમાં જ અન્તકાળ વીતાવી રહ્યો છું. સરોજ પાઠક તો અહીંની કૉલેજમાં 25 વર્ષ પ્રાધ્યાપીકા રહ્યાં. લેખીકા–વાર્તાકાર તરીકે અહીંથી જ ભરપુર ખીલ્યાં : 'ગંગોત્રી', સરદારબાગ, બારડોલી –બે, એ ત્યારે અમારું ગુજરાતભરમાં જાણીતું સરનામું. ( જોકે આજે શર્વરી તો સહકુટુમ્બ અમેરીકા જ વસે છે.)

**08**

## *સર્ગ – 8*
# મદ્રાસ હૉટેલમાં

સાક્ષર શ્રી. રાધેશ્યામ શર્માએ મારા પ્રથમ લેખથી પ્રસન્ન થઈ લખ્યું કે, '... ગેરેજમાં શરુ કરેલી મેરેજ–લાઈફ વીશે લખો જ!' એ સન્દર્ભે લખવાનું કે, અમે ઘર માંડ્યું મોડેલ બસ્તીલત્તામાં એક લાલાના ગેરેજમાં, તે વાત સાચી, પરન્તુ અમારી મેરેજ–લાઈફ શરુ થઈ એ તો એક હૉટેલમાં– 'મદ્રાસ હૉટેલ' જેનું નામ, જેને ગુજરાતી રમુજી પરીભાષામાં 'વાંઢાવીલાસ' કહી શકાય. દીલ્હીમાં દક્ષીણ ભારતીયોની વસતી ઘણી, જેઓ જાતજાતના વ્યવસાયો ચલાવે, કાળા, ઉઘાડા શરીરે, ફક્ત એક સફેદ લુંગીભેર ફરે ને અગડમ્ બગડમ્, ઉંચાણેથી ઝડપભેર કાંકરા ગબડતા હોય ને ખખડતા હોય એવું અંદરઅંદર બોલે, અન્યો સાથે મદ્રાસી ઉચ્ચારવાળા હીન્દીમાં વ્યવહાર કરે, જ્યારે સરકારી અથવા ઉચ્ચ વર્તુળોમાં ફાંકડું અંગ્રેજીય બોલે જ. દીલ્હીમાં એ બધા મહદંશે મદ્રાસી તરીકે ઓળખાય, પ્રામાણીક અને નરમ માણસો ગણાય. પંજાબીઓ પંજાબીને મકાન ભાડે ન આપે, પ્રથમ પસન્દગી મદ્રાસી ઉપર ઉતારે, ગુજરાતીનો નંબરેય એ પછી જ આવે.

આવા એક મદ્રાસી નારાયણને કરોલબાગ–વેસ્ટર્ન એક્સ્ટેન્શન એરીયામાં આખો એક બંગલો ભાડે રાખી લીધેલો અને એને 'મદ્રાસ હૉટેલ' એવું નામ આપેલું. વાસ્તવમાં 'હૉટેલ' શબ્દના પ્રચલીત ભારતીય અર્થથી આ હૉટેલ જુદા જ પ્રકારની, જેમાં પ્રવાસીઓ આવીને ઉતરે એવું નહીં, કાયમી ગ્રાહકો–મુખ્યત્વે એકલા પુરુષો જ પડી રહે. વર્ષો બાદ આવી અનેક હૉટેલો મેં અમેરીકામાં જોઈ, જ્યાં એકલવાયા વૃદ્ધો પેટાભાડુતની જેમ કાયમ જેવું રહે. એની માલીકી આપણા ગુજરાતીઓની. છતાં મુળભુત ફરક એ કે અમેરીકામાં આવી હૉટેલમાં પરવારી ગયેલા વૃદ્ધો જ રહે, જ્યારે અમારી 'મદ્રાસ હૉટેલ'માં જીન્દગી શરુ કરી રહેલા અપરીણીત યુવાનો રહેતા. કોઈ ભટ્ટાચાર્ય તો કોઈ રામકૃષ્ણન્, એક જોતીનદાસ (જતીન્), તો બીજો વળી શ્રીરામુલુ,

કોઈ ચીદંમ્બરમ્ તો કોઈ ચટ્ટોપાધ્યાય–એમ આસામી, ઓડીયા, બંગાળી, મરાઠી ને દક્ષીણ ભારતીય ખરા, પરન્તુ ઉત્તર ભારતનો એક પણ નહીં, જ્યારે ગુજરાતી હું એકલો જ–કદાચ પહેલો ને છેલ્લો! કારણ એ જ કે, ગુજરાતીઓ વહેવારડાહી પ્રજા, નોકરીએ લાગે તે પુર્વે તો પરણી–પસ્તાઈને માણસ વ્યવસ્થીત થઈ જ ગયેલો સામાજીક હોય, બાપેય બની ચુક્યો હોય. એમાં હું અપવાદ!

અલબત્ત, અમેરીકી હૉટેલોમાં રસોડું નહીં, જ્યારે નારાયણન્ તો રસોડુંય ચલાવે. મદ્રાસી સંભાર, લાલકાળો રસમ અને ચોખા એ મુખ્ય વાનગી તીખીતમ–તમતી! ભાતના ગોળા–લાડુ જેવા બનાવી બનાવીને દક્ષીણ ભારતીયો એ આખા પંજાથી ભરપેટ આરોગે બન્ને ટંક! ઘઉંની એમને ઝાઝી પડેલી નહીં, છતાં રોટલી બને. બે ટંક આવું અફલાતુન ખાવાનું મળે–સત્ત્વ પણ નહીં ને સ્વાદ પણ નહીં, ત્રીગુણાતીત! જો કે મારા જેવા સાધુપુરુષને એ ચાલે, કશી મગજમારી તો નહીં! પણ સરોજ તો સુક્ષ્મ રાગદ્વેષવાળી, ભાવવા ન ભાવવાનું એનું ભારે! શરુઆતમાં કહ્યું તેમ, એનું કુટુમ્બ, પીતાના મૃત્યુ બાદ, દરીદ્ર અને પરાધીન, તેમ છતાં એ લોકનું ભોજન સમૃદ્ધ, ભાટીયા પ્રણાલીનું : બેઉ ટંક દાળભાત, રોટલીશાક બને, સાથે અથાણાં, પાપડ ને છાશ પણ હોય. એવી સરોજને અદાલતમાં પરણીને, હું મદ્રાસ હૉટેલમાં લઈ આવ્યો. ન સારી કંપની, નહીં કશું સારું રહેવાનું કે ખાવાનું. મને થાય, કયા સુખની આશાએ આ નાદાન છોકરી મારી સાથે લગ્નથી જોડાઈને, અહીં આ વાંઢાશ્રમમાં તપશ્ચર્યાં તપવા આવી હશે? પણ એ સુખી હતી, આશા–અરમાનોથી છલકાતી એમ તો નહીં; પરન્તુ પરવશ બાળકની જેમ બધો આધાર મારા પર રાખીને, વીશ્વાસથી મારી અણઘડ યોજના મુજબ આવી પડેલી. મુળ તો પ્રાર્થના સમાજના માળામાંથી છુટકારાનો આનન્દ!

એ પહેલાં હું ચાંદનીચોકમાં, કટરા ખુશહાલરાયમાં મુરબ્બી શંકરલાલકાકા સાથે રહેતો. તેઓ મારા દુરના કાકા થાય, એકલરામની જેમ એક મોટી કોઠીમાં, મોટો ઓરડો ભાડે રાખીને મસ્ત રહે. એ જ કોઠીમાં દીલ્હી ખાતેના ઝંડુ ફાર્મસીના એજન્ટ કાંતીલાલ ઍન્ડ કું. વાળા પણ રહેતા. શંકરલાલકાકા મુળે તો

ઝંડુ ફાર્મસીમાં નોકરી કરવા જ દીલ્હી જઈ વસેલા; પણ પછી એ છોડી, સ્વતન્ત્ર ધન્ધો દવાનો શરુ કરેલો. ન જાણે કેમ; પણ કાકા બહુધા ત્યાં એકલા જ રહેતા, કુટુમ્બકબીલો બધો ગુજરાતમાં, સાવલી (જી.વડોદરા) ખાતે. એટલે દીલ્હીમાં શરુઆતમાં મેં મારો મુકામ એમને ત્યાં જમાવ્યો. જો કે એ પહેલાં, પહોંચીને તરત તો, થોડા દીવસ માટે હું લોદી કૉલોનીમાં, મારા મીત્ર ભાઈશ્રી રમણલાલ મા. ભટ્ટને ત્યાં ઉતરેલો ખરો, જેઓ પાછળથી–છેક હમણાં, આ માસીક બન્ધ પડ્યું ત્યાં સુધી સારો–એવો વખત ‘અખન્ડ આનન્દ’ના તન્ત્રીપદે રહી ગયા. ‘અખન્ડ આનન્દ’ આજે ચાલુ છે ત્યારે તેઓ પણ ઑલ ઈન્ડીયા રેડીયોના ગુજરાતી યુનીટમાં મારી જેમ ન્યુઝ રીડર–સ્ટાફ આર્ટીસ્ટ. અલ્પાંશે એમના પ્રયાસથી જ મને રેડીયોમાં નોકરી મળેલી એમ કહી શકાય, એટલે એ બદલ અદ્યાપી હું એમનો ઋણી છું જ. પરન્તુ ક્ષમાપ્રાર્થના સાથે જણાવું કે, એમનો સ્વભાવ જરા મુશ્કેલ. અલબત્ત, સ્વપ્નસ્થથી બીલકુલ ઉલટો જ, એટલે કે વધારે પડતો રુઢીચુસ્ત, વહેવારુ, ગણતરીદાર અને નાનીનાની બાબતે આળો... જવાદો, વધુ વર્ણન કદાચ નીન્દા બની જાય. અમે બન્ને ઉત્તર–દક્ષીણ ધ્રુવ જેવા : હું ઉડાઉ, રંગીલો, ‘સ્વાભીમાન’ જેવું મારામાં બીલકુલ નહીં, વળી નોકરી તથા જીવન ઉભયને ખુબ હળવાશથી લેનારો. પરીણામે રમણભાઈ ભટ્ટ સાથે તો એક એક દીવસ મારે માટે કપરી કસોટીનો બની રહ્યો. ગુજરાતી યુનીટમાં ત્યારે કુલ્લે નવ માથાં, એમાંય પાછી ગુજરાતી–સૌરાષ્ટ્રીય જેવી પક્ષાપક્ષી ચાલે, જેમાં મને મુદ્દલે રસ નહીં.

આવાં આવાં કારણે મેં શંકરલાલકાકાને ગોતી કાઢ્યા અને એમની સાથે પડાવ નાખ્યો. કાકાનેય મજા આવી ગઈ. મને કામની આળસ નહીં, સવારે વહેલો ઉઠી ચા બનાવું ને એક ટંક, સમય મળ્યે, ભાખરી–શાક પણ પકાવી દઉં. એવું તો એવું, પણ કાકાને તૈયાર ચા ને ખાવાનું મળે. કાકાય મસ્તરામ જેવા, એમને ખાવાપીવાનો ઝાઝો શોખ નહીં–મનેય નહીં! છતાં એક ફરક મોટો : કાકાનાં પત્ની, અમારાં દેવીકાકીનો કાગળ આવતો મેં ભાગ્યે જ જોયો, જ્યારે મારા પર રોજેરોજ સરોજના લાંબા લાંબા કાગળો આવે જ. ત્યારે તો એ લેખીકા બનેલી નહીં; પણ પત્રલેખન તો સરોજનું જ. જો એ બધા મેં સંઘરી રાખ્યા હોત તો, આજે આ

જીવનકથા કદાચ લખવી જ ના રહેત, એટલા સરસ, સવીગત પત્રો! એ પત્રો પ્રગટ કરી શક્યો હોત, તો વાચકોનેય ઓર વધુ રસાસ્વાદ સંભવતઃ પ્રાપ્ત થાત. અને એ પ્રસીદ્ધ કરી શકાય એવા જ હતા; કારણ કે ચીલાચાલુ અર્થમાં તે પ્રેમપત્રો હતા જ નહીં–ન તો એમાં ક્યારેય વેવલા પ્રેમોદ્ગારો, વહાલઝરતાં વીશેષણો કે વીરહીણીની વ્યાકુળતા હતાં. બસ પોતાનાં વીલક્ષણ મનઃસંચલનોનું બયાન, અમુક તમુક વ્યક્તીઓ પ્રત્યેના સારાનરસા પ્રતીભાવો, તેમના કર્મ–કુકર્મ, કુટુમ્બની આપત્તીઓ–અણગમતી આબોહવા, મુંઝવણો, હતાશાઓ, મુમ્બઈનગરીની ખબરો, રોજીન્દા અનુભવો ને ઘટમાળ –એ બધું જ ખુબ ચીત્રાત્મકએવી સબળ–સચોટ ભાષામાં, પેલી ડાયરી જેવા, જે વાંચતાં, કેવળ વર્તમાન સરોજ જ નહીં; ભાવી લેખીકા સરોજ પાઠક પણ વાંચી શકાય. મુરબ્બી શંકરલાલકાકાને શંકા જન્મે કે ભત્રીજો કશેક ભેરવાયો લાગે છે. તેઓ મંદમંદ હસે. ત્રણચાર માસ બાદ જ્યારે મેં જાહેર કર્યું કે હું તો એમનો સત્સંગ છોડીને મદ્રાસ હૉટેલમાં રહેવા જાઉં છું, ત્યારે પછી સાચું રહસ્યોદ્ઘાટન થયું. પણ મારા આખાય કુટુમ્બની એક વીરલ–વીશીષ્ટતા : અમારાં લગ્ન આમ તો આન્તરજ્ઞાતીય, અર્થાત્ હું બ્રાહ્મણ ને સરોજની જ્ઞાતી ભાટીયા તે અમારાથી નીચી જ ગણાય. છતાં મારા કુટુમ્બમાંથી કોઈએ જ એનો વીરોધ તો નથી કર્યો; બલકે એકાદ અણછાજતો ઉદ્ગાર સુધ્ધાં નથી ઉચ્ચાર્યો. તેમ કાકાએ પણ અમારાં લગ્ન આવકાર્યાં, એટલું જ નહીં–હું તો નાસ્તીક, અદાલતમાં બે રુપીયામાં લગ્નનું પ્રમાણપત્ર પામી કૃતકૃત્ય! પરન્તુ સરોજ કહે, ‘થોડોક ધાર્મીક વીધી કરાવીએ ને ફોટા પડાવીએ, મારાં કુટુમ્બીઓને બતાવવા તો કામ આવે!’ એમ વીધીનું ગોઠવ્યું, ત્યારે એ કાકાએ જ અમારો લગ્નવીધી કરાવેલો–લગ્નવેદી ફરતે ચાર ફેરા ફેરવી દીધેલા : વર–કન્યા સાવધાન!

એકવીસ દીવસના નોટીસગાળા દરમીયાન પણ અમે આ મદ્રાસ હૉટેલમાં જ રહેલાં ને પછી પરણ્યાં. અને એમ અમારો નીરાધાર સંસાર ચાલુ થયો. ન અમારી પાસે કોઈ ગાદલાં–ગોદડાં કે ન તો વાસણકુસણ, ન પૈસા, ન આરોગ્ય–બધું જ કેવળ અધ્ધરતાલ! જે એક પાતળા ગાદલાનો બીસ્તરો બનાવી હું દેહરાદુન એક્સપ્રેસમાં દીલ્હી પહોંચેલો, ત્યારે ટ્રેનોમાં રાત્રે સુવા માટે બીસ્તરો બીછાવી દેવો પડે! બસ એ

એક જ મારી કુલ અસ્ક્યામત! એટલે મને તો જેવી કે તેવી, પણ આ મદ્રાસ હૉટેલ ફાવતી જ આવેલી. સવારે જલવત્ ચાનાં બે પીત્તળીયાં પવાલાં આવે, જે હું જલકમલવત્ પી જાઉં–નામ સરોજ પણ પોતે જલકમલવત્ નહીં, એટલે એને એ ચા ભાવે નહીં. અને હસતાં હસતાં ટીકા કર્યે જવાનો એનો સ્વભાવ, જેના સુપરીણામરુપે મને થોડી ચા વધારે મળે – તે જ પ્રમાણે બપોરે–સાંજે અમારું લંચ–ડીનર ચાલે! કશી જવાબદારી તો નહીં! ત્યારે દીલ્હી આખું પાકીસ્તાનથી આવેલા નીર્વાસીતોથી ઉભરાય, અને કરોલબાગ વીસ્તારમાં એમનો પડાવ મોટો, એટલે એક આખું કાચું બજાર ત્યાં લાગી ગયેલું. પંજાબીઓ અચ્છા વેપારીઓ, આપણા ગુજરાતી વેપારી જેવા તોછડા ને વીવેકહીણા નહીં. ગ્રાહકને તેઓ ખુબ ખાનદાનીથી આવકારે, ‘આઈએ, બૈઠીએ તો સહી, બહેનજી! દેખને કા દામ કોઈ થોડા બેઠતા હૈ? કુછ ઠંડા–ગરમ લીજીએ!’ સરોજને મજા પડી જાય. તે લગભગ રોજ બજારનો આંટો મારવા જાય; પણ લઈને પાછી આવે ત્યારે એકાદ સંતરું–પર્સમાં પૈસા હોય, તો બીજું કંઈ ખરીદવાનો પ્રશ્ન ઉદ્ભવે ને! વળી એ સસ્તુ સંતરુંય રસહીન નીકળે, એથી અન્તે ફેંકી દેવાનું. હું કહું, ‘લેવું જ શા માટે જોઈએ?’ તો એ જવાબ આપે, ‘સંતરા... સંતરાંની એટલી તો એવી સરસ બુમો પાડતા હતા ફેરીયા કે, હું તો હીપ્નોટાઈઝડ જ થઈ ગઈ!’ એવા સાવ બાળકમનની હતી એ.

મદ્રાસ હૉટેલના ભટ્ટાચાર્યો ને પાર્થસારથીઓને પણ મારે ખરે જ ધન્યવાદ આપવા ઘટે–આજ આટઆટલાં વર્ષો બાદ, કારણ કે આ ઘટના તે છેક 1950ના નવેમ્બરની. એવી વાંઢા–ભરચક મદ્રાસ હૉટેલમાં, હું એક કુમારીકાને લાવ્યો–હૉટેલની એક માત્ર સ્ત્રી નીવાસીની, જેની સાથે એક જ રુમમાં વગર લગ્ને હું એકવીસ દીવસ રહ્યો, પછી પરણીને વળી થોડા દી વધુ રહ્યો. પરન્તુ એક પણ અન્તેવાસીએ અમારી અયોગ્ય મજાક મશ્કરી કરી નહીં, અમને પજવ્યાં નહીં યા તો સરોજ સામે કોઈએ કુદષ્ટી સુધ્ધાં ઠેરવી નહીં! હું રેડીયો–સ્ટેશન જાઉં, ત્યારે સરોજ એકલી પણ હૉટેલમાં બીન્ધાસ્ત ફરે. ખરેખર, એ તો એક સૌથી મોટી રાહત હતી, બાકી જો પજવણી થઈ હોત, તો ક્યાં જાત? પણ સરસ માણસો! લગ્નમાં તો મેં એ

કોઈને નીમંત્રેલાય નહીં; છતાં લગ્ન બાદ મને જોતાં જ હસીને કહે, 'મી. પાઠક, નાઉ યુ હેવ એ વાઈફ, હં!'

બસ એટલું જ. વીચાર તો કરો, આજથી પચાસ વર્ષ પુર્વેનો એ ભારતીય સમાજ, એમાં આવું આંધળું, અવીચારી સાહસ હું કરું યા તો સરોજ કરે; પણ આમ સ્વીકારી લેનારાય ત્યારે ક્યાં મળે? ખરેખર તો, એ લોક બંગાળી, અસમીયા કે 'મદ્રાસી' હતા, એટલે જ આવા ઉદાર, નરમ તથા નીરુપદ્રવી નીવડ્યા એમ માનું, બાકી કોઈ પંજાબી કે યુ.પી.વાસી યા કદાચ ગુજરાતી પણ ત્યાં હોત તો?

જો કે બીજી રીતે તો સરોજને આ મદ્રાસી હૉટેલમાં મુદ્દલેય ફાવે નહીં– ખરેખર મારામાં કે એ જીવનમાં કશું ફાવવા જેવું તત્ત્વ–સત્ત્વ હતું પણ નહીં. સરોજે કેમ એ બધું સહજ ભાવે ને નવજીવનનાં અલ્પ ઉત્સાહ સહીતેય, સ્વીકારી લીધું એનું જ આજે તો મને આશ્ચર્ય થાય છે! કારણ કે ભલે દરીદ્ર ઘરની ઉપેક્ષીતા દીકરી, પણ ટેસ્ટ બધા સરોજના ખુબ ઉંચા, જે જીવનભર રહ્યા. એણે કદાપી વીવેચન (સાહીત્યમાં) તો લખ્યું નહીં; પણ સારા–નરસાનો, દરેકેદરેક બાબતનો એનો વીવેક તો ઘણો સુક્ષ્મ તથા સજાગ. સહેજેય નીચી કક્ષાની વાત એને માફક જ ના આવે, તત્કાળ તીવ્રતાથી વખોડી કાઢે. તટસ્થતાય એટલી અણીશુદ્ધ કે, મારી કોઈ પણ સાહીત્ય કૃતીને એણે મમતાભાવે, ઘરના માણસની છે માટે, પક્ષપાતથી વખાણી નહીં. વાંચતા જ, મજાકમાં હસી ફગાવી દે, 'છટ્'! અને જ્યારે મારાથી કશુંક સરસ લખાયું હોય ત્યારે પ્રસન્ન પ્રસન્ન પણ અચુક થઈ જાય. હું છેલ્લાં પન્દર વર્ષથી, (આજે 2013માં 38વર્ષથી) 'રમણભ્રમણ'ની કૉલમ સુરતના 'ગુજરાતમીત્ર'માં લખું, ત્યારે મારી નજર સમક્ષ વાચક એક જ અને તે સરોજ પાઠક! હવે જાણે કે, સાચા કદરદાન વાચકથી વંચીત થયો લાગું છું. કાપડ ખરીદવાથી માંડીને– ભલેને તે પછી ઘરનું એક લુછણીયું જ હોય–નાટક રજુ કરવા સુધી – ભલે ને પછી તે કૉલેજના ગેધરીંગ માટે હોય યા તો રાજ્યસ્પર્ધા માટે હોય, સરોજની વીવેચનીય ચીવટ બહુ જ ભારે. કશુંય, એક તસુભાર નબળું એ કદાપી મંજુર તો ન જ રાખે.

વ્યવસ્થીત, સરસ રીતે જીવવાનું પણ એમને અન્તરથી ગમે; પરન્તુ ક્યારેય એનો વાસ્તવીક અમલ એ કરી શક્યાં નહીં. બેહદ લખવાનું જીવનભર ચાલ્યું, નાટક–ગીતગરબાની પ્રવૃત્તી પણ સતત એટલી જ ધમાકેદાર, કૉલેજમાં ભણાવવાનું તો ખરું જ અને વળી તનમનથી નબળાં, છતાં ધુન પાછી ઝનુન જેવી : વાર્તા સ્ફુરી હોય તો એકધારાં સાતઆઠ કલાક એક જ બેઠકે, બસ લખ્યા જ કરે. ખાવાપીવાનુંય ભુલીને!

એક દીવસ, ભરબપોરે કોઈએ અમારી મદ્રાસ હૉટેલની કોટડીનો દરવાજો ખટખટાવ્યો. મારી નોકરી એવી કે, સવારે યા તો સવારસાંજ રેડીયો–સ્ટેશન જવાનું, બપોરે ઘરમાં જ. કદાચ હજીય ત્યાં એવું જ હશે. આજે તો બહુ ઓછા એને ધ્યાનથી સાંભળે છે. હું તો સાંભળતો જ નથી; પરન્તુ ગુજરાતી સમચાર ત્યારે સવારે પોણાનવ. બપોરે એક અને રાત્રે આઠ વાગ્યે પ્રસારીત થતા. એક્સટર્નલ સર્વીસીઝના જુદા. એ પ્રમાણે બે કલાક પહેલાં અમે ઑફીસે પહોંચીએ. વહેલી સવારે રેડીયોની ગાડી લેવા આવે, જેને સાથીઓ ‘ટ્રાન્સપોર્ટ આવ્યો’ એમ કહે અને એની સૌને ભયંકર લાલચ! મને આ બેઉ ઉક્તી–વૃત્તી નાપસંદ... હૉટેલ–ખોલીનો દરવાજો ખોલીને જોયું તો સ્વપ્નસ્થ, મંદમંદ હસતા ઉભેલા ! સ્વપ્નસ્થ માણસ દેખાવડા ને વળી એમનું સ્મીત તો સુમધુર... એમને ક્યાંકથી ખબર મળ્યા હશે કે, ‘રમણ પાઠક દીલ્હી રેડીયોમાં છે અને મદ્રાસ હૉટેલમાં રહે છે.’ એટલે મને શોધી કાઢ્યો ને મળવા આવ્યા. પરન્તુ ઓરડીમાં સાથે સરોજને જોતાં જ, એમની આંખ ચમકી–અલબત્ત, કેવળ વીસ્મયાનન્દથી. હસતાં હસતાં એટલું જ, એવું સરસ બોલ્યા કે, ‘હવે સરોજ સાચી!’

આવા ઉદ્‌ગાર પાછળ મારા–સરોજના પરીચયનાં બે વર્ષનો ઈતીહાસ રણકતો હતો. મુમ્બઈના તત્કાલીન પત્રકારો લગભગ બધા જ સરોજને ઓળખે, પણ જરા વક્રદષ્ટીથી. એટલે સ્વપ્નસ્થેય કંઈક એવું જ સમજી લીધું હશે. અમે થોડો વખત સાથે ‘હીન્દુસ્તાન’ દૈનીકમાં નોકરીય કરેલી. એમણે એવી આશા તો રાખી જ ક્યાંથી હોય કે, એ જ સરોજ દીલ્હીમાંય મારી સાથે, મારી જ ઓરડીમાં પ્રગટ થશે! અમારા

સમ્બન્ધનું આ નવું ને પાકું પરીણામ જોઈને પછી તો તેઓ ખુશખુશાલ થઈ ગયા. પરીચય ચાલુ રહ્યો ને વધ્યો. લગ્ન બાદ અમને એમણે જ પુછ્યું કે, ‘અમારા બીલ્ડીંગમાં એક ગેરેજ ખાલી છે. એ રહેઠાણરુપે જ ભાડે અપાય છે. તમારે આવવું છે?’

સરોજ તૈયાર થઈ ગઈ. મકાનમાલીક લાલોય ખુશ. એવા ગેરેજનું માસીક ભાડું ત્યારે રુપીયા પાંસઠ કેવળ અમે જ આપીએ ને અમે ભાડુત વળી સાવ છોકરડાં જેવાં બાલીશ! સામાન શીફ્ટ કરવાનો તો કોઈ પ્રશ્ન જ નહીં, એટલે બીજે જ દીવસે ગેરેજમાં પહોંચી પડાવ નાખ્યો. લાલો અમને બજારમાં લઈ ગયો. થોડાં વાસણ, ડબ્બાડુબ્બી ને અનાજ–મસાલા એણે અમને ખરીદી આપ્યાં. મેં તે સાંજે ઘરમાં જ ભાખરીશાક રાંધ્યાં ને એમ અમારા સંસારનું મંગલ ઉદ્‌ઘાટન પણ મેં સ્વહસ્તે જ કર્યું, જે પછી તો પુરાં ઓગણચાલીસ વર્ષ ચાલ્યું. અનેકાનેક અસાધારણ પરીવર્તનોવાળું 1950ના નવેમ્બરથી 1989ના એપ્રીલ સુધી, જ્યારે સરોજનું અવસાન થયું. એનો જન્મદીન જુનની પહેલી તારીખ, 1929.

*

અનુક્રમણીકા

## અધ્યાય –2 : બાળપણ

# સર્ગ – 1 : રાજગઢમાં ઉછેર

ઑલ ઈન્ડીયા રેડીયોની નોકરી છોડીને, પછી હું સોવીયેત એલચી કચેરીના માહીતી વીભાગમાં, 'સોવીયેત દેશ'ની ઑફીસમાં ગુજરાતી બુલેટીન ખાતાના વડા તરીકે જોડાઈ ગયો. (1958) પણ હવે આ નોકરીની નકરી વાતોથી નીરસતા જ સમ્ભવે, માટે એ બયાન મુલતવી જ રાખીએ. વળી હજી તો ઘણાં ઘણાં 'પરાક્રમો' કે ઘણા અકસ્માતોનું બયાન બાકી જ છે. પણ હવે એકવીધતાનો કંટાળો આવવા લાગ્યો, વાંચકોનેય કદાચ આવે. એટલે વાતના ક્રમને ઉલટાવી જરા બાળપણનું બયાન પ્રસ્તુત કરું : છત્રીસ વર્ષની પીછેહઠ!

મારા વતનનું ગામ રાજગઢ (ગોઠ), જેને અમે કદી 'ગોઠ' કહેતા નહીં, જો કે આજે હવે ગોઠ જ કહેવાય છે. અમે રાજગઢ કહેતા, જે અમને ખુબ પ્યારું અને ગૌરવપ્રદ લાગતું. આજેય એ ઉચ્ચારતાં રોમાંચ જેવું જરુર અનુભવાય છે. વળી એ જ ઉચીત હતું. કારણ કે બારીયા રાજ્યના રાજગઢ મહાલનું થાણું અમારા એ જ ગામમાં. થાણું એટલે મહાલકારીની (મામલતદારની) કચેરી, રાજગઢમાં જ સરકારી દવાખાનું અને પોલીસ થાણુંય ખરું : આમ તો આ બધા વહીવટદારો કહેવાય; પણ વહીવટ કરતાં વધુ કામગીરી તો તેઓ આદીવાસીઓને પીડવાની ને પીટવાની અદા કરતા! અને અમે જેમાં 'ભણ્યા' – એ ગુજરાતી નીશાળ પણ અમારા જ ગામમાં અને એની અન્દર જે પોસ્ટ ઑફીસ, તેનુંય સત્તાવાર સરનામું : રાજગઢ (રેવાકાંઠા) : બોલો, હવે અમે રાજગઢના જ વતની કે નહીં? અમારા બધા જ સત્તાવાર દસ્તાવેજોમાં વતન 'રાજગઢ' જ લખાયું છે, જો કે થાણું અમારા ગામથી થોડોક દુર સાવ નજીક જેવું જ; પણ એવું જુદું તો હતું જ. અમારું એ ખુબસુરત રાજગઢ ગામ

ખુબ નાનું, કદાચ દુનીયામાં નાનામાં નાનું ગામ! હોળીના તહેવાર પ્રસંગે અમે ગેડી–દડા રમતા. ત્યારે કોઈ બળીયો ખેલાડી જો વડવાળી ભાગોળથી ગેડીનો જોરદાર ફટકો લગાવે, તો દડો અચુક સામી કોતરમાં જઈ પડે – એટલું જ એનું ક્ષેત્રફળ! એક ભાગોળથી બીજી ભાગોળ વચ્ચે પાંચ જ ઘર, વચમાં એકબે ઘરથાળ જેટલી ખાલી જગ્યા ખરી. અમારી સામેની લાઈનમાં તો વળી બે જ મકાનો, જો કે 'મકાન' શબ્દનું ગૌરવ અમારાં ઘરને લાયક નહીં, 'ઘર' એટલે નહીં ઝુંપડું કે નહીં મકાન–માટીનાં ભીંતડા ને ઉપર દેશી નળીયાં છાયેલાં. અમારાં ઘર–થાણાનાં મકાન પાકાં ખરાં; પણ પડું પડું : એ જાણે સાક્ષી પુરતાં કે, બારીયા રાજ્ય અને રાજગઢનું થાણું – એ મધ્યકાલીન અવશેષો છે. અને એમ બોલાતું પણ ખરું કે, પાવાગઢના – ચાંપાનેરના રાજા પતાઈ રાવળનું જ રાજ મુહમ્મદ બેગડાએ ભાંગ્યું, પછી એના અવશેષરુપ જે બે વારસદાર રજવાડાં, કદાચ પહાડી – જંગલ વીસ્તારને કારણે ટકી ગયાં, તે દેવગઢ બારીયા અને છોટાઉદેપુર. અમારા રાજાસાહેબ શ્રી. સર રણજીતસીંહજીની અટક પણ 'રાઉલ' (રાવળ) લખાતી, એ જ એનો પુરાવો... બીજો એક પુરાવો વળી જરા જાણવા જેવો રસપ્રદ છે : અમારા રાજા માટે પાવાગઢનાં માતા મહાકાળીનાં દર્શન દુરથી પણ જોખમી, બાધક (અપરાધરુપ) ગણાતાં. ત્યાંથી પસાર થવાનું બને તો આડી ઢાલ ધરી રાખવામાં આવતી. કારણ એ જ કે તેઓના પુર્વજ એવા પતાઈ રાવળે મહાકાલીમાતા, જેઓ યુવતીરુપે ગરબા રમવા ઉતરી આવેલાં, એમની સાથે દુર્વ્યવહાર કરેલો (જાણીતી દન્તકથા છે) અને એમના શાપથી જ પાવાગઢનું પતન થયેલું. પછી તો અમારા મહારાજાસાહેબે કાશીના પંડીતોને નોતર્યા અને શાપનું પ્રાયશ્ચીત્ત શોધ્યું. દેવગઢનગરીમાં જ મહાકાલીપુજાનો મોટો યજ્ઞ યોજ્યો, એક મોટું મન્દીર પણ બંધાવ્યું. પછીથી જ અમારા રાજકુટુમ્બીઓ પાવગઢનાં મહાકાલીનાં દર્શન કરતા થઈ શક્યા. (કાશીના પંડીતો જગતભરની તમામ સમસ્યાઓના ઉકેલ, શાસ્ત્રોમાંથી શોધી જ કાઢે!)

અમારા ભાગ્યમાં બાળપણનાં કોઈ મીઠાં સપનાં તો હતાં નહીં, પછી સંસ્મરણો ક્યાંથી હોય? પ્યાર નહીં, પણ 'માર' – એ જ અમારા ઉછેરની અને ઘડતરની ગુરુચાવી, જેનો ભરપુર ઉપયોગ અમારાં બા (માતુશ્રી) કરતાં. જો કે એમાં એનો કોઈ જ વાંક નહોતો. ત્યારે 'પરીવાર–નીયોજન' જેવો ભારેખમ શબ્દ કોઈ શબ્દકોશમાંય નહોતો – ભાષામાં નવો શબ્દ પણ સંજોગને વશ જ જન્મે. મતલબ કે પ્રત્યેક ઘરમાં બાળકોની લંગાર. જો કે અમારા નાનકડા રાજગઢમાં ફકત અમારા ઘરમાં જ આવી બીનજરુરી વસતી, જો કે એવી 'બીનજરુરી'માં અમારોય સમાવેશ થાય! પરન્તુ આજે કવીવર જયન્ત પાઠકને 'બીનજરુરી' તો કેમ કહેવાય? બાકીનાં અન્ય ઘરોમાં તો કેવળ એકલવાયાં વૃદ્ધો જ જીવન વેંઢારતાં – જો એને 'જીવન' કહી શકાય તો! બાકી 'જીવન' શબ્દનું ગૌરવ ને મહત્ત્વ અમારે હજી તો જોવાનું, શીખવા–સમજવાનું હતું. હા, અમે જીવતાં ને જીવી ગયાં, એ અકસ્માતના સન્દર્ભે અમારું એ બાળજીવન ખરું. બાકી અમે નવનવ ભાઈબહેનો, ત્યારે મા પાસે એના હૈયાના સ્ટોકમાં અમારે માટે કેટલોક પ્યાર હોય કે તે અમારા પર ઢોળ્યા કરે? બે ત્રણ મોટાં બાળકોના ઉછેર દરમીયાન જ સ્ટોક ખતમ! તે જમાનાની લગભગ બધી જ માતાઓની છાતીમાંથી પ્યારનાં પયઃપાન સુકાઈ ગયેલાં જ હોય. પછી તો બે ટંક ખાવાનું મળે, એ જ બાળઉછેર. પીતાજી તો હું ખુબ નાનો હતો, સાતેક વર્ષનો ત્યારે જ ગુજરી ગયેલા, એટલે તેઓની કોઈ યાદ મનમાં છપાઈ કે છવાઈ નહીં. હા, ફક્ત એક જ પ્રસંગની ભજવણીથી પીતાજી યાદ રહી ગયા છે : એક દીવસ તેઓએ અમને બન્ને ભાઈઓને લાકડી મારીમારીને જમતાં જમતાં ઉઠાડી મુકેલા! પુરુષ–પીતા બાળકોને વહાલથી રમાડે, એવું વર્તન તે જમાનામાં તો કાપુરુષનું જ ગણાતું.

વહેલી સવારે ચારપાંચ વાગ્યે બા ભેંસો દોહતી હોય, એના મધુરા શ્રવણથી અમે પથારીમાં જરા આમતેમ સજીવતાની ખાતરી કરવા સળવળીએ. 'ચારપાંચ વાગ્યે' – એમ તો વર્તમાન અન્દાજથી, બાકી અમારા ગામ આખામાં કોઈનાય ઘરે ઘડીયાળ જ નહીં : જીવન વ્યવહાર સમયનાં બન્ધનથી સદન્તર મુક્ત! દા.ત. – દાદા નક્ષત્રો (હરણાં) જોઈને નદીએ નાહવા 'રામ–રામ' જપતા નીકળી પડે, ત્યારે ખરેખર તો એમના એ રામ જ જાણે કે કેટલા વાગ્યા હશે! ઘણીય વાર

ફરીયાદ કરે કે, 'હું તો ભઈ, નાહ્યા પછી ખાસ્સો કલાકેક નદીએ જ બેસી રહ્યો; પણ મારું બેટું વહાણું વાય જ નહીં ને!' કદાચ દોઢ બે વાગ્યે જ નીકળી પડયા હોય! હરણાં એટલે કે મૃગશીર્ષ નક્ષત્ર, જેની ગતીસ્થીતી બારેમાસ એકસરખી જ હોય એવો કદાચ દાદાનો ખ્યાલ! ખુબ મોડે મોડે પછી સામેવાળા ગણપતભાઈ (ગણપતરામ કાળીશંકર પાઠક) ટકોરાવાળું ઘડીયાળ લાવેલા. એના ટકોરા સાંભળવા એ તો અમારા બાલજીવનનો અનેરો રોમાંચ, રોમાંચક મનોરંજન! ખાસ એ સાંભળવા દોડીએ!

બા પણ એમ જ વહેલી સવારે ઉઠી જાય. રોજ ભેંસો તો દોહવાની હોય જ ને? ત્યારે રહેવાનાં ઘરોનાં એક પડખે જ ઢોર બન્ધાતાં, જેને 'કોઢ' કહેતા. છાણમુતરની ગન્ધથી અમારી બધાંની જ નાસીકા પાકી ટેવાઈ ગયેલી. પણ માણસ એકલું દુધ પીને થોડો જીવી શકે? રોટલાય જોઈએ. અમારા ઘરમાં રોજનો દોઢ શેર લોટ વપરાય. એટલે બાપડી બા એ જ વહેલી સવારે પાછી ઘંટીય તાણે. ઘંટીના ઘોર સુણી ઉંઘ આવી જાય એવા મીઠા એ લાગે – એમ કહેવાય છે તો ખરું; પણ મને તો પાકી ને પુરી ન સમજાય એવી બાની દયા જ આવે, જો કે આજે બરાબર સમજાય છે કે, ત્યારે અમારા નીચલા મધ્યમ વર્ગનાં કુટુમ્બોમાં દીનભર તનતોડ શ્રમ અને ચીન્તા અને દુઃખ, એ જ સ્ત્રીનું જીવન. એની અન્ય કોઈને ફીકર ચીન્તાય ના હોય, ત્યાં લાગણી કેવી ને કેવી દયા? એમાંય મારી બા તો બાપડી નવ જ વરસની બાલ્યવયે પરણીને આ સાસરે આવેલી ને પાંત્રીસની ઉમ્મરે તો વીધવા! ઘરનું મરણતોલ વૈતરું કરતાં કરતાં, વધારામાં એણે અમને નવ ભાઈ–બહેનોને આ દુનીયાનું અજવાળુંય દેખાડેલું. ખ્યાલ તો કંઈક એવો છે કે અમે નવ નહીં; દસ ભાઈ–બહેનો હતાં. પણ એક ભાઈ નાની ઉમ્મરમાં જ ગુજરી ગયેલો. ચોખા ખાંડવાના, દાળ પાડવાની, બાર માસનું અનાજ સાફસુફ કરીને, મોવીને કોઠીઓમાં ભરવાનું, વાર–તહેવારે પૌંઆ ખાંડવાના, હોળીએ ધાણી–ચણા શેકવાના, મઠીયાં–પાપડ વણવાનાં, ગાર ગુન્દવાની ને સરસ ઓકળીઓ પાડીને ઘર આખું લીપવાનું. દીવાલો ધોળવાની વગેરે વગેરે અપરમ્પાર ફરજો – યન્ત્રો તો હતાં નહીં; એટલે એક માત્ર સુલભ યન્ત્ર તે બાપડી ગૃહીણીનો બે હાથવાળો નારીદેહ!

આવી ઉપેક્ષીત દુઃખીયારી નીરાધારીમાં, અમારો બાળકોનો ખરો વાલી–વડીલ તે વગડો. જંગલનાં ઝાડવાં ને જાળાં, નદીની કરાડો ને કોતરો, નીતર્યું, કાચ જેવું સ્વચ્છ નીર્મળું પાણી ને શીતળ–હુંફાળું રેતાળ ભાઠું – એ જ અમારાં મા–બાપ, ભાઈભાંડુ કે દોસ્તો! ઝાડ ઉપર ચઢીએ, ત્યારે માની હુંફાળી ગોદમાં લપાયા હોઈએ, એવો આશ્વાસક આત્મીય અનુભવ થાય. એ જ રીતે નદીના ભાઠામાં અલમસ્ત પડ્યા રહીએ, ત્યારે માનો ખોળો કેવો વહાલસોયો હોય એની આછેરી કલ્પના પ્રગટે. અમને જંગલ જ ઘર લાગે એવા અમે જંગલી, ઝાડવાં જ અમારાં દોસ્ત! આજેય વન–પર્વતનાં દર્શન મને જીવન્ત અસ્તીત્વનો અનુભવ આપે. જયન્તભાઈ અર્થાત્ કવી જયન્ત પાઠકે તો કાવ્ય પણ લખ્યું છે : ‘થોડો વગડાનો શ્વાસ મારા શ્વાસમાં!’ જે મનેય લાગુ પડે. ગામની પુર્વ દીશામાં ગાઢ જંગલ, તે અમારા ઘરથી એક પથ્થરવા જ છેટે.

મારું મગજ પહેલેથી જ ઘણું અટપટું : એક બાજુ નાજુક લાગણીઓ અને ભાવનાઓ પીડે, પણ એની રુંધાયેલી અભીવ્યક્તી તોફાનોથી! આમ બીજી બાજુ હું, માનીય ન શકાય એવો એક જાલીમ તોફાની છોકરો, કઠોર, લાગણીહીન અને સાવ અળવીતરો, અવીચારી, ગામલોકોય મારાથી સાવચેત રહે. ઘરમાં ને બહાર તોડફોડ કરી પાડું અને એમ, ગામ આખાની ફરીયાદો ઘરે લાવું. બા પણ બીચારી શું કરે ? મને ફટકારે, એટલે ગામ લોકો ચુપ! ફળીયામાં સુતેલાં કુતરાંની પુંછડીઓય ખેંચું ને ગધેડાને પુંછડે ડબ્બો બાંધી દોડાવું, કોઈનું ગાડું નીકળે, તો ચઢી બેસું અને પછી ગાડાવાળો ગાળો આપીને હાંકી કાઢે ત્યારે પાછો બા આગળ ફરીયાદ કરું... ગામના દોસ્તો સાથે ને ઘરનાં ભાઈભાંડુ સાથેય મારામારી કરું ને પછી રડારોળ! સુતેલાં બાળકોને છંછેડીને જગાડું ને રડાવું, બા પાસે વારંવાર ખાવાનું માગું ને પછી ખાવા તો માર જ મળે! કોઈના વાડામાં ઘુસી, બોરડી કે જમરુખી ઝુડું ને છાનોમાનો ખાઈ જાઉં. ઘરમાં ઢાંકેલું–ઢબુરેલું ચોરીને ખાઈ જાઉં. નીશાળે જવાનું મને ગમે જ નહીં; સમજાવી–પટાવીને ખીસ્સામાં કશુંક ખાવાનું ભરી આપીને બા નીશાળે મોકલે, તો રસ્તામાં જ બધું ઝાપટીને પાછો આવું. બા બીચારી કેવી તીવ્ર પીડાતી હશે, એની કલ્પના હવે મને આજે અસહ્ય પીડે છે. ત્યારે તો બા શું કરે, વઢે : ‘મુઆ, ભણીશ

નહીં, તો ભાભીનાં ઠુંહા ખાઈને ઓશીયાળો પડી રહેજે!' થોડો ઉલ્લેખ આગળ આવી ગયો. અને મારી એ પરાક્રમ ગાથા, આજના રમણ પાઠકને ઓળખનારા તો માની શકે જ નહીં – ટોટલ મેટામોર્ફોસીસ!

હકીકતે તો, આવાં બધાં જંગલી તોફાનો એ મારી આન્તરીક અસ્વસ્થતા, મુંઝવણ અને હૈયા–પીડનનો જ આવીર્ભાવ હશે – હતો. હું કેવળ ઉપેક્ષીત તથા નીરાધાર, દુઃખીયારો બાળક, જ્યારે દુનીયાને જોઈને મનમાં કશીક ન સમજાય એવી પીડા–મુંઝવણની લાગણીઓ ઉમટે, જે અન્દર ને અન્દર પાછી ગુંગળાયા કરે, એને કોણ સાંભળે ને કોણ સમજે? ત્યાં સહાનુભુતીની તો આશા જ કેવી? હું ફક્ત મનોમન રીબાયા કરું. મારું મન ઘણું જ વીચીત્ર કુતુહલ, ભય અને બાલીશ સેક્સના ઓઘ એમાં ઉછળ્યા કરે. એવું અન્યત્ર કરેલું વેધક વર્ણન અત્રે થોડું ટાંકું :

રાત્રે ઠરતી ચીન્તા જેવા તાપણા ફરતે બેઠેલાં સ્ત્રીપુરુષો ભેગાં મળીને ભુતપ્રેત ને વ્યભીચારની વાતો કરે છે. બધાં જાતે જ પ્રેત જેવાં લાગે છે. અહીં દરેક માણસ વ્યભીચારી છે, દરેક માણસ મરીને ભુત થાય છે. મને ઉંઘ આવતી નથી. મોટા માણસોની વાતો વચ્ચે બેસવાનો મને હક્ક નથી. આંખ મીંચીને ખાટલામાં પડયો પડ્યો ગુપચુપળ વ્યભીચારની ને ભુતપ્રેતની રહસ્યમય બીહામણી વાતો સાંભળ્યા કરું છું. વ્યભીચારની વાતો થોડીઘણી સમજાય છે. ભુતપ્રેતની વાતોથી અંગેઅંગ ભય પ્રસરી જાય છે. હું ધ્રુજી ઉઠું છું. બધાં સુઈ જાય છે. પછીય મને ઉંઘ નથી આવતી. રાત્રે ઉઠવું પડે છે. બાને બુમ મારું છું. બાની ઉંઘ બગડે છે. બા મને વઢી કાઢે છે. હું ભયનો માર્યો ગોદડામાં ગોટપોટ લપાઈ જાઉં છું. ગાયત્રી મન્ત્રનો જાપ જપવા લાગું છું. ભય દુર નથી થતો. મને પથારીમાં જ પેશાબ થઈ જાય છે. સવારે માર પડે છે.

દીવસે પણ બીક લાગે છે. દુર હારબન્ધ ઉભેલા ભુખરા ડુંગરા જોઉં છું. કશું સમજાતું નથી ને મનમાં ને મનમાં ગુંગળાઉં છું. સુરજ ઉંચો ચઢે છે ને નદીનાં કાળાં બન્ધીયાર પાણી વધારે કાળાં ને ઉંડા લાગે છે. એમાંથી સડતાં પાન્દડાંની વાસ આવે છે. કોતરોમાંથી લપાતાંછુપાતાં શીયાળવાં પાણી પીવા ઉતરી પડે છે. કાળા

માણસો કમરબુડ પાણીમાં ઉભા ઉભા માછલીઓ પકડે છે. સ્ત્રીઓની ખુલ્લી છાતી જોઈને જબરું કુતુહલ થાય છે.

નદીમાં સ્મશાન છે. સામે કાંઠેથી મુડદાં આવતાં દેખાય છે. ડાઘુઓ ઝાંઝમૃદંગ વગાડતા ગાતાગાતા ચાલી આવે છે. ક્યારેક મડદું ઠાઠડીમાં બેસાડેલું હોય છે. મને મડદાંની બહુ બીક લાગે છે, ગભરાઈ જાઉં છું. બા મને ખાટલામાં સુવડાવીને રામરક્ષાસ્તોત્ર બબડે છે. ચીતાના લાલ ભડકા ટેકરા ઉપરથી સ્પષ્ટ દેખાય છે. રાત્રે મસાણમાં ભુતભડકા દોડે છે. ચકલે ઉભી રહીને સ્ત્રીઓ છાતી કુટે છે ને રાજીયા ગાય છે. કેટલીક આળોટી પડે છે. મને મૃત્યુ ખુબ રહસ્યમય લાગે છે, મૃત્યુની ખુબ બીક લાગે છે. ગામની એકેએક બુઢ્ઢી સ્ત્રી ડાકણ છે. મેલી વીદ્યા સાધે છે ને બાળકોને ખાઈ જાય છે. કાળી ચૌદશની રાતે મસાણમાં લોકો મેલી સાધના કરવા જાય છે. એ જોવા જવાની હીમ્મત મારામાં નથી, કોઈનામાંય નથી. સવારે રેતીમાં કોડીયાં ને વડાં પડેલાં દેખાય છે. બેસતા વરસની અન્ધારી રાતે ગામને પાદર બકરું વધેરવામાં આવે છે. અમે જોવા જતાં નથી. બકરાનું કરુણ, લાચાર, રુદન સંભળાય છે. ભુવા ધુણે છે. સવારે બકરાના પગનું તોરણ લટકાવેલું જોવા મળે છે. (પહેલાં દરેક ગામડાની ભાગોળે આવાં તોરણ લટકાવવામાં આવતાં, ગામમાં ભુત–પ્રેત કે રોગચાળો ન ત્રાટકે એવી માન્યતાથી)

મને સ્ત્રીઓની બીક લાગવા માંડે છે. સ્ત્રી મને મારા કરતાં કોઈક જુદું જ, વીચીત્ર પ્રાણી લાગે છે. એના વીશે મનમાં ખુબ કુતુહલ જાગે છે, ન સમજાય એવું. કદાચ લોભામણું કુતુહલ. હું ઓટલે બેઠો બેઠો ચોમાસાનાં કુતરાં જોયા કરું છું. ગામમાં માણસો કરતાં કુતરાં વધારે છે. ચોમાસામાં એમની વસતી એકદમ વધી જાય છે. છોકરીઓ શરમથી મોં આડાં ફેરવી જાય છે. મોટા મોટા કુતરાઓ એકબીજા સાથે ખુનખાર લઢે છે, લોહીલુહાણ થઈ જાય છે. કુતરીઓ ભાતનાં શકોરાં ચાટતી નીર્લેપ ભાવે જોયા કરે છે. મને કુતરાઓની દયા આવે છે. બકરો બકરીનો પીછો કરે છે. બકરી જીવ લઈને ભાગે છે. મનમાં ને મનમાં ભગવાનની અવળચંડાઈને ભાંડું છું. બકરાની પણ મને દયા આવે છે. મને આ બધું વીચીત્ર જ નહીં; ભયકારક લાગે છે.

દીવસભર દુનીયાનાં જાતજાતનાં રહસ્યો વીશે વીચાર્યા કરું છું ને મુંઝાઉં છું. કોઈને પુછાતું નથી, કોઈ જવાબ પણ આપતું નથી. બધા મને ગાંડો કહે છે.

અમે છોકરીઓ સાથે જાતજાતની રમતો રમીએ છીએ. મોટા ભાગની કઢંગી હોય છે. ક્યારેક તો છોકરીઓને પરાણે એવી રમતમાં ખેંચવી પડે છે. અમને એમાં વધારે રસ આવે છે. ગામના બધા જ નાના છોકરાઓ ગન્દી વાતો વીશે ઘણું ઘણું જાણે છે. તેઓ મને એવું બધું શીખવે છે. મને મજા નથી આવતી, પાપનો ડર લાગે છે. જરા મોટા છોકરાઓ એકાન્ત જોઈને છોકરીઓને વળગી પડે છે. મારામાં એવી હીમ્મત નથી; પણ એ જોવાનું મને ગમે છે. છોકરીઓ ચીસો પાડે છે ને અમે બધા ભાગી જઈએ છીએ. પછી બાપુજીઓ અમને મારે છે. મને પણ વગર વાંકે માર પડે છે. પછી બધાં બધું ભુલી જાય છે. પણ મારા મનમાં રહસ્યમય બીક ભરાઈ રહે છે.

નીશાળમાં અમારી સાથે બે ચાર છોકરીઓ પણ ભણે છે. આઠદસ વર્ષના અમે આઠદસ વર્ષની છોકરીઓ સામે કુદષ્ટીથી જ જોઈએ છીએ. અમે સીનેમાનું નામ સાંભળ્યું નથી. કોઈ દેશીપરદેશી ચોપડીઓ વાંચી નથી. છતાં પ્રેમ કરતા અમને આવડી ગયું છે. અમને પ્રેમ કરવાનું મન થાય છે. અમે લાગ જોઈ ચુમ્બન કરી લેવાની યોજનાઓ ઘડ્યા કરીએ છીએ. મોટા છોકરાઓ તેમ કરી પણ આવે છે. તેઓ પોતાનું પરાક્રમ વર્ણવે છે. હું ડરપોક છું. મને ખુબ લાગી આવે છે. હું હતાશ થઈ જાઉં છું.

અહીં બધું રહસ્યમય અને ભયંકર છે. રાત ઘણી બીહામણી છે. રાતે કોઈનો કોઈ પુરુષ છીનાળું કરવા નીકળે જ છે ને ઘરમાં એના વીશે ઘુસપુસ વાતો ચાલે છે. અન્ધારી રાતે પાદરના વડ ઉપરથી સળગતા કોલસા ખરતા દેખાય છે, જો કે મને કદીય એ દેખાતા નથી. સ્ત્રીઓ અને બાળકોને વારંવાર ભુત પેસી જાય છે. તેઓ બીમાર પડી જાય છે ને પછી ધુણે છે. ધુણતાં ધુણતાં જાતજાતનું રહસ્યમ બોલે છે. બાપુજી હનુમાનચાલીસાનો પાઠ કરે છે ને પછી હનુમાનજી જેવા ઉછાળા મારતા

ભુતને ભયંકર માર મારે છે. ભુત દયામણું બોલે છે, રડે છે ને પછી ચાલ્યું જાય છે. મને ભુતની ખુબ બીક લાગે છે ને બાપુજીની પણ બીક લાગે છે. મને ક્યારેય ભુત પેસી જતું નથી. ખુદ બાપુજીને પણ ઝંડ પેસી જાય છે. તેઓ લુંગી વાળીને મુસલમાન જેવા ચાળા કરે છે. દાદા કાલાવાલા કરે છે ને ઝંડ ચાલ્યો જાય છે. તે મન્ત્રેલું પાણી આપતો જાય છે. દાદા ઘરમાં મન્ત્રેલું પાણી છાંટી દે છે. મને એ પાણીની પણ બીક લાગે છે. એમાં પગ ન પડી જાય એમ દીવસો સુધી બચાવી બચાવીને ચાલુ છું. રાત્રે માણસોને સાપ કરડી જાય છે. સાપ ઉતારનારા બડવા ડાકલું વગાડતા ભયંકર કીલકારીઓ કરે છે. દુરથી સંભળાય છે ને રાતના કાળા અન્ધારામાં છળી મરાય છે. દુર દુરના ગામડામાં ભજન બેસે છે. રાતભર મૃદંગનો એકધારો અવાજ સંભળાયા કરે છે. બીકથી ઉંઘ ઉડી જાય છે. તાવના વાવડમાં માણસો માતાનો રથ કાઢે છે. કોટમાં પીળી માળા નાખેલું બકરું તગેડતા, ધુણતા મન્દીરે જાય છે ને માતાજીને માટીના ઘોડા ચઢાવે છે. બળીયાના વાવડ ફાટી નીકળે છે. શીતળાનાં ચાઠાંવાળાં બાળકોને ઉંચકીને માણસો ઝાંઝ વગાડતાં, ગાતાં–ગાતાં બળીયાદેવને પગે લગાડી આવે છે.

છોકરીઓ નદીમાં નાહવા પડે છે. હું છાનોમાનો કુતુહલથી એમને જોયા કરું છું. એમના ઉપસતાં સ્તન જોઈને મને ખુબ આશ્ચર્ય થાય છે. તેઓ ઢાંકવાની કોશીશ કરે છે. શા માટે? મને નથી સમજાતું. હું પણ એમની સાથે નાહવા પડું છું. એમને સ્પર્શી લેવાનું મને ખુબ જ મન થઈ આવે છે. ખુબ બીક લાગે છે. ક્યારેક હીમ્મત કરી નાંખું છું. આખા શરીરમાંથી એક વીચીત્ર પ્રકારની ઝણઝણાટી પસાર થઈ જાય છે. છોકરીઓ મને એમની સાથે રમવા નથી દેતી. ક્રુર થઈને હાંકી કાઢે છે. મોટી સ્ત્રીઓ તો સાવ નગ્ન થઈને નદીમાં નાહવા પડે છે. આધેડ પુરુષો કતરાતી નજરે એમને જોતા ચાલ્યા જાય છે. હું ઝાડ ઓથે છુપાઈને એમને જોયા કરું છું. શરીરમાં ભયંકર સળવળાટ થઈ આવે છે. હું ઝાડ સાથે મારી જાતને દબાવું છું.

અમે છોકરાઓ ઝાડીમાં સન્તાઈને એકલા એકલા 'અજુગતું' રમીએ છીએ. અમને કોઈ પુછતું નથી, કોઈ રોકતું નથી. અમારી પાસે બીજું કંઈ રમવાનું

પણ નથી. જરા મોટા છોકરાઓ જાતજાતની વાતો કરે છે. બહારની દુનીયા વીશે અમે કશું જાણતા નથી. ફકત આટલું જ જાણીએ છીએ, અને એથી એ જ બોલીએ છીએ ને એ જ રમીએ છીએ. રાત્રે ઘરમાં ભુત–પ્રેતની, તો ક્યારેક ઈશ્વરના ચમત્કારોની વાતો સાંભળું છું. દબાયેલા અવાજે થતી છીનાળાની વાતો પણ સાંભળ્યા કરું છું. દીવસે નદીકાંઠે, ઝાડીમાં સન્તાઈને અમે એવી જ વાતો કરીએ છીએ. હીમ્મતબાજ છોકરાઓ પોતાનાં પરાક્રમોની વાતો કહે છે. રાત્રે દાદાને મોંએથી સાંભળેલી ભગવાનની વાતો ત્યારે યાદ આવી જાય છે. મને થાય છે, હું ખુબ પાપી આત્મા છું. ટેકરા ઉપર દેશી દારુની દુકાન છે. પાસેથી પસાર થતાં દારુની વાસ આવે છે. મને ખુબ મીઠી લાગે છે. અમને શીખવવામાં આવે છે કે દારુ બહુ જ બુરી ચીજ છે. છતાં મને દારુની વાસ ગમે છે. બીડીની વાસ પણ ગમે છે. ખરેખર હું ખુબ પાપી માણસ છું...

તેઓ સમજાવે છે, આવું આવુ કરે તો બાળક થાય. મારે ગળે ઉતરતું નથી. હું વીરોધ કરું છું. ગામના સારા સારા માણસોના દાખલા આપું છું, 'આવા સારા માણસો તે આવું ખરાબ કામ કરતાં હશે?' તેઓ મને મુરખ કહે છે ને મારે છે. છતાં મને લાગ્યા કરે છે કે તેમના કરતાં મારામાં ઘણી વધારે બુદ્ધી છે. તેઓ બધા ખુબ બળવાન છે, હું કદીય ન કરી શકું એવાં પરાક્રમો તેઓ હસતારમતા કરી આવે છે. મને મારી જાત ખુબ હીણી લાગે છે. હું વીચારું છું એવું અહીં કોઈ વીચારતું નથી. મને સમજાય છે એવું અહીં કોઈનેય સમજાતું નથી. બધા મને ગાંડો કહે છે. મને પણ શંકા થાય છે કે જરુર મારામાં કંઈક ખોડ છે. હું બધાની વચ્ચે ઓશીયાળો ઓશીયાળો ફરું છું. કોઈ મને વખાણતું નથી. વહાલ કરતું નથી. વખાણના લાગણીભર્યા એક શબ્દ માટે હું તરફડું છું. તે શબ્દ ક્યાંયથી નથી મળતો. બધાં તરછોડે છે, તીરસ્કારે છે. મારે છે. બહારની રુપાળી સ્ત્રીઓ મને અવગણે છે ત્યારે વળી ખુબ લાગી આવે છે, રડવું આવી જાય છે. રુપાળી સ્ત્રીઓનું મને ખુબ આકર્ષણ છે. પણ એમની મને બીક લાગે છે. એમની સાથે બોલવાની પણ હીમ્મત નથી થતી. કોઈ અમસ્તીય મને બોલાવે તો ખુબ આનન્દમાં આવી જાઉં છું, તેમની મહેરબાની મેળવવા જાતજાતનાં કામ કરી છુટું છે. તેમની આગળ શરમાતો શરમાતો ચાંપલી

વાતો કરવાની હીમ્મત કરું છું. તેમની નજર, તેમનું સ્મીત, તેમનો અકસ્માત મળી જતો સ્પર્શ મને ધન્ય બનાવી દે છે. લગ્નપ્રસંગે સારાં સારાં વસ્ત્રો પહેરીને છોકરીઓ ઉત્સાહથી હરેફરે છે, ગીતો ગાય છે. એ બધું જોઈને મને તીવ્ર વેદના જ થાય છે. પ્રસંગનો આનન્દ હું ક્યારેય માણી શકતો નથી. છોકરીઓ ગૌરી વ્રત કરે છે, નવાં ચણીયાચોળી ઉપર નવી ઓઢણી ઓઢે છે, નદીએ નાહી આવે છે, વાળ છુટ્ટા રાખીને ફરે છે એ જોવાનું ખુબ ગમે છે. પણ બધું કોણ જાણે કેમ કરુણ અને અર્થ વગરનું લાગે છે.

મોટા માણસો મને બીલકુલ પુછતા નથી. તેમના મનમાં મારી બુદ્ધીની કંઈ જ કીમ્મત નથી. હું મારી બુદ્ધી બતાવી આપવા એમની આગળ અસમ્બદ્ધ વાતો કરું છું. તેઓ મને કામ સોંપે તો સારું લાગે છે. મારી મુર્ખતાને હસે તો પણ ગમે છે. મોટે ભાગે તેઓ મને અવગણે છે અથવા ક્યારેક અપમાન કરીને કાઢી મુકે છે અને ત્યારે વળી ઓર વધુ દુ:ખ થાય છે.

કુદરતની રમણીયતા મને ગમે છે, પણ એ જોઈને કદીય આનન્દ, શાન્તી કે ઉત્સાહનો અનુભવ નથી થતો. મુંઝવણ અને ભય જ અનુભવાય છે. આકાશ, સુરજ, તારા, સવાર, સાંજ, ડુંગર જંગલ, નદી, તળાવ, ખેતર, પ્રાણીઓ, પક્ષીઓ, માનવી બધું ભારે ગુઢ રહસ્યમય લાગે છે ને ન સમજાય એવી ગભરામણ થાય છે. રમણીયતા ને કરાલતા હમ્મેશાં સેળભેળ થઈ જાય છે. રાત્રે એકધારો વરસાદ વરસ્યા કરે છે. છાપરું બીહામણી રીતે ખડખડે છે. એકધારું પાણી પડ્યા કરવાનો અવાજ ગુંગળામણ પેદા કરે છે. નદીમાં ભારે પુર ચઢે છે. ઘુઘવાટ સંભળાયા કરે છે ને રાત વીકરાળ લાગે છે. દાદા બે કલાકમાં સોળ ઈંચ પાણી પડી ગયાની વાત યાદ કરે છે. કુદરત ક્રુર અને બીહામણી લાગે છે. આશ્ચર્ય અને ભયથી રેલનાં ટનબન્ધ વહી જતાં પાણી જોઈ રહું છું. ચાન્દનીમાં મને વેદનાભરી, ઝંખનાભરી મુંઝવણ થાય છે. બધું સુન્દર; છતાં પરાયું લાગે છે. મારે કશુંક જોઈએ છે, આ બધું કેવળ જોઈને ન માણી શકાય એવી કંઈક ન સમજાય એવી વીચીત્ર લાગણી થયા કરે છે. હું ઉદાસ થઈ જાઉં છું. ડુંગરાના દુર્ગમ ઢોળાવ ચાન્દનીમાં ઘણા જ રળીયામણા લાગે છે.

નદીના ભાઠામાં કાંઠાના ઝાડના કાળા પડછાયા પડે છે. નદી રમણીય કરતાં વધુ તો ભયપ્રેરક લાગે છે. ચાન્દનીમાં ખેલવા નીકળેલી ચીબરીઓ ને તાપુડીઓના ચીં.. ચીં... ને ટપ્ ટપ્ અવાજ અવારનવાર સંભળાઈ જાય છે, ઈર્ષ્યા ને ઝંખનાની લાગણી જાગે છે. બેસુમાર ફુલો ખીલે છે. મને ફુલ ચુંટવાની ક્યારેય ઈચ્છા નથી થતી. એ જોયાં પણ જતાં નથી. સુંવાળી ધુળ ઠંડી ને મીઠી લાગે છે. એના ઉપર વૃક્ષોના ચાન્દ્ર પડછાયા પડે છે. એમાં આળોટવાનું મન થાય છે; પણ એથી શાન્તી કે આનન્દ મળશે એવી ખાતરી નથી થતી. કશું નીરપેક્ષ માણી શકાતું નથી ને અપેક્ષા પુરી સમજાતી નથી. મન મુંઝાયા કરે છે. વાડો પીળાં પીળાં ફુલોથી છવાઈ જાય છે. ધરતીમાંથી ઓસરતા ભેજની મીઠી સુગન્ધ આવે છે. નદીનાં પાણી એકદમ નીર્મળાં કાચ જેવાં વહે છે. સાંજના અમે છોકરીઓ સાથે આંગણામાં રમીએ છીએ. ધુળના માતાજી બનાવીએ છીએ ને પીળાં ફુલોથી શણગારીએ છીએ. બધું વીષાદપુર્ણ લાગે છે. સાંજ સૌથી ઉદાસ, ખીન્ન અને નીરાશાપ્રેરક લાગે છે.

શીયાળામાં બપોરના સુર્ય બરાબર વાડાની આંબલીને માથે આવે છે. એનાં દખણાદાં કીરણો સીધાં અમારા વાડાને ઓટલે ઉતરી આવે છે. હુંફાળા તડકામાં બેસી રહેવાનું મન થાય છે; પણ વખત પસાર કરવાનું મુશ્કેલ લાગે છે. ખાલીખમ આકાશ જોઈને મન ઉજ્જડ થઈ જાય છે. પાન્દડાં વગરનું શીમળાનું તોતીંગ ઝાડ ઢોરના હાડપીંજર જેવું ભયંકર લાગે છે. તાપના દીવસોમાં દુરના ડુંગરાઓમાં અચુક દવ લાગે છે. અન્ધારી રાતે અવીરત સળગ્યા કરતા ડુંગરા ખુબ ભય અને આશ્ચર્ય પ્રેરે છે. ઉંઘ નથી આવતી ને બીહામણાં સ્વપ્નાં દેખાયા કરે છે. દોસ્તો સાથે મસાણમાં ફરવા જવાની હીમ્મત કરું છું. ચીતા જલતી હોય ત્યારે નથી જતો. મસાણમાં રાખની ઢગલીઓ કરીને ઉપર પાણીનો કોરો ઘડો મુકેલો હોય છે. કશું સમજાતું નથી. નદીનું કાળું પાણી મૃત્યુ જેવું જ રહસ્યમય લાગે છે. હું ખીન્ન, ભયગ્રસ્ત જેવો થઈ જાઉં છું. સ્ત્રીઓનો અવાજ મીઠો હોય છે ને ચહેરા ચોખ્ખા હોય છે. મારા કરતાં તેઓ કંઈક ઉંચી જાતનાં પ્રાણીઓ લાગે છે. ભગવાને મને સ્ત્રી ન બનાવ્યો અને મને દુ:ખ થાય છે. લોકો અહીં સ્ત્રીઓને હલકી ગણે છે; છતાં પુરુષોને સ્ત્રીઓ વીશે ખુબ રસથી લોભામણી વાતો કરતા સાંભળું છું.

અમે બધાં જ ગરીબ છીએ. બીજાં અમારાથી ઓર વધુ ગરીબ છે. બાળકોને જીવડાવવામાં જ માબાપો મરી પરવારે છે. ડોસાઓ રસ્તા ઉપર જ ભુખે તરફડી પડે છે ને મરી જાય છે. રોજ એકાદ મરેલા ઢોરને ચમારો ચાર પગે ઉંધું બાંધી, લટકાવીને કોતરમાં ઢસડી જાય છે. મરેલા કુતરાને પગે દોરડી બાંધીને ખેંચી જાય છે. ધુળમાં એનો ચીલો પડે છે. એ ચીલો ઓળંગતાં અમને ખુબ ડર લાગે છે. ભુલથી પગ પડી જાય છે ને બીકથી કમ્પી જાઉં છું. કોતરમાં જવાનું કુતુહલ થાય છે ને ઢોરોનું અકબન્ધ પડેલું ઉઘાડું, બીહામણું હાડપીંજર જોઈ ગભરાઈ જાઉં છું. મરણ જ ડરામણું ને ગેબી લાગે છે.

બે ખેતરવા દુર જંગલમાં શીવનું મન્દીર છે. અમે એને મહાદેવ કહીએ છીએ. અમે વારંવાર ત્યાં જઈએ છીએ ને રાત્રે પાછા ફરીએ છીએ. પાતળો રસ્તો, ગાઢા, અન્ધારા જંગલમાં પડેલા ચળકતા સાપ જેવો લાગે છે. રસ્તામાં કોતરો આવે છે. શીયાળવાં ને રાની બીલાડાં આડાં ઉતરે છે. એમની ચીસો સંભળાય કરે છે. કાળી ચૌદશે હનુમાનને તેલ ચઢાવવા પણ સાંજે એ જ મન્દીરે જઈએ છીએ. ઘરમાં ભુતપ્રેત ન પેસી જાય માટે હનુમાનના દેહ ઉપરથી ‘મળી’ ઉતારી લાવીએ છીએ. અન્ધારી રાતે પાછા ફરતાં કાળી ચૌદશની રાતનું અન્ધારું ને જંગલ વધારે વીકરાળ લાગે છે. શંકરના મન્દીરનું ગર્ભાગાર અન્ધારીયું, બન્ધીયાર છે. અન્દર સતત વાસી ફુલોની ભેજવાળી વાસ આવે છે. અન્ધારામાં સ્થીર જલતો ઘીનો દીવો પણ અન્ધારીયો લાગે છે. ઝાંખા પ્રકાશમાં શંકરની તામ્રમુર્તીની કોડીની ત્રણ આંખો ભયંકર તગતગે છે. મન્દીરનાં શંકુ આકારના ઘુમટમાંથી ગર્ભાગારમાં પડતું એક બાકોરું ચણવામાં આવ્યું છે. એમાંથી પ્રકાશ નથી આવતો. એ બાકોરામાં સપડાઈ જવાની, ગુંગળાઈ મરવાની વીચીત્ર બીક લાગે છે. પુરાણું, અવાવરું મન્દીર ખરેખર ભયંકર છે. (એ વૈજનાથનું મન્દીર હવે સુધરી ગયું છે, જંગલ કપાઈ ગયું છે.)

શીવાલયની પાછળ ઉંડું કોતર છે. એમાં ગીચ ઝાડી ઉગી નીકળી છે. એમાં દીવસેય પ્રવેશવાની હીમ્મત કરતો નથી. ચોતરફ નાની નાની સમાધીઓ છે. એમાંની એકમાં ભૈરવગર બાવાએ જીવતી સમાધી લીધી હતી. હજીય કાન માંડતાં

એમાંથી ‘ઓમ્... ઓમ્’ એવો અવાજ સંભળાય છે એમ લોકો કહે છે. હુંય કાન માંડું છું. કશું સંભળાતું નથી. માત્ર જીવતી સમાધીના વીચારથી ભારે ગુંગળામણ થાય છે. ઓતરાદા છેડે પીરની દરગાહ છે. એના ઉપર ચાદર ઓઢાડે છે, સાંજના ધુપ સળગાવે છે. જામતી રાતમાં ધુપની સુગન્ધ આખાય જંગલમાં પ્રસરી જાય છે. પાછળ નદી કાંઠે, ઉંચી ભેખડ ઉપર મહાદેવનો કાચલો છે. ત્યાંથી પાછું મસાણ દેખાય છે. રાતે કોતરોમાં લપાયલા ઘુવડ ઘુ... ઘુ... અવાજ સામસામા કર્યા કરે છે.

સાંજે અમે બધાં ભેગાં મળી દેવ આગળ પ્રાર્થના કરીએ છીએ. ભાઈ ઈશ્વરનો મહીમા ગાય છે, ઈશ્વરની અકળ લીલા સમજાવે છે. ભાઈને ઈશ્વરમાં ખુબ શ્રદ્ધા છે. મને ઈશ્વરની લીલા અકળ લાગે છે; પણ એથી જ શ્રદ્ધા ઉઠતી જાય છે, જે અગાઉ ભાગ્યે જ બેઠી હોય છે.

મને વાંચવાની ટેવ પડે છે. હું વેદ, ઉપનીષદ, પુરાણો ને ગીતા વાંચું છું. બ્રાહ્મણબન્ધુઓ વેદની ઋચાઓનો પાઠ કરે છે, જે વેદના થાય એવો મીઠો લાગે છે ને અસ્વસ્થ થઈ જાઉં છું. નવરાત્રીમાં ગામને પાદર હવન થાય છે. ચંડીપાઠનું ગાન મને ખુબ અસ્વસ્થ કરી મુકે છે. હું કમ્પી ઉઠું છું. બધાં કહે છે, છોકરામાં માતાજી પધાર્યાં. રામાયણ, મહાભારત વાંચવામાં મને રસ નથી પડતો. દાદા રામાયણ–મહાભારતની વાતો કહે છે. મને એ બધી અર્થહીન અને નીરસ લાગે છે. ઉપનીષદોમાં આત્માની અમરતાનાં વર્ણનો આવે છે એ ખુબ બેહુદાં લાગે છે. મને કાળની વીકરાળ પ્રવૃત્તી જ આકર્ષે છે ને રડાવે છે.

હું પહાડોમાં રખડું છું ને પુરાણા ખંડેરોમાં ભટકું છું. મસ્જીદના અગણીત થાંભલા, ઉંચા ઉંચા મીનારા, ચીરાડોવાળા ઘુમ્મટો, ખંડીયેર રાજમહલો, રુપસુન્દરીઓનાં જનાનખાનાં, રાજારાણીનાં અવાવરું સ્નાનગૃહો, દરવાજાની કમાનોના પડું પડું થતા હજાર વર્ષ જુના પથ્થરો, તોપગોળાથી ટોંચાઈ ગયેલી કીલ્લાની પુરાણી દીવાલો અનાજના કોઠારો, પાણીના કુંડો, કાળી બન્ધીયાર વાવ, પર્વતની સીધી કરાડો ને ઉંડી ખીણો – બધું જોવામાં ખુબ રસ પડે છે ને ઉંડા

વીષાદમાં ગરક થઈ જાઉં છું. (વર્ણન પાવાગઢનું છે) ઈજીપ્ત, બેબીલોનીયા ને મોંહે–જો–દડોની કાળવીલીન સંસ્કૃતીઓ વીશે વાંચુ છું. ઈશ્વરની નહીં; કાળની ભયંકર લીલા સમજાય છે ને નથી સમજાતી. એકલો એકલો ગુંગળાઉં છું. ઉત્ક્રાન્તીનો સીદ્ધાન્ત વાંચું છું. પૃથ્વી ઉપર પાંચદશ કરોડ વર્ષ પુર્વે જીવતાં પ્રાણીઓનાં ચીત્રો જોઉં છું. અબજો વર્ષ પુર્વે પૃથ્વી નીર્જન ગોળો હશે. અબજો વર્ષ પછી વળી પાછી એવી જ નીર્જન થઈ જશે. એનું કોઈને કશું સુખદુ:ખ પણ નહીં હોય. એક દીવસ હું મરી જઈશ. તોય આ પૃથ્વી તો આવી ને આવી જ હશે. બધું આમ ને આમ ચાલ્યા જ કરશે. કશો ફરક નહીં પડે. મને મૃત્યુની ખુબ બીક લાગે છે. હું મરી જઈશ પછી પણ હજારો વર્ષ વીતી જશે, ક્યારેક લાખો વર્ષ વીતી ગયાં હશે. હું એક સરસ, સુન્દર પ્રેમની શોધમાં ભટકવા માંડું છું. ઘણીવાર લાગે છે કે કેટલીક સ્ત્રીઓ મને પ્રેમ કરે છે. હું સમજતો હોવા છતાંય ન સમજતો હોવાનો ડોળ કરું છું. ઘણી સ્ત્રીઓ ઘણું ઘણું પ્રગટ રીતે વ્યક્ત કરે છે. મને આનન્દ થાય છે. હું નથી સમજતો એવું બતાવવાનો પણ આનન્દ થાય છે. (આગળ આવું એક પ્રેમપ્રકરણ વર્ણવ્યું છે.)

કોઈ છોકરી પાછળથી આવીને, મારી આંખો દાબી જાય છે. સ્પર્શથી હું ધન્ય થઈ જાઉં છું. કોઈ મને કદીય પ્રેમપત્ર લખતું નથી. હું ઘણા ઘણા લખી નાંખુ છું. કોઈને પહોંચાડવાની હીમ્મત નથી. અનેક વાર વાંચીને ફાડી નાખું છું. લગ્ન કરવાનું ઘણીવાર મન થાય છે; છતાં સતત ના જ પાડ્યા કરું છું. સાધુ થઈને હીમાલય ચાલ્યા જવાની વાતો કરું છું. ઘરમાં હજીય મને બધા ગાંડો ગણે છે.

(અહીં ગ્રામજીવનનું જે વર્ણન છે, ખરેખર એવાં જ હતાં ગામડાં ત્યારે, ગત સદીના પુર્વાર્ધમાં. જેને કવીઓ વખાણતા ને બીરદાવતા એ ગામડાં ખરેખર તો આવાં ‘દુ:ખદ’ અને ‘કરુણ’ હતાં.)

*

અનુક્રમણીકા

10

## *અધ્યાય – 3. મારું ભણતર*

## સર્ગ – 1 : વ.ફા.'દાર બન્યો

*નીશાળે ગુરુને નડે કર્મ ફુટ્યો,*
*છુટે તે પછી, માંકડો જેમ છુટ્યો!*

કવી દલપતરામે કે પછી જે કોઈ અન્ય કવીએ આ કાવ્ય લખ્યું, એ કવીના ચીત્તમાં ભલે ગમે તે પાત્ર કે વીભાવના હશે; પરન્તુ મારા વડીલો તો એમ જ માનતા કે, આ કાવ્ય મને જ ઉદ્દેશીને લખાયું છે. જે હોય તે, પણ એમાં સત્યનો અંશ ઘણો મોટો હતો, જે મને જરુર લાગુ પડતો. કવીઓ જોઈ શકતા કે, ગુરુ સાન્દીપની અને વીદ્યાર્થી કૃષ્ણ–સુદામાનો યોગ ઉત્ક્રાન્ત થઈને, ભવીષ્યમાં શાન્તીમય ઉર્ફે રમણનો યુગ આવવાનો છે. કારણ કે કવીઓ આર્ષદ્રષ્ટા હોય છે– એનો હું જ મોટામાં મોટો પુરાવો!

નીશાળમાં હું કર્મફુટ્યો ગુરુને નડતો જ; એનો ઐતીહાસીક દાખલો અગાઉ જણાવી ગયો તે જ એક પુરતો છે. એ છે, બારી પાસે ઉંધા બેસી ખુરશીને અઢેલીને મોજથી ઝુલતા મંગળ માસ્તરને મેં ભીંત પાછળ જઈને બારીમાંથી એક મોટો પથરો ઠોકી દીધો હતો. આજેય કેળવણીના ઈતીહાસમાં આવી ઘટના અજોડ છે! જો કે મારા આવા ગુરુહીંસાના પાપનો પસ્તાવો હવે તીવ્ર થાય છે. મંગળમાસ્તર જીવતા હોત તો, પગે પડીને માફી માંગી આવત!

આઝાદી માટે જાણે કે હું જન્મજાત તરફદાર, સ્વતન્ત્રતા એ મારો જન્મસીદ્ધ અધીકાર છે, એ પાછળથી ઘોષીત જાહેરનામું મુળ મારું મૌલીક હતું. કદાચ ગાંધી–તીલક તો પછી થયા. એટલે કે મને નીશાળમાં પાંચ–છ કલાક ગોંધાઈ રહેવાનું પસન્દ જ નહીં. મારો સ્વાતન્ત્ર્યપ્રીય આત્મા બળવો કરે જ. હું નીશાળે જાઉં જ નહીં. જન્મજાત અભીનેતા હોવાથી ઘરેથી એવો આબાદ દેખાવ કરીને નીકળું

ખરો કે જાણે નીશાળે જાઉં છું; પણ પછી જંગલમાં નીકળી પડું, નદીમાં તરવા પડું, ઝાડ પર ચઢીને સમ્રાટની અદાથી કોઈ ડાળ પર વીરાજી જાઉં કે પછી ઝુલા ખાઉં. પ્રકૃતી જ સાચી શીક્ષક છે, એમ મેં જ સીદ્ધ કર્યું! નીશાળે નહીં જતા આદીવાસી છોકરાઓ જોડે, ગીલ્લીદંડા રમતો હોઉં કે પછી ગીલોલ મારતાં શીખતો હોઉં. સાંજ પડ્યે ઘરે આવું, ત્યારે જાણ થાય કે, નીશાળેથી ફરીયાદ આવી ચુકી છે આ કર્મફુટ્યો શાન્તીયો આજે નીશાળે આવ્યો જ નથી! જો કે શીક્ષકપક્ષે આવો સન્દેશો કદાચ ફરીયાદ નહીં હોય, આનન્દોદ્ગાર જ હોઈ શકે કે હાશ! પણ એવી તુચ્છ ઘટનાઓમાં મને રસ નહીં! મોટે ભાગે તો અનાસક્ત ભાવે મારે માર ખાઈ લેવાનો. કોઈ પણ અનુભવથી તમે ટેવાઈ જાવ, પછી એનાં સુખ–દુ:ખથી પણ પર થઈ જાઓ.

જો કે આમ છતાં આજની અપેક્ષાએ ત્યારનું ભણતર ઘણું સારું. માસ્તરો બધાં નીષ્ઠાવન્ત, નીયમીત આવે અને દીલથી ભણાવે. એટલે જ આવો સ્થીતપ્રજ્ઞ યોગી છતાં, હું રાજગઢની પ્રાથમીક શાળામાં ઘણું ઘણું ભણ્યોય ખરો જ. બાકી આજનું પ્રાથમીક શીક્ષણ? આઝાદીજનીત બહુ આશ્ચર્યોમાં એનું પણ પરમ આશ્ચર્યતત્ત્વ સ્વરુપ નીરખું : મેં એક વીદ્યાર્થીને આ બાબત પુછ્યું, ત્યારે તેણે આશ્ચર્યના કોઈ ભાવ વીના જ, મતલબ કે સામાન્ય ઘટના જ વર્ણવતો હોય તેમ કહ્યું, એવું તો અમને કોઈ ભણાવતું જ નથી! (લખવું–વાંચવું સહીત)

જ્યારે હું ભણ્યો : મને લખતાંવાંચતા તો બીજી–ત્રીજી ચોપડીથી જ બરાબર આવડી ગયેલું. જ્યારે આજે અમારી નોકર સાત ચોપડી ભણેલી, પણ એને લખતાં–વાંચતા આવડે જ નહીં! અમે જે સુચનાઓ ઘરમાં લખી જઈએ, તે એની, પેલા સતયુગમાં બે ચોપડી ભણેલી ફોઈ વાંચી સંભળાવે! અમારા વખતમાં પ્રાથમીક શીક્ષણ પણ કેટલું નક્કર, એનો એક ઝળહળતો દાખલો ટાંકુ : અમારાં, અર્થાત્ મારી નાની બહેન રમણીબહેન ફક્ત બે ચોપડી ભણેલી, પણ એણે પોતાની આત્મકથા લખી, જે પુસ્તકાકારે પ્રગટ પણ થઈ છે. આમ તો ત્યારે અંગ્રેજોના રાજ્યમાં આજના સ્વતન્ત્ર ભારત કરતાં બધું જ વધારે સારું હતું. અમારા રજવાડામાંય એકન્દર હકુમત તો અંગ્રેજોની જ ને? સ્વાતન્ત્ર્ય સંગ્રામ બાબતે અમે પ્રશ્ન કરતા : ‘સુરાજ્ય

બહેતર કે સ્વરાજ્ય?’ ત્યારે તો નીઃશંક એવો જ જવાબ આપતા : ‘સ્વરાજ્ય!’ પણ આજે સ્વતન્ત્ર ભારતના સ્વરાજ્યમાં એવો નીર્વીકલ્પ ઉત્તર આપવો ઘણો જ મુશ્કેલ પ્રતીત થાય છે.

રાજગઢ શાળામાં અમારા હેડમાસ્તર મારા સગાકાકા ધનસુખરામ જોઈતારામ પાઠક, બહુ સરસ ભણાવે. એમનો માસીક પગાર રુા. 30/-, જે ‘મોટો’ કહેવાય. બાકી ‘આશીટણ’ (આસીસ્ટન્ટ) વા મંગળ માસ્તરને મહીને બાર અને મોતી માસ્તરને મહીને દસ રુપીયા પગાર મળતો; છતાં તેઓ ભણાવતા!

અમને બેઉ ભાઈઓને સાથે જ નીશાળે બેસાડેલા. ત્યારે નીશાળે બેસાડવાનો વીધી તો એક મોટો માંગલીક પ્રસંગ ગણાય : અમારે કપાળે મોટો લાલ ચાંલ્લો કરવામાં આવ્યો, નવાંનવાં કપડાં પહેરાવાયાં, બધાં મનોમન પ્રાર્થનાય કદાચ કરતાં – જાણે અમે યુદ્ધે ચઢતા હોઈએ! મોંમાં દહીં અને ગોળ મુક્યાં અને સામે ગાય મળવાની શક્યતા અમારા ગામમાં ઓછી, ગધેડાં જ વધારે, એટલે મારી એક કુમારીકા બહેનને શુભશુકન માટે સામે આવવાની સુચના સાથે આગળ દોડાવવામાં આવી. આખી નીશાળમાં પતાસાં વહેંચવામાં આવ્યાં. પણ વીધીના લેખ કોણ મીથ્યા કરી શક્યું છે? અમે બે ભાઈઓમાંથી ભાઈ જયન્તી (ભવીષ્યના કવીવર જયન્ત પાઠક) ભણ્યો, જ્યારે મેં એક આખું વર્ષ બગાડ્યું. પછી છેક બી.એ. સુધી હું જયન્તથી એક વરસ પાછળ ને પાછળ જ ભણતો રહ્યો.

મારાં તોફાનની પરાકાષ્ઠા તો ત્યારે સીદ્ધ થઈ કે જ્યારે વડીલોએ મળીને મને ‘ગાંડો’ કે સરસ્વતીચન્દ્રના કે એવી કોઈ નવલકથાના પાત્ર ઉપરથી ‘મુર્ખદત્ત’ એવું બીરુદ એનાયત કર્યું! પણ હું ગાંડો નહોતો. મારું જન્મજાત સત્યાગ્રહી ભાષાજ્ઞાન જાણવું છે? મેં જાતે જ મારું નામ ‘શાન્તીલાલ’ બદલી કાઢી ‘રમણલાલ’ પાડી દીધું! બીચારાં ફોઈ ભવીષ્ય ક્યાંથી જોઈ શકે? શાન્તીલાલ જેવો જીવનભરનો અશાન્તીયો જણ અજોડ જ! આજપર્યન્ત આ ‘રમણ’ જ મને યથાર્થ બન્ધબેસતું રહ્યું; અર્થાત્ રમણભ્રમણ કરતો જ રહ્યો. નીશાળમાં જાતજાતનાં તોફાનો કરતો

કરતોય, હું સારી રીતે રાજગઢ પ્રાથમીક શાળામાં છ ચોપડી ભણ્યો : કક્કો શીખ્યો, બારાખડીય બરાબર મોઢે : 'કને કંઈ નહીં ક અને કને કાનો કા!' અને આંક (આંકડાના ઘડીયા–પાડા)ય બરાબર મોઢે થઈ ગયા, જે આજેય આવડે! ત્યારે અમે તો કેલ્ક્યુલેટરનું સ્વપ્નુંય ક્યાંથી જોયું હોય! માસ્તરોનાં મગજ જ સવાઈ કેલ્ક્યુલેટર જેવાં!

તેમ છતાં મને 'ડફોળ' જાહેર કરવામાં આવ્યો જ. વડીલોની 'ગોળ–ખાટલા' પરીષદ મળી; જેમાં નીર્ણય લેવાયો કે, 'આ છોકરો કશું જ ભણવાનો લાગતો નથી. વધારામાં વળી જાલીમ તોફાની, મારફાડીયો અને ગજબનો હીમ્મતબાજ તથા સાહસીક છે. આવો જણ પોલીસખાતામાં જ ચાલે... ઈ.' અને મને સાત ચોપડી ભણાવી, રાજ્યનો દમદાર કોન્સ્ટેબલ બનાવી દેવાનો ઠરાવ થયો. પણ હજી તો હું બાર જ વર્ષનો હતો. એટલે સમયવર્ધક સપ્લીમેન્ટરી બીલ એવુંય પસાર કરવામાં આવ્યું કે, 'હમણાં જેવું ભણે છે, એવું ભણ્યા કરવા દો અને ધારો કે ભણી જાય તો ભલે વ.ફા. વર્નાક્યુલર ફાઈનલ (શાળાન્ત પરીક્ષા) પાસ કરી લેવા દો તો, માસ્તર કે તલાટીય બની શકે. રોટલો તો રળી ખાય...!' ત્યારે બે ટંક રોટલો મળે એ જણ ઘણો સુખી! જયન્તભાઈ તો શાણા અને સમજુ વીદ્યાર્થી, એમને તો પાંચમા ધોરણથી જ અંગ્રેજી ભણવા, કાલોલ ખાતે બનેવી પુજાલાલ ભટ્ટને ત્યાં મુકી દેવામાં આવેલા; જે બનેવીએ જ પછી તો અમારા જીવનમાં અકલ્પનીય એવો નીર્ણાયક પાઠ અદા કર્યો. મનેય એ જ પુજાલાલને ત્યાં ગુજરાતી (પ્રાથમીકનું) સાતમું ધોરણ ભણી વ.ફા. થવા માટે મોકલી દેવામાં આવ્યો. (જો કે હું તો 'બેવફા' જ રહ્યો, છતાં માંડ પૉઈન્ટ પર માર્ક્સ મેળવીને હું વ.ફા.(દાર) થઈ તો ગયો જ! કદાચ લાગવગથી; કારણ કે મારા સગા મામા દલપતરામ નાથજીભાઈ પુરાણી ત્યારે પંચમહાલ જીલ્લામાં શૈક્ષણીક સુપરવાઈઝર. એ સતયુગી જમાનામાંય આવી કલયુગી લાગવગો તો ચાલતી, (આખરે તો આ ભારતીય પ્રજા તો એની એ જ છે ને?) આવી કામચલાઉ યોજના તો પછી મારા જીવનની નીર્ણાયક ઘટના જ બની ગઈ; કારણ કે પછી મારા જીવનની ડગમગ નૈયાનું સુકાન સ્વેચ્છાએ જ મુરબ્બી પુજાલાલ ભટ્ટે સ્વીકારી લીધું. અને તેઓ મારા બીજાં વડીલો જેવા અલ્પ ધ્યેયો જ જોતા ટુંકી

દષ્ટીના પુરુષ જ નહોતા... કાલોલની ગુજરાતી નીશાળ ખાતેની એક વર્ષની મારી ‘સફળ’ (વ.ફા. થઈ ગયો એ સન્દર્ભે) કારકીર્દીનાં ‘સુખદ’ સંસ્મરણો તો ખાસ યાદ નથી. ફક્ત બે જ (અળવીતરાં) યાદગાર બન્યાં છે : એકવાર ક્લાસટીચર શ્રી. દેસાઈને (નામ યાદ નથી) બરાબરની, જો કે શુદ્ધ બામણીયા ગાળો દઈ, રડતો રડતો નીશાળમાંથી ભાગી છુટેલો. અને બીજું, સહપાઠી સોમા લલ્લુએ મને તમાકુ ખવડાવી દીધું, એટલે ચક્કર આવી જતાં, ક્લાસમાં જ જમીનદોસ્ત થઈ ગયેલો. આમ પહેલેથી જ હું વ્યસનો બાબતમાંય સાહસીક ખરો! એટલે જ બીડીથી શરુ કરી, બીયર સુધી હું બીનધાસ્ત પ્રગતી કરી શક્યો.

*

**11**

## *સર્ગ – 2*

## એક વર્ષના વનવાસ–ગોધરાકાંડ

વીર કેસરી વામન મુકાદમ,
પંચમહાલનું રત્ન અનુપમ :
તે તેં ઝડપ્યું સરકાર,
તારાં પાપોને!

વીસી–ત્રીસી (1920–30–40) ભારતનો સુવર્ણયુગ : ગાંધીજીનાં પુરુષાર્થ અને પ્રેરણાથી દેશમાં બુલન્દ જાગૃતી આવેલી. એટલું જ નહીં, પ્રકાંડ શક્તી–વ્યક્તીત્ત્વવાળા પુરુષો એવા ઘણાએ ત્યારે ત્યાગ અને સર્વ સમર્પણભાવે સત્યાગ્રહમાં–સ્વાતન્ત્ર્ય સંગ્રામમાં ઝંપલાવેલું, તે એક ચમત્કાર હતો. યુવકો અને વીદ્યાર્થીઓય ગાંધીજી અને આઝાદીની ચર્ચાઓ કરતા. આજે યુવકો પ્રેમની વાતો કરે છે, ત્યારે અમારી પ્રેમીકા ‘આઝાદી’ હતી. રાષ્ટ્રીય દષ્ટી, ભાવનાશીલતા અને

સંવેદનશીલતાનો ફરજપરસ્ત એ જમાનો હતો. પરીચીત વર્તુળમાં, મારી જ આસપાસ મેં અનેક વ્યક્તીઓને સરકારી નોકરીઓ છોડીને અને એ જ રીતે વીદ્યાર્થીઓએ વળી ગાંધીજીની હાકલને માન આપી અંગ્રેજ સરકાર સંચાલીત હાઈ સ્કુલ–કૉલેજોમાં ભણવાનું છોડીને આઝાદી જંગમાં હેડલોંગ ઝંપલાવેલું. ઉપર ટાંકેલ કાવ્યપંક્તી, એ પણ સરઘસ–સભાઓમાં લલકારાતાં આઝાદી ગીતોમાંના એક ગીતની કડી અહીં નમુનારુપ મુકી છે, જે અમારા પંચમહાલમાં જ ચળવળ ચલાવતા કોઈ (આજે અજ્ઞાત) કવી કૃષ્ણશંકરની લખેલી છે. ત્યારે પંચમહાલના નેતાઓમાં સર્વોચ્ચ હતા, વામનરાવ મુકાદમ, મુળ મહારાષ્ટ્રી; પણ ગોધરામાં સ્થાયી થયેલા. ‘જીલ્લા જોડાણ રદ થતાં સુધી, જીલ્લાનું મુખ્ય મથક ગોધરા રાખો!’ એવી માંગણી લખેલો ઝંડો ફરકાવતાં મેં તેઓને ગોધરામાં એક સરઘસની આગેવાનીમાં જોયેલા. એવા મહાન નેતાઓમાં બીજા હતા : કમલાશંકર પંડ્યા (દાહોદ) અને માણેકલાલ ગાંધી (કાલોલ). આ માણેકલાલ તો આઝાદી બાદ, ગુજરાત રાજ્યના એક પ્રધાન પણ બનેલા... ત્યારે અંગ્રેજ સરકારે બે જીલ્લા પંચમહાલ અને ભરુચને જોડી દીધેલા. ‘ડીસ્ટ્રીક્ટ બ્રાંચ (ભરુચ) ઍન્ડ પંચમહાલ’ – એમ લખાતું, જેનું મુખ્ય મથક ભરુચ હતું. બંગાળના ભાગલાની જેમ, આ જીલ્લા જોડાણ સામે પણ કોંગ્રેસે લડત ઉપાડેલી...

પણ અહીં મારે વાત તો ગોધરાનગરની કરવાની છે ગોધરાગામની વચ્ચે આવેલા વીશાળ–રમણીય તળાવનું મુળ નામ ‘ગોદ્રહક’, એના ઉપરથી આ શહેરનું નામકરણ ગોધરા થયેલું. ગો + દ્રહક એટલે ગાયોને પાણી પીવાનું તળાવ. ‘ગોધરા’ થી અમારા ‘ગોઠ’ સુધીનાં સ્થળ નામોમાં આમ ગાયનો સન્દર્ભ ઠેકઠેકાણે આવે છે, અમારું ‘ગોઠ’ પણ એ જ સુચવે છે ને? આ હકીકત સુચવે છે કે ક્યારેક આ પ્રદેશમાં પશુપાલકો, ખાસ કરીને ગાયો રાખનારા ભરવાડોની વસતી હશે. પરન્તુ જ્યારે હું કમનસીબે, છતાં આમ તો ઉજ્જ્વળ ભાવીની આશા સાથે આ ગોધરાનીવાસી બન્યો, ત્યારે આ શહેર અત્યન્ત ગન્દું અને ભયકારક હતું. આ બે જીલ્લા બ્રીટીશ સરકારે જોડી દીધા, એનું કારણ શું એ હશે કે આ બન્ને જીલ્લાનાં મુખ્ય પાટનગરો બેઉ ભારે ગન્દાં હતાં? બીજું આવું જ અજોડ ગન્દું શહેર ત્યારે તે

ભરુચ. ગોધરા આમ તો રમણીય તળાવ ઉપરાન્ત, એક સુન્દર નાનકડી નદીથી પણ શોભાયમાન થઈ શકે તેમ હતું : એ નદી તે મેશરી. પણ ત્યારેય, આજની ભારતીય પ્રજાની જેમ જ, આપણી પ્રજા એની ગન્દકીપ્રીયતા માટે જગવીખ્યાત હતી. કદાચ ગન્દકીપ્રેમ ગોધરા જેવા નગરમાં વધુ કેન્દ્રીત થયેલો એટલું જ. આ નગર એની ગન્દી ગલીઓ ઉપરાન્ત તોફાની વસતી માટે પણ વીખ્યાત! આજના જાણીતા કવી સુધીર દેસાઈ મુળ ગોધરાના. તેઓની મોટી હવેલી, ભાઉરાય દેસાઈની હવેલી તરીકે જાણીતી. એ પણ આવા જ એક ગન્દા મહોલ્લામાં ખડી હતી. ત્યારે પંચમહાલના નાગરો બધા દેસાઈઓ – જમીનદારો હતા. 'યુગમુર્તી વાર્તાકાર' રમણલાલ વ. દેસાઈ પણ મુળ કાલોલ (પંચમહાલ)ના જ. જો કે તેઓ પાછળથી ગાયકવાડી નોકરીને કારણે વડોદરામાં સ્થાયી થયા. પંચમહાલને એનાં અતી રમણીય વનો અને પહાડોની જેમ, સશક્ત સર્જકો–સાક્ષરો માટે પણ સુન્દર જન્મદાત્રી માતૃભુમી ગણવું જોઈએ. ત્રણચાર મોટાં નામ ગણાવું : સુધીર દેસાઈ અને રમણલાલ દેસાઈ ઉપરાન્ત જયન્ત પાઠક અને પ્રવીણ દરજી મુળ પંચમહાલના! એમાં અન્ય રાજગઢનીવાસી ચન્દ્રકાન્ત પાઠક, નન્દકુમાર પાઠક અને એમાં આ 'અતો ભ્રષ્ટ, તતો ભ્રષ્ટ' જણનેય ઉમેરવા છે? – તમારી મરજી! (હમણાં જ વળી હરીપ્રસાદ પાઠક (ઝીણુભાઈ)નો મરણોત્તર કાવ્યસંગ્રહ પ્રગટ્યો છે.

તો આવી ગન્દી–તોફાની ગોધરાનગરીની ગન્દી ગલીમાં આવેલી ન્યુ હાઈ સ્કુલની બોર્ડીંગમાં આ 'રમણીયો' એક વર્ષમાં સામટાં ત્રણ ધોરણ ભણવા આવી ચઢેલો. તે જમાનામાં હોસ્ટલને 'બોર્ડીંગ' કહેતા. મારું મનોરોગી મગજ ત્યારેય ઘણું અસ્વસ્થ અને ઉદાસ રહેતું, જેવું લગભગ જીવનભર રહ્યું. પરીણામે ગોધરાના એક વર્ષના નીવાસનાં મારાં તમામ સંસ્મરણો ભય અને બીભત્સતાનાં જ છે! વીચાર તો કરો, તેર–ચૌદ વર્ષના એક બાળકીશોરને આમ એકલો, નીરાધાર બોર્ડીંગમાં પુરી ઘાલવામાં આવે, એની હાલત કેવી થાય? ત્યારે આ બોર્ડીંગમાં મારી ઉમ્મરનો બીજો કોઈ બાળવીદ્યાર્થી પણ નહીં. બધા જ હાઈ સ્કુલમાં મેટ્રીક સુધી ભણનારા મોટા મોટા છોકરા : મારા જેવા કુમળા બાળકને ભાતભાતની રીતે પજવે, જેમાં સેક્સુઅલ હેરેસમૅન્ટ બી સમાવીષ્ટ! ન જાણે કેમ, ત્યારે આ ગોધરાનગર હોમોસેક્સુઆલીટી

માટેય પ્રખ્યાત! મેં મારી ઉક્ત બાળવીદ્યાર્થીની કારકીર્દી દરમીયાન, ગોધરાની દીવાલો પર બાલીશ કુતુહલથી આવાં જ લખાણો ભરપુર વાંચેલા, એટલે આ કહું છું. તો વર્તમાન ગોધરાના નાગરીકો મને માફ કરે! સજાતીય સમ્બન્ધ માટે ગોધરાવાસીઓએ એક વીશીષ્ટ, વીચીત્ર શબ્દ પણ બનાવી કાઢેલો. એ શબ્દ બીજે ક્યાંય ત્યારે પણ સાંભળવા નહોતો મળતો. વળી આજે તો સમ્પુર્ણ લુપ્ત છે. ભાષામાં શબ્દના આવા જન્મમરણની લીલાય ખરેખર માણવા જેવી છે!

અમારી બોર્ડીંગ ગોધરા શહેરની બહાર, છેક સીવીલ લાઈન્સનીય પેલે પાર, મેશરી નદીનાય સામે કીનારે આવેલી અને તે જમાનામાં વળી વીજળી કેવી ને વાત કેવી? ગોધરામાં ત્યારે સરકારી, પ્રતીષ્ઠીત હાઈ સ્કુલ તો તેલંગ હાઈ સ્કુલ. અમારી તો બીજા નમ્બરની, અલબત્ત બે નમ્બરની તો નહીં જ. ત્યારે આ દેશમાં ‘બે નમ્બર’ જ લગભગ અજ્ઞાત હતો. એવી ન્યુ હાઈ સ્કુલ તો એક શાળાસંચાલક તરીકે જાણીતા ગોધરાના સદ્‌ગૃહસ્થ મણીલાલ મહેતા ચલાવતા. પણ વેરાનમાં આવેલી એની આવી બોર્ડીંગમાં બસ ચારે તરફથી મારા બાલમગજને ભય–ભય, અને નીરાધારી જ ખુબ પીડે. હું અકારણ જેવું રડ્યા કરું ને તે જમાનાના માનસ પ્રમાણે લોકો કહે, મને કશોક વળગાડ પીડી રહ્યો છે! હા, વળગાડ જ હતો; પણ તે ‘પ્રેમ–વાત્સલ્યના અભાવ’નો, વડીલવંચીત નીરાધારીમાં આશ્વાસનની ઝંખનાનો! એક બાજુ ક્રીકેટનું મેદાન (તાલુકદારી ગ્રાઉન્ડ) અને સામે છેડે એકાકી ઉભેલો વાડાસીનોર (જેને આજે બાલાસીનોર કહે છે તે)ના નવાબનો બંગલો તથા એની પેલે પાર મેશરી નદીનો વૃક્ષાચ્છાદીત અન્ધારીયો કાંઠો આદી બધું જ ભયંકર! ખુબ બીક લાગે, રાતો તો ભારે ભયજનક! વળી, મેશરી નદીમાં જ ગામનું સ્મશાન અને સ્મશાન વચ્ચે એક ખંડેર જેવું દહેરું. શાળાએ જતાં, કોઈ મડદું દેખાય ‘રામ બોલો, ભાઈ રામ!’ ને હું ભયથી અંગઅંગ કમ્પી રહું, કોને કહું? ગામની અત્યન્ત ગન્દી ગલીને નાકે જ અમારી સ્કુલ. બહાર ગાય કપાતી, તરફડતી જોવા મળે! તો બીજી બાજુ બુલન્દ ચીસો પાડતાં રેલવો એંજીનો ભખ–ભખ દોડે ને બીહામણા નાગરીકો ગળે રુમાલ બાંધીને અમસ્તા જ રખડયા કરે ને મારા જેવાને પજવે... જવા દો, ભયથી તરફડતો હું તેરચૌદ વર્ષનો બાળક કોઈની ગોદમાં લપાઈ જવા તલસું; પણ ત્યાં મારું કોઈ

નહીં! ના કોઈ અપના, ના કોઈ અપની, સભી પરાયે લોક.... (ત્યારથી કોઈક ‘પ્રાચીન’ ફીલ્મનું ગીત) એવી જ મારી દશા!

વાત જાણે એમ બનેલી કે મારા બનેવી પુજાલાલ ભટ્ટ, આગળ જણાવ્યું તેમ, અમારા ભાવી જીવનનાં નીઃસ્વાર્થ નીર્માણકાર : દા.ત. માના મૃત્યુ પછી હું તો સાવ નીરાધાર બની ગયેલો. વધારામાં કેન્સરગ્રસ્ત બાની સારવાર માટે દોઢ–બે મહીના એવા લીંપણવાળા ઘરની ભેજીલી ભોંય ઉપર બસ બેઠો જ રહ્યો, એટલે બીમાર પણ પડી ગયેલો. 1943માં ત્યારે મારું કોણ? કૉલેજમાં ભણવાનુંય અઘરું હતું. જુનીયર બી.એ.માં પાછો દાખલ થયેલો. (આઝાદી જંગમાં એક આખું વર્ષ બગાડીને), પણ પૈસા ક્યાંથી લાવવા? બારીયા સરકારે મંજુર કરેલ લોનની રકમ પણ મારા સુધી પહોંચે નહીં. આવી આત્મહત્યાપ્રેરક અવદશામાં મારા એ બનેવી પુજાલાલે જ મારો હાથ સાહી લીધો ને પોતે પૈસા આપીને મને આગળ ભણવા સુરત જવાય દીધો. કદી પુછ્યુંય નહીં કે ‘રમણ, તારી લોનનું શુ?’ કદાચ તેઓય મારી જેમ મનોમન સમજી ગયા હશે. આમ તો અખંડ આશ્રય આપવામાં એમણે કેવળ આશાવાદી જોખમ જ ઉઠાવેલું; કારણ કે હું શરીરે માન્દલો, જ્યારે સ્વભાવથી વળી પુરો ઉડબંગ!

આવા મુરબ્બી પુજાલાલે પહેલાં પણ મારે માટે, આ એક યોજના ઘડેલી ને અમલમાંય મુકી દીધેલી. આ પૈસા ક્યાંથી આવશે? – એવી ચીન્તા કદી તેઓ કરતા નહીં. એમની એવી જ હીમ્મત કે, ‘એ તો બધુંય થઈ રહેશે, હું બેઠો છું ને?’ તેઓની આવી હીમ્મત જ મારા ગોધરાનીવાસનું કારણ બનેલી. આ યોજના તો મારી બાના મૃત્યુનાં આઠનવ વર્ષ પહેલાંની : મતલબ કે ત્યારેય, એટલે કે પીતાના અવસાન પછી, પુજાલાલ જ અમારા જીવનના મુખ્ય તારણહાર, સ્વેચ્છાએ જ બની રહેલા.

ત્યારે ગોધરાની ન્યુ હાઈ સ્કુલમાં એક વર્ગ ચાલે : વ.ફા. પાસ થયેલ વીદ્યાર્થીને એક વર્ષમાં અંગ્રેજીનાં ત્રણ ધોરણ – ફર્સ્ટ ટુ થર્ડ સ્ટાન્ડર્ડ : ભણાવી દે! જે સરકારમાન્ય, કારણ કે ગુજરાતી પ્રાથમીક શાળાનાં છેલ્લાં ત્રણ ધોરણ પાંચ, છ અને

સાતનો અને અંગ્રેજી નીશાળનાં પ્રથમ ત્રણ ધોરણનો, અંગ્રેજી સીવાયનો બધો જ કોર્સ સરખો. એટલે પુજાલાલે ઠરાવ્યું કે, રમણને એક વર્ષમાં આમ ત્રણ ધોરણ કરવા ગોધરા મોકલવો, જેથી એનાં બે વર્ષ બચી જાય. આ કારણે જ મારે માથે એક વર્ષનો આ ભયાનક 'વનવાસ' આવી પડયો. હા, ગોધરા મારે માટે ઘનઘોર–નીરાધાર જંગલ જ હતું. જો કે ભણી તો ગયો જ. ત્યારેય હું કદાચ યથાવત્ તોફાની 'કર્મફુટ્યો' તો હોઈશ જ, કારણ કે ગુરુને અર્થાત્ શીક્ષક પટેલસાહેબને મેં ક્લાસ વચ્ચે લાફો ચોઢી દીધેલો! પીરીયડ પુરો થતાં, અન્ય વીદ્યાર્થીઓય બોલ્યા કે, 'આવું તો ના જ કરવું જોઈએ!' અને મારે હૈયે પશ્ચાત્તાપની આગ પ્રગટી, ભડભડ. જે આજેય યાદ કરતાં દઝાડે છે. આજે પટેલસાહેબ તો ક્યાંથી હોય? પણ એમનો દયામણો ચહેરો હજીય બરાબર યાદ આવે છે. એમણે મને કશું જ ના કહ્યું, ના કર્યું! આજે તો આ સાહેબ જો હયાત હોય તો, પગે પડીને માફી માગવાનું તીવ્ર મન થઈ આવે છે. પણ કાળની ક્રુર લીલા સમક્ષ આપણે સૌ, માણસમાત્ર લાચાર! તો અલવીદા ગોધરા!

12

*સર્ગ – 3*

## ચાર વર્ષમાં પાંચ સ્કુલ અને 'કૃષ્ણ કનૈયો'

શ્રી. ચન્દ્રકાન્ત પંડ્યાએ મારા વીશે એક લેખ લખ્યો છે, એમાં મને કૃષ્ણ, કનૈયો કહ્યો છે. કારણ કે ન જાણે કેમ, સ્ત્રીઓ મારા પ્રત્યે જે કંઈક વીશીષ્ટ, કોમળ કોમળ, સુમધુર સ્નેહભાવ રાખતી, જેને 'ગોપીભાવ' શબ્દ વડે જ વર્ણવી શકાય. આ એક અદ્‌ભુત વરદાન છે, આવો ગોપીભાવ 15 વર્ષની વયથી જ વળગ્યો તે આજેય પુરાં 90 વર્ષની વયેય પુર્ણ છે કે કેમ? – એ પ્રશ્નનો જવાબ નથી! હું મારાં પ્રેમ પ્રકરણો વીશે અલગ ઝાઝું લખી શકું એમ છું જ નહીં; કારણ કે એમ કરવા જતાં 'અસત્યના પ્રયોગો' – એવો ગ્રન્થ સર્જવો પડે અને એ ઠીક નહીં, જોખમીય ખરું, મારે માટે નહીં તો અન્યો માટે. ખુદ ગાંધીજીએ પણ પોતાનું એક માત્ર પ્રેમપ્રકરણ

છુપાવ્યું જ છે ને? એક માત્ર શબ્દ only તેઓનો જ પ્રયોજેલો છે, બાકી તો રામ જાણે! વધુ જાણકારી માટે એક જ્ઞાનસાધન ચીંધું : સ્વર્ગસ્થ, પ્રખર રેશનાલીસ્ટ લેખક–પ્રકાશક શ્રી. જમનાદાસ કોટેચાએ મારા વીશે બે પુસ્તકો પ્રગટ કર્યાં છે : '**રમણ પાઠકનાં પ્રેમકાવ્યો તથા પ્રેમપત્રો**'. એ પુર્વે તેઓએ મારા જીવનચરીત્ર જેવું એક પુસ્તક લખેલું 'સામા પુરનો તરવૈયો', જેમાં તેઓ આ '**વરદાન**' ઉલ્લેખે છે.

પન્દર વર્ષની વયે જ્યારે મને સ્ત્રીપ્રેમનો પ્રથમ સુમધુર – સુખદાયી અનુભવ થયો, એ મારે માટે તો સંજીવની બની રહ્યો. જેથી આજેય હું કહું છું કે, સ્ત્રી–પ્રેમ જેવી જીવનદાયક, આનન્દદાયક સંજીવની પુરુષ માટે અન્ય ભાગ્યે જ સંભવે – અને મારા જેવા નસીબવન્તોને તો 'નાનપણથી' જ એનો રોગની જેમ 'રાગ' વળગ્યો! બાકી હું માતાપીતાના પ્રેમથી દુઃખદ રીતે વંચીત, ઉપેક્ષીત, અવગણાયેલો અને વળી તીરસ્કૃતેય ખરો. એવી હાલતમાં મારા જેવા લાગણીશીલ માણસમાં જીવવાની ઈચ્છા રહે જ ક્યાંથી? સદાના અતી ઉદાસ, કશીક અકળ ઝંખનાભર્યા ચીત્તમાં જીજીવીષા ટકે જ મહામુશ્કેલીએ, બહુધા અબુધ અવસ્થામાં જ! ત્યાં એ બહેન મળી ગયાં, પોતાનું સર્વસ્વ આ અભાન કીશોર ઉપર ઓળઘોળ કરી નાંખતાં! અહાહાહા, અમે શી શી લીલાઓ કરી છે, એ બહેન જોડે નાજુકનાજુક અને મધુરી–મધુરી! મને ભાવતાં ભોજન એ વારંવાર કંઈક નીમીત્ત શોધીને બનાવે. અરે એટલું જ નહીં, એકલાં જ હોય તો મને કોળીયાય ભરાવે... અમે સાથે મળીને ચોપાટ રમીએ અથવા ફુલછોડ રોપીએ! બહેન મને રાત્રે વાંચવાને બહાને નીમન્ત્રે અને હું ખુરશીમાં બેસી વાંચું, ત્યારે બહેન મારા ચરણ આગળ જ સુઈ જાય, છતાં હું મુરખ કાંઈ સમજું નહીં! અથવા આછું – અર્ધું સમજું, જો કે ગેરસમજ પણ હોય. બહેનને અન્યાય ન કરવો ઘટે. અને એવી અનુચીત હીમ્મત અને ઉમ્મર મારામાંય મળે જ નહીં. મારા જીવનભરમાં હું ક્યારેય હીમ્મતબાજ, ધૃષ્ટ બની શક્યો નથી. એવા જન્મજાત સંસ્કાર જ. માનશો? મેં એ બહેનને કદી અમસ્તોય સ્પર્શ સુધ્ધાં કર્યો નહીં! પછી વસ્ત્રો ઉપાડીને વૃક્ષ ઉપર ચઢી જવાની તો હીમ્મતબાજ ઘટના જ ક્યાંથી સંભવે? આમ હું ગોપીવલ્લભ લીલા કરતાં ઘણો ઉણો ઉતરતો : નદીકાંઠે જઈને છેડછાડ કરતાં, કાંકરી મારી ગગરી ફોડવાની તો હીમ્મત જ ક્યાંથી લાવવી?

અમારા ગામને ઘસાઈને વહેતી કરડ નદી, અમારી તો યમુના જ હતી! અને પેલી પ્રથમ ગોપી મારા સાન્નીધ્યથી પુર્ણવત્ પ્રસન્ન જ હતી... જવા દો, આ યાદગાર મધુરતાને સદાની ગુમાવ્યેય પુરાં પોણોસો વર્ષ વીતી ગયાં અને ત્યારેય વળી ત્રણચાર મહીનામાં તો : 'ગોકુલ સે ગયે ગીરીધારી!'

હા, ગોધરાની ન્યુ હાઈ સ્કુલમાંથી થર્ડ સ્ટાન્ડર્ડ પાસ કર્યા પછીનાં, મેટ્રીક સુધીના ચાર જ વર્ષમાં તો મેં પાંચ હાઈ સ્કુલો બદલી! પાદરા, ડભોઈ, મીયાંગામ–કરજણ, સાવલી અને છેવટે કાલોલની એમ. જી. એસ. હાઈ સ્કુલમાંથી મેં મેટ્રીક (હાલની એસ. એસ. સી.) પાસ કરી. ગોધરામાં ભયભીત તથા એકલવાયી, અણગમતી અવસ્થામાં, મેં ભલે એક વર્ષ વેદનાભર્યુ વીતાવ્યું, પણ એ મારા સ્વરુપાન્તર (મેટા–મોર્ફોસીસ)નું આદ્ય વર્ષ બની ગયું : સામટાં ત્રણ ધોરણમાં હું પ્રથમ નમ્બરે પાસ થઈ ગયો. એક સાવ ડોબો અને ઉદ્ધત વીદ્યાર્થી એવો હું એકાએક, જાણે ચમત્કારથી, હોશીયાર વીદ્યાર્થી બની રહ્યો. અને ડભોઈની વીભાગ હાઈ સ્કુલમાં તો હું શીક્ષકનોય લાડકો અને મીત્રોમાં માનીતો એવો અગ્રગણ્ય વીદ્યાર્થી બની ગયો. એ ઉપરાન્ત પણ ડભોઈનું મારું એ જીવન બહુવીધ રસમંડીત હતું. ત્યાં જ મને જીવનભરના પરીચયો થયા અર્થાત્ એવા ગાઢ, પ્રેમાળ મીત્રો મળ્યા. દા.ત. 1937ની એ જીવનલીલા, તે છેક 2003માં, એવા એક અતીપ્રીય મીત્ર (ડભોઈ)ના પ્રા. શીવપ્રસાદ એમ. દવેને તો હું ફીલાડેલ્ફીયા (અમેરીકામાં) મળ્યો. બેત્રણ એવા જ બીજા આત્મીય સાથીઓ તો સ્વર્ગે પણ સીધાવી ગયેલા : રજનીકાન્ત અસ્તી તો સુરતની એમ. ટી. બી. કૉલેજમાં જ સંસ્કૃતનો પ્રાધ્યાપક બનીને આવેલો. ઉચ્ચતર કારકીર્દીમાંય તે ઘણો જ તેજસ્વી વીદ્યાર્થી : યુનીવર્સીટીની પરીક્ષાઓમાંય તે સદાય ફર્સ્ટ ક્લાસ ફર્સ્ટ જ રહ્યો. પણ ન જાણે કેમ, યુવાનીમાં જ તેને કશીક ગંભીર બીમારી વળગી અને થોડાં વર્ષ અસ્વસ્થ રહ્યો. અને પછી નો મોર! તમે લાંબું જીવો, એ એક ભયાવહ પીડાકારી અભીશાપ છે : નજર સામે જ એક પછી એક સ્વજનો, મીત્રો, પ્રેમીજનોને ચીરવીદાય રડતા હૃદયે એક પછી એક આપ્યા જ કરવાની! આ હૃદયવીદારક વેદના તો મારા જેવા જે દીર્ઘાયુ દુર્ભાગીએ સહી હોય તે જ જાણે!

બે વર્ષમાં જે ચાર હાઈ સ્કુલો મેં બદલી, એનું કારણ બનેવી શ્રી. રણછોડલાલની બદલીનું હતું. તેઓ ગાયકવાડી રેવન્યુ ખાતામાં સારી જગ્યા પર હતા, પણ એ જ અરસામાં કશીક આન્તરીક એવી હળવી અવ્યવસ્થા ઉદ્ભવેલી. એટલે થોડે થોડે મહીને બદલી થયા જ કરે! હું ફૉર્થ સ્ટાન્ડર્ડથી એમને ત્યાં રહી ભણવા બેઠો. પાદરામાં માંડ ત્રણેક મહીના ભણ્યો, ત્યાં ડભોઈ બદલી થઈ, જ્યાં સાતેક મહીના 'ગર્ભસ્થ' રહ્યો. જાણે નવા રમણનો નવલો જ જન્મ ઘડાઈ રહ્યો હતો. વીદ્યાર્થીઓ ચાહે અને શીક્ષકોય લાડ લડાવે. એમાં એક મોંઘેસાહેબ યાદ રહી ગયા. છે : મારા ક્લાસ–ટીચર, જેમણે વ્હાલ સાથે જ્ઞાન પણ ખાસ આપવા માંડ્યું. અને હું અગ્રગણ્ય હોશીયાર વીદ્યાર્થી બની ગયો! 'સામા પુરનો તરવૈયો'માં જમનાદાસે એક પ્રસંગ ટાંક્યો છે : ઈન્સ્પેક્ટરે અમારા વર્ગને સંબોધીને પ્રશ્ન કર્યો : 'વોટ ડુ યુ વૉન્ટ ટુ બી! – તમે શું થવા માંગો છો?' કોઈ કહે વકીલ, કોઈ ડૉક્ટર, વળી કોઈ કહે શીક્ષક જ! પણ મેં તો કહ્યું, 'આઈ વૉન્ટ ટુ બી એ પેટ્રીયટ!' થોડી વાર તો ઈન્સ્પેક્ટર સ્તબ્ધ થઈ ગયા એમને સમજાયું નહીં કે આ છોકરો શું બોલે છે? એટલે મેં પુનઃ ઉદ્ગાર્યુ : 'પેટ્રીયટ!' અને સાહેબ ધન્ય ધન્ય! બહાર નીકળતાં મને બીરદાવતા ગયા : 'ઑન્લી વન બોય હેઝ ગીવન એ ગુડ આન્સર!' ત્યારે ગાયકવાડી આબોહવામાંય દેશપ્રેમની ભાવના–લહરી વહેવા લાગી હતી! જ્યારે હું તો પ્રસંગોપાત્ત ઘોષણા કરતો, 'હું તો ગાંધીજીના સ્વાતન્ત્ર્ય જંગમાં જ જોડાઈ જવાનો! ઈત્યાદી!'

બીજી બાજુ, કવીશ્રી ઉશનસ્ (ત્યારે નટવરલાલ પંડ્યા) અને એમના મોટા ભાઈ કવી રમણલાલ પંડ્યા – 'સનાતન' પણ સારા કવી : એ જ વીભાગ હાઈ સ્કુલ, ડભોઈમાં ભણે. મારાથી અનુક્રમે બે અને ત્રણ વર્ષ આગળ. પણ અમે ગાઢ મીત્રો બની ગયા. ડભોઈની આ તો સર્વોચ્ચ મુલ્યવાન સમ્પ્રાપ્તી : બસ, છુટોછવાયો અસ્તવ્યસ્ત વ્યક્ત થતો સાહીત્યપ્રેમ જાણે નીયમીત, અવીરામ વહેણમાં વહેવા લાગ્યો. રોજ સાંજ અચુક જ સાથે ફરવા જવાનું : પ્રથમ તો લાઈબ્રેરીમાં જ. ત્યારે

દરેક ગાયકવાડી નગરમાં સુન્દર – સમૃદ્ધ પુસ્તકાલય હોય જ. સયાજીરાવનું શાસન ઘણું સુધારક તથા પ્રગતીશીલ : દરેક મોટા ગામમાં પુસ્તકાલય, વ્યાયામશાળા ને ક્યાંક સંગીતશાળા પણ હોય જ. પુસ્તકો ઘરે વાંચવા લઈ જવાની તો અમારી કોઈ ગુંજાયશ ત્યારે નહીં જ; પણ ગુજરાતી સાહીત્યનાં બધાં જ અગ્રગણ્ય સામયીકો એ પુસ્તકાલયમાં આવે, જે અમે વાંચીએ જ. અને પછી રેલવે લાઈન ઉપર વડોદરા સીગ્નલ સુધી ફરવા જવાનું, જે દરમીયાન અમે સાહીત્યની જ ચર્ચાઓ કરીએ. વળી ત્રણે જણા પાછા લખીએય ખરા. એટલે નવી રચેલી કૃતીઓ વાંચીએ, પરસ્પર સંભળાવીએ અને ચર્ચીએ. આમ ઉશનસ્‌નો સમ્પર્ક એ મારા જીવનઘડતરનું એક મહત્ત્વનું ઉજળું પ્રકરણ : મારામાં રહેલો સાહીત્યકાર જીવ પણ ખીલી ઉઠ્યો. અમારા ત્રણમાં સારામાં સારી કવીતા ભાવી મહાકવી ઉશનસ્ જ રચી લાવે, જે લગભગ પરીપક્વ હોય. આ બાબતે કવી ઉશનસ્ અને કવી જયન્ત પાઠકે તો ઈતીહાસ જ સર્જેલો. ફક્ત પન્દર–સોળ વર્ષની જ વયે એમણે પુખ્ત વયના કવી જેવાં પરીપક્વ સર્જનો જ કરેલાં. દા.ત. ઉશનસ્‌નું એક મુક્તક મને યાદ રહી ગયું છે, જે વળી મોટી વયે ખુદ એમનેય યાદ નહોતું, જેથી મેં સંભળાવ્યું ત્યારે તાજ્જુબ થઈ ગયા :

વીરાટનાં કલ્પનવર્તુળો થકી, મહાન આ માનવ–કાવ્ય નીપજ્યું :
બની ગયું કાવ્ય, સ્વયં આલાપતું કવી ગીતો સર્જન સર્જનારનાં !

કવી કહે છે કે, આ પરમાત્માએ તો માનવરુપી કાવ્ય સર્જ્યું છે અને વળી એ ‘કાવ્ય’ જ હવે કવીતા રચીને ભગવાનની ભક્તી કરે, એ કેવું? ઉશનસ્‌ની, વયના પ્રમાણમાં ઘણી ઉંચી સર્જનાત્મક અભીવ્યક્તીનો એક રમુજી દાખલોય નોંધવા જેવો છે. ત્યારે વીવીધ પરીબળોને પ્રતાપે, ગુજરાતમાં સાહીત્યનું વાતાવરણ જાણે ‘ઘનઘોર’ જામેલું, જે વર્ષતુંય ખરું. એટલે ડભોઈમાં પણ એક સાહીત્યકીય સામયીક પ્રગટ્યું: ‘પડકાર’. ઉશનસ્ પોતાનું એક કાવ્ય લઈને ‘પડકાર’ની ઑફીસમાં ગયા, જે વાંચીને તન્ત્રીનો બીનઅનુભવી શંકાશીલ રોષ ભયંકર ભભુકી ઉઠ્યો. તેઓ બરાડ્યા : ‘અલ્યા છોકરા, આ કાવ્ય તેં લખ્યું છે?’

બીચારા ઉશનસ્, તો ગભરાતા ગભરાતા કહે, ‘હાજી, મેં જ…’

એટલે તન્ત્રીશ્રી વધુ બુલંદ બરાડ્યા, ‘જા…. જા! કૉપી…. કૉપી! કોઈકની કવીતા તફડાવી લાવ્યો છે, માર ખાવાનો થયો છે?’

બીચારા ઉશનસ્, શું બોલે? કોઈ પુરાવો તો હતો નહીં, એટલે વીલે મોઢે નીકળી ચાલ્યા. જો કે બહારનાં મેગેઝીનમાં અમારી ચારેની રચનાઓ ત્યારે છપાતી : જયન્ત પાઠકની તો હજી મેટ્રીકમાં હતા, ત્યારે જ લખેલી એક કવીતા ‘દીપોત્સવી’ તે યુગના સર્વોચ્ચ માસીક ‘પ્રસ્થાન’માં પ્રગટેલી. તે સામયીક ‘સર્વોચ્ચ’ એટલા માટે કે, એના તન્ત્રી પ્રકાંડ સાક્ષરવર્ય (વીદ્વાન વીવેચક, કવી, ચીન્તક, હાસ્યકાર વગેરે) રામનારાયણ પાઠક હતા. સનાતન, ઉશનસ્ અને વળી પાછળથી અ–કવી અને સાહીત્યમાંથીય ન્યાત બહાર થયેલા એવા આ નમ્ર લેખકનાંય કાવ્યો ઘણાં જ વહેલાં આ ‘પ્રસ્થાન’માં પ્રગટેલાં! હું ફક્ત પન્દર વર્ષની વયે કેટલી પરીપક્વ કવીતા સર્જતો એનો એક નમુનોય નમ્રભાવે ટાંકું :

ના ધુપદીપ, તુલસી તણી કાષ્ટમાળા, ને ના કુસુમ–સુરભી, નહીં પુષ્પમાળા,
ઘંટારવો ન ગરજે, નહીં સ્તોત્રનાદ ને ત્યાં ન સ્થાપીત અચેતન શૈલમુર્તી!

શુદ્ધ વસંતતીલકા છંદ અને શબ્દગૌરવ તો જુઓ!

આ વર્ણન પુસ્તકાલયનું છે, જેને ‘મન્દીર’ લેખાવ્યું છે. ફક્ત પન્દર વર્ષની વયે 1937માં આ કાવ્ય ‘પુસ્તકાલય’ માસીકમાં છપાયેલું. ફાઈલો ઉથલાવો તો આજેય મળે! છતાં અન્તે હું કવી તો ન જ થયો!

આમ ડભોઈ મારે માટે બધીય રીતે ‘પ્યારી’ નગરી બની રહેલી, જેનું આકર્ષણ હજી આજેય ક્વીચત્ – ચીત્તને સ્વપ્નથી પીડી જાય છે. અમારી આવી અક્ષરપ્રેમી મંડળી ઉપરાન્ત, ડભોઈ શહેર પણ ખુબ જ રમણીય, આકર્ષક હતું : વીશાળ તળાવ, પુરાણો કીલ્લો, હીરાભાગોળ – આ હીરા કડીયાની દન્તકથા આમ

તો સર્વત્ર જાણીતી; છતાં ટુંકમાં ટાંકું : તે ડભોઈના કીલ્લાનો મુખ્ય સ્થપતી, એની એક પ્રીયતમા હતી : 'તેના' સ્ત્રીનું નામ છે દાસી. પોતાના હોદ્દાનો લાભ ઉઠાવીને હીરા કડીયાએ પોતાની પ્રીયતમાની યાદમાં નજીકના ગામે એક તળાવ બન્ધાવ્યું, જેમાં કીલ્લા માટેના કીમતી પથ્થર તેણે વાપર્યા. અને એના બદલામાં ડભોઈના કીલ્લામાં માટી વાપરી! થોડા વખતમાં આ વાત પકડાઈ ગઈ, અને રાજાએ (ઉમાશંકર એને સીદ્ધરાજ જયસીંહ લેખાવે છે એવો કંઈક ખ્યાલ છે) તેને જીવતો ચણી દીધો. એ જગ્યા 'હીરાભાગોળ' તરીકે જાણીતી છે. આજેય ત્યાં હીરા કડીયાને પુરેલો, એ બાકોરું બતાવામાં આવે છે. સાચુંખોટું તો રામ જાણે! પરન્તુ પછી કીલ્લાની એક કમાન અન્ય કોઈ જ ન બનાવી શક્યું, એટલે એને જીવતો બહાર કાઢવો પડેલો... નજીકમાં 'તેનતળાવ' પણ આજેય છે, જેના ઓવારાની બાંધણી ખરેખર ઉત્તમ અને મજબુત છે. ગુજરાતીમાં એક કહેવત પ્રચલીત હતી, કદાચ આજેય હોય : 'ડભોઈ મળતું તેનતળાવ!' (મળતું એટલે સાથેસાથે). અને અમારા વતનના પ્રદેશમાં તો વેઢમીને પણ 'ડભોઈનો કીલ્લો' રમુજમાં કહેતા, કારણ કે એ વાનગીમાં અન્ય સામગ્રીનું પુરણ વપરાય છે. ડભોઈની પશ્ચીમની વડોદરી ભાગોળે વાઘનાથ મહાદેવનું સુન્દર મન્દીર હતું, જ્યાં અમે અન્ય સ્થાનીક મીત્રો સાથે ઘણીવાર 'દર્શને'ય જતા. ટુંકમાં, ત્યારે ડભોઈને એક સુન્દર શહેર કહી શકાય. મને તો એ ખુબ જ ગમી ગયેલું...

પણ ત્યાંથીય પાછી અલવીદા : સલામ, ડભોઈ! આ તો જીવનભરનો આપણો વીરહયોગ! હવે આ રીતે હું ડભોઈનીવાસી ભાવીજીવનમાં તો કદાપી નહીં થવાનો ને?.... વર્ષો બાદ, સંજોગવશાત્, ડભોઈ જવાનું થયું : જોઉં તો, જાણે કીશોર વયની નાજુક, નમણી, સુન્દર રમણી પ્રેમીકા વ્યસ્ક બનતાં જાડી, પાડી, વીરાટ નીતમ્બ તથા પેટ ધરાવતી, લચેલા સ્તન–ગાલવાળી, અડધો ડઝન બાળકોની માતા બનેલી 'બૈરી' ક્યાંક ભટકાઈ ગઈ હોય અને એનાં દર્શનથી જે વેદના થાય, તેવી વેદના કીલ્લા બહાર વીસ્તરેલા, ફાટફાટ થતા ડભોઈ શહેરને જોઈને પીડી ગઈ... શું થાય? આજે જ્યાં સર્વત્ર આ જીન્દગી જ 'ફાટફાટ' થતી બની રહી છે ત્યાં. અફસોસ!

મતલબ કે ડભોઈથી સાત–આઠ મહીનામાં જ બનેવી શ્રી. રણછોડલાલની બદલી વળી મીયાંગામ–કરજણ થઈ. આ કરજણની ત્યારે પાંચ ધોરણની એ. વી. સ્કુલ (ઍંગ્લો–વર્નાક્યુલર)માં હું છ એક મહીના ભણ્યો. અહીં વળી પાછો હું ડોબો અને ઉપેક્ષીત વીદ્યાર્થી બની રહ્યો, ન જાણે કેમ! ત્યાં અમારા એક શીક્ષક હતા તે સેન્ડેસાહેબ, શરીરે ભારે પહેલવાન : કસરત કરે, દંડબેઠક મારે ને ચોમાસામાં તો ભરદોર હીલ્લોળા લેતા નજીકના તળાવમાં, મગરમચ્છની મસ્તીથી તરવા પડે. તેઓ મારી બદહાલત જોઈને કહે, ‘તું જીવનમાં શું કરવાનો?’ જેનું શરીર મજબુત અને બળવાન હોય તે જીન્દગીમાં કશુંય સાધી શકે, અથવા તો જેનામાં તીવ્ર બુદ્ધીબળ હોય તે ઉંચી સીદ્ધી મેળવે. તારામાં બેમાંથી એક્કેય નથી. તું દુ:ખી જ થવાનો!’ અફસોસ! આજે એ સેન્ડેસાહેબ ક્યાં છે? છે કે નહીં?– કશી જ માહીતી મળી શકે નહીં. એથી તેઓનું આવું ભવીષ્યકથન ખોટું જ પડ્યું, એમ યથાશક્તી સન્તોષપુર્વક તેઓને હું કેવી રીતે જણાવી શકું?

વળી પાછી બદલી! અને અમે સાવલી આવ્યાં. આ સાવલી તે કવીવર ઉશનસ્‌ના વતનનું ગામ : જુઓ, તેઓની સ્મરણકથા ‘સદ્‌માતાનો ખાંચો!’ બનેવી શ્રી. રણછોડલાલ પણ એ જ સાવલીના વતની અને એજ ખાંચામાં તેઓનું પોતીકું ઘર! જો કે આજે તો તેઓના સુપુત્ર, લેખક–હાસ્યકાર પ્રા. દીનેશ પંડ્યા એ તે ઘર કાઢી નાંખ્યું છે અને એ પોતે તો હવે બોડેલવાસી બની રહ્યા છે...

ખેર, સાવલીવાસીઓ, સાક્ષરશ્રી પ્રા. જયદેવ શુક્લ સહીત, સૌ મને માફ કરજો જ! સાવલીગામ મને બીલકુલ ગમ્યું નહીં – આજેય જવાનું થાય, તો ત્યાં એવી જ ઘેરી ઉદાસી તથા વીરાની અસ્વસ્થતા, કશીક, ઝાંખપ ન જાણે કેમ, હૈયાને પીડી જાય છે! મતલબ કે સાવલીના છ–સાત મહીનાના વીદ્યાર્થીજીવનમાં કોઈ કટુ–મધુર સંસ્મરણો મારા વીચક્ષણ ચીત્તમાં હસતાંરમતાં નથી. હા, જે સ્કુલમાં કવી ઉશનસ્‌ ભણેલા, એ જ સ્કુલમાં મનેય ભણવાનું મળ્યું અને ત્યાંથી જ મેં પણ પહેલે નમ્બરે ફીફ્થ સ્ટાન્ડર્ડ (હાલનું નવમું) પાસ કર્યું એટલું જ જમા પાસું! ઉશનસ્‌ જે ઘરમાં જનમ્યા, ઉછર્યા ને ભણ્યા – એ ઘર આજે વેચાઈ ગયું છે યા જશે ને જાને!

એને આવા મોટા કવીનું સ્મારક બનાવી રાખવાનું સાવલીવાસીઓ કેમ ચુકી ગયા. ન સમજાય! (જો કે આપણી પ્રજાની પોતાના સાક્ષરો પ્રત્યેની ઉદાસીનતા જ એમાં કારણભુત છે. ઈંગ્લૅંડમાં શેક્સપીયરના વતનના ગામ સ્ટેફોર્ડ અપોન એવોન ખાતેનું તેનું સમૃદ્ધ સ્મારક જુઓ! અને પછી વડોદરા આવીને પુછો કે, મધ્યકાલીન મહાકવી પ્રેમાનન્દનું ઘર ક્યાં? જવાબ નહીં જ મળે. એ જ મારા ઉપરના પ્રશ્નનોય જવાબ છે!)

જો કે એમાં, છેલ્લે છેલ્લે સુરતના સત્તાવાળાઓ ‘પ્રશસ્ય અપવાદરુપ બની રહ્યા છે. જો કે એથી આપણી ઉપર્યુકત રાષ્ટ્રીય ઉદાસીનતા નષ્ટ થઈ, પ્રજા તરીકે આપણે આવી બાબતોમાં જાગ્રત તથા જવાબદાર બન્યા છીએ – એવું ગૌરવ લેવાની તો કોઈ નક્કર ભુમીકા જણાતી નથી. ભલે! પરન્તુ સુરતની મ્યુનીસીપલ કૉર્પોરેશનની સાથેસાથે જ સમગ્ર ગુજરાતમાં પણ આવું સાંસ્કૃતીક સજાગતાનું મોજું આવ્યું લાગે છે, જેની પ્રેરણા કશીક ઈતર જ હોઈ શકે. દા.ત. યુનીવર્સીટીઓને આપણા મહાન અક્ષરપુરુષોના નામ આપવામાં આવ્યાં – મોડેમોડેય, એમ કહીએ તો ખોટું નહીં : વીર નર્મદ યુનીવર્સીટી, હેમચન્દ્રાચાર્ય યુનીવર્સીટી વગેરે... ગુજરાત યુનીવર્સીટીને એવું કોઈ ઈતીહાસ પુરુષનું નામ આપવામાં આવ્યું છે કે નહીં, એ ખબર નથી. પણ હું તો એને ‘ઉમાશંકર જોશી યુનીવર્સીટી’ નામ અપાય એમ સુચવું. સુરતને તો સર્વાધીક અભીનન્દન ઘટે છે : અહીં લગભગ તમામ સપુતોનાં નામનાં ઉદ્યાનો બન્યા છે : જયોતીન્દ્ર દવે ઉદ્યાન, કદાચ ચં.ચી. મહેતા ઉદ્યાન પણ હશે. અમારા વડીલ બંધુ કવીવર જયન્ત પાઠક આ બાબતે ઉશનસ્ કરતાં વધુ સદ્ભાગી નીવડ્યા, એમ લાગે છે. સુરતમાં કવી જયન્ત પાઠક ઉદ્યાન છે (સગરામપુરા બાજુ), તો વળી અમારા ગોઠ–ઘોઘંબા ગામના નાગરીકોએ અને ખાસ તો જીલ્લા પંચાયતમાં વીરાજમાન નેતાઓએ અમારા ગામની પ્રાથમીક શાળાને ‘કવી જયન્ત પાઠક પ્રાથમીક શાળા’ એવું નામ આપ્યું છે. એટલું જ નહીં, તેઓની બાલસંસ્મરણની વીખ્યાત કૃતી ‘વનાંચલ’ કે જેમાં આ જ વીસ્તારની આઠ–નવ દાયકા પુર્વેની રસપ્રદ વીગતો–ઘટનાઓ બાલ નજરે આલેખવામાં આવી છે, એનું એક ‘શીલ્પ’ બનાવીને પણ શાળાના ચોગાનમાં મુક્યું છે. આ કાર્યકર્તા નાગરીકોને ધન્યવાદ!.... માફ કરશો,

કદાચ ઉશનસ્ માટે વલસાડવાસીઓએ આવું કંઈક કર્યુ હોય ને મને ખબર ન હોય, એવું ય શક્ય.

## કાલોલમાં

ગુજરાતની પુર્વ સરહદે અમારો એ પ્યારો પંચમહાલ જીલ્લો : રુપાળો ને રઢીયાળો! અને વળી લગભગ અડધેથી ચીરી નાખતું અમારા વતનનું રજવાડું બારીયા રાજ્ય : દક્ષીણે રણજીતનગરથી ઉત્તરે રંધીકપુર સુધી વીસ્તરતું, આડું પડેલું. પંચમહાલના બે તાલુકા પુર્વમાં, જ્યારે ત્રણ પડેલા પશ્ચીમમાં. પુર્વના તે તાલુકા એ દાહોદ અને ઝાલોદ : પહાડી અને વનોથી રમણીય શોભતી આદીવાસી પટ્ટી, જ્યારે પશ્ચીમના ગોધરા, કાલોલ ને હાલોલ તે સુધરેલા, મતલબ કે મેદાની વીસ્તાર, જેમાં હરીયાળાં ખેતરો જ ખેતરો, ત્યારે મગફળીનાં. વન વીસ્તાર અને આદીવાસી વનબન્ધુઓથી એ વંચીત. જો કે અમારા પંચમહાલના પહાડોમાં શીરમોર જેવો, અનેક નાની મોટી રુપમતી, ટેકરીઓરુપી રાણીવાસથી વીંટળાયેલા સમ્રાટશો શોભતો જે મોટો પર્વત ખડો છે, તે પાવાગઢ હાલોલ તાલુકામાં. આમ આ હાલોલ તાલુકો વળી પશ્ચીમે અર્ધો મેદાની તો પુર્વ બાજુનો અર્ધો પહાડી, જંગલી પ્રદેશ ખરો.

ખેર, એમાંય જે નગરીમાં મારે ભણવાનું માથે પડ્યું, એ કાલોલ તાલુકો તો મધ્યવર્તી : ઉત્તરે ગોધરા ને દક્ષીણે હાલોલની વચ્ચોવચ્ચ. એમાં ડુંગરાળ, વનવીસ્તાર કહેવાય એવી ભુમી નહીંવત્ : પુરેપુરો જ મેદાની પ્રદેશ, જેની ‘પાટનગરી’ તે આ કાલોલગામ. સાવલીની ગાયકવાડી એ. વી. સ્કુલમાંથી ફીફ્થ સ્ટાન્ડર્ડ પાસ કરીને, આ કાલોલનગરીની એમ. જી. એસ. (મફતલાલ ગગલભાઈ સાર્વજનીક હાઈ સ્કુલમાં હું સીક્સ્થમાં ભણવા બેઠો. સાવલીમાં હું ભણ્યો તો ઘણું સારું, પણ મધુર–મીઠી કોઈ સ્મૃતીઓ વીહોણું જ એ ભણતર ને એવું જ એ જીવતર. કાલોલમાં સૌથી મોટા બનેવી પુજાલાલ ભટ્ટને ત્યાં રહી, ભાઈ જયન્ત પાઠક આ હાઈ સ્કુલમાં ભણતા. તેઓ ત્યારે મેટ્રીક પાસ થઈ, આગળ ભણવા સુરતની એમ. ટી. બી. કૉલેજમાં જોડાઈ ગયા. એટલે ખાલી જગ્યા પડી અને મને ફરમાન થયું કે ખાલી જગ્યા પુરો! હું એ જ

એમ. જી. એસ. હાઈ સ્કુલનો વીદ્યાર્થી બની ગયો, અને રહેવાનુંય એ જ બનેવી પુજાલાલને ત્યાં.

આમ, ડભોઈની રમણીય રુપસુન્દરી સખી, મનગમતી નગરીનો આશક એવો એક કાળનો માનીતો આ વીદ્યાર્થી તે સાવ નીરસ, સુકાભઠ્ઠ કાલોલનગરમાં ફેંકાયો. આ કાલોલ ગામ ફરતે ન કોઈ વનરાજી કે ન તો ડુંગરા! જ્યારે જન્મથી જ હું તો 'જંગલી' ! મને કાલોલ ગમે જ નહીં; પણ પછી મનભર પ્રવૃત્તી અને અહમ્–સન્તોષને કારણે એ ગમવા લાગ્યું ને યાદગાર બન્યું. જેમ કોઈ યુવાન અણગમતી કન્યાને પરણવા મજબુર થયો હોય ને એની મધુરજની વેડફાય; પણ પછી એ જ ધર્મપત્ની એના ઈતર ગુણધર્મથી ઓળઘોળ શી લાગે, એવું જ કંઈક! હા, કાલલોનગરીનું એક નાનકડું જમા પાસુંય અહીં ચીંધી લઉં : એના દક્ષીણ–પુર્વ પડખાને ઘસાઈને એક નદી જરુર વહી જાય, તે ગોમા નદી. પણ 'વહી જાય' – એમ તો એ નદી હતી યા છે એટલે સૌજન્યવશ કહેવું પડે, બાકી એમાં પાણી જ ના ટકે. દીવાળી આવતાં આવતાં તો સુકાઈને એ કોરીકટ! બસ રેતી જ રેતી, જાણે સહરાના રણની લઘુ આવૃત્તી! કવીવર જયન્ત પાઠકે તો એના વીશે લખેલા લેખને એવું મથાળું જ આપ્યું છે. 'રેતીની નદી'. હા, રેતીનેય એનું રુપાળું આગવાપણું જરુર હોય છે. ચાંદનીમાં એનો શીતળ–સુંવાળો રેતપટ અવશ્ય આકર્ષક લાગે. બસ, જાણે પડ્યા જ રહીએ, એ નદી–માવડીના મધુરા ખોળામાં! અમારી ગોષ્ઠી નદીના ભાઠામાં મોડે સુધી જામે...

આ ચમકીલા પટની મબલખ રેતીય આજે તો ઉલેચાઈ ગઈ છે, નજીકનાં મહાનગરોની ભવ્ય ઈમારતોમાં એ બાપડી 'જીવતી' ચણાઈ ગઈ છે. વધુમાં એ માયાળુ રણપટ રેતીવીહોણો ગામનો ઉકરડો બની રહ્યો છે. પડે છે ત્યારે બધુંય પડે છે (ધુમકેતુ) : આપણે પ્રચંડ ભયાનક મોતનું તાંડવ ખેલી રહ્યા છીએ. એનો જ આ એક અતી નાનકડો અંશ છે. છેવટે સર્વનાશ સત્યાનાશમાં પરીણમીને આ બધું થોભશે. આ સદાના ગુમાવેલા સૌન્દર્યને તથા ભયાવહ ભાવીને આજે તો રડીએય કોની સમક્ષ જઈને, એ તો કહો! છે કોઈ સમજદાર?

બનેવી પુજાલાલ ભટ્ટ આમ તો પુરા લાગણીશીલ, અમારા ‘ઉદ્ધાર’ પરત્વે સતત સચીન્ત, પણ એમનું પ્રભાવશાળી વ્યક્તીત્વ એકદમ કડક, કશાંય કઠોર વચનો કે નઠોર ધમકી વીના જ અમે તેઓથી ડરતા રહીએ, જે આમ તો અમારા લાભમાં જ : અમે ખુબ સારું ભણીને, તેઓને સદાય અમારા પ્રત્યે પ્રસન્ન રાખવા મથીએ જ. (‘અમે એટલે અગાઉ જયન્તભાઈ અને હવે અનુયાયી એવો હું) અમારા ઉજ્જ્વળ ભાવીનાં સર્વ સુત્રો પછી તો, આ બનેવીએ જ, સમ્પુર્ણ સ્વેચ્છાએ જ, હસ્તગત કરી લીધાં, જેથી અમે ભણ્યા. બાકી મારું વડીલોપાર્જીત ભાવી તો ખરેખર પ્રાથમીક–શીક્ષકનું કે તુચ્છ તલાટીનું–કારકુનનું જ, એવું સાવ સંકુચીત તથા હીણું જ બની રહ્યું હોત! વળી પુજાલાલ ભટ્ટની એક ઉદારમના ખાસીયત પણ એવી સરસ હતી કે તેઓ ક્રોધીત થઈને અમને ઉગ્ર વઢી નાખતા નહીં, તેમ કશી ફરજ પણ પાડતા નહીં, કદીય નહીં! દા.ત. જયન્તભાઈને ડૉક્ટર બનાવવાનો એમનો ખાસ આગ્રહ તથા અન્ય વડીલોની પણ એવી જ ઈચ્છા. છતાં જયન્તભાઈ સમ્મત ન થયા, તો કંઈ નહીં!

આવા અસામાન્ય પુજાલાલની એથીય વધુ ક્ષમાશીલ ઉદારતાનો એક અસામાન્ય દાખલો વળી ઓર વધુ રસપ્રદ છે : તેઓએ જ મારી સગાઈ હું ફીફ્થ સ્ટાન્ડર્ડમાં હતો, ત્યારે જ જ્ઞાતીમાં, અને તેય વળી તેઓના નજીકના સગાની સુપુત્રી સાથે જ ગોઠવી દીધેલી. એ સગાઈ આશરે પાંચેક વર્ષ ટકી પણ ખરી. પરન્તુ ભાવી વીશેના મારા ધુની વીચારો સાવ ઉફરા હતા. કાકા કાલેલકર જેવા નીત્ય પ્રવાસીના પ્રભાવથી હું સાધુ થઈ હીમાલય જવા તરવરતો હતો, તો વળી સ્વાતન્ત્ર્ય જંગમાં ઝંપલાવી મોટો દેશસેવક બની રહેવાની મહત્ત્વાકાંક્ષાને મમળાવતો. એથી મારી કૉલેજ કારકીર્દીના બીજા કે ત્રીજા વર્ષમાં, મેં એ સગાઈ તોડી નાખી. નોંધપાત્ર કે ધન્યવાદને પાત્ર હકીકત તો એ છે કે, મને કૉલેજમાં ભણાવનો ખર્ચ પણ ત્યારે તો પુજાલાલ બનેવી જ આપતા. તેમ છતાં, મેં સગાઈ તોડી, ત્યારે તેઓ ઠપકાનો એક શબ્દ પણ બોલ્યા નહીં. ખરેખર જ શબ્દશઃ ‘એક શબ્દ પણ નહીં!’ વધુમાં ત્યારે નીરાધાર જેવો હું વેકેશનોમાં પણ તેમને ઘેર જ પડ્યો રહેતો, જાણે કુટુમ્બનો જ એક

હક્કદાર સભ્ય! આમ ખરેખર જ બનેવીશ્રી પુજાલાલ ભટ્ટ ‘અદ્ભુત’ પુરુષ હતા : વજ્રાદપી કઠોરાણી, મૃદુની કુસુમાદપી એવું જ કંઈક ઉદ્ગારી શકાય.

મારું કાલોલનું વીદ્યાર્થી–જીવન એકદમ જુદી જ ભાતનું બની રહ્યું. છેલ્લાં બે વર્ષથી ગાયકવાડી રજવાડામાં કુંઠીત વ્યક્તીત્વથી, કેવળ ભણેશરી રહ્યો હોવાને કારણે, હું દેશમાં જામેલી આઝાદી જંગની વીવીધ પ્રવૃત્તીઓથી સાવ અજ્ઞાત–અસ્પૃશ્ય જ હતો. જ્યારે કાલોલ તો સ્વાતન્ત્ર્ય સંગ્રામનો તથા તદ્વીષયક પ્રવૃત્તીઓનો એક અગ્રગણ્ય ગઢ હતો, જેનો યશ ત્યાંના સ્થાનીક નેતાઓને ફાળે જ નોંધવો રહ્યો. એમાં સર્વ પ્રથમ નમ્બરે આવે માણેકલાલ ગાંધી, જેઓ આઝાદી બાદ ગુજરાત રાજ્યના એક પ્રધાન પણ બનેલા. છેક અંગ્રેજ યુગથી જ આઝાદીપરસ્ત પ્રવૃત્તી તેઓ કરતા. તેઓ એમ. એલ. એ. તરીકે પણ ચુંટાતા (ધારાસભ્ય). પોતાનું સર્વસ્વ જીવન, સમગ્ર કારકીર્દી તેઓએ રાષ્ટ્રને શરણે સમર્પીત કરી દીધેલી અને કાલોલમાં ચાલતી તમામ સ્વાતન્ત્ર્ય–આન્દોલનીય પ્રવૃત્તી પર પણ તેઓનો જ અગ્રેસર માર્ગદર્શક પ્રભાવ. તદનુસાર, અમારું વીદ્યાર્થીમંડળ પણ તેઓના જ ઈશારે સરસ પ્રવૃત્તી કરે. અન્ય એવા જ પ્રભાવશાળી નેતાઓમાં હતા : મારુતીસીંહ ઠાકોર, જેઓએ ધરાસણા સત્યાગ્રહમાં જોરદાર માર ખાધેલો ને મહીનાઓ સુધી હાથે પ્લાસ્ટર રાખીને પ્રવૃત્તી કરતા ફરતા અમે જોયેલા. એવા જ સમર્થ નેતા તે, ગંગાશંકર પુરાણી (મારા સગા મામા) પણ ખરા. પછી ડાહ્યાભાઈ દવે, રુદ્રપ્રસાદ દેસાઈ, મદનકાકા, જાહ્નવીકા દેસાઈ વગેરે અનેક. ત્યારે સ્વાતન્ત્ર્ય આન્દોલન અન્તર્ગત અનેકવીધ પ્રવૃત્તીઓ ચાલે : દા.ત. પંચમહાલ પ્રાથમીક કેળવણી મંડળ, જે સરકારી સ્કુલો ઉપરાન્ત અને સરકારી હસ્તક્ષેપથી મુક્ત એવી પ્રાથમીક શાળાઓ અનેક ગામડાઓમાં ચલાવે. ત્યારે આપણે અંગ્રેજ સરકાર સામે જ આઝાદી જંગ લડતા, એટલે ભલે એને વખોડીએ, બાકી તો વર્તમાન અવદશાના સન્દર્ભે બ્રીટીશ શાસનને લાખલાખ ધન્યવાદ જ ઘટે છે! કારણ કે....

કોઈ પણ ‘રાષ્ટ્રીય’ આન્દોલન જ્યાં સુધી શાન્ત, અહીંસક તથા રચનાત્મક રીતે ચાલતું હોય, ત્યાં સુધી અંગ્રેજ હકુમતની એની વીરુદ્ધ લેશમાત્ર

દખલગીરી નહીં. કરડી નજર, કાવાદાવા કે કીન્નાખોરી જેવા તો શબ્દો જ તેઓના દફતરમાં યા તે જમાનાના કોશમાં કદાચ નહોતા. વહીવટ ન્યાયી, સહીષ્ણુ, ઉદાર જેમાં કાયદો જ કાયદાનું કામ કરે... સર્વત્ર ગાંધીવાદી – કૉંગ્રેસી પ્રવૃત્તીઓનાં ઘોડાપુર ઘુઘવે; પરન્તુ સરકારની સીધી પ્રતીબન્ધક દરમીયાનગીરી કશી જ નહીં. કૉંગ્રેસ જેવી (જો કે તે એક જ ત્યારે મુખ્ય હતી) આઝાદી પરસ્ત સંસ્થાઓ તરફથી કશીક લડાયક ચળવળ ઘોષીત થઈ હોય ને ડીફેન્સ ઑફ ઈન્ડીયા કે એવા કોઈ કાનુન અન્વયે પ્રતીબન્ધ ફરમાવાયો હોય, ત્યારે જ પોલીસ પગલાં લેવાય, જે પછી જોરદાર અને કઠોર જ હોય. 'શાન્તી'ના વાતાવરણમાં તો અંગ્રેજ હકુમત વીરુદ્ધ બુલન્દ પ્રચાર ચાલે, નેતાઓનાં ગરમાગરમ પ્રવચનો – નીવેદનોમાં તેમ જ ઉગ્ર અખબારોમાં. 'જન્મભુમી' કે 'વન્દેમાતરમ્' જેવા અખબારો તો સો ટકા આઝાદીતરફી જોરદાર લખાણોથી છલોછલ પ્રગટતાં જ રહેલાં. ઘણીવાર તો આજે અનીચ્છાએ પણ એવું ઉદ્ગારાઈ જાય છે કે 'ખરું વ્યક્તીસ્વાતન્ત્ર્ય, અભીવ્યક્તીસ્વાતન્ત્ર્ય તથા પ્રવૃત્તીસ્વાતન્ત્ર્ય અમે તો અંગ્રેજ રાજ્યમાં અનુભવ્યું, ભોગવ્યું!'

દા.ત. અમારી એમ. જી. એસ. હાઈ સ્કુલ કૉંગ્રેસી નેતા માણેકલાલ ગાંધી તથા તેઓના આઝાદીપરસ્ત આગેવાનો જ ચલાવતા, એ જગજાહેર હકીકત. છતાં એને સરકારી ગ્રાન્ટ મળે, ઈન્સ્પેક્ટરસાહેબ એમની ખાતાકીય વીઝીટે પણ આવે જ અને એનું ભણતર માન્ય. અમે વીદ્યાર્થીઓ જે વીદ્યાર્થીમંડળ ચલાવીએ, એય કૉંગ્રેસ–પ્રભાવીત, અમે હડતાળો પણ પાડીએ; છતાં અમે 'સ્વતન્ત્ર' વીદ્યાર્થીઓ. સ્કુલમાં અમારા જેવા અનેક વીદ્યાર્થીઓ ખાદી પહેરે, અમારાં મંડળો ગાંધીજયન્તી ઉજવે, અમે વન્દેમાતરમ્ લલકારીએ, ક્યારેય પોલીસ ત્રાટકી હોય, એવી દુર્ઘટના બની નથી. કેટલાક શીક્ષકો તો ચોક્કસ આન્દોલનો દરમીયાન વર્ગમાં ગાંધીતરફી પ્રવચનોય કરી જતા! (હા, ઉપર જણાવ્યું તેમ 'લડત ઘોષીત' હોય, ત્યારની વાત જુદી.)

ભલે કાલોલ ગામ મને કઢંગું, શુષ્ક તથા રસીક–સૌન્દર્ય રહીત લાગતું. શરુઆતમાં અણગમતું બન્યું. પરન્તુ ગાયકવાડીમાં હું કેવળ અભ્યાસરત, બહુધા

ભણેશરી વીદ્યાર્થીજુથનો જ એક સામાન્ય 'સભ્ય' હતો. મારું પાતીકું કોઈ સ્વતન્ત્ર વ્યક્તીત્વ ખીલ્યું જ નહોતું. એવી કશી આબોહવા જ ત્યાં નહોતી. અમે ફક્ત 'ભણતા'. આમ હું સાવલીના ફીફ્થ સ્ટાન્ડર્ડ સુધી ફક્ત ચીલાચાલુ વીદ્યાર્થી એવો બાલ–કીશોર હતો, તે કાલોલમાં આવીને પુખ્ત–કીશોર તરીકે દ્વીજ બન્યો. મંડળો, સભ્યપદ, હોદ્દા, આન્દોલન, સભાઓ, પ્રવચનો, મોટા મોટા નેતાઓ, મુલાકાતો, જાહેર જીવન – એ બધું મને કાલોલે જ શીખવ્યું, બક્ષ્યું. હું વીદ્યાર્થીમંડળનો મન્ત્રી ચુંટાયો, જાહેર ઉઘરાણું કરતાંય શીખ્યો ને વખણાયો. મારા જ મન્ત્રીપદ દરમીયાન, મેં કાલોલમાં કાકા કાલેલકર યા સુરતના પ્રૉ. ગોદીવાલા જેવા રાજકારણવીદ વક્તાઓને નીમન્ત્રેલા. ગામ આખામાં ઓળખીતો બન્યો... એક વકતૃત્વ સ્પર્ધામાં હરીહર ખંભોળજા પ્રથમ ક્રમે અને હું બીજા ક્રમે આવેલા. ત્યારે જ આ ભાઈ ખંભોળજામાં ભાવી રાજકીય નેતાનાં ગર્ભીત બીજ વરતાતાં, જે ખરેખર પછી ઉગી પણ નીકળ્યાં જ : તેઓ આઝાદી પછી મીનીસ્ટર બન્યા! તેઓના પીતાશ્રી કાલોલના સરકારી દવાખાનામાં ડૉક્ટર હતા. નામ યાદ નથી. ભાઈ હરીહર મારાથી બે વર્ષ પાછળ ભણે, એટલે ખાસ દોસ્તી જેવું નહીં...

અમે બધા મીત્રો સાંજે લાયબ્રેરીમાં અને ત્યાંથી અચુક ગોમા નદીમાં ફરવા જઈએ. આજના યુવાનોની જેમ, ત્યારે અમે સેક્સની, સીનેમાની કે ક્રીકેટની વાતો નહોતા કરતા ને દક્ષીણ ગુજરાતના વર્તમાન વીદ્યાર્થીઓની જેમ બેફામ, અર્થહીન ગાળો નહોતા બરાડતા. ત્યારે અમારામાંથી કોઈએ જ સીનેમા તો જોયેલું સુધ્ધાં નહીં. અમે 'જવાબદાર' યુવકો હતા. અમારી ગોષ્ઠીનો વીષય ગાંધી, જવાહર, સુભાષ, કૉંગ્રેસનો તથા 'સ્વરાજ્ય' સારું કે 'સુરાજ્ય?' – જેવા પ્રશ્નોનો જ રહેતો. કાલોલમાં હું હાઈ સ્કુલનાં છેલ્લા બે વર્ષ ભણ્યો. દરમીયાન એક ધ્યેયયુક્ત, મહાત્ત્વાકાંક્ષી, સુસજ્જ તથા સજાગ એવા યુવકની ખુશ્બોદાર કળીઓ મારા વ્યક્તીત્વમાં ખીલવા લાગી. જો કે જીવનભર રાજકીય વીચારો ચર્ચ્યા, કૉંગ્રેસથી કમ્યુનીઝમ સુધીના; તેમ છતાં મારામાં રાજકીય લક્ષણોનો સાક્ષાત્કાર ન જ થયો. જીવનભર હું મુખ્યત્વે સાંસ્કૃતીક ક્ષેત્રનો અદનો અદાકાર જ રહ્યો, જેવો આજેય છું. અન્તે 1940માં હું કાલોલની એમ. જી. એસ. હાઈ સ્કુલમાંથી, સારા માર્ક્સ સાથે જ,

મેટ્રીક પાસ થયો ને હુંય જયન્તભાઈના અન્ધ અનુયાયી જેવો એમ. ટી. બી. કૉલેજ સુરતમાં એફ. વાય. આર્ટ્સમાં જ દાખલ થયો. બાકી હું તો સાહીત્ય જેટલો જ, વીજ્ઞાનરસીયો પણ ખરો જ. મેટ્રીકમાં જેમ મારા અંગ્રેજીમાં, ગુજરાતી–સંસ્કૃતમાં, તેમ વીજ્ઞાનમાં (ફીઝીક્સ અને કેમેસ્ટ્રીમાં) પણ 68 ટકા માર્ક્સ આવેલા. છતાં મે ઉચ્ચતર ભણતરમાં 'આર્ટ્સ'ની જ લાઈન પસન્દ કરી!'... ધ્યેય પણ એવું જ (નીચુ!) : બી.એ. થઈને હાઈ સ્કુલમાં શીક્ષક અથવા તક મળે તો એમ.એ. થઈ પ્રૉફેસર! જો કે બી.એ. થયો, એટલે પેલી ઉચ્ચતર તક તો અવગણાઈ, કારણ કે તત્કાલ નોકરી તૈયાર! વળી, સારા પગારવાળી મળે. નીજી કમાણીના પૈસા લઈને, પ્રતીષ્ઠીત જેવા ફરવાનું! એ સીદ્ધીઓય ઓછી આકર્ષક નહોતી, સરસ્વતી સાથે લક્ષ્મીજીનીય કૃપાદષ્ટી! જો કે મુખ્ય પ્રેરક બળ તો પેલું જ કે સીધી ઘરેડમાં પુરાઈને, એકદમ ચીલાચાલુ ગાડે ચઢી બેસી, સાવ 'ચાલુ' ખીતાબવાળી વ્યક્તી, કશીય વીશીષ્ટતા વીનાની ફક્ત 'રોટલા–વીજેતા' બની રહેવાનું પસન્દ જ નહીં, જીવનમાં કદાચ સાવ પાયા વગરની; પણ એવી ધુન પ્રવેશી ગયેલી કે હું તો કશુંક જુદું, ચીલાચાલુથી ભીન્ન કરવા જ નીર્માયો છું. જો કે શક્તી વગરની ભક્તી જેવુંય કહેવાય. કીન્તુ હકીકતે તો એવી ઠેકડાબાજીમાં જ મને રસ પડે.

ચાલો, હવે ભણતરની વાત પણ નીરસ બની જવાનાં નીર્જળ વાદળાં ઘુઘવે છે, તો અન્ય કદાચ થોડો વધુ જીવન્ત રસમય વીષય હાથ ધરીએ.

*

13

*સર્ગ – 4*

## એમ. ટી. બી.ના આંગણામાં

1940માં હું મેટ્રીક થઈ, સુરતની એમ. ટી. બી. આર્ટસ ઍન્ડ સાયન્સ કૉલેજમાં આગળ ભણવા માટે એફ. વાય. આર્ટ્સના ક્લાસમાં (ત્યારે કૉલેજનું પ્રથમ વર્ષ) જોડાયો. આ કૉલેજનુંય તે કાળે એક નામ હતું. એક ગૌરવ હતું. જો કે આમ તો એ ‘બાપડી’ અથવા તો અન્ય કૉલેજોમાં ઉતરતી કક્ષાની અધીકારી લેખાતી; કારણ કે ગુજરાતમાં આવેલી કૉલેજોમાં જાણે એ ‘સહજસાધ્ય’ હતી. મતલબ કે ત્યારે ગુજરાતભરમાં ફક્ત ત્રણ–ચાર કૉલેજો હતી, જો કે ચોથીય પાછળથી અમદાવાદમાં એલ. ડી. આર્ટ્સ કૉલેજ નીકળેલી. વળી સૌરાષ્ટ્રનું આખું એકલાં રજવાડાંનું જ લગભગ ત્યારે બનેલું; એથી અમુક મોટાં અને મહત્ત્વાકાંક્ષી દેશી રાજ્યોએ કૉલેજો સ્થાપેલી ખરી. મારા ખ્યાલથી તદનુસાર ભાવગનર તથા કદાચ જુનાગઢમાં કૉલેજો હતી. પરન્તુ એમાંય વીજ્ઞાન (સાયન્સ) વીભાગ નહીં હોય; કારણ કે સૌરાષ્ટ્રથી અનેક વીદ્યાર્થીઓ સુરત–એમ. ટી. બી.માં વીજ્ઞાનના વર્ગમાં જોડાવા માટે આવતા; જેનો સન્દર્ભ આ કથામાં અન્યત્ર પણ મેં કર્યો છે.

ખેર! ગુજરાતની ત્રણ જાણીતી કૉલેજો હતી : ગુજરાત કૉલેજ–અમદાવાદ, બરોડા(વડોદરા) કૉલેજ અને સુરતની એમ. ટી. બી. એથી એડ્‌મીશન (પ્રવેશ)ની થોડી કટોકટી ઉદ્‌ભવતી. ગુજરાત કૉલેજમાં એડ્‌મીશન એ જરા કષ્ટસાધ્ય, અર્થાત્ મેટ્રીકમાં સારા માર્ક્સની અપેક્ષા દર્શાવતી કૉલેજ ગણાતી; જ્યારે બરોડા કૉલેજમાં વળી વડોદરા રાજ્યના વતની વીદ્યાર્થીઓને પ્રથમ પસન્દગી અપાતી; જેથી બહારના ‘બાપડા’ વીદ્યાર્થીઓને પ્રવેશની શક્યતા ઉંચા માર્કસની તથા અમુક જગ્યા બાકી હોય તો જ–ની શરતવાળી કહેવાતી. જ્યારે એમ. ટી. બી.માં પ્રમાણમાં સહેલાઈથી પ્રવેશ મળતો; એથી લોકો તેને ‘મારી, તારી, બધાની’ કૉલેજ કહી, એની ઠેકડી કરતા. છતાં અમુક સંન્દર્ભે આ કૉલેજનોય ગુજરાતમાં વટ હતો,

મતલબ કે ગૌરવ હતું : એ જમાનો જ એવો હતો કે; ખાસ યોગ્યતા અર્થાત્ સામર્થ્ય વીના કૉલેજમાં નોકરી મળતી નહીં, મતલબ કે પ્રૉફેસરોનો ત્યારે સમાજમાં ભારે પ્રભાવ હતો : પ્રૉફેસર માનનીય તો શું, ‘દર્શનીય’ વ્યક્તી ગણાતો.

એ પ્રમાણે એમ. ટી. બી.નાં ‘વટ’નું કારણ એમાં સેવા આપતા સમર્થ પુરુષો હતા : એમ. ટી. બી. (આર્ટસ એન્ડ સાયન્સ) કૉલેજના જે પ્રીન્સીપાલ ત્યારે હતા; એ એન. એમ. શાહનું ગુજરાત–મહારાષ્ટ્રમાં મોટું નામ! અત્રે ‘ગુજરાત–મહારાષ્ટ્ર’ એમ લખવાનું કારણ તો એ કે તે કાળે આ બધી જ કૉલેજોનું સંચાલન મુમ્બઈ યુનીવર્સીટીને હસ્તક હતું. ત્યારે સમગ્ર ભારતમાં ફક્ત ત્રણ ચાર જ યુનીવર્સીટીઓ હતી. : મુમ્બઈ, મદ્રાસ, કલકત્તા અને કદાચ દીલ્હી. મુમ્બઈ યુનીવર્સીટીનો સત્તાપ્રદેશ (જ્યુરીસડીકશન) એટલે મહારાષ્ટ્ર, ગુજરાત અને સીંધ એમ ત્રણ ત્રણ પ્રાંતો! અમે મુમ્બઈ યુનીવર્સીટીના ગ્રેજ્યુએટ આજેય ગણાઈએ! પ્રી. એન. એમ. શાહ ઈંગ્લૅન્ડની કોઈ યુનીવર્સીટીના ‘રૅંગલર’ તરીકે વીખ્યાત હતા. આ ‘રૅંગલર’ તે વળી શું? – એ તો આજેય મારી સમજમાં સ્પષ્ટ નથી; પરન્તુ મુમ્બઈ યુનીવર્સીટીમાં તેઓની ઉંચી પ્રતીષ્ઠા : સીન્ડીકેટના સભ્ય પણ હતા અને એ પણ ગૌરવની ઘટના લેખાતી હતી. એ તો ઠીક; પણ કૉલેજમાં અને તે સાથે સુરત શહેરમાં તેઓનો ભારે પ્રભાવ હતો, અને તેઓ હતાય એવા સમર્થ તથા શક્તીમાન પુરુષ. વીદ્યાર્થીઓ તો તેમનાથી કાંપે જ; સાથે સાથે સામાન્ય જનો પણ એન. એમ. શાહનું કામ હોય તો એમની મુલાકાતના વીચારમાત્રથી ગભરાતા. ચુંગી ફુંકતા પ્રી. શાહ તેઓના બંગલામાંથી જ્યારે કૉલેજમાં જાણે ધરતી ધમધમાવતા આવતા હોય, ત્યારે કૉલેજના મેદાની–ઉદ્યાનમાં તો સોપો જ પડી જતો. ભલભલા ‘રખડુ’ વીદ્યાર્થીઓ પણ ચુપચાપ શાન્ત, આઘાપાછા થઈ જતા. તેઓના વહીવટી સામર્થ્યના એકબે દાખલા જોઈએ :

એક વાર એક વીદ્યાર્થીએ કોઈ વીદ્યાર્થીની પર નનામી પ્રેમચીઠ્ઠી લખીને નાખી. સ્વાભાવીક જ છોકરીએ પ્રીન્સીપાલને ફરીયાદ કરી. હવે એ છોકરાને પકડવો કઈ રીતે? તો એન. એમ. શાહે નોટીસ કાઢી કે, ‘દીવાળી બાદ કૉલેજમાં ચાલુ રહેવા ઈચ્છતા વીદ્યાર્થીઓએ પોતાની એ યોજના વ્યવસ્થીત લખી કૉલેજના ‘લેખીત’

જણાવવી!' જવાબમાં ઑફીસને દોઢસો–બસો અરજીઓ મળી. એ તમામ લખાણને ચકાસી–તપાસીને શાહસાહેબે અક્ષર ઉપરથી પેલા ચીઠ્ઠીફેંકુ વીદ્યાર્થીને પકડી પાડ્યો. સાહેબના એવા કડક શાસન અનુસાર, એ 'પ્રેમી' વીદ્યાર્થીને ડીસમીસ જ કરવાનો! પરન્તુ તેઓમાં માનવીય સહાનુભુતીય પાછી ખરી. શાહસાહેબે એને બોલાવીને વીકલ્પ આપ્યો કે, 'તું આ કૉલેજ છોડી, અન્યત્ર દાખલ થઈ જા! અમે તને એલ. સી. તથા એન. ઓ. સર્ટીફીકેટ આપીશું. બાકી તારી કારકીર્દી અને જીવન બરબાદ થઈ જશે. મતલબ કે, અહીંથી તો તું ડીસમીસ જ!'

પછી તો તે વીદ્યાર્થી અમદાવાદમાંથી બી.એ. થયો ને ખુબ મોટો માણસ બની રહ્યો : સરદાર વલ્લભભાઈનોય માનીતો; કારણ કે મુળેય તોફાની તો હતો જ; એથી ક્વીટ ઈન્ડીયાની લડતમાં (1942) તેણે મોટાં મોટાં સાહસો કરેલાં, એથી જેલમાં જ તેને સરદારનો પરીચય થયેલો...

પ્રી. એન. એમ. શાહની પ્રખર પ્રભાવી હીમ્મત તથા આત્મહીમ્મતનો બીજો દાખલો તો વળી ઘણો મોટો છે; જે આજેય ક્યારેક, ક્યાંક ટાંકવામાં આવે છે : 1942ની લડતમાં લગભગ બધા જ વીદ્યાર્થીઓએ ઝંપલાવેલું. જેમાં હૉસ્ટેલવાસીઓ પણ સામેલ. તેઓ હૉસ્ટેલમાંથીય જાતભાતની 'લડાયક' પ્રવૃત્તીઓ કરતા. એકવાર કંઈક આવી જ 'તોફાની' ઘટનાની તપાસમાં સુરતના ડી. એસ. પી.એ કૉલેજમાં આવી, આ બાબતે પ્રી. એન. એમ. શાહસાહેબને ફરીયાદ કરી. ત્યારે શાહસાહેબનો હીમ્મતબાજ અભીગમ જોવા જેવો! તેઓએ ડી. એસ. પી. જેવા મોટા અધીકારી સામે બુલન્દ સ્વરે ગર્જના કરી :

'મી. ડી. એસ. પી., ફર્સ્ટ યુ ગેટ આઉટ! તમે કોની રજા લઈને કૉલેજ કંપાઉન્ડમાં પ્રવેશ્યા? હાઉ કેન યુ એન્ટર કૉલેજ પ્રીમાઈસીસ વીધાઉટ માય પરમીશન?'

અને માનશો? ડી. એસ. પી. સાહેબ વીલા મોંએ કૉલેજના દરવાજાની બહાર ચુપચાપ નીકળી જ ગયા! ત્યારે અંગ્રેજ વહીવટનો જમાનોય શીસ્તનો અને કાયદેસરતાનો હતો. ડી. એસ. પી. જેવા મોટા અમલદારેય પોતાની ભુલ વણબોલ્યે, ફક્ત 'સોરી' કહીને જ સ્વીકારી લીધી. કૉલેજનો અધ્યાપક–સ્ટાફ ત્યારે કેવો 'ભવ્ય!' આજની સરખામણી કરીએ તો ઉંડે ઉંડે પીડા જ થાય. ગુજરાતી વીભાગના વડા તરીકે વી.ર.ત્રી. – વીષ્ણુપ્રસાદ રણછોડલાલ ત્રીવેદી જેઓ પંડીત યુગના અવશેષરુપ સન્માન્ય પ્રતીષ્ઠીત વીવેચક અને બીજી વળી એવી જ મહાન હસ્તી હતા. વીજયરાય કલ્યાણરાય વૈદ્ય. અફસોસ કે આજે વીજયરાયનું નામ કાંઈક વીસરાઈ ગયું છે, બાકી તેઓ નીઃશંક મોટા સાક્ષર. તેઓ માન્ય–સન્માન્ય વીવેચક તો ખરા જ, ઉપરાન્ત એમણે પ્રવાસ વર્ણન પણ લખેલાં (ખુશ્કી અને તરી) ને કટાક્ષલેખોય સર્જેલા. પરન્તુ તેઓનું સૌથી મોટું કાર્ય તો ગુજરાતી સાહીત્યનો ઈતીહાસ. ઉપરાન્ત, જીવનભર, સાહીત્યકીય સામયીકો ચલાવ્યાં. એમાં છેલ્લે 'માનસી' તો અસહ્ય આર્થીક – શારીરીક મુશ્કેલીઓ વચ્ચે! તેઓ શરીરે કાયમના જ નીર્બળ. એક કવીએ તો એમને વીશે લખેલું : 'દુર્બળીયો રા કૌમુદીકાર!' ત્યારે તેઓ વડોદરાથી ''કૌમુદી' નામક સાહીત્યકીય માસીક પ્રગટાવતા. પછી સુરતથી તેઓને ક. મા. મુનશીએ પોતાની કૉલેજમાં મુમ્બઈ બોલાવી લીધેલા. જ્યારે વી. ર. ત્રી. અન્ય ઉંચી ઑફરો છતાં, એમ. ટી. બી.ને જ વફાદાર રહ્યા. માનપાન સહીત નીવૃત્ત થયા, સુરતના 'મહર્ષી' સમાન લેખાયા અને દીર્ઘ સુખમય જીવન સુરતમાં જ ગુજારી વીદાય થયા... અન્ય કેટલાક પ્રાધ્યાપકો પણ વીવીધ સન્દર્ભે કૉલેજની શાન હતા. જયોતીન્દ્ર દવે અને વ્યોમેશચન્દ્ર પાઠકજી જેવાય સુરત કૉલેજમાં ભણાવી ગયેલા.

મને લાગે છે કે એથીય વધુ અથવા એવા જ શાનદાર આ કૉલેજમાં વીદ્યાર્થીઓ પણ થઈ ગયા : અમે દાખલ થયા, એ જ અરસામાં ગુજરાતના ભાવી મુખ્ય પ્રધાન હીતુભાઈ (હીતેન્દ્ર કનૈયાલાલ દેસાઈ) એમ. ટી. બી.ના જ વીદ્યાર્થી હતા. એવા જ મહાન બીજા શ્રી. પોપટ વ્યાસ, જેઓ આઝાદ ભારતના ગુજરાત રાજ્યમાં ગૃહપ્રધાનપદે ચમકી ગયા. ત્રીજા મહાન રાજકીય આગેવાન હતા, શ્રી. જશવંત ચૌહાણ અને ચોથા શ્રી. શંભુભાઈ પટેલ; તેઓ તો અમારા જ વર્ગમાં સાથે ભણતા.

ઉપરાન્ત, સરયુબહેન પંડ્યા આદી અમારા વીદ્યાર્થીમંડળનાં આગેવાનો અને અમારું એ વીદ્યાર્થીમંડળેય ભારે સક્રીય અને વળી આઝાદીપરસ્ત! તે યુગના વીદ્યાર્થીઓની રાષ્ટ્રીય–વૈશ્વીક સજાગતાય જાણવા જેવી છે : એક વાર મંડળે કૉંગ્રેસ એ. આઈ. સી. સી.ની મોક બેઠકનો કાર્યક્રમ રાખેલો. એમાં એક 'સરસ' આગેવાન વીદ્યાર્થી રાંદેરનો ભાઈ કુરેશી હતો, પાકો ગાંધીવાદી–કૉંગ્રેસી. તે કૃપલાણી બનેલો. કાર્યક્રમ દરમીયાન, અમુક સામ્યવાદી વીદ્યાર્થીઓએ ગુપ્ત રહીને, ગૅલેરીમાંથી સામ્યવાદ તરફી પત્રીકાઓ ફેંકી. ત્યારે બ્રીટીશ સામ્રાજયમાં સામ્યવાદ પ્રતીબન્ધીત, એટલે સભામાંથી પંડ્યા ફોજદાર તત્કાળ ઉભા થઈ ગયા અને સંચાલકોને ચેતવણી આપી કે, 'તમારા બીરાદરોને કાબુમાં રાખો, નહીંતર મારે કાર્યક્રમ બન્ધ કરાવવો પડશે!' ત્યારે કુરેશીએ અદ્દલ કૃપલાણીની જ ઢબછબમાં વીનન્તી કરી કે, 'હમારે લાલબન્ધુઓ કો હર જગહ અપના સીના દીખાને કી બુરી આદત હૈ! કૃપા કરી તેઓ શાન્તી જાળવે!' આ પંડ્યા ફોજદાર ભારે કઠોર અમલદાર હતા, જેમણે પછી 1942ની ચળવળમાં હાહાકાર મચાવેલો...

બીજો નોંધપાત્ર પ્રસંગ : વીદ્યાર્થી સંઘે એક 'તરહી' મુશાયરો યોજેલો. પંક્તી હતી :

ગુલે ગુલ–ગુલનું અત્તર
સમાયું પાંખડીમાં છે !

હવે વીદ્યાર્થીઓની કલાશક્તી તથા વૈશ્વીક જાગૃતી જુઓ : ચાલુ મુશાયરાએ એમણે એક સ્મશાનયાત્રાનું દૃશ્ય બતાવ્યું : 'રામ બોલો, ભાઈ રામ!' અને જાહેરાત કરી કે, 'ભુરાભાઈની શાન્તી મરી ગઈ!' અને એને અનુલક્ષીને એક કવી વીદ્યાર્થીએ મક્તાની પંક્તીલલકારી : 'શાન્તી ઠાઠડીમાં છે !' આ પંક્તી દ્વારા સુચન હતું. યુરોપમાં તાજા જ ફાટી નીકળેલા બીજા વીશ્વયુદ્ધનું... બોલો સરખાવો ત્યારનો અને આજનો વીદ્યાર્થી!

કૉલેજમાં દાખલ થતાં જ, એક કાળે હાઈ સ્કુલનો અગ્રણી અને હોશીયાર વીદ્યાર્થી એવો હું લાઈન બહારનો વીદ્યાર્થી બની ગયો –

‘લાઈન મારવા’ ઉપરાન્ત મેં ભણવા–ગણવાનું ને વાંચવાનું નેવે મુકી દીધું. અને બહુવીધ દુષ્પ્રવૃત્તીઓમાં (ધુમ્રપાન જેવાં દુષણો સહીત) ઉંધે માથે ઝંપલાવ્યું! અઠવાડીયામાં બેચાર સીનેમાય જોઈ નાખતો અને એના પૈસા માટે એકબે અપવાસેય ખેંચી કાઢતો. પરીણામે ટર્મીનલમાં જ, છ માસીક પરીક્ષામાં નાપાસ થયો, જેથી સી. પી. સ્કોલરશીપ ગુમાવી. આ શીષ્યવૃત્તી એવી હતી કે, એક વાર મળે, એટલે છેલ્લા વર્ષ સુધી મળ્યા જ કરે. ફક્ત શરત એટલી કે તમામ પરીક્ષાઓમાં પાસ થવાનું જ. કદાચ આજેય આ સ્કોલરશીપ ચાલુ છે.

માંડમાંડ એફ. વાય. આર્ટસમાં પાસ થયો, જેમાં મારા અભ્યાસકીય જ્ઞાન કરતાં, કવી તરીકેની પ્રતીષ્ઠાનો ફાળો જ કદાચ વધુ હતો. એમ પાછળથી જાણવા મળ્યું. સમજી ગયાને? ઈન્ટર આર્ટસમાં પણ એમ જ વાંચવા–ભણવાનું રામ ભરોસે અને નાટક, સીનેમા અને ગાયનવાદનમાં જ તલ્લીન. પણ એકદા મીત્રો જોડે શરત લગાવી કે, ‘ભલે એક જ મહીનો રહ્યો છે, પણ પરીક્ષામાં પાસ થઈને બતાવું!’ અને એમ શરત જીતી તો ગયો જ. સાથે સાથે જુનીયર બી. એ.માં આવી પડ્યો. એ જ વર્ષે હીન્દુ મીલન મન્દીરે હૉસ્ટેલ જેવું કાઢેલું. એમાં રહીને કૉલેજમાં ભણવા માંડ્યું. એ તો ધાર્મીક સંસ્થા ને મારે તો સવારે સવારે ચા–બીડી જોઈએ જ. હું છાનોમાનો બહાર નીકળી પડું. અમે આ ચૌર્યપ્રવૃત્તીનું નામ પાડેલું ‘મૉર્નીંગવોક અને ડૉન્ટ ટોક!’ મૉર્નીંગવોક એટલે ચા અને બીડીને ‘ડૉન્ટ ટોક’ કહેવાનું કારણ તો એ કે, વાતો કરીએ તો બીડી બુઝાઈ જાય, જ્યારે સીગરેટ જલ્યા જ કરે!

સદ્‌ભાગ્યે એ જ અરસામાં 1942ની કીવટ ઈન્ડીયા – ભારત છોડોની જોરદાર લડત શરુ થઈ. નવમી ઑગસ્ટે અને મીલન મન્દીરના ધાર્મીક બન્ધનમાંથી હું એ નીમીત્તે મુક્ત થઈ ગયો. હા, સંસ્થાના ત્યારના પ્રથમ સ્વામીજી આત્મસ્વરુપાનન્દજી પછી જીવનભર આદરભેર ઓળખાણ રાખતા, એ સમ્પ્રાપ્તી!

એથી મીલન મન્દીરના મુશાયરામાં હું અચુક ભાગ લેતો... કૉલેજ કારકીર્દીની આ સીવાયની વધુ વાતો આ કથામાં અન્યત્ર છુટી–છવાયી પણ આવતી રહે છે, તો અહીં જ થોભું.

*

અનુક્રમણીકા

## અધ્યાય – 4. મારા ચાર અક્ષરાશ્રમો

### સર્ગ – 1 : કવીઅવતાર

હું મારી અક્ષરની આરાધનાને ઘણીવાર ‘મારા ચાર અવતારો’ કહીને ઓળખાવું છું, જે અવતારો લેખક–સર્જક તરીકેના છે. અકારણ, કેવળ અકળ ધુનને વશ થઈને હું મારો ‘જીવનયોગ’ એકાએક બદલી કાઢું : કોઈ લાભની કે કશાય ઉજ્જ્વળ ભાવીની મહત્ત્વાકાંક્ષાથી પ્રેરાઈને નહીં, આ તો બસ અકળ અને અકારણ! પરીવર્તન ખાતર પરીવર્તન (કલા ખાતર કલા જેવું !)

મારો પ્રથમાવતાર અર્થાત્ – અક્ષરની આરાધનાનો પ્રથમ આશ્રમ તે કવીનો. અમે બધા જ ભાઈઓ, કીશોર વયના આરંભકાળથી જ કવીતા કરીએ : જેનો ઉલ્લેખ આગળ પણ આવી ગયો છે. અમે જેમ અન્ય રમતો રમવા લાગી જઈએ એમ, બેસી જઈએ કે ચાલો, હવે કવીતા કરીએ!’ ‘અમે ભાઈઓ’ એટલે અમારા કુટુમ્બમાં મોટા ભાઈ લક્ષ્મીરામ, પછી જયન્તી (જયન્ત પાઠક) અમે ત્રીજે નંબરે હું (ત્રીજો નમ્બર કદાચ બન્ને અર્થમાં : ઉમ્મરમાં તથા કવૉલીટીમાં!). મતલબ કે ત્યારે મુરબ્બી લક્ષ્મીરામ તો સરસ–ગંભીર, પ્રવર્તમાન સામાજીક–રાજકીય પરીસ્થીતીઓનેય વીષય બનાવીને ‘જોરદાર’ કવીતા લખે. છેક અન્તકાળે મેં જ તેઓનો એક કાવ્યસંગ્રહ સમ્પાદીત કરીને પ્રગટ કર્યો, તે ‘નીજાનન્દે હમ્મેશાં રામ.’ ‘રામ’ તેઓનું ઉપનામ હતું. એમાં તે કાળની, પરન્તુ વીશેષ તો એમના ઉત્તર કાળની રચનાઓ મેં સમાવી છે કારણ કે, તે જ કાળનાં કહી શકાય એવાં કાવ્યો, એમની ‘પ્રાચીન’ હસ્તપ્રતોરુપે મળી શક્યાં નહીં. તેઓએ જ એના પ્રતી (મારી જેમ જ) લાપરવાહી દાખવી, ખોઈ નાખેલાં. એવા કાવ્યની માંડ અર્ધી – એકાદ પંક્તી મને સ્મરણમાં રહી ગઈ છે. અને જે કાવ્ય આજે પ્રાપ્ય નથી, તે અહીં ટાંકુ, જેથી કવી લક્ષ્મીરામનું જીવન ખાતર કલાનું ગાંભીર્ય સમજાશે :

ઢુંઢી પીધું મનભર્યું વીજ્ઞાનવારી!
ગ્રસી રહ્યાં માનવ માનવોને!
ગાંધીજીનો અખીલ જગમાં
જામશે સામ્યવાદ?

કાવ્યનો કેન્દ્રીય ભાવ એવો કે, માનવજાતે જીવનમાં વૈજ્ઞાનીક, સાંસ્કૃતીક આગેકુચ કરતાં તમામ ક્ષેત્રે ઘણી જ સીદ્ધીઓ મેળવી છે, પરન્તુ એની ભીતરની પ્રકૃતી વેરઝેર આદીને તે જીતી શક્યો નથી, જેથી આજેય 'ગ્રસી રહ્યાં માનવ માનવોને!' યુદ્ધો તો ખેલાય જ છે! (આવું લખવા પછળ તાજા જ વીતેલા પ્રથમ વીશ્વયુદ્ધના ભીષણ માનવસંહારનું સુચન હશે યા તો બીજા વીશ્વયુદ્ધના પ્રારંભરુપ નાના નાના સન્ઘર્ષોની પ્રેરણા હોઈ શકે) પછી પ્રવર્તમાન જુદાં જુદાં વાદ–વીચારધારાઓનો ઉલ્લેખ અને અન્તે ગાંધીવાદની આશાભરી અપેક્ષા! તે કાળે જયન્ત પાઠક વળી વધુ આત્મલક્ષી તથા કાવ્યોર્મીસભર રચનાઓ સર્જતા. અમે પાંચેય કવીપદેચ્છુ ભાઈઓની પોતાનું નામ છપાયેલી જોવાની મહેચ્છા! અને એથી પ્રેરીત એક સમાન વીષયનું ખેડાણ તો સાથેસાથે ચાલે જ : એ છે, પુસ્તકો યા પુસ્તકાલયોની તારીફની રચનાઓ સર્જીને, પુસ્તકાલય સહાયક સહકારી મંડળી – વડોદરા દ્વારા પ્રગટતા 'પુસ્તકાલય' માસીકમાં પોતાની કૃતી નામોલ્લેખ સાથે પ્રગટ કરવાની પ્રવૃત્તી. આવું કાવ્ય સ્વીકારાય, એ માટે સાથે અમારી વય – ખાસ તો નાની ઉમ્મર પણ લખી મોકલતા : દા.ત. 'રમણ પાઠક, ઉ.વ. 14.' આ મહત્ત્વાકાંક્ષા એટલી તો પ્રબળ કે પછી એમાં 'ભ્રષ્ટાચાર' પણ પ્રવેશ્યો, એટલે કાવ્યોની ઉમ્મર વધતી જાય પણ અમારી તો તેની તે જ! તન્ત્રીશ્રી ભારે વીશ્વાસુ : એમણેય સ્વીકારી જ લીધું કે આ છોકરાની વય વધતી જ નથી! અરે, એક વાર તો મેં હદ જ કરેલી! ત્યારે હું બીજાં સમ્બન્ધીઓ–મીત્રોને પણ કાવ્ય લખી આપું અને એમને નામે છપાવી પણ આપું. એ સન્દર્ભે, મારા બનેવીને નામે કાવ્ય લખવાની ફરમાયશના જવાબમાં મેં એક પુસ્તક–પ્રશંસક કાવ્ય લખ્યું અને પછી નીચે નામ લખ્યું :

રણછોડલાલ પંડ્યા
અવલ કારકુન–સાવલી,
ઉ.વ. 14!

ત્યારના તન્ત્રીઓ, સાથેસાથે, સમગ્ર વાતાવરણ પણ ‘સચ્ચાઈ’ તથા વીશ્વાસનું! એટલે તન્ત્રીશ્રી, ‘પુસ્તકાલય’એ આ કવીની ઉમ્મર જુઠી લખાયેલી લાગે છે, એવી શંકા કરવાને બદલે, કદાચ એમ હકારાત્મક વીચાર્યું કે, ‘આ છોકરોય ખરો! ફક્ત ચૌદ વર્ષની વયે કવી તો થયો જ, પણ વહીવટદાર કચેરીમાં અવલ કારકુન પણ થઈ ગયો! વાહ!’ અને ખરેખર એ કાવ્ય કવીના એવા જ નામોલ્લેખ (વયોલ્લેખ) સાથે જ પ્રગટયું! (‘પુસ્તકાલય’ માસીક કદાચ આજેય પ્રગટે છે.)

ઉપર ‘પાંચેય કવીબંધુઓ’ – એમ લખ્યું છે, તે તો એ માટે કે, અમારા કાવ્ય–સર્જન ખેલમાં, સાથે ખેલનારા અન્ય બે ‘કવીમીત્રો’ય હતા : અમે ત્રણ ભાઈઓ, ઉપરાન્ત કવી ઉશનસ્ અને તેઓના મોટા ભાઈ ‘રમણલાલ પંડ્યા – સનાતન’ પણ એમાં ખરા. અરે, કવચીત્ એમાં છઠ્ઠા કવીય (કવીપદેચ્છુ) જોડાતા તે વળી કવી ઉશનસ્‌ના મોટા ભાઈ, ‘સનાતન’થીય મોટા એવા ભાઈ, નામે પશુભાઈ (પુરુષોત્તમ) પંડ્યા. અમે સાથે કાવ્યો સર્જીએ એટલું  જ નહીં, પરસ્પરના વીવેચકોય અમે જ. વીવેચનનો અમારો માપદંડ કડક નહીં હો! એમાં આજે લોકપ્રીય એવું બહુધા મૈત્રી – વીવેચન! પછી તો કૉલેજ કારકીર્દી દરમીયાન, હું કવી તરીકે ગુજરાતી સાહીત્ય જગતમાંય થોડોક ‘નામાંકીત બન્યો, Fairly wel-known! અને કૉલેજમાં તો ‘કવી–કવી’ તરીકે ખુબ આદરણીય પણ ખરો! વીદ્યાર્થીઓ મારા પ્રત્યે આશ્ચર્ય–અહોભાવથી જુએ અને પ્રાધ્યાપકોય આદર દર્શાવે. દા.ત. કૉલેજકાળમાં અમારા સાહીત્યવીદ્ પ્રાધ્યાપકો ગણાય એવા હતા : સુપ્રતીષ્ઠીત વીવેચક શ્રી. વીષ્ણુપ્રસાદ ત્રીવેદી, પ્રા. વ્રજરાય દેસાઈ અને પ્રા. હીરાલાલ ગોદીવાળા. એ સૌનો હું માનીતો. એમાં પ્રા. ગોદીવાલા તો વળી ઉત્સાહી તથા તરવરીયા. મારું કાવ્ય કૉલેજ મેગેઝીનમાં પ્રગટે એને બીજે–ત્રીજે દીવસે ખાસ મને મળવા આવે, બીરદાવે અને કાવ્યના ગુણદોષની ચર્ચાય કરે. જો કે ત્યારે મારી અને અમારી (સાથીઓને

ગણતાં) રહનસહન એકદમ કવીવત્ : અવ્યવસ્થીત અને ફુવડ! એક સસ્તા ભાડાનું મોટું ઘર ભાડે રાખી, નવદસ વીદ્યાર્થીઓ સાથે બેફામ, બેઢંગ, મસ્ત કે માંદા પડ્યા હોઈએ, ગન્દા જેવાય લાગીએ! ગોદીવાલા સાહેબ જેવા એકદમ ભદ્ર–સુસજ્જ પુરુષ અમારે ત્યાં આમ આવી ચઢે, ત્યારે સુદામાની ઝુંપડીમાં કૃષ્ણ પધાર્યા જેવું થાય : કારણ કે અમે લાગણીહીન, નફ્ફટ નહીં, પણ લાચાર! ગરીબી વત્તા નીરાધારી વત્તા અણઆવડતને પરીણામે માંડમાંડ ભણીએ! હા, ભણવામાં વળી સાવ નફ્ફટ, મતલબ કે ડફોળ : વાંચવા–ભણવા કરતાં 'ઈતર પ્રવૃત્તી' જ વધારે!

મેં ત્યારે કૉલેજ બહાર પણ કવી તરીકે સારી નામના મેળવેલી. 'પણ' એટલા માટે કે લગભગ ખ્યાતનામ કવી બનવા આવેલ જયન્ત પાઠક અને ઉશનસ્‌ની હારોહારનો જ કવી, ત્યારે હુંય લેખાતો. મારુંય કાવ્ય, હજી તો કૉલેજના પ્રથમ વર્ષમાં જ હતો (એફ. વાય. આર્ટ્સ), ત્યારે 'પ્રસ્થાન' માસીકમાં છપાયેલું. 'પ્રસ્થાન' ગુજરાતીમાં ત્યારે શ્રેષ્ઠ સાહીત્યકીય માસીક તરીકે પ્રતીષ્ઠીત. તન્ત્રીશ્રી રા. વી. પાઠક, જેઓની પરીક્ષામાંથી પસાર થવું એ મોટો વીજય! એ કસોટીમાંથી જે પસાર થયો, તે પછી માન્ય કવીઓમાં ગણાય. અમે ત્રણે ભાઈઓ નીજી તાકાતથી પાસ થઈ ગયા...

'પ્રસ્થાન'માં પ્રગટેલા મારા પ્રથમ કાવ્યનો 'ઈતીહાસ' પણ જાણવા જેવો છે :

ફકત ઓગણીસ વર્ષનો એક મુગ્ધ કવી–આત્મા કેવો મીઠો–મધુરો, દૈહીક ભાવથી જોજનો દુરનો, અવર્ણનીય સંવેદનાનુભવ કરી શકે? – એ કદાચ આજે આપણે નયે કલ્પી શકીએ. એવો સમ્બન્ધ સામાન્યતયા પણ અદ્‌ભુત, તો આ વીશીષ્ટ વળી અદ્‌ભુતતર સમજાય છે. તે જીવ કવી હતો, માટે જ પ્રગાઢ પાગલ પ્રેમમાં સરી પડયો, અને કવીતા સ્વયમેવ ગુંજવા લાગી. પ્રેમનું પાગલપન અને તેય ફુટતી, કોળતી યુવાનીની વયે, કીશોરતાના ઓસરવા ટાણે, કેવા કેવા ખેલ રચે–રચાવે એય જાણવા તો શું, સ્વયં માણવા જેવું છે! પણ સમયની ગતી એકમાર્ગી, સદૈવ

અગ્રગામી છે, એટલે લાચાર! નાનકડી એક નાટીકા, જેની ફકત પન્દર વર્ષની મુગ્ધા નાયીકા, સાન્નીધ્ય તો કયાં, મીલન પણ અસંભવ! કયારેક, કોઈ ધન્ય મુહુર્તમાં, ક્ષણ બે ક્ષણનું તારામૈત્રક, નેત્રપલ્લવી અને બસ, 'હું હું ન રહ્યો ને તું તું ન રહી!' એવું બની ગયું. પછી તો કઠોર તપશ્ચર્યા આરંભાઈ : કવી–નાયક રોજ સાંજે, પાંચ વાગ્યે પેલા એકાકી માર્ગ પર એકલો પ્રતીક્ષાગ્રસ્ત, બસ નીરપવાદ, નીર્વીકલ્પ ઉભો રહે, એમાં એક દીવસની પણ ચુક નહીં! વળી પ્રેમી જીવની અધીરતા તો તમે સમજી શકો ને? કયારેક અર્ધા કલાકની, તો ક્વચીત વળી પુરા એક કલાકની પ્રતીક્ષા– તપશ્ચર્યા થઈ જાય. પણ એક જ ધ્યાન, એટલે સ્થળકાળનું ભાન હોય તો ચીંતા રહે ને? પાંચ વાગ્યે નાયીકાની શાળા છુટે, એ તો ભદ્ર, સમ્પન્ન, ઉંચા પરીવારની સ્વપ્નપરી–સોનપરી, ગડાગડ કરતી ગાડીમાં આવે ને સડસડાટ પસાર થઈ જાય. આછેરાં–અધુરાં દર્શન અને બસ વીદાય. કયારેક મધુરતમ, ફરકતા સ્મીતની સ્વલ્પ પ્રસાદી ફગાવતીય જાય, અને બસ એ જ પેલા કવી–પ્રેમી માટે લખલુટ સંપત્તીનો ગુપ્ત ખજાનો. કવી કલ્પનામાં રમમાણ બની જાય : ધ્યાનસ્થ અવસ્થામાં જુએ કે આ તો એક નાજુક, નમણી, નાનકડી નદી વહી ગઈ, અને નદીમાં ભરતીની તો આશા જ મીથ્યા! એનાં સમથળ પાણી સદાનાં અનાયાસ વેગે આપોઆપ વહી જાય અને કવી પોતે એવો જ કોરો... કોરોધાકોર – તરસ્યો ને તરસ્યો જ. પ્રેમવર્ષાની કયારેક જ પેલી નદીમાં પુરની ભરતી ચઢેય ખરી. ખેર, એ તો ચઢે કે ન યે ચઢે, પણ કાવ્યસંવેદનની ભરતી તો અચુક આપણા કવીમાં ચઢે જ ને? એથી અન્તે તો પોતે રોમરોમ સમૃદ્ધ બનીને થનગનતી વીદાય લે...

જરા સ્થુળ–વ્યવહારજગતની વાત : તે કાળે 'પ્રસ્થાન'ના તન્ત્રીશ્રી સાક્ષરવર્ય સ્વ. રામનારાયણ પાઠક – દુરારાધ્ય તન્ત્રી. એથી જે સર્જક 'પ્રસ્થાન'માં પ્રગટ્યો, એ વીરલ બહુમાન જ લેખાય. ફકત ઓગણીસ વર્ષની વયે આવી અસંભવ ઘટના સ્વયંમેવ સંભવીત બની : પેલા કવીની પાગલ પ્રતીક્ષા ફળી! ના, કૃતી તો આખી યાદ નથી, ફકત પ્રારંભની અઢી પંક્તીઓ ભુલી ભુલાઈ નથી, જે સાંભળો તમનેય સંભળાવું :

ઉભો છું આ રસ્તે,
ઉભો છું આ રસ્તે, અચુક અહીંયા પાંચ બજતાં,
નકી જયારે તારી, નગર મહીંથી ગાડી નીકળે!

અને પછી તો આખા કૃતીદેહરુપે પેલી નદીની જ ઉપમા, એનું જ રુપક :

કદી તારાં વારી... ઈત્યાદી.

એ યુગ છન્દોબદ્ધ, સંસ્કૃત અક્ષરમેળ વૃત્તોની બોલબાલાનો, કાવ્ય સૌન્દર્યનો સુસમૃદ્ધ સમય હતો. ત્યારે આ નાનકડા, અજ્ઞાત કવીનો છંદ, ઉપરનો કાબુય સુસમૃદ્ધ હોં! 'શીખરીણી'ના હર શબ્દધ્વનીએ ફુલડાં ફુટી નીકળ્યાં, અપરમ્પરા ફોરમથી સર્જન મઘમઘી રહ્યું. (આ મારી નહીં, છંદના પ્રભાવની તારીફ કરું છું.) રા. વી. પાઠક પ્રસન્ન, ખુશખુશાલ, વારી ગયા ને એ કાવ્ય 'પ્રસ્થાન'માં પ્રગટ્યું. પરન્તુ આપણો તો પેલો ઘેલો, મુગ્ધ કવી! કોઈએ કશું જ જાણ્યું નહીં. તેની આ વીરલ સીદ્ધી કાળના, કરાળ પેટાળમાં ન જાણે કયાંય સમાઈ ગઈ. કોઈને અણસાર સુધ્ધાં ન આવ્યો કે, એના વીદ્ધ હૈયાના પોકાર સમી એની રચનાઓ તો 'પ્રસ્થાન'માં પ્રગટે છે! કારણ કે તેણે પોતાની એ રચના ગોપીત ઉપનામથી છપાવી હતી, અને વળી એ ઉપનામે ય કેવું? પેલા પ્રીય પાત્રના અજોડ, રળીયામણા નામના પ્રથમ બે અક્ષરો! હા, એ નાજુક, નમણી, સ્વર્ગની શ્વેતપરી જેવી, પોતાના સુરભીત સૌન્દર્યને ધીરે ધીરે સસંકોચ પ્રગટાવતી પુષ્કળકળી સમી, અજોડ રુપમતી નાયીકા તો હવે તમને કયાંથી જોવા મળે?

આ કાવ્ય 'પ્રસ્થાન'માં પછી તો પ્રગટ્યું, આમ આ કીશોરાવસ્થાના અન્તીમ ઓવારે ઉભેલો કવી ધીરે ધીરે માન્યતાનો અધીકારી બનતો ગયો...

પણ આ મર્કટ–કવીની તોફાની વૃત્તી જ 'આપ બનાયે, આપ બીગાડે' એવી, એટલે એ કવી બનતો ત્યાં જ પાછો થંભીય ગયો...

હવે આ કાવ્યના ઈતીહાસનું પ્રકરણ–2, જે વળી રસીક–રમુજી છે :

આ કાવ્યમાં મેં મોટી તફડંચી કરી છે, એવો કુવીચાર કેટલાક ઉદીયમાન કવીઓને આવ્યો : કારણ એ જ કે એ અરસામાં કવી ઉશનસ્એ, આવું જ એક કાવ્ય રચેલું. જો કે તે તો 'પ્રસ્થાન'માં અસ્વીકૃત બનેલું!

ઉભો છું આ રસ્તે,
ઉટજ કુસુમે અંજલી ધરી,
તમારા આવ્યાની નગર મહીં સુણી ખબર હું...

સામ્ય સ્પષ્ટ છે : મેં ઉશનસ્‌ની એ રચનાના પાંચ શબ્દો ચોર્યા છે, રોકડા પાંચ! પણ ચોરી એટલે ચોરી! એવું એ મીત્રોનું જજમૅન્ટ : પ્રથમ અર્ધ પંક્તીના ચાર વત્તા 'નગર મહીં' બસ! છતાં ઉસનસ્ અને એમના સાહીત્ય–રસીયા મીત્રો અકળાયા. ત્યારે કવી ઉશનસ્ વડોદરા કૉલેજમાં ભણે, સાથે પાછળથી અલ્પખ્યાત કવી બનેલા એવા બે મીત્રો એમના સહાધ્યાયી. તેઓ હતા : શ્રી. જશભાઈ કા. પટેલ અને શ્રી. હસીત બુચ. એ લોકોએ મારી આ તફડંચી વીરુદ્ધ 'પ્રસ્થાન'ના તન્ત્રીશ્રી રા. વી. પાઠકને ફરીયાદરુપ પત્ર લખવાની તૈયારીય કરી નાખી કે, આ કવી 'પ્રીયમ' તો એક નમ્બરનો ઉઠાઉગીર છે! ત્યાં યોગાનુયોગે સુરતથી જયન્ત પાઠકનો એક ખુશખબર પાઠવતો પત્ર ઉશનસ્‌ને મળ્યો. ત્યારે આ બે કવીમીત્રો વચ્ચે નીરન્તર સાહીત્યકીય પત્રવ્યવહાર ચાલતો. જયન્તે જણાવ્યું કે, આપણા રમણનું કાવ્ય 'પ્રસ્થાન'માં પ્રગટ્યું છે, તખલ્લુસથી. પછી તો ઉશનસ્ પણ સન્તુષ્ટ અને પ્રસન્ન પ્રસન્ન! બસ એમ ઘીના ઠામમાં ઘી – 'પ્રસ્થાન'ના ઠામમાં કાવ્ય પડી રહ્યું, અને પછી પડી ગયું. એથી આજે અપ્રાપ્ય છે!

ત્યારે હું કવી તરીકે સારાં સ્થાન–માન પામી ચુકેલો. એ જ અરસામાં મુમ્બઈ (વીલેપાર્લે)થી શ્રી. રતુભાઈ દેસાઈ એક કવીતાનું જ સામયીક કાઢતા. એમાં મારા કાવ્યો નીયમીત છપાતા એટલું જ નહીં. રતુભાઈ મારી સાથે કૃતીના કાવ્યત્વ

તેમ જ કાવ્યપદાર્થ વીશે તાત્ત્વીક ચર્ચા પણ કરતા. (યાદ છે ત્યાં સુધી આ સામયીકના પ્રકાશનમાં, નવલકથાકાર તરીકે પછીથી વીખ્યાત થયેલા 'કોલક' પણ ત્યારે સાથી હતા.) સુરતમાં હું કવી તરીકે મુશાયરાય ગજાવતો : મુશાયરામાં એકદા મેં એક કાવ્ય 'યસ્યાસ્તી વીત્તં સ નરઃ કુલીનઃ' એવી છટાભેર વાંચ્યું કે એના પ્રમુખ ઉમાશંકર કાર્યક્રમ પુર્ણ થયા બાદ મને શોધતા આવ્યા : 'વ્હેર ઈઝ ધેટ છોટે પાઠક? આઈ વુડ લાઈક ટુ મીટ હીમ!'

મારા એ કવી–અવતારને આ છેલ્લા –ઉચ્છ્વાસ જેવું કાવ્ય પણ આજે મને સારું એવું યાદ છે, જે પ્રશંસાપાત્ર નીવડેલું :

વરસો વરસો
પાણીડાં અનરાધાર, વ્હાલા!...
બેઠાં બેઉં પંખીડાં વડલાની ડાર, વ્હાલા!...
ઉંચા આભ મીનારે રે
રાણી બેઠી ગુંથતી હોજી...
મીનારો એનો તુટતો હોજી!

અત્રે આ કાવ્યમાં મેં કરેલી ખુબી પણ ચીંધુ : આમ તો આ રચના કોઈના પ્રેમની વર્ષાની વીનન્તી છે, પણ એમાં મેં બે વીખ્યાત કૃતીઓને વણી લીધી છે : અહીં ત્રીજી–ચોથી પંક્તીમાં જે વર્ણન છે, તે ઉપનીષદે કલ્પેલું આત્મા–પરમાત્માનું પ્રતીક છે : 'દ્વા સુપર્ણા સયુજા સખાયા, સમાનં વૃક્ષં પરીશષ્વજાતે...' જ્યારે પાંચમી–છઠ્ઠી પંક્તીઓમાંની પ્રતીકકલ્પના ટેનીસનના એક વીખ્યાત કાવ્યની છે : કોઈ ઉંચા મીનારામાં એક વીરહીણી રાણી ગુંથણકામ કરતી બેઠી છે. ત્યાં દુરથી એનો પ્રીયતમ આવતો જણાય છે, અને વરદાન મુજબ, 'મીનારો એનો તુટતો હોજી!' આ પ્રેમ પ્રસંગને મેં દેહ–આત્માના પ્રતીકરુપ કલ્પી, અહીં ભજનમાં વણી લીધો છે.

લાગે છે ને કે ત્યારના વીદ્યાર્થીઓ (અમે) કશીક ઉચ્ચતર ભાવનાસૃષ્ટીમાં વીહરતા.... અમારો કાર્યક્રમ, એટલે કે વીદ્યાર્થીમંડળનો વાર્ષીકોત્સવ એ પણ અમે જાતે જ આખો ને આખો તૈયાર કરતા. એમાંય સાહીત્ય, કલાદૃષ્ટી અને રાષ્ટ્રીય ભાવના હોય જ. આજની જેમ કૉલેજોમાં બહારની પાર્ટી બોલાવીને, 'ધડાક્ ધુમ.... ધડાક્ ધુમ' વાળાં બેવકુફ નાચગાન કદી નહીં!

ખેર, આ ભજન સાથે જ મારો કવી–આત્માનો સદાનો 'મોક્ષ' થઈ ગયો.

*

**15**

## *સર્ગ – 2*

## વાર્તાકાર–અવતાર

અહીં થોડીક બડાશ મારી લઉં, તો માફ કરશો જ, ભાઈઓ! આમેય આત્મકથા તો સદાય સત્યમુલક જ હોય, અને જીવનનોય કોઈ એવો જ પ્રસંગ ખરેખર બનેલો હોય, જે સત્ય પણ હોય, ત્યારે એનું આલેખન બડાશ બની પણ જાય, એમ બડાશ પણ સત્યમુલક હોઈ શકે તો? આત્મકથામાં જેમ ગપ્પાંબાજી ના લેવાય, તેમ બડાશબાજીય ના ખેલાય. માટે સ્વીકારશો જ કે આ ખોટી ફીસીયારી નથી, સાચું સ્વાભીમાન છે. અને પ્રસ્તુત પ્રસંગ ટાંકવાની ચોક્કસ અનીવાર્યતાય ઉદ્ભવી હોય, ત્યારે શું કરવું? માની લો, કે હું–રુપે મારો કોઈ મીત્ર જ આ રદીયો આપે છે! સત્યના પ્રયોગમાં જેમ આત્મનીન્દા, આત્મટીકા આવે તેમ, આત્મપ્રશંસાય આવે જ. શા માટે નહીં? અદાલતમાં બચાવ કરતાં, જાત વીશે સારી ને સાચી વતા કરવી જ પડે ને? એવું જ આય બચાવનામું!

વાત જાણે એમ બની છે કે, તાજેતરમાં એક વર્તમાન ‘બાલવીવેચકે’ આરોપ મુક્યો કે, ‘રમણ પાઠક તે શાનો વાર્તાકાર? ર.પા. વાર્તાકાર જ નથી...’ ત્યારે મને એક સ્વબચાવરુપ ઘટના યાદ આવી ગઈ : મેં એક વાર્તા લખી, (વરસાદ) જે સર્વપ્રથમ વડોદરા રેડીયો પરથી પ્રસારીત થઈ ને ભારોભાર તારીફની ભરતી ચઢી : ઓછામાં ઓછા અર્ધો ડઝન સામયીકો યા સંગ્રહોમાં એ સમાવાઈ. દરમીયાન, એક દુ:ખદ ઘટના બની : વલસાડના એક ઉદીયમાન ને આશાસ્પદ વાર્તાકાર અમારા ‘વાર્તાવર્તુળ’ના વાર્ષીક અધીવેશનના યજમાન હતા અને એના પ્રથમ જ દીવસે તેઓનું અવસાન થયું. નામ : ચન્દ્રવદન જાની (?) The show must go on! – એ ન્યાયે અધીવેશન તો અવલમંઝીલ પછીના શોકગ્રસ્ત ભારેખમ વાતાવરણમાંય મંઝીલે પહોંચ્યું. ખાસ તો, એના મુખ્ય મહેમાન હતા, સદાના સજ્જન, સહકારની ભાવનાથી લથપથ અને વ્યવહારશાણા પ્રતીષ્ઠીત વાર્તાકાર ગુલાબી પ્રકૃતીના ગુલાબદાસ, જેઓના કૌશલ્યે આ અધીવેશન માનો કે સફળ જ નીવડ્યું. દરમીયાન નક્કી કરવામાં આવ્યું કે, વાર્તાકાર સ્વ. ચન્દ્રવદનની યાદમાં એક વાર્તાસંગ્રહ પ્રગટ કરવો. એમાં સ્વાભાવીક જ મારી ‘વરસાદ’ વાર્તા જ વરસે ને તે વરસી જ. અને વળી યોગાનુયોગ એવો રચાયો કે આ સંગ્રહની પ્રસ્તાવના ઉમાશંકરે લખી. બાકી તો હું ને ઉમાશંકર સામસામેના મોરચે જ, છતાં તે જમાનો ઉદારતાનો તથા પ્રામાણીક ખેલદીલીનો હતો, અને ઉમાશંકરની તટસ્થ ઉદારતા માટે તો શંકા જ શી? તેઓ તો ભાઈ, ‘વરસાદ’ પર વરસી જ પડયા... પછી વળી લગભગ એ જ અરસામાં મદ્રાસ (ચેન્નાઈ)ની પ્રકાશન સંસ્થા બુક વેન્ચરે એક એવો વાર્તાસંગ્રહ પ્રગટ કરવાનું નીર્ધાર્યું કે, જેમાં સમગ્ર ભારત દેશની દરેક પ્રાદેશીક ભાષામાંથી એક એક જ વાર્તા સમાવવી. ત્યારે ઉમાશંકરે સમસ્ત ગુજરાતી સાહીત્યની તત્કાલીન શ્રેષ્ઠ વાર્તા તરીકે ‘વરસાદ’ ને જ પસન્દ કરી અને એમ એ ‘તેલુગુ’ કે ‘તામીલ’માં અનુવાદીત થઈ પ્રગટી પણ ખરી... કોઈ નહીં તો, હું પોતે તો કહી શકું કે, જો મેં બે જ વાર્તાઓ લખી હોત તોય અને જો ગુજરાતી વીવેચક – આલમ ખેલદીલ અને કદરદાન હોત તો જ, અચુક મને વાર્તાકાર ગણાવત : તે બે વાર્તાઓ ‘વરસાદ’ અને ‘સોનપરી’. આ બીજી વાર્તાને ‘નવચેતન’નું દ્વીતીય ધુમકેતુ પારીતોષીક મળેલું. જો કે એ પછી એના એક

નીર્ણાયક એવા અનન્તરાય રાવળ મળ્યા. તેમણે કહ્યું કે, મેં તો ‘સોનપરી’ ને જ પ્રથમ ક્રમે મુકેલી, પણ ચાંપશીભાઈ સમ્મત ન થયા, કારણ કે તેઓ વાર્તાનો અન્ત પામી જ ન શકયા. ખેર! મને તો આ વાતનો કોઈ જ અફસોસ નથી, કારણ કે મેં તો સાહીત્યક્ષેત્રને સ્વેચ્છાએ જ રામરામ કર્યા છે. આ તો મારો સ્વભાવ જ એવો કે, કોઈ અનુચીત પ્રહાર કરી જાય, તો મોકો મળ્યો વળતો પ્રહાર બીનધાસ્ત કરવો જ... મતલબ કે વર્તમાન વીવેચકો સાહીત્યનો ઈતીહાસ પણ ભણે! (‘સોનપરી’ તથા આ ઘટના માટે જુઓ : ‘રમણ પાઠકની શ્રેષ્ઠ વાર્તાઓ.’)

એક પ્રસંગકથા સાંભળો :

અંગ્રેજીનો વીખ્યાત કવી ગોલ્ડસ્મીથ વીદ્યાર્થી કારકીર્દી દરમીયાન પરીક્ષા આપી રહ્યો હતો. ભાષાના પ્રશ્નપત્રમાં એક નીબન્ધ પુછાયો હતો; જેનો વીષય હતો : મદીરા (શરાબ)

ગોલ્ડસ્મીથ મુંઝાઈ રહ્યો. એ ખુબ તેજસ્વી વીદ્યાર્થી હતો. આ નીબન્ધની શરુઆત કેમ કરવી? એ તેને સુઝે જ નહીં. (એ કશીક વીશીષ્ટ તથા તેના બરની શરુઆત શોધી જ રહ્યો, શોધી જ રહ્યો) અને પરીક્ષાનો સમય તો લગભગ પુરો થવા આવ્યો. છેલ્લે, તેણે એક જ વાક્ય ઉતાવળે લખીને ઉત્તરવહી આપી દીધી. એ વાક્ય હતું.

Water saw her master and blushed!
(પાણીએ પોતાના સ્વામીને જોયા અને શરમથી લાલ થઈ ગયું!)

આ વાક્યમાં એક ખ્રીસ્તી ધર્મકથાનો સન્દર્ભ, અદ્ભુત સુચન રહેલું છે. બસ.....

પરીક્ષક તો આવો એકવાક્યી નીબન્ધ વાંચીને પ્રસન્ન પ્રસન્ન! ઉમેદવારને તેણે મુક્યા, હાઈએસ્ટ માર્ક્સ!... ઉપરાન્ત પરીણામ જાહેર કરતાં, આ પરીક્ષાર્થીની બુદ્ધી–પ્રતીભાનાં તેણે ભારોભાર વખાણ કર્યાં.

હવે, સન્દર્ભ અર્થાત્ મારું સુચન સમજ્યા? ગુજરાતીમાં આવા સમજદાર અને કદરદાન પરીક્ષક–વીવેચક કયારેય સંભવે ખરા?

1945માં કવી તરીકે મારો મોક્ષ થઈ ગયો, એ પછી 1950ના અરસામાં મને સામ્યવાદનો નાદ લાગ્યો, અને એના પ્રચારાર્થે મેં પુનઃ કલમ પકડી અને ગર્ભીત કે પ્રગટ સામ્યવાદ–તરફી વસ્તુ વાર્તા સ્વરુપમાં ઢાળવા માંડ્યું. ગુલાબદાસને મારી વાર્તાઓ ગમી. પછી તો જીવનભર તેઓ મારા પ્રશંસક રહ્યા. ગુલાબદાસે અન્તરથી, મને સ્પર્શી જાય એવી મીઠાશથી સલાહ આપી કે ‘તમારી વાર્તાઓ તો સરસ આવે છે, પરન્તુ પ્રચારનું તત્ત્વ વધુ પડતું બોલકું બની જાય છે. એને કલાની મર્યાદામાં રાખો તો તમે ઉત્તમ વાર્તાકાર બની જાઓ!’ આમેય માણસ જ હું બોલકો! પણ મારો સંગ્રહ પ્રગટ કરવા તત્પર બનેલા ચેતન પ્રકાશન ગૃહ – ગોરેગાંવવાળા અને પીઢ અગ્રણી સામ્યવાદી, છતાં ભોગીલાલ ગાંધીએ પણ એવું જ કર્યુ : મારી પ્રચારપ્રધાન એવી અમુક વાર્તાઓ રદ કરી અને કલાકેન્દ્રી કૃતીઓનો જ સંગ્રહ પ્રગટાવ્યો : બન્ને મુરબ્બીઓનો સીદ્ધાન્ત એક જ અને સાચો જ કે, ‘તમારી કૃતીને જ બોલવા દો! મતલબ કે મારે મૌન જ સેવવાનું, જે મૌને પછી સર્વાર્થ સાધ્યા કે નહીં? એ આજે તો રામ જાણે !

મેં દીલ્હીની ‘પેન્શન એબલ જોબ’ જેવી રેડીયોની નોકરી દરમીયાન, આમ મળતી ભરપુર ફુરસદ દરમીયાન, વાર્તાકાર તરીકે લેખકીય નાટકના દ્વીતીય અંકમાં એન્ટ્રી મારી ને જબજસ્ત સફળતા પ્રાપ્ત કરી. મારી વાર્તાઓ ‘ચાન્દની’માં ખાસ અને અન્ય સામયીકોમાં પણ પ્રગટે અને મીત્રોનું સભાન ધ્યાન ખેંચે, પુરસ્કાર તો ત્યારે ઓછો મળે, પણ ભરપુર વાહવાહ મળે! રોકડી!

સાહીત્યમાં અમારી ચઢતીના, સ્થાન–માનના એ જીવન્ત, ધમધમતા દીવસો હતા : મુમ્બઈ આવતાં જ, હું ને મડીયા ફોર્ટની કોઈ રેસ્ટોરાંમાં મળ્યા, નક્કી કર્યુ કે, મુમ્બઈમાં એક 'વાર્તાવર્તુળ' સ્થાપવું. શ્રી. મડીયાની ઑફીસ અમેરીકી અને અમેરીકા તો મહાનતમ લોકશાહી રાષ્ટ્ર, એટલે એમ મનાય ને કે ત્યાં તો પુરું વ્યક્તી સ્વાતન્ત્ર્ય પ્રવર્તતું હશે! બીજી બાજુ, અમે એક સામ્યવાદી દેશના નોકર. પણ પરીસ્થીતી બીલકુલ ઉલટી! મડીયાના સાહેબો, અરે આખું, અમેરીકી તન્ત્ર સામ્યવાદથી ભારે ભડકે, જ્યારે અમારા પર કશાં જ બન્ધન નહીં. હું તો મડીયાની ઑફીસે પણ જાઉં, પણ તેઓ કદીય અમારે ત્યાં ન આવ્યા, ન જ આવી શક્યા. (અહીં 'સોવીયેતદેશમાં'વાળું પ્રકરણ ધ્યાનમાં લેવું.)

એવું જ 'વાર્તાવર્તુળ'નુંય બન્યું. એ સ્થાપવા–ચલાવવાની તમામ જવાબદારી મેં જ ઉપાડી લીધી. મુમ્બઈના બધા જ વાર્તાકારો – ખાસ કરીને યુવાન વાર્તાકારોને સામે ચાલી, જઈ જઈને મળ્યો અને 'વર્તુળ'માં આવવા નીમન્ત્ર્યા. દા.ત. ત્યારે મનસુખલાલ મો. ઝવેરી એક જ વાર્તા 'વસીયતનામું'થી એકદમ ધ્યાનાર્હ બની ગયેલા. એમની ઑફીસે, દેના બેંકમાં હું એમને મળવા ગયો તો, ભલા માણસ અર્ધાઅર્ધા થઈ ગયા, કહે,

'મારી વાર્તા વાંચીને, તમે મને મળવા આવ્યા?' ('તમે' ઉપર ખાસ ભાર.)

દર શનીવારે સાંજે ચાર વાગ્યાથી અમે 'મણીભવન'માં મળીએ. ફોન કરવાના, યાદી પ્રગટાવવાની, સમાચાર આપવાના–બધી જ મારી ઑફીસમાં છુટ, એટલે હું એ સંભાળું. મડીયા તો પછી ભાગ્યે જ દેખાયા, છતાં સ્થાપકનો યશ તો તેઓનેય ઘટે, કારણ કે વીચાર સર્વપ્રથમ એમને આવેલો. કદાચ મારી રશીયન, સામ્યવાદી હેસીયત એમને આડી આવી હોય... જો કે એમની પ્રકૃતીય એવી જ લહેરી ને ધુની. એકવાર 'વાર્તાવર્તુળ'માં એમનું ખુદનું જ પ્રવચન રાખેલું, ત્યારે પણ તેઓ પુરા દોઢ કલાક મોડા આવેલા! 'મણીભવન'ના વ્યવસ્થાપક ભાઈ સત્યેન્દ્ર ડે મુળ બંગાળી, પણ સુરતવાસી એટલે જ્યોતીષ જાની ઓળખે, એથી જ તેઓ અમને

દર શનીની સાંજે એક ઓરડામાં મળવા દે. 'મણીભવન' મુળ તો ગાંધીજીનું નીવાસસ્થાન કે એવું કંઈક.....

ખુબ મજાના દીવસો હતા એ : દર શનીએ અચુક હાજર રહેનારાઓમાં, હું, જ્યોતીષ, જશવન્ત મહેતા, સ્વ. ઉત્સુક, હીરાલાલ ફોફળીયા, બાબુભાઈ ફોફળીયા, રસીક ઝવેરી, સારંગ બારોટ, જયન્તીલાલ જોશી, દીનકર જોશી, ઘનશ્યામ દેસાઈ, વીઠ્ઠલ પંડ્યા, જયન્ત ગાંધી (એ નામના લેખક હતા, જેમણે બેત્રણ પુસ્તકો પણ પ્રગટ કરેલાં. પછી અમેરીકા ચાલ્યા ગયા.) નામ મોટાભાગનાં આજે તો ખુબ જાણીતાં છે, એને વાર્તાવર્તુળની દેન ગણીશું?

અમારી મીટીંગમાં, બહારના વક્તાને ન નીમન્ત્ર્યા હોય ત્યારે, ભરપુર જ્ઞાનગોષ્ઠી ને આનન્દમસ્તી ચાલે. વાતાવરણ ખુબ જ સરસ, એકદમ તન્દુરસ્ત. પ્રવૃત્તી પણ સરસ, મોટામોટા લેખકોને વ્યાખ્યાનાર્થે બોલાવીએ, બીજી ભાષાના પણ દા.ત. મરાઠીના ગંગાધર ગાડગીલ અમને સમ્બોધી ગયેલા, એ યાદ છે. પછી તો 'વાર્તાવર્તુળ' ઘણું વીકસેલું... વધુમાં, એ જ અરસામાં શ્રી. સુરેશ જોશીએ વાર્તાક્ષેત્રે ઉહાપોહ, હાહાકાર મચાવી દીધેલો. એથી અમારી ચર્ચાના મુખ્ય મુદ્દા બે : આધુનીક વીરુદ્ધ પરમ્પરાગત ને નવોદીત વીરુદ્ધ લબ્ધપ્રતીષ્ઠ. આ 'નવોદીત'વાળું ડીંડવાણું વળી દીલ્હીથી મેં ચલાવેલું – મન્દારીકા પાઠક એવા બનાવટી નામે, જે પછી તો ખુબ ચગેલું. થોડો વખત તો ગુજરાતમાં એવી પણ અફવા કે, 'વાર્તાવર્તુળ' એટલે નવોદીતોનું ટ્રેડ યુનીયન. સ્વ. પીતામ્બર પટેલ અમને ભરપુર ભાંડે.....

દીલ્હીમાં એશીયન રાઈટર્સ કૉન્ફરન્સ યોજાઈ – એશીયન લેખક પરીષદ. જગવીખ્યાત લેખક–નવલકથાકાર શ્રી. મુલ્કરાજ આનન્દ એની તૈયારી સંભાળે. કોઈકે કહ્યું હશે, તે એમણે મને મદદમાં બોલાવ્યો, ગુજરાતી સાહીત્યકારોની યાદી બનાવવા તથા એ સર્વેને આમન્ત્રણો પાઠવવા. મને તો આનન્દ આનન્દ! રોજ કાર્યાલયે જાઉં ને સરનામાં લખું. લેખક માત્ર માટે મને અહોભાવ, એમાંય આ તો મહાન લેખક ને વળી માર્ક્સવાદ તરફી. હું તો જાણે કે ધન્ય ધન્ય થઈ ગયો.

એશીયન રાઈટર્સ કોન્ફરન્સ મુળ તો રશીયાતરફી પ્રગતીશીલ લેખકોનું સંગઠન રચવાની જ એક પ્રવૃત્તી. અમેરીકા પી. ઈ. એન. વગેરે સંસ્થાઓ ચલાવતું, તો રશીયા શેનું છોડે? એટલે એની પ્રેરણા–સહાયથી આ મંડળ ઉભું કરવામાં આવેલું. બીજી પરીષદ તાસ્કંદમાં મળેલી, પણ ત્યાં તો અમને કોણ મોકલે? કદાચ ત્યાં જ પુર્ણાહુતીય થઈ ગઈ!

બધા જ ગુજરાતી લેખકોને નીમન્ત્રણો મોકલી દીધાં, પણ આવા ફકત બે કે ત્રણ! યાદ તો આજે ફકત ત્રણ જ છે : શ્રી. અશોક હર્ષ, ધનવન્ત ઓઝા અને સ્વ. શીવકુમાર જોશી. પોતાના ખીસ્સાના ખર્ચે દીલ્હી પ્રતી દોટ કાઢે એ સાચો ગુજરાતી નહીં જ. અશોકભાઈ અને ઓઝાભાઈ તો પાકા માર્ક્સવાદી, એથી આવે જ. પરન્તુ શીવકુમાર તો એટલા માટે કે તેઓ ત્યારે નવોદીત વાર્તાકાર. કદાચ ભાગ્યે જ તેઓની પ્રથમ નવલકથા (‘કંચુકીબન્ધ’ બહાર પડેલી. ખ્યાલ છે ત્યાં સુધી, એ પહેલાં એક વાર્તાસંગ્રહ પ્રગટેલો ખરો. નાટકકાર તરીકે જ વધુ જાણીતા ‘સંસ્કૃતી’માં તેઓનાં એકાંકીઓ પ્રગટે. વળી નાટકો ભજવતા પણ ખરા. આશાસ્પદ તથા ઉત્સાહી લેખક, વળી પ્રવાસના રસીયા. હું માનું છું કે, નવલકથામાં નવાં, સુન્દર નામો અને પ્રવાસવર્ણનો સમાવીષ્ટ કરવાની પ્રણાલી એ પ્રથમ શીવકુમારનું પ્રદાન, જે પછી શ્રી. ચન્દ્રકાન્ત બક્ષીએ બરાબર બહલાવ્યું. પાત્રોને આ નવાં, સુશોભીત તથા અપરીચીત નામો આપવાની રસમ તો સરોજે પણ અપનાવેલી.

સ્વ. શીવકુમાર શક્તીશાળી, આશાસ્પદ, તેમ ઉત્સાહી પણ ખરા. સુસજ્ઞ તથા પ્રવૃત્તીશીલ પુરુષ. કલકત્તાથી ‘કેસુડાં’ નીકળતું એમાં તેઓ એક સમ્પાદક, એ નાતે જ મુળ અમારો પરીચય. ચીત્રો પણ દોરતા ને અચ્છા તસ્વીરકારેય ખરા.

એમનો પત્ર આવ્યો કે, ‘એશીયન રાઈટર્સ’ કોન્ફરન્સમાં આવું છું, તમારે ત્યાં જ રોકાઈશ.’

લેખકો હોવાની હેસીયતમાં અમારે ત્યાં એક લેખક પધારે, એવો જીવનનો આ પ્રથમ જ લહાવો–ધન્ય પ્રસંગ. અમે ખુશહાલ! જો કે ત્યારેય અમારી ગૃહસ્થી તો એવી જ, લોઅર મીડલ કલાસ જેવી. ભાઈ શીવકુમાર પ્રમાણમાં ઘણા ઉચ્ચ વર્ગના કહેવાય, કલકત્તામાંય વળી વેપાર કરે. છતાં અમે તો ભાવભીનું નીમન્ત્રણ આપ્યું જ કે, 'અવશ્ય પધારો!'

સ્વપ્નસ્થનો એક રુમ ખાલી જેવો પડી રહે. એમાં પલંગ બીછાવી દીધો. અલગ જ મુકામ. ફક્ત જમવા અમારે રસોડે આવવાનું. ત્યારે સરોજ રાંધે અને અમે જમીન પર પાથરણું પાથરીને જમીએ. જો કે દીલ્હીમાંય અમે લોજમાંથી ભાણું મંગાવતા. પણ ગુજરાતીઓની કોઠીમાં તે એક કલંક ગણાય. એથી સરોજને સંકોચ થાય, હું બેશરમ! એકવાર મોસ્કોવાસી જયાબહેન પટેલ અમારે ત્યાં જમવા આવેલાં, ત્યારે ટીફીન જોઈ મને પુછી પાડ્યું, 'તમે બહારથી ખાવાનું મંગાવો છો?'

હું ગલ્લાંતલ્લાં જેવું બોલ્યો. જો કે જયાબહેન માટે તો ઘરમાં સરોજે બધું બનાવેલું. અલબત્ત, મારે એ વાત સ્પષ્ટ સ્વસ્થતાથી એમને જણાવવી જોઈતી હતી. પરન્તુ ત્યારે મને આમેય સ્ત્રીઓનો સંકોચ ભારે. અને જયાબહેનેય જાજરમાન, જો કે છેવટે ન બોલવા જેવું જ એ બોલી ગયાં : કહે, 'આપણા લોકો કારણ–અકારણ જુઠ્ઠું બહુ બોલે. અમારા રશીયામાં એવું નહીં.'

જયાબહેન સોવીયેત નાગરીક, ભારતીય નાગરીકત્વ માટે પ્રયાસ કરવા જ દીલ્હી આવેલાં. ત્યારે તો મને ભારે અચરજ થતું કે, આ બહેનને સોવીયેત સંઘમાં સ્થાયી થવા મળ્યું છે, ત્યારે આ દેશમાં તે એવું શું દાટયું છે કે, અહીં પાછાં ફરવા મથતાં હશે? જો કે, હવે તો બરાબર સમજાય છે કે, તેઓની મુસીબતો કેવી હશે! 'જયા રોય' મોસ્કો રેડીયોથી સમાચાર પણ આપતાં. એમના બંગાળી પતી મુળ પુર્વ બંગાળના. કોઈક નીમીત્તે રશીયા ગયા હશે, ત્યાં અસલ હીન્દના ભાગલા પડી ગયા ને એમ તેઓ નાગરીકત્વ વીહાણાં બની ગયેલાં, એવું કંઈક આછું આછું યાદ છે.

શીવકુમાર પણ ઘણા સુખચેનથી જ અમારે ત્યાં રહ્યા. પરીષદ તો ફક્ત બે દીવસની. એશીયાભરમાંથી લેખકો આવેલા ખરા, પણ ભરચક્ક હાજરી નહીં. દીલ્હીમાંય ત્યારે બીનગુજરાતી એવા ઘણા નાનામોટા પ્રગતીશીલ લેખકો. કેન્દ્રીય પ્રધાન કૃષ્ણમેનન પોતે પણ સામ્યવાદ તરફી. એમણે પરીષદનું ઉદ્‌ઘાટન કર્યું. મુલ્કરાજને મસ્કા મારીએ, તો મોસ્કો જવાય એવી ગણતરીબાજી તો મારી બીલકુલ જ નહીં. જીન્દગીમાં કદાપી પરીચયનો લાભ ઉઠાવ્યો નથી. સ્પષ્ટતા કરું કે ઉપર મુલ્કતરાજનો તો એક દાખલો માત્ર જ છે. તેઓને મસ્કા ગમતા કે તેઓ મીત્રોને મોસ્કો મોકલતા, એવું કંઈ જ કહેવાનો આશય નથી. આટલું સાથે બેઠા એટલું જ, પછી જીવનમાં કદાપી મળ્યા સુધ્ધાં નહીં!

એમ તો અમૃતા પ્રીતમ અમારી સાથે રેડીયોમાં જ કામ કરે, ત્યારે તો યુવાન અને ખુબસુરત. મારા જેવા લઘરા જણની તો હીમ્મત જ નહીં કે, એમનો પરીચય કેળવું. આન્તરરાષ્ટ્રીય ખ્યાતીપ્રાપ્ત કવયીત્રી, કેન્દ્રીય અકાદમીનો એવૉર્ડ પણ એમને મળી ચુકેલો, દેશપરદેશ ફરે. પછી છેલ્લા વર્ષમાં એમને ઘરે જવાનું બનેલું ખરું. સુરેન્દ્રનગરવાળા શાંતીભાઈ દીલ્હી આવેલા. તેઓ કહે, ‘અમૃતાજીને મળવા જેવું છે.’ એટલે એપોઈન્ટમેન્ટ લઈને અમે ગયાં. ત્યારે તેઓ ‘આરસી’ નામક પંજાબી સામયીક (માસીક) પ્રગટ કરતાં. એમાં મારી એક વાર્તાનું ભાષાન્તર પણ એમણે છાપેલું. મને સુટબુટમાં સજ્જ જોઈ કહે,

‘મેં તો ધારેલું કે, રમણલાલ પાઠક, એટલે કોઈ ધોતી–કુરતાધારી પ્રૌઢ ગુજરાતી મહાશય હશે...’

કદાચ ગુજરાતી લેખકોની આવી ‘બેઆબરુ’ ઉમાશંકરે જ કરી હશે! અથવા તો મારા નામનો પ્રભાવ એવો પડ્યો હશે. અમૃતાજી એક જવાનીયાનો પરીચય આપતા કહે, ‘યે ઈન્દર હૈ!’

કમરાને એક ખુણે છોકરડા જેવો કોઈ યુવાન કશુંક ચીત્ર દોરી રહ્યો હતો. ‘ઈન્દર’ તો યાદશક્તી કસીને અત્રે આશરે લખેલું નામ છે, પણ એમણે કશો વધુ પરીચય આપ્યો નહીં, તેમ પેલો યુવાન પણ કશું જ બોલ્યો નહીં. પછી તો જીન્દગીમાં કદીય બીજી વાર અમે એમને મળ્યાં નથી. દાયકાઓ બાદ, એમની આત્મકથા ‘રેવન્યુ સ્ટેમ્પ’ વાંચી, ત્યારે જ વીચાર આવ્યો કે, કદાચ પેલો યુવાન અમૃતાજીનો પતી હશે– બીજો!

સ્વપ્નસ્થ સાથેનો અમારો સમ્બન્ધ જે ગાઢ, તેય દીલ્હીવાસી શાખપડોશીનો. લેખક તરીકે તો ભાઈ સ્વપ્નસ્થના વીચારો જ લાલંલાલ, અર્થાત્ સામ્યવાદી છાપના. એમને ત્યાં દીલ્હીમાં ગુજરાતના મોટા મોટા લેખકોય વળી ઘણીવાર આવે. આવા સાહીત્યકારોની બે જમાત : એક જમાતના સભ્યો, સ્વપ્નસ્થના અન્તરંગ મીત્રો, આવતાં જ એમની સાથે બારમાં શરાબ ગટગટાવવા ઉપડી જાય (ત્યારે મુમ્બઈમાં દારુબંધી!) ને જ્યાફ્તો ને મીલનમુલાકાતોમાં ફરે. એમાં અમારું કોઈ સ્થાન નહીં, ભળીએ પણ નહીં, ભળી શકીએ જ નહીં. બીજા ઠરેલ ને ગંભીર સાક્ષરો–લેખકોય આવે : ‘ઉમાશંકર, સુન્દરમ્, મનસુખલાલ ઝવેરી જેવા. સ્વપ્નસ્થ પરીચય કરાવે પણ ખરા, પણ અમને લઘુતાગ્રંથી પીડે, અથવા તો અમારો સ્વભાવ જ એવો. જો કે મુરબ્બી નાથાલાલ દવે બરાબર ભળ્યા, સાથે ફર્યા ને ગપગોષ્ઠી જમાવી. જે વાર્તાકારનો સ્વ. ઉમાશંકર વારંવાર ઉલ્લેખ કરતા ને જેમની બે–ત્રણ વાર્તાઓ ‘સંસ્કૃતી’માં પ્રગટી, ખુબ વખણાયેલી, એ લક્ષ્મીકાન્ત ભટ્ટ પણ એક વાર સ્વપ્નસ્થને ત્યાં આવી ઉતરેલા. અમેય વાર્તાકારો, છતાં મૈત્રી તો ન જ જામી, સામાન્ય પરીચય પણ પછી ન રહ્યો. હસમુખ પાઠક દીલ્હીમાં વસી ગયા, છતાં ઓળખાણ પણ નહીં!

હું થોડોક આ બાબતે મુગ્ધ ઉત્સાહી ખરો. કેન્દ્રીય સરકારની વીવીધ યોજનાઓથી નીમન્ત્રીત એવા ઘણાં ગુજરાતી લેખકો દીલ્હી આવે, ત્યારે મળવા જવાનું સાહસ હું કરું. એક વાર તો ખુબ મોટા મોટા સાક્ષરો આવેલા. નાટકકાર યશવંત પંડ્યાને ત્યાં બધા ઉતરેલા. હું પહોંચી તો ગયો, પણ મનેય ઝાઝી ગમ નહીં

કે કોની સાથે શું બોલવું? રમણલાલ વસંતલાલ દેસાઈ સામે જ બેઠેલા. તેઓ મુળ તો અમારા જ ગામના કાલોલના. નાનપણમાં હું એને મળેલો પણ ખરો. પણ એવું કંઈ જ ઓળખાણ કાઢવાની ગમ ના પડી–હીમ્મત ના ચાલી ને એ લોક તો મારી સામે જુએ જ શા માટે? ફકત એક કોર બેઠેલા સ્વ. મડીયાને એટલું જ ડરતાંડરતાં પુછ્યું કે, 'શું લખો છો આજકાલ?'

એમણે કહ્યું, હમણાં એક નવલકથા ચાલે છે, 'વેળાવેળાની છાંયડી.'

કીશોરાવસ્થામાં કૃષ્ણલાલ શ્રીધરાણી તો આખા વાંચેલા ને માણેલા. તેઓ તો વળી દીલ્હીમાં જ વસે. પણ ખુબ મોટા માણસ, આન્તરરાષ્ટ્રીય પત્રકાર. વરસો સુધી અમેરીકા રહી આવેલા. ચુંગી ફુંકે ને ચીપીચીપીને બહુધા અંગ્રેજીમાં બોલે. ઓછાબોલા. અમારી હીમ્મત નહીં કે એમની સાથે વાત કરીએ. મૈત્રી યા પરીચય–સમ્બન્ધના ત્રણ પ્રકાર છે : એક આપણે રાખીએ તે, બીજો સામો માણસ રાખે તે અને ત્રીજો તે પરસ્પરનો. પીતાંબર તો અમારે ત્યાં દીલ્હીમાં સામે ચાલીને મળવા આવેલા અને વળી સાથે ધુમકેતુ! કેવો ધન્ય પ્રસંગ કે વાર્તાકારવર્ય ધુમકેતુ અમારે ત્યાં! અમે રાજી રાજી! પણ પછી બધું ત્યાં જ અટકી રહે, દોષ અમારો જ.

શીવકુમાર એકાદ અઠવાડીયું રોકાયા. અમે એમને દીલ્હી ફેરવ્યા. બીરલા મન્દીર પાછળના જંગલમાંય ઘુમ્યા ને ફોટા પાડ્યા. સરોજે તો ઝાડ પર ચઢીનેય ફોટો ખેંચાવ્યો. જ્યોતીબહેન પંડ્યાય ફરવામાં જોડાયેલાં. માન્યું અમારી દોસ્તી તો હવે પાકી જ!

વળી થોડા જ વખતમાં સરોજને કલકત્તા જવાનું થયું. બહેન રામી માટે કોઈ મુરતીયો જોવા. કયાં ઉતરવું? શીવકુમારને લખ્યું, તો જવાબ આવ્યો જ કે, 'આવો!'

હાવડા સ્ટેશને ભાવભીનું સ્વાગત. પણ ઘરે પહોંચતા, ખબર પડી કે, શીવકુમારજી તો સાવ એકલપંડે જ રહે છે. સરોજને થોડીક મુંઝવણ થઈ, જે રાત્રે

સુવાનો વખત થતાં થોડી વધીય ખરી. પરન્તુ ધન્યવાદ તો બન્નેને ઘટે કે, મનમાં થોડો સંકોચ છતાં, કોઈએ એવો પ્રશ્ન તો ન જ ઉઠાવ્યો, તેય આજથી લગભગ પચાસ વર્ષ પુર્વે કે, 'સુવાનું કેમ ફાવશે? કોઈક ગૃહસ્થી મીત્રને ત્યાં વ્યવસ્થા કરીએ, કોઈ મહીલાને સુવા બોલાવીએ...'

શીવકુમારભાઈ તો ઘણાં સંસ્કારી પુરુષ, ભદ્ર અને ભાવનાશાળી. એટલે રંગેચંગે, કશાય કચવાટ વીના બેત્રણ દી કલકત્તા ફર્યા. પણ સરોજના વાર્તાકાર જીવને આવી વીચીત્ર પરીસ્થીતીનું વીસ્મય જચ્યું. એટલે પાછી ફર્યા બાદ, એણે આ પ્રસંગને આધારે એક સરસ વાર્તા સર્જી. શીવકુમારને જણાવ્યું કે, રાત્રીરોકાણને 'કતલની રાત' ગણાવી મેં એક વાર્તા લખી છે. જવાબમાં જોશીજી લખે કે, 'તો હુંય લખવા માગું છું.'

બન્નેએ પોતપોતાની વાર્તાઓ 'જીવનમાધુરી'માં મોકલી ને તન્ત્રીશ્રી સોપાને હકીકતની નોંધ સાથે એ પ્રગટ પણ કરી. (ત્યારે સાહીત્યની આબોહવા આવી જીવન્ત હતી) બન્નેએ નાયક–નાયીકાને સાવ પવીત્ર મનોભાવવાળાં સર્જેલાં. એ વાંચી મેં સરોજને કહ્યું,

'આના બદલે જો તમે લખ્યું હોત કે, નાયીકાના મનમાં વીકાર જાગેલો, સારી રાત એણે પ્રતીક્ષા કરેલી કે, પેલો કયારે આવે ને બળાત્કાર કરે! પણ અન્તે તો વહેલી પરોઢે નાયકનું ભજન જ સંભળાય...'

મુળ વાર્તા એવી કે, આખી રાત નાયીકા ભયમીશ્રીત ઉજાગરામાં પસાર કરે ને છેક વહેલી સવારે નાયકની ચાખડીઓનો અવાજ આવતાં તો એને થાય કે, હવે તો આવ્યો જ! ત્યાં નાયકનું ભજન સંભળાય... શીવકુમાર જોશી ગાતા પણ સરસ અને વળી સવારે ભજનો ગાય.

સરોજ કહે, 'હું તો એવુંય લખું. મને એવો ડર નહીં!'

શીવકુમારનો પ્રથમ વાર્તાસંગ્રહ બહાર પડ્યો. ત્યારે હું ‘ચેતના’ નામના એક માસીકમાં ગ્રંથસમીક્ષા લખતો. યાદ છે ત્યાં સુધી, એ બોરસદ (જી. ખેડા)થી નીકળતું અને થોડાં જ વર્ષ બાદ એના તન્ત્રીએ આત્મહત્યા કરેલી. ‘ચેતન’ તે વળી જુદું, મુમ્બઈથી પ્રગટ થતું. અને મુરબ્બી ચાંપશીભાઈનું ‘નવચેતન’ પણ ખરું જ! વીસમી સદીનો પુર્વાર્ધ તે સાહીત્યકીય સામયીકોનો સુવર્ણયુગ. કેવાં કેવાં ઉત્તમ માસીકો ત્યારે છટાભેર પ્રગટતાં, વૈવીધ્ય તથા સામગ્રીમાં સમૃદ્ધ અને બેમીસાલ! પ્રસ્થાન, કૌમુદી, કુમાર, માનસી, ઉર્મી, કીશોર, યુવક, સ્ત્રીજીવન, ગુણસુન્દરી... અરે, વ્યાયામ, સ્કાઉટવીર અને પુસ્તકાલય, ઉપરાન્ત બાલમીત્ર ને બાલજીવન! ઉંચી સાહીત્યાભીમુખતાનો સુન્દર યુગ હતો એ.

મેં તો મારી લાપરવાહ, અવીચારી પ્રકૃતી મુજબ, ‘ચેતના’માં જોશીજીના પ્રથમ સંગ્રહને છોલી જ કાઢ્યો. જો કે એમાં ઝાઝું સત્ત્વ હતું પણ નહીં અને આપણે મુળથી જ કટુદર્શી, ખરા, અર્થાત્ મધુદર્શી સૌજન્ય–પુરુષ નહીં! થોડા જ સમય બાદ, વળી શીવકુમારની બીજી નવલકથા ‘અનંગરાગ’ આવી. મેં ‘ફોર એડલટ્સ ઓન્લી’ ગણાવીને ‘ગ્રંથાગાર ત્રૈમાસીકમાં એની ધૃષ્ટ ઠેકડી ઉડાવી. ખેલ ખતમ! જોશીજી મીત્ર મટીને શત્રુ બની ગયા–રહ્યા. એમણે મને સંકુચીત નીતીવાદી, ચોખલીયો માની લીધો–હકીકતથી બીલકુલ ઉલટી રીતે : આજે તો વળી, હું બંડખોર ‘અનીતીવાદી’ તરીકે પંકાઉ છું.

અમારા મનમાં મહેચ્છા કે સ્પષ્ટતા કરીએ : ‘ભાઈ શીવકુમાર, કહેવાતી નીતી–સુરુચી અને અમારી વચ્ચે તો સેંકડો ગાઉનું છેટું! લગ્નેતર સેક્સ–સમ્બન્ધ તો અમારો એક માનીતો વીષય. જુઓ, અમારી રચનાઓય જાતીય સમ્બન્ધનાં હીમ્મતબાજ વર્ણનોથી પાને પાને છલકાય છે. અમે તો તમારા પ્રશંસકો જ... તમે અકારણ વંકાયા.... ઈત્યાદી.’ પણ મનની સદાની મનમાં જ રહી ગઈ, શી. જો. ચાલ્યા ગયા. તો આજે આ નીમીત્તે એમની મરણોત્તર ક્ષમાયાચના!

*

## સર્ગ –3

# બ્રોકરસાહેબ અને નવોદીત આન્દોલન

મુરબ્બી શ્રી. ગુલાબદાસ બ્રોકર શરુથી જ અમારા વડીલ. મારા પ્રથમ વાર્તાસંગ્રહ 'સબસે ઉંચી પ્રેમસગાઈ'ની પ્રસ્તાવના પણ તેઓએ જ લખી, ખુબ પ્રેમભાવથી તથા પ્રોત્સાહક ઉત્સાહથી. શ્રી. ભોગીભાઈના ચેતન પ્રકાશને આ સંગ્રહ પ્રગટાવેલો, ત્યારે શ્રી. ગુલાબદાસે મને ભાવપુર્વક લખેલું કે, 'હું જાતે ગોરેગાંવ જઈને, પ્રસ્તાવના આપી આવ્યો છું.' આ પ્રસ્તાવના નીમીત્તે જ તેઓ મારા તો વળી કલાગુરુ પણ બની રહ્યા. મેં તો સામ્યવાદના તથા મારા અમુક વીવેકબુદ્ધીવાદી (રૅશનાલીસ્ટ) વીચારોના પ્રચારાર્થે' જ વાર્તાસ્વરુપ પર કલમ ચલાવવા માંડેલી, એટલે મારી રચનાઓમાં વચ્ચેવચ્ચે અને ખાસ તો અન્તે હું લાંબાંલાંબાં ભાષણો ઝાડું જ. અગાઉ જણાવ્યું તેમ, ગુલાબદાસે લખ્યું કે, 'ભાઈ મારા, તમારી વાર્તાને જ બોલવા દો! સારું લખો છો, પણ તમારી આ ભાષણશાહી સારી વાર્તાનેય મારી નાખે છે.' તેઓએ સુધારા સુચવ્યા ને એમ હું ઘણો સુધરી ગયો. ભોગીભાઈએ પણ મારી એવી ભાષણભરપુર વાર્તાઓ રદ કરી, પોતે સામ્યવાદ તરફી હોવા છતાંય! અને મુખ્યત્વે 'બીનરાજકીય' વાર્તાઓને જ સંગ્રહ બનાવ્યો. ત્યારે મેં ન તો મુરબ્બી બ્રોકરસાહેબને જોયેલા કે ન તો ભોગીભાઈનાંય દર્શન! મુમ્બઈની મારી 'હીંદુસ્તાની' કારકીર્દી બીલકુલ બીનસાહીત્યકીય વીતી. એટલે લેખકોમાં કેવળ એકલા સ્વ. બકુલેશને જ મળેલો. કારણ એ જ કે, તેઓ 'હીંદુસ્તાન'માં વાર્તાઓ, ફીલ્મરીવ્યુ વગેરે લખતા અને એથી ઑફીસે આવતા. સુટબુટ પહેરીને જ આવે ને લાંબીલાંબી, મોંઘી સીગરેટો તાણે. સરોજે એકવાર દુરથી એના ગુરુ સ્વ. મનસુખલાલ ઝવેરી બતાવેલા ખરા, ત્યારે વળી કોઈ સાથીએ કહેલું કે, 'સાથે ગુલાબદાસ બ્રોકર પણ છે.' પરન્તુ મારી હેસીયત ને હીમ્મત ત્યારે એવા મોટા માણસોને મળવાની નહીં.

દીલ્હીમાં નવરા બેઠાં મને એક સાહીત્યકીય તોફાન સુઝયું : મન્દારીકા પાઠકને નામે મેં લેખો ને ચર્ચાપત્રો લખવા માંડ્યાં. ત્યારે શ્રી. અશોક હર્ષ 'જનસત્તા–લોકસત્તા'માં સાહીત્યવીભાગ સંભાળે. તેઓ મારા આવા લેખો અચુક છાપે. વીષય શું, તો એ કે મોટાઓ, સાહીત્યના મોવડીઓ વીરુદ્ધ અણીદાર શરસંધાન અને નવોદીતોની વાહ વાહ : બની બેઠેલા ધુરંધરો ને મંડલેશ્વરો, વાડાબંધી, પ્રકાશનથી માંડીને તે ઈનામ સુધીનાં લાગવગશાહી ને ગોટાળા, મામકા : ને ચઢાવી મારવાની દુષ્ટતા–ધૃષ્ટતા, નવોદીતામાં ઉશ્કેરણી ફેલાવતી વાતો વગેરા વગેરા હું છેડું. એમાંથી નવોદીત વી. પ્રતીષ્ઠીત–લગભગ એવો જંગ જ જામ્યો! મુરબ્બી ઉમાશંકર જેવા પ્રકાંડ સાક્ષર પણ એમાં ઝંપલાવવાની હદે છેડાઈ પડ્યા. એટલો ઉગ્ર એ જંગ! ઉમાશંકરે લખ્યું, 'સીંહોના વાડા નથી હોતા.'

જવાબમાં મેં ફટકાર્યું, 'મુરબ્બી, આપની વાત બીલકુલ સાચી કે સીંહોના વાડા નથી હોતા. પરન્તુ સીંહોની બીકથી ઘેટાં જરુર વાડામાં ભરાઈ જાય છે. આપના આશ્રીત લેખકો એટલે આવાં ગભરુ ઘેટાં...'

રાજકોટમાં શ્રી. નરેન્દ્ર દવે કોઈક દૈનીકનું સાહીત્યપાનું લખે, સંભવતઃ 'નુતન સૌરાષ્ટ્ર'નું. એ પણ મને આમાં ચગાવે. એ જ અરસામાં હું રેડીયો છોડી, સોવીયેત એલચી કચેરીમાં જોડાયેલો, એથી મને ભાતભાતની યાદીઓ ટપાલથી ફટકાર્યે જવાની પુરી સહુલીયત. 'ખુનખાર' યુદ્ધ જામ્યું, જેમાંથી 'શ્રીમતી મન્દારીકા પાઠક'ની સરદારી હેઠળ અખીલ ગુજરાત નવોદીત લેખકમંડળ સ્થપાયું. પ્રતીષ્ઠીતો મજાક કરતા કે, 'નવોદીત લેખક મંડળ તો ખરું, પણ લેખક વીનાનું!' અમુક અંશે વાત સાચી કે, ભાગ્યે જ કોઈ સશક્ત (લબ્ધપ્રતીષ્ઠીત) લેખક અમારી સાથે જોડાયેલો. છતાં તોફાન બરાબર જામ્યું. નવોદીત મંડળનું પ્રથમ અધીવેશન સુરેન્દ્રનગર ખાતે સ્વ. શાંતીલાલ શાહને ત્યાં મળ્યું. મુળમાં, ગુજરાતના પ્રગતીશીલ ઉર્ફે સામ્યવાદતરફી લેખકો મારી ઝુંબેશથી ખુશહાલ, એટલે જ ખરેખર તો ઝુંબેશ જામી શકી. સ્વ. શાંતીભાઈ શાહ પણ વાર્તાઓ લખે, એમણે એક સંગ્રહેય પ્રગટાવેલો, 'આણું વાળીને આવ્યાં.' પરન્તુ મુખ્યત્વે તો તેઓ સુરેન્દ્રનગરના સામ્યવાદી કાર્યકર,

રશીયા પણ ફરી આવેલા. વળી પૈસાપાત્ર સજ્જન. એટલે એમને જ ઘરે બે દીવસનું પ્રથમ સંમેલન ચાલ્યું, જેમાં મોવડીઓ, મોભીઓ, સ્થાપીત હીતો વીરુદ્ધ ગરમાગરમ ભાષણો અમે ઝાડ્યાં. એમાં પધારેલા લેખકોમાં શ્રી. અશોક હર્ષ અને શ્રી. ધનવન્ત ઓઝા સીવાય, સાહીત્યસીદ્ધાન્તનો કે સમગ્ર ગુજરાતી સાહીત્યનો કક્કોય કોઈ ભાગ્યે જ કશો જાણે! એટલે સૈદ્ધાન્તીક ચર્ચાનું તો અમારા ઉકત સંમેલનમાં કશું સ્થાન જ નહીં, એ શક્ય જ નહીં... આમ છતાં, અમારી એ લડત એટલી તો ઉગ્ર તથા ધ્યાનાર્હ બની કે, ભલભલા ધુરન્ધુર લેખકોય એથી ચોંકી ઉઠેલા. લગભગ બધાં જ સામયીકોમાં 'નવોદીત વી. પ્રતીષ્ઠીત' વીષયનો એકાદ લેખ તો, તરફેણમાં યા વીરુદ્ધમાં નીયમીત પ્રગટે જ. નવોદીતોની ઉપેક્ષા, નવોદીતોને અન્યાય – એવા એવા સુત્રોચ્ચાર ગાજે.

સુરેન્દ્રનગર સંમેલનમાં ગુફતેગો ચાલે : 'મન્દારીકા પાઠક કોણ? નથી આવ્યાં શું?' કોઈ એક બહેન યોગાનુયોગે એ અધીવેશનમાં ઉપસ્થીત. ઘણાએ એમને જ શ્રીમતી મન્દારીકા માની લીધાં. છતાં થોડા જ કલાકમાં રહસ્ય ફુટ્યું કે, આ મન્દારીકા તે કોઈ બાઈ નથી, ભાઈ છે, રમણ પાઠક પોતે જ! મોટા ભાગના વીરાંગના મંદારીકાબહેનને નજરે નીહાળવા જ કદાચ સંમેલનમાં આવેલા. એ બધા હતાશ થયા. કેટલાક રસીક સાહસીકોએ તો વળી દીલ્હી ખાતે મન્દારીકાબહેનને પ્રેમપત્રોય લખેલા, કોઈએ એમને મોટીબહેન બનાવી, રાખડી મંગાવેલી. એ રંગીલા યુવાનો તો એવા શરમીન્દા બન્યા કે, સંમેલનમાંથી ગયા તે ગયા જ, પાછા કદી દેખાયા જ નહીં, ઘણાં તો સાહીત્યમાંય નહીં! આમ મન્દારીકા પાઠકના લૈંગીક પરીવર્તને નવોદીત લેખકમંડળના પ્રથમ જ અધીવેશનને અર્ધા ઉઠામણામાં તો ફેરવી જ નાખ્યું! બીજું અધીવેશન પછી કદાપી ન મળ્યું.

મારા આ નવોદીતવાદી નીરર્થક તોફાનથી મુરબ્બી ગુલાબદાસ ભારે ગમગીન ને અસ્વસ્થ. એમને થાય, એક સારો, આશાસ્પદ લેખક અવળે માર્ગે ચઢી ગયો છે. ત્યાં એ જ અરસામાં મારી બદલી મુમ્બઈ થઈ ને હું મુમ્બઈ આવ્યો. પરમ હીતેચ્છુ વડીલ ગુલાબદાસભાઈને એક સરસ મોકો અકસ્માત પ્રાપ્ત થયો. એમણે

મને આ બાબતેય સુધારવાનું સુકાર્ય હાથ ધર્યું. અવારનવાર સાથે ફરવા લઈ જાય, દીર્ઘ ચર્ચાઓ ચલાવે, સમજાવે ને એમ મારું બ્રેઈન – વૉશ કરે.

1957–58ના અરસામાં શ્રી. સુરેશ જોશીએ પ્રવેશ કર્યો, 'ગૃહપ્રવેશ' સહીત, જે એમના પ્રથમ વાર્તાસંગ્રહનું નામ. સંગ્રહ કરતાં પ્રસ્તાવના ચઢે, અથવા તો વાર્તાઓ બધી સારી કદાચ નહીં, પરન્તુ નવી તો ખરી જ. 'નવી' એટલે નુતન સાહીત્યવીભાવનાવાળી, આધુનીક. આ વીભાવના એમણે સંગ્રહની લાંબી પ્રસ્તાવનામાં બરાબર સ્પષ્ટ કરેલી. પરન્તુ વાર્તાઓ એકન્દરે જાણે પ્રસ્તુત વીભાવનાના નમુના જ! માણસ પ્રકાંડ વીદ્વાન, એથી એમના ખંડન–મંડન પણ વજનદાર. ગુજરાતીમાં તો સાહીત્યકલા બાબતે તન્તોતન્ત નવા જ વીચારો, વળી એ નીઃશંક વજનદાર, પાયાદાર. એમની તુચ્છકારની કલાય એટલી જ તીવ્ર, હોઠ વાંકા કરી, એવું તો સચોટ બોલે કે, વીરોધીને જમીનદોસ્ત કરી જ નાખે. ભલભલા મહારથીઓય એમનાથી ફફડવા લાગ્યા, ચર્ચામાં ઝંપલાવે પણ ફીકાફીકા લાગે, પુરું તર્કબદ્ધ ખંડન ભાગ્યે જ કરી શકે. સ્વ. 'સુ. જો. દત્ત' નુતન વીભાવના ખુબ જાણીતી છે, છતાં ટુંકમાં વર્ણવું તો : વસ્તુ–વીચારનું તીરોધાન, રચનારીતીનું જ મહત્ત્વ, સાહીત્યસર્જન એટલે આકૃતીનીર્માણ, રુપરચના, નીર્હેતુક લીલા, ભાષા, પ્રતીક આદીનો વીનીયોગ. વીષય પરત્વે આર્થીક–સામાજીક સમસ્યાઓ નહીં, એ ચર્ચવી ને એના ઉકેલ સુચવવા એ કાર્ય–ફરજ લેખકનાં નહીં, એને બદલે મનઃ સંચલનો, ઉંડા, અજાણ ને ગહનતમ, વૈશ્વીક હતાશા, વીચ્છીન્નતા, માનવગૌરવ ને માનવમુલ્યોનો હ્રાશ–નાશ, એકલવાયાપણું ને જીવન સાથેનું પરાયાપણું–આઉટસાઈટર સમું વગેરે.

બીજી બાજું હું તો વીચારવસ્તુનો હઠાગ્રહી. મેં સુરેશ જોશી સામે મોરચો માંડ્યો. ત્યારે સ્વ. રસીક ઝવેરી 'ગ્રંથાગાર' નામક એક સારું સામયીક (માસીક યા ત્રૈમાસીક ?) પ્રગટાવે. એના દર અંકમાં મારા શ્રી. સુરેશભાઈ વીરુદ્ધ ગરમાગરમ યા નર્મમર્મ, મજાક, કટાક્ષભરેલા લેખો પ્રગટે. નવી વાર્તાની પેરડીઓય કરું. મારી તો એવી મોટી પ્રતીષ્ઠા જામી કે, સુ. જો. નો સામનો બસ રમણ પાઠક જ કરી શકે. એકન્દરે સરસ, જીવન્ત વાતાવરણ જામેલું. આજના જેવું ઠંડુંઠંડું ને શરમાશરમી

નહીં. અમે મુરબ્બી ગુલાબદાસના ઘરે યા હીરાભાઈને ત્યાં મળીએ, મોડી રાત, લગભગ વહેલી પરોઢ સુધી ચર્ચાઓ ચાલે. સ્વ. જયન્ત ખત્રી ને સ્વપ્નસ્થ પણ કદીક એમાં ભળે. તેઓ બન્ને મારા સમર્થક, અમે એક જ 'પ્રગતીશીલ' સ્કુલના. હીરાભાઈ ફોફળીયા મહદંશે સુરેશવાદી, જો કે એમની દલીલો એકન્દરે મૌલીકને વીદ્વત્તાસભર. મુરબ્બી બ્રોકરસાહેબનો અભીગમ બહુધા ગાંધીયુગના બચાવનો, તેમ છતાં તેઓય સુસજ્જ વીદ્વાન, આધુનીક પશ્ચમી સાહીત્ય–કામુ, કાફકા યા હેમીંગ્વેને પુરા વાંચનારા, તેમ સમજનારા પણ. વાર્તાકલાના અચ્છા જાણકાર ને પોતે પાછા નામાંકીત સર્જક. એમનાં વ્યકતીત્ત્વ, વ્યવહારનું ખાસ પ્રશસ્ય પાસું તે એ કે, કેટલાક 'મંડલેશ્વરો'ની જેમ તેઓ ઉન્નતભ્રુ નહીં, નવોદીતો જોડે પ્રેમથી હળેમળે ને અમને સૌને નીકટના મીત્ર માને. 'ગૃહપ્રવેશ'નો પ્રવેશક શ્રી. બ્રોકરે જ લખેલો. (જોકે એમાં સમર્થન કરતાં સૌજન્ય વધુ)

સ્વ. સુરેશ જોશી એમની લાક્ષણીક મુખમુદ્રા ધારણ કરી, તુચ્છકાર ઝરતા હોઠે બોલે, 'શું નવોદીત ને શું પ્રતીષ્ઠીત? એ તો કાંઈ સાહીત્યની સમસ્યા છે? કોણ શું છે – એ તે કાંઈ વાઙ્મયની વાત છે? કૃતી ઉત્તમ હોવી જોઈએ.' ઈત્યાદી ઉદ્ગારો વડે તેઓ નવોદીતોને તથા એમની નામ – સ્થાનની માગણીની ઝુંબેશને એકદમ ઉતારી પાડે. નવોદીતો, અર્થાત્ નવોદીતતરફી ઝુંબેશમાં જોડાયેલાઓમાં, મોટા ભાગનાની એક મોટી મર્યાદા હતી અને તે એ કે, સાહીત્યકીય, સૈદ્ધાન્તીક સજ્ઞતા તેઓમાં અલ્પ યા તો બીલકુલ નહીં. બીજી બાજુ, સુરેશભાઈની મર્યાદા વળી એ કે, ગુજરાતી લેખક, ગમે તેવું ઉત્તમ પણ ગુજરાતી ભાષામાં લખે, એની ઉચીત તારીફ ડૉ. જોશી ભાગ્યે જ કરી શકે, એવાને ઉતારી જ પાડે. એમની નજર સદાય પશ્ચીમ તરફ, પરદેશો તરફ. દા.ત. તેઓએ અમુક વીદેશી વાર્તાઓના અનુવાદનો એક સંગ્રહ પ્રગટાવેલો એમાં પ્રથમ જ વાર્તા હતી, 'સો રુપીયા'(?) વાર્તા જેવું કોઈ તત્ત્વ એમાં મળે નહીં. આપણી લઘુકથા જેવો માત્ર એક ફકરો! પણ ભાષા–લીપી અંગ્રેજીને? એટલે જોશીજી ફીદા... ફીદા! મને હજી આજેય આશ્ચર્ય થાય છે કે, કામુ, કાફ્કાની ભાષાસીદ્ધીને તેઓ આટલી બધી કેવી રીતે વખાણી શકે? તેઓ જે વાંચતા

એ તો બધા અંગ્રેજી અનુવાદો જ ને? એક વાર તેઓ કામુના ‘આઉટસાઈડર’ ની ભાષાકલાની ખુબીઓ સમજાવતાં મને કહે,

‘તમે જુઓ, નાયક આરબનું ખુન કરે છે એ પહેલાંના ફકરાઓ! કયાંય એક પણ વીરામચીહ્ન લેખક એમાં વાપરતો નથી.’

મને એમાં કશું અહોભાવપ્રેરક ના લાગ્યું. મેં હસતાં હસતાં કહ્યું,

‘ઓહો, એમાં શું? મારી કોઈ પણ કૃતીમાંથી હુંય વીરામચીહ્ન રદ કરી નાખી શકું!’

જો કે મારે એમ કહેવું જોઈતું હતું કે, ‘સુરેશભાઈ, ‘આઉટસાઈડર’ મુળ તો ફ્રેન્ચ ભાષામાં લખાયેલી, એના ભાષા સામર્થ્યને આ રીતે આપણે મુલવી શકીએ જ કેમ?’

મને યાદ નથી કે, સ્વ. સુરેશ જોશીએ કોઈ પણ ગુજરાતી લેખકનાં તટસ્થ ભાવે, હૈયાના ઉમળકાથી વખાણ કર્યા હોય – એમાં કદાચ એક રાવજી અપવાદ. અન્ય એક કવીની પ્રશંસાત્મક પ્રસ્તાવના તેઓએ જરુર લખેલી, પરન્તુ એ વળી બંધુકૃત્ય, એ કવી એમના શીષ્ય જેવા. જો કે એક ખાનગી વાત : સુરેશભાઈ મારી અમુક રચનાના પ્રખર પ્રશંસક હતા, ઠેકઠેકાણે એનાં મનભર વખાણ વ્યક્તીગત રીતે કરી ચુક્યા હતા – એની તો છેક હમણાં જ મને ખબર પડી! છતાં એ પરત્વે એમણે જાહેરમાં કયારેય એક શબ્દય લખ્યો કે ઉચ્ચાર્યો નહીં, એ જ એમની દુઃખદ દીલચોરી, છેક હમણાં શ્રી. ડંકેશ ઓઝા મારફત જ મને તો આ વાતની જાણ થઈ.

અગાઉ જણાવ્યું તેમ, અમારી નવોદીતોની મંડળી મુખ્યત્વે અલ્પજ્ઞોની. સુરેશભાઈને અમે ‘વાર્તાવર્તુળ’માં નીમન્ત્ર્યા, ત્યારે એમની વાતોથી અમે જાણે કે, હતપ્રભ જ થઈ ગયા. સંમત તો ન થઈએ, પણ સચોટ પ્રતીકાર પણ ન કરી શકીએ– એવી અકલ્પ્ય, નવી જ, અભુતપુર્વ, કવીચત્ તો સમજાય જ નહીં એવી વાતો,

સાહીત્યની તેઓ કરે. વળી સાથે એમનું શીષ્યમંડળ, જે પુરક તીર છોડતું રહે... ગુજરાતી સાહીત્યમાં, પ્રવેશતાં જ સુરેશભાઈએ જબરો પ્રભાવ જમાવી દીધેલો, તેય ઘણે અંશે સાધાર તથા સાધીકાર, જેથી એમને શક્તીશાળી સહપાન્થો અનાયાસ મળી ગયા. મુમ્બઈમાં જ સર્વશ્રી. રસીક શાહ, જયન્ત પારેખ, ઘનશ્યામ દેસાઈ, વગેરે. અને અમારી મંડળીના હીરાભાઈ ફોફળીયા યા જ્યોતીષ જાની પણ ઓછેવત્તે અંશે સુરેશ જોશીથી પ્રભાવીત!

ટુંકમાં સુરેશભાઈના નુતન માપદંડે અમારા નવોદીત આન્દોલનને મરણતોલ ફટકો તો માર્યો જ. બીજી બાજુ, મુરબ્બી ગુલાબદાસભાઈ દ્વારા મારા ચીત્તનું સતત શુદ્ધીકરણ ચાલે. અન્તે હુંય પક્ષપલટો કરી ગયો. શ્રી. અશોક હર્ષ મારા પર સખ્ત છેડાયા. 'ચાંદની'ના તન્ત્રીલેખમાં 'ભાઈ ઉર્ફે બાઈ' આદી પ્રયોગો વડે એમણે મારો સખ્ત ઉઘડો લીધો, મને તકસાધુ, સ્થાપીત હીતોમાં લાલચથી વટલાઈ ગયેલો આદી શબ્દો વડે નવાજ્યો. તે પછી છેક હમણાં જ અમારી વચ્ચેના અબોલા તુટ્યા, વીદ્યાનગર રેશનાલીસ્ટ અધીવેશનમાં મળ્યા ત્યારે.

એવું જ દુષ્પરીણામ મારી વીવેચનપ્રવૃત્તીનુંય આવ્યું. છેક 1957થી મેં વીવેચનલેખો લખવા માંડેલા અને 1959 પછી તો એનો સુર અતી તીવ્ર બન્યો. ભલભલા ચમરબન્ધીઓની કૃતીઓનોયે હું મારા સપાટા–ઝપાટાથી જમીનદોસ્ત કરી નાખું – કશી શેહશરમ જ નહીં. એમાં 'ગ્રંથ' માસીકે બળતામાં ઘી હોમ્યું : 'ગ્રંથ' તરફથી જે પુસ્તકો સમીક્ષાર્થે મને મોકલાય, એની સમીક્ષાની એક એવી પરીપાટી બની ગઈ કે, એનાં છોડાં ફાડી નાખવાં! કોઈકે કયાંક લખેલુંય ખરું કે, 'ગ્રંથ' માસીકે વીવેચનાની એક ખોટી પ્રણાલી પાડી, કુસેવા કરી. ગંભીર, સ્વસ્થ, વીદ્વતાપુર્ણ વીવેચનાને બદલે મજાક–ઠેકડીભર્યું, હળવું, ઉભડક વીવેચન તેણે પ્રતીષ્ઠીત કર્યું. આમાં મારોય ફાળો ઠીક... ઠીક. પરીણામે ધુરન્ધરો બધા મારા વીરોધીઓ બની ગયા. જો કે મારે તો ખાસ કશું નાહવા નીચોવવાનું હતું જ નહીં. કીન્તુ વગર વાંકે જ એનો ભોગ બની સરોજ! કોઈ મોટા, માન્ય સાક્ષરે સરોજ પાઠકના ઉત્તમ ને વીપુલ સર્જનફાલને પુરી ગંભીરતાથી ત્યારે ગણતરીમાં લીધો જ નહીં, એનું એક કારણ આ.

(જોકે હમણાં હમણાં સ.પા.ના પુનર્મુલ્યાંકન જેવું વાંચવા મળે છે ખરું. ઈતરભાષી સાહીત્યકારો તો એમને ભરપુર બીરદાવે છે, ભાષાન્તરો પ્રગટાવે છે.

મુરબ્બી ગુલાબદાસભાઈ અમારા પુરા હમદર્દ, અમારી અન્તરથી દયા ખાય. નવોદીતાના નુકસાનકર્તા ધતીંગમાંથી મને માંડ છોડાવ્યો, ત્યારે વળી ગંભીર બેકારી વ્હોરી બેઠો. અમારે માટે તેઓ નોકરીનોય પ્રયત્ન કરે. કદાચ મને શેરસટ્ટાનું આવડતું હોત, તો એમના જ બજારમાં બેસાડી દીધો હોત, પણ મને તો એક કોરો કાગળેય ખરીદતાં – વેચતાં ના આવડે. ત્યારે સ્વ. અમૃતલાલ યાજ્ઞીક ઘાટકોપરની સોમૈયા કૉલેજના (?) આચાર્ય. એમને મુરબ્બી બ્રોકરે ભલામણ કરી, ‘આ માણસને તમારી કૉલેજમાં રાખો! બ્રીલીયન્ટ છે, અભ્યાસુ છે...’ યાજ્ઞીક સાહેબે મને બોલાવ્યો, કહે, ‘બી.એ. ઓનર્સ હો, તો હું ટ્યુટર તરીકે આજે જ મારી કૉલેજમાં નીમી દઉં.’ પણ હું તો થર્ડ કલાસ બી.એ., યાજ્ઞીક સાહેબ ને બ્રોકર સાહેબ બન્ને લાચાર! (‘ઓનર્સ’ એટલે ત્રણ વધારાનાં પેપર આપી, સેકન્ડ કલાસ લાવવો.)

લગભગ ચાલીસ વર્ષની વયેય અમારો આવો દરીદ્ર ને અનીશ્ચીત સંસાર જોઈ, તેઓ દુઃખ–અનુકંપા અનુભવે, વ્યક્ત કરે, બેકારીમાંથી બહાર આવવાના માર્ગો સુચવે.... પણ એય બેકાર જ ને? અમને કશું આવડે જ નહીં ત્યાં ! બ્રોકરસાહેબ કહે, ‘હીરાભાઈને કહો ને, એમની છત્રીની દુકાનમાં રાખી લે!’ પણ અમને છત્રી ખોલતાંય ના આવડે, તે છત્રીઓ શું વેચવાનાં? અમારો એવો સંસાર આપણા વીખ્યાત લેખક ભાઈ જોસેફ મેકવાન પણ જોઈ ગયેલા, કદાચ રસોઈ ચાખી ગયેલા– એમ તેઓ લખે છે. જોકે મને એ પ્રસંગ યાદ નથી.

અમારી બેકારી જીવલેણ ન બની, એનું મુખ્ય કારણ તો એ કે ડુબતાના તરણા જેવું એક ક્ષેત્ર તો અમારે માટે, ચાહો ત્યારે ખુલ્લું જ હતું. અલબત્ત, એમાં પગાર ઓછો, અમારી જીવન–ઢબઢબ સન્દર્ભે તો એટલો ઓછો કે રોટલોય માંડ નીકળે. વળી, સરોજને એવાં કામ ફાવે જ નહીં. બાકી, કદાચ બન્ને જોડાઈ શક્યાં, જોડાઈ જ ગયાં હોત. અને તો પછી જીન્દગીય કોઈ જુદી જ તરાહમાં ગુજરી હોત.

આયુષ્યની છેલ્લી પા સદી દરમીયાન, એણે જે સુખસમૃદ્ધી, જાહોજલાલી, માનપાન, નીશ્ચીન્તતા ને પરીતોષ માણ્યાં, મનગમતી પ્રવૃત્તીઓમાં ગળાડુબ રહી, જે મોટી વીવીધ સીદ્ધીઓ પ્રાપ્ત કરી, એ એને મુમ્બઈશાહી યા અખબારનવેશી ઘરેડમાં, યથેચ્છ તથા ભરપુર ભાગ્યે જ મળી શકી હોત. અમને તો હમ્મેશાં આંધળું સાહસ જ ફળ્યું છે!

આ ક્ષેત્ર તે પત્રકારત્વનું અર્થાત્ વર્તમાનપત્રોના તન્ત્રીવીભાગમાં ગમે ત્યારે નોકરી મળે જ, આજેય મળે છે ને! હમણાં જ હું 'ગુજરાતમીત્ર'માંથી છુટો થયો. અનુભવી પત્રકારો, વીશેષતઃ ભાષાન્તરકારોની માંગ આજેય મોટી. હું પણ બે જ ક્ષેત્રે કામ કરી શકું : શીક્ષણ અને પત્રકારત્વ, એથી ત્રીજી કોઈ જ ક્ષમતા નહીં.

મુરબ્બી સોપાન પણ અમારા હીતેચ્છુ વડીલ. નાતો શુદ્ધ સાહીત્યનો જ. જો કે 'સોવીયેત દેશ'ના સમ્પાદકીય વીભાગ જેવી પ્રતીષ્ઠીત ઑફીસમાં હું કામ કરું, એટલે એક અગ્રગણ્ય પત્રકાર તરીકેય તેઓ મને ઓળખે. અલબત્ત, વાર્તાકાર તરીકે વધુ ચાહે. મુળે તો તેઓ સરોજના જ પ્રશંસક, એટલે મારું વધુ નીકટનું સ્થાન તો સરોજના પતી તરીકેનું. જો કે ત્યારે હું 'સરોજના પતી' તરીકે જ ઓળખતો એવું નહીં, જેવું છેલ્લા વર્ષોમાં બન્યું. હું પણ 'જીવનમાધુરી'માં વાર્તા તો મોકલું, ક્યારેક છપાય, ક્યારેક પરત થાય. કારણ કે મારા વીચારો અર્થાત્ ધ્વની મુરબ્બી સોપાનને મોટેભાગે માફક ના આવે. તેઓ પોતે જ કહેતા, 'અમે તો ભાઈ ગાંધીયુગના નીતીવાદી... તમારી બંડખોરી અમે સમજી શકીએ, પણ સ્વીકારી તો ન જ શકીએ.' મતલબ કે મારી વાર્તાઓમાં લગ્નેતર સમ્બન્ધની વાત આવે, વ્યભીચારનું મનોવીજ્ઞાન આવે, અન્યથા સામ્યવાદ આવે એ સોપાનને ગમે નહીં.

મેં મુરબ્બી સોપાનને ફોન કર્યો, 'સોવીયેત બુલેટીનનું સમ્પાદકપદ મેં છોડી દીધું છે, બેકાર છું. 'જન્મભુમી'માં નોકરી આપી શકો?'

જવાબમાં તેઓ કહે, 'કાલથી જ આવી જાઓ! ખુબ ખુશીની વાત અમારે માટે... પણ એટલો પગાર અહીં નહીં મળે.'

કેટલો મળશે? – એવું તો જીન્દગીભર પુછ્યું તો શું, જાણ્યુંય નથી. સરોજબહેનને નોકરીના, જીન્દગીના છેલ્લા દીવસ સુધી ખરેખર કેટલો પગાર મળે છે એની પાકી જાણ નહીં, તેમ મનેય નહીં. હું તો બીજા જ દીવસથી 'જન્મભુમી'માં જોડાઈ ગયો. મહીનાના અન્તે જ, રહસ્યસ્ફોટ થયો કે, પગાર માસીક રુપીયા બસો ને દસ = 160 + 50 રોકડા. હવે મારી ઓરડીનું ભાડું જ રુપીયા એકસો ને ત્રીસ, એટલે કે બાકી એંસી રુપીયામાં ખાઈ પીને ખેરસલ્લા કરો ! છતાં ગાડું ચાલતું તો થયું જ. મુરબ્બી સોપાને તો એવુંય ગોઠવ્યું કે, સાંજે સાંજે હું 'જીવનમાધુરી'ના કાર્યાલયમાં કામ કરું. એટલે કે એમને ઘરે જ, 'ગુલમહોર', બેરેક રોડ, મેટ્રો સીનેમા પાછળ... 'પગાર' મહીને સો રુપીયા. મહીનો એક ગયો પણ ખરો. પરન્તુ જીન્દગીભર જે તનતોડ શ્રમથી રોટલો રળવાનું શીખ્યો નહીં, તેને આવી ડબલ ડ્યુટી તો કેમ ફાવે ? છોડી દીધી.

મુરબ્બી ગુલાબદાસભાઈ તથા મુરબ્બી સોપાનના સરોજની નોકરી માટેનાય પ્રયત્નો ચાલુ જ. પરન્તુ એક ભારે અપમાનપ્રદ અનુભવ થયો, પછી એ પડતા જ મુક્યા. સ્વ. સોપાને મુમ્બઈ રેડીયો સ્ટેશને ફોન કર્યો, સ્વ. મધુભાઈ વૈદ્યને, જેમણે કહ્યું, 'સારું મોકલો!' અમે ગયાં. વસુબહેન અમને મધુભાઈની કેબીનમાં બેસાડી ગયાં. પણ વૈદ્યસાહેબ ઉંચું સરખુંય જુએ તો ને? બસ સહીઓ કર્યા જ કરે, કર્યા જ કરે. એમ કલાકેક નીકળી ગયો. અમેય પુરાં અકળાયાં. પણ સાપે છછુન્દર ગળ્યું જ, પછી શું થાય? કલાકેક બાદ મુરબ્બી મધુભાઈની ડોક ઉંચકાઈ, બોલ્યા, 'બોલો, શું કામ છે?' અમે કહ્યું, 'આપને શ્રી. સોપાને ફોન કર્યો હતો ને તે...'

'હા... હા, એમ કરો, એક અરજી આપી જાઓ!'

ધુળનું નામ રેતી! 'સગાં દીઠાં મેં શાહઆલમનાં ભીખ માંગતાં શેરીએ' – એવું થયું. પખવાડીયા પહેલાં જ, એ જ સરોજ પાઠક–રમણ પાઠક રેડીયો સ્ટેશનમાં કોઈને મળવા આવ્યાં હોત તો? મેં સરોજને કહ્યું, 'હવે આ મુમ્બઈમાં તો નોકરી શોધવી જ નથી... જે થવાનું હોય તે થાય!' અમારી એ પ્રતીજ્ઞા જીવનભર જળવાઈ. આમેય જીન્દગીમાં ભાગ્યે જ નોકરી શોધી હશે, એટલે કે ફાફાં માર્યાં હશે યા તો લાગવગો ચલાવવી પડી હશે! મુમ્બઈનો આ અનુભવ એક માત્ર જ અપવાદ. બાકી મોટે ભાગે સામેથી બોલાવેલાં જ ગયાં. સમયગાળો જ સદાય સાનુકુળ રહ્યો. સર્વત્ર સક્ષમ માણસોની માંગ. નવી નવી કૉલેજો ખુલે અને અમારી સાહીત્યક્ષેત્રે નામના, એટલે અમને ખાસ બોલાવે. પણ એ તો બધું આવશ્યક લાયકાત પ્રાપ્ત કર્યા પછી જ... અરે, આ અપમાન બાદ ત્રીજે જ વર્ષે, જ્યારે સરોજ પાઠક કીર્તીના શીખરે, ત્યારે અમદાવાદ રેડીયો સ્ટેશનમાંય એમને એનાઉન્સરની નોકરી મળી, જે એમણે અસ્વીકારી. ત્યારે હું રાજપીપળામાં પ્રાધ્યાપક અને મારી તબીયત સારી નહીં. વળી, અમદાવાદમાં એકલાં સેટલ થવાની એમની હીમ્મત જ નહીં!

મેં 'જન્મભુમી'માં જવા માંડ્યું. ભાઈ કૃષ્ણવીર દીક્ષીત 'પરન્તપ'ની બાજુમાં જ મારી ખુરશી. અમે તો બાળપણના દોસ્તો. હું ભાતભાતની વાતો કરું ને ખડખડાટ હસું ને હસાવું. કૃષ્ણવીર કહે, 'સોપાન બધું જ ધ્યાન રાખે, સાંભળે હોં!'

હું કહું, 'તે કેમ કાંઈ, આપણે ગુલામ છીએ?' તન્ત્રીવીભાગમાં અમારા ખુણાની આબોહવા જ બદલાઈ ગઈ! સ્વ. સોપાન એકદમ સજ્જન, ભદ્ર પુરુષ અને કુશળતમ વહીવટકર્તા. કદાચ એમણે મારી વાતો સાંભળી હોય કે ગમે તેમ, પરન્તુ એક દી એમની કેબીનમાં મને બોલાવી કહે,

'આપણા પેપરમાં હાસ્યની કોલમ નથી, જે ચાલુ કરવા વીચાર છે. તમે કટાક્ષલેખો લખો છો, એટલે તમને કહું છું કે તમે લખો!'

એમ વધારાની જવાબદારી સોંપી મને કાબુમાં તો લીધો જ. હું ત્યારે ખાસ કરીને સાહીત્યવીષયક કટાક્ષલેખો લખતો, જે ખુબ વખણાતા, મુખ્યત્વે સુરેશ જોશીના સાહીત્યવાદ પર વક્ર પ્રહાર કરતા. 'જીવનમાધુરી'માં પણ એવા લેખો પ્રગટેલા, એટલે સોપાન એ જાણે. પછી તો 'જન્મભુમી'ની 'કટાક્ષીકા' કૉલમ જ જબરજસ્ત જામી. રોજ એમાં રાજકીય–સામાજીક–સાંસ્કૃતીક કટાક્ષપ્રધાન હાસ્યલેખ પ્રગટે. 'કટાક્ષીકા' લેખક 'વાચસ્પતી' – એ કોણ? એવો રસ સુધ્ધાં વાચકોમાં જાગ્યો અને અફવાય ચાલી કે, 'એ તો જયોતીન્દ્ર દવે લખે છે.' એટલી બધી એ લોકપ્રીય! સાહીત્યીક કટાક્ષ એ મારી વીશીષ્ટતા, એટલે દર સોમવારે 'કલમ અને કીતાબ' વીભાગની નીચે મારી સાહીત્યીક કટાક્ષીકા હોય જ. સોપાને આમ મને હાસ્યકાર બનાવી દીધો, એ બદલ જીવનભરનો હું તેઓનો ઋણી. મારો પ્રથમ હાસ્યસંગ્રહ બહાર પડ્યો – 'વ્યંગવાઙ્મય' – એમાં પુરા પંચાવન લેખો સાહીત્યવીષયક હાસ્યકટાક્ષના જ છે. સ્વ. જયોતીન્દ્રે એની પ્રસ્તાવના ઉમળકાભેર લખી. એના પ્રકાશક પણ આપણા સાહીત્ય સંગમવાળા નાનુભાઈ નાયક જ (નાનુબાપા)! મારી એ હાસ્યકટાર એટલી તો મુલ્યવાન, ફળદાયી નીવડી કે 'જન્મભુમી' તો મેં ફકત ત્રણ જ મહીનામાં છોડી દીધું. છતાં સોપાને માંગણી કરી. 'કટાક્ષીકા લખવાનું ચાલુ જ રાખો! મહીને સો રુપીયા આપશું' હું તો આ હીસાબી બહુમાનથી ખુશહાલ. કેવો ગોલાહીસાબ? કાર્યાલયમાં બેસી, રોજ છ કલાક ભાષાન્તર ભરડવાનું ને ઉપરથી એક હાસ્યલેખ લખવાનો, ત્યારે મળે કુલ્લે રુા. 210/-! જ્યારે મુક્ત રહી, અડધા જ કલાકમાં લખાઈ જતો એક લેખ મોકલી આપવાના પુરો સો! મને થાય છે, ભાઈ કૃષ્ણવીર જેવાએ કેટલો મોટો ભોગ આપ્યો?' 'જન્મભુમી'ની કેટલી મોટી સેવા કરી? એમણે જીવનભર 'કલમ અને કીતાબ' વીભાગ સંભાળ્યો. નીયમ મુજબ એમને એ બદલ એક પાઈ પણ નહીં મળી હોય : 'સ્ટાફ ગમે તે લખે, નો એકસ્ટ્રા પેમેન્ટ!' ભાઈ કૃષ્ણવીર વધુમાં એટલા પ્રામાણીક તથા નીષ્ઠાવાન કે, 'જન્મભુમી' અને 'ગુજરાતમીત્ર'ના સાહીત્યવીભાગ માટે હમ્મેશાં અલગ અલગ જ લેખ લખે, એકના એક પુસ્તકનુંય બીજી વાર અવલોકન લખે! એમ નહીં કે નકલ ઠઠાડી દીધી. આજે

તો કટારલેખકો મોટો લેખનઉદ્યોગ છડેચોક ચલાવે છે, ઈધરકા માલ ઉધર, ઔર ઉધરકા માલ ઈધર!

આમ 'જન્મભુમી'માં હું તો જામી પડ્યો, પણ મોટી ખાધવાળા અમારા બજેટનું શું? પણ અમારાં વર્તમાનપરસ્ત મગજને એવા પ્રશ્નો ભાગ્યે જ ઝાઝા પજવે. આગે આગે ગોરખ જાગે અને તેય જાગ્યો જ.

*

અનુક્રમણીકા

17

## અધ્યાય –5 : નોકરીઓમાં આગે આગે

### સર્ગ – 1 : સોવીયત દેશમાં

ચાલો, પુનઃ વળી મારી નોકરીઓની થોડી આગળ વાત માંડું, પુર્વાપર સમ્બન્ધ એ જ ફરજ પાડે છે, એટલે : સ્વપ્નસ્થની દોસ્તીના નાતે, સોવીયેત એલચી કચેરીના માહીતી ખાતામાં મારી અવરજવર તો ખરી જ, જો કે કીંમત કશીય નહીં! ક્યારેય વધારાનું ભાષાન્તર કામ હોય, તો કરી આપીને બે પૈસા રળીએ એટલું ખરું. પણ એ દોસ્તી ને અવરજવર એકદા બરાબર ફળી. આ 'રોલીંગ સ્ટોન'ને વળી એક આડટેકો મળી ગયો! રેડીયોની નોકરી તો છોડવી જ હતી. એ માટે દુનીયાભરમાં અરજીઓ કરતો રહેતો. પરન્તુ દેશમાં આઝાદીના દુષ્પરીણામે દીનપ્રતીદીન વસતીને ને બેકારી વધતી ચાલી. હવે તો ગામડાંમાં માસ્તરી મળવનાંય ફાંફાં જણાયાં–ટ્રેઈન્ડ જોઈએ. બીજી લાયકાત ઝાઝી નહીં. એક વાર યુનાઈટેડ નેશન્સમાં કોઈ માહીતીવીભાગમાં જગ્યા હતી. અરજીનું ફોર્મ મંગાવ્યું, તો જવાબ આવ્યો :

'અરજીનું ફોર્મ મેળવવા માટે (ય) આપ એલીજીબલ નથી!'

ત્યાં વળી એક વધુ, અણધાર્યો જ અકસ્માત–અનુકુળ અકસ્માત! સોવીયેત માહીતીવીભાગે એનું ગુજરાતી સામયીક ચાલુ કર્યું : 'સોવીયેત દેશ' પાક્ષીક. અંગ્રેજીમાં 'સોવીયેત લેન્ડ' નીકળતું જ હતું, હીન્દીમાંય હતું, જેની આ ગુજરાતી આવૃત્તી. 'સોવીયેત દેશ' નામ સ્વપ્નસ્થનું આપેલું, કદાચ આજેય હજી એ જ નામે પ્રગટતું હશે. જો કે શકયતા હવે નહીંવત્ એના સમ્પાદક સ્વપ્નસ્થ નીમાયા, એટલે 'સોવીયેત યુનીયનના સમાચાર અને વીચાર' – બુલેટીનના સમ્પાદકની જગ્યા ખાલી પડી. સ્વપ્નસ્થ કહે,

'અશોક હર્ષને એ માટે નીમન્ત્યા છે.'

મેં કહ્યું, 'તેઓ ન આવે, તો મારું કરજો!'

અને ખરેખર અશોક હર્ષ ન જ આવ્યા, કારણ તો હજી આજેય ખબર નથી, પણ મને ઘણો હર્ષ થયો, આપણા રામની નીમણુંક ત્યાં થઈ ગઈ. માત્ર રેડીયોના મીત્રોએ જ નહીં, ખુદ સોવીયેત માહીતી ખાતાના કર્મચારીઓએ પણ કહ્યું.

'મી. પાઠક, યુ આર મેકીંગ ધ ગ્રેટેસ્ટ મીસ્ટેક ઑફ યોર લાઈફ!'

પણ એક મુરખને એવી ટેવ જ પડેલી કે, 'જાતજાતની ગ્રેટેસ્ટ નોકરી કરવી! નોકરીઓ બદલવી. એમાંય આ તો વીદેશી એલચીકચેરીની નોકરી. અમે ભારતના નહીં, પછી તો સોવીયેત સંઘના કર્મચારીઓ ગણાવા લાગ્યા. વટ પડે! મારા અમેરીકી કાઉન્ટરપાર્ટ ત્યારે વીખ્યાત વાર્તાકાર શ્રી. ચુનીલાલ મડીયા. બોલો, કેટલો વટ? અમારી ઑફીસના પ્રીમાઈસીસમાં ભારતીય પોલીસ પગ ના મુકી શકે, એવો તો વીશીષ્ટ દરજ્જો! બાકી, મહીંના ગુણ તો મહાદેવજી જ જાણે! દાળમાં ઘણું કાળું હશે, ત્યારે જ તો અન્દરના માણસોય ચેતવતા હશે ને,

'મી. પાઠક, યુ આર મેકીંગ...' પણ સ્થીરતા તથા સલામતી અને મારી વચ્ચે જ આદવેર! સરોજ–રમણે ભવીષ્યનો, આવતી કાલનોય વીચાર કદાપી કરેલો ખરો? કર્યો હોત તો આજે અહીં શાન્તીથી જીવતો હોત કે? આપણા રામ તો જોડાઈ ગયા. પગાર રેડીયો કરતાં લગભગ સો રુપીયા વધારે–મડીયા કરતાંય વધારે! ખુશહાલ! પછી થવાની હોય તે થાય!

વળી, થોડા જ માસમાં સરોજનેય મારી જ ઑફીસમાં પાર્ટટાઈમ જોબ મળી ગઈ, મારી જ આસીસ્ટન્ટ! અમે એકદમ પૈસાદાર બની ગયાં. એ કીસ્સોય જાણવા જેવો : અમારી ઑફીસમાં સોવીયેત કાયદાકાનુન પ્રમાણે કામ ચાલે : અનુવાદનો દીવસનાં છ પાનાંનો ક્વોટા, એથી વધારે કામ આવે, તો ઓવરટાઈમ મળે – દોઢો પગાર. એક દીવસ અનુવાદ કરવાનો અને એક દીવસ છાપાં તપાસી, પબ્લીસીટી શોધવાની ને એની યાદી બનાવવાની. 'પબ્લીસીટી' એટલે અમે બુલેટીન

મારફત પાઠવેલા સોવીયેત સમાચારોમાંથી ગુજરાતી અખબારોએ કેટલા પુનઃ પ્રકાશીત કર્યા એ. જેમ પબ્લીસીટી આઈટેમ્સ વધુ, તેમ વધુ શાબાશી મળે. સ્વપ્નસ્થના વખતમાં એની માસીક સંખ્યા પચાસ–સાઠની રહેતી, જે મેં થોડા જ માસમાં ચારસો–પાંચસો પર પહોંચાડી. જો કે એ મારી મોટી બહાદુરી તો નહોતી જ, કારણ કે અમે એક ‘સ્મોલ આઈટેમ બુલેટીન’ શરુ કર્યું, જેમાં બીનરાજકીય એવા, રશીયામાં થતી શોધખોળ આદીના નાનાનાના રસમય સમાચારો અપાય, એટલે ગુજરાતી છાપામાં છપાય જ. એ પુર્વે, સ્વપ્નસ્થયુગમાં, ક્રુશ્ચોવ – બુલ્ગાનીનનાં લાંબાંલાંબાં ભાષણો ને સુપ્રીમ સોવીયેતની પ્રલમ્બ કાર્યવાહીઓ અપાય, ટપાલથી છાપાંને પહોંચે, ત્યારે તો એ વાસીય બની જાય. એને કોણ છાપે?... આમ મેં એકદમ પબ્લીસીટી વધારી દીધી. ગુજરાતની એક ટુર પણ મારી. છાપાંના તન્ત્રીઓને વ્યક્તીગત મળ્યો. પરીણામે હું ઑફીસમાં, ખાસ તો અમારા બોસ મી. બુલેગીનનો માનીતો બની રહ્યો.

ઓવરટાઈમનો કાયદોય એવો વીચીત્ર કે, વધારાનું કામ પણ જો તમે નીયત છ કલાકથી વધુ સમય માટે ઑફીસમાં રોકાઈને કરો, તો જ ઓવરટાઈમ મળે. એ જ કામ જો ઑફીસ અવર્સ દરમીયાન કરી નાખો, તો નો ઓવરટાઈમ! આથી વધારાનું કામ આવે, તો બીજા કર્મચારીઓ ઑફીસ અવર્સ પછી જ એ પતાવે. પણ હું તો માણસ ઉતાવળીયો, ચંચળ, સાત કલાકમાંય કંટાળી કંટાળી જાઉં. અને જીવનભર કદી પૈસાનો હીસાબ તો ગણ્યો નથી! એટલે ચાર વાગ્યે છુટ્ટી થાય, એ પહેલાં જ પોણાચારે તો હું તૈયાર. આમેય મારાં બધાં જ કામ ભારે ઉતાવળાં. જો કે એમાંય મારી કશી બહાદુરી નહોતી : દીવસનો છ પાનનો ક્વોટા, એ વાસ્તવમાં ઘણી ‘ઉદાર’ ગણતરી હતી, આદ્ય કર્મચારીઓએ જ, પોતાના જ લાભાર્થે ઠરાવેલી! એટલું કામ તો આરામથી ત્રણચાર કલાકમાં થઈ જાય... બે–ત્રણ મહીનામાં, અમારા બોસ બુલેગીનસાહેબનું ધ્યાન ગયું જ. સોવીયેત સાહેબો બધા ભારે કરકસરીયાં ને ગરુડદૃષ્ટીવાળા. કર્મચારીઓને ભેગા કરી પુછ્યું.

‘હાઉ ઈઝ ઈટ, ધેટ મી. પાઠક ફીનીશીઝ હીઝ વર્ક ક્વાઈટ ઈન ટાઈમ, વ્હાઈલ યુ ઓલ નીડ ઓવરટાઈમ?’

કાર્યાલયમાં કચવાટ વ્યાપી ગયો. બધા સાથીઓ પછી મારી પાસે દોડી આવ્યા. મને સમજાવે છે કે, ‘મી. પાઠક, આવું ના કરો, પ્લીઝ! બાકી આ લોકો તો જ્યુઝ જેવા છે. કામનો બોજો ભયંકર વધારી મુકશે.’

આમ મારી સમક્ષ પ્રામાણીકતા અને સાથીઓનાં હીત–માંગ વચ્ચેના ઘર્ષણનો પ્રશ્ન પ્રારંભે જ ઘુરક્યો. અને અન્તે પણ એ જ પ્રામાણીકતાના પ્રશ્ને મેં ‘સોવીયેત દેશ’ છોડ્યો...!

હું બુલેગીનસાહેબને મળ્યો. અમે વચલો માર્ગ કાઢ્યો. મેં કહ્યું, ‘સર, મારાથી ઓવરટાઈમ થઈ શકતો નથી... બોજો વધુ પડતો છે જ. તો એક આસીસ્ટન્ટ આપો!’

પબ્લીસીટી વધવાને કારણે સાહેબ મારા પર ભારે ખુશ હતા. આમ પણ કોઈક કારણે, મારા પ્રત્યે એમનો ખાસ પક્ષપાત. એટલે આ દરખાસ્ત તુરન્ત મંજુર! અને એમ સરોજ પાઠક સોવીયેત એલચી કચેરીના માહીતી ખાતામાં, ‘સોવીયેત સંઘના સમાચાર અને વીચાર’ પત્રીકાનાં મદદનીશ ભાષાન્તરકાર નીમાઈ ગયાં. અઠવાડીયામાં ત્રણ દીવસ આવે. લંચ અવરમાં મને શાકરોટલી ખવડાવે. ટી–બ્રેકમાં ઑફીસ તરફથી ચા અને બ્રેડ મળે. સરોજ બ્રેડ ઉપર માખણ ચોપડે ને એના ભાગનું ભાષાન્તર તો હું રમતમાં પતાવી દઉં. મારે માટે તો એ ડાબા હાથનો ખેલ!

પણ એ લાંબું ન ચાલ્યું. એકાદ વર્ષમાં જ, સોવીયેત માહીતી–કચેરીનો ગુજરાતી–મરાઠી વીભાગ મુમ્બઈ ખાતે નવી ઑફીસ ખોલી, ત્યાં ખસેડવામાં આવ્યો ને મારી બદલી થઈ. સરોજને આમેય ભાષાન્તરની માથાફોડ ફાવે જ નહીં. બીજી બાજુ, નૃત્ય–સંગીતનો ભારે રસ. વળી મુમ્બઈમાં મકાન મળે નહીં. સરોજ શંભુ–

લચ્છુ મહારાજની કલાસંસ્થા ભારતીય કલાકેન્દ્ર સાથે સંકળાયેલી. એટલે એ તો દીલ્હીમાં જ રહી પડી અને હું મુમ્બઈ આવ્યો.

અમારું દામ્પત્યજીવન બધી રીતે જ વીશીષ્ટ, જેની સૌથી મોટી વીચીત્રતા વળી એ કે, અમે બહુ ઓછું સાથે રહ્યાં : પુરા ઓગણચાલીસ વર્ષના લગ્ન જીવનમાં માંડ પન્દર–સોળ વરસ! થોડાં વર્ષ પુર્વે પુજ્ય હીરાબહેન પાઠકે કહેલું કે, 'મારી એક મહેચ્છા તો ન જ ફળી કે તમે બે સાથે રહો!'

મેં કહ્યું, 'એ જ તો અમારા જીવનની ખરી મજા બની ગઈ! બાકી લોકો ખરેખર કેવાં 'સાથે' રહે છે, એ કોણ નથી જાણતું?' – એમ કહી, મેં એમને આ કથાનાં શરુઆતનાં પ્રકરણો વંચાવ્યાં ને એથી એમણે જ મને આગળ લખવાનો પાનો ચઢાવ્યો...

દરમીયાન, એક મજાની ઘટના બની, મારે માટે કદાચ જીવલેણ! જો કે એવી જીવલેણતા મને તો કોઠે પડી ગયેલી, એટલું જ નહીં, હમ્મેશાં બહેતર લાભકર્તાય નીવડતી! ઘટના મોટી આન્તરરાષ્ટ્રીય અને ભોગ બન્યા અમે બે– એક મી. બુલેગીન અને બીજો હું. 1959–60ના અરસામાં રશીયાએ અમેરીકાનું કે અમેરીકાએ રશીયાનું કોઈ વીમાન તોડી પાડ્યું. કદાચ 'યુ–2' વાળો બનાવ પણ એ હોય. મુમ્બઈમાં ત્યારે બે અંગ્રેજી સાપ્તાહીકો આમને–સામને પ્રગટે : 'બ્લીટ્ઝ' શ્રી. કરંજીયાનું તે રશીયા તરફી, જ્યારે 'કરંટ' તે રશીયાનું કટ્ટર વીરોધી. એના તન્ત્રીય પારસીબન્ધુ શ્રી. ડોસુ કરાકા. 'કરંટ'માં આ વીમાન–ઘટનાનો હેવાલ પ્રગટ્યો, સચીત્ર, સ્વાભાવીક જ સોવીયેત સંઘની તીવ્ર–ઉગ્ર ટીકા કરનારો. અમારી ઑફીસમાં ત્યારે જ એક નવાસવા મીત્ર જોડાયેલા મી. કુલકર્ણી, ભારે ઉત્સાહી, તરવરીયા ને ઉતાવળીયા. એમને પ્રચાર–પ્રસીદ્ધીની કામગીરી સોંપાયેલી. ઉત્સાહમાં ને ઉત્સાહમાં તેમણે 'કરંટ'ને ફોન કરી પાડ્યો, પુછ્યું.

'તમારો હેવાલ ભુલભરેલો છે. ડ્ઝ એનીબડી નૉ રશીયન, ઈન યોર ઑફીસ?'

અને પછી તો ડોસુ કરાકા ઉકળ્યા. બીજે જ દીવસે ‘કરંટ’માં આખું પાન ભરીને લખાણ :

‘મી. બુલેગીન, યુ આર એ સ્લેવ ઈન ધ સ્લેવ ડ્રાઈવર્સ રીજાઈમ!... તમે તો એક ગુલામ છો. પણ તમને ખબર છે, ભારત એક સ્વતન્ત્ર લોકશાહી દેશ છે? અમારે ત્યાં પ્રેસ (અખબારો) મુક્ત છે? અમારી આન્તરીક બાબતમાં માથું મારનારા તમે તે કોણ? વી ડોન્ટ બ્લેઈમ મી. કુલકર્ણી, હી ઈઝ એ પુઅર ક્લાર્ક! બટ માઈન્ડ વેલ મી. બુલેગીન, ફરી વાર આવી ધૃષ્ટતા કરી છે તો! વગેરા.... વગેરા....’

અને પછી તો સોવીયેત તન્ત્રની કઠોર કડકાઈ : એ જ અઠવાડીયે મી. બુલેગીન બરતરફ! નવા સાહેબ આવ્યા મી. ક્રોતકોવ, જેઓએ આવતાંની સાથે જ, ન જાણે કેમ, મારા પ્રત્યે તુચ્છકારભર્યું, ઉગ્ર વર્તન કરવા માંડ્યું...

હું તો ઑફીસનો ખુબ માનીતો, મી. બુલેગીન મારા પર ફીદા.... ફીદા ! હજી તો ત્રણ જ મહીના પહેલાં, અમારા દીલ્હીસ્થીત સુપર બોસ મી. યેફીમોવે મુમ્બઈ આવી, કર્મચારીઓને એકઠા કરી, બધા વચ્ચે જાહેર કરેલું કે, ‘અમારા રશીયન ધારા–ધોરણો મુજબ, આ ઑફીસમાં જે વધારે કામ કરશે તેને વધારે પગાર મળશે. તદનુસાર મી. પાઠકને અમે રુપીયા ત્રીસનું સ્પેશીયલ ઈન્ક્રીમેન્ટ આપીએ છીએ...’

અને એકાએક આ તે શું થઈ ગયું? મી. ક્રોતકોવ કશીક ગેરસમજ કે પુર્વગ્રહ લઈને જ આવેલા. વાતેવાતે મને તતડાવે ને અપમાનીત કરે! ઑફીસમાં તોફાની ગણાતો પાટીલ કહે, ‘મી. પાઠક, આપણું નામ ભુલથી અદલબદલ થઈ ગયું લાગે છે!’ એમાં વળી બળતામાં ઘી હોમાયું : ક્રુશ્ચોવ ભારતની મુલાકાતે આવ્યા. પરીણામે અમારી ડ્યુટી, એ પાંચ–છ દીવસ, ચોવીસ કલાકની બની રહી. ક્રુશ્ચોવનાં લાંબાં લાંબાં, ભાષણો તત્કાળ અનુવાદીત કરીને રાતોરાત અમારે અખબારોની કચેરીઓ પર પહોંચાડવાનાં. આમેય ગુજરાતી ટાઈપીસ્ટની ત્યારે તંગી, એટલે એને તો મબલખ મોકો મળ્યો, માન માગે જ. મારો ટાઈપીસ્ટ કહે,

'રોજના વધારાના પન્દર રુપીયા લઉં, તો જ રાત્રે આવું.' 1960માં પન્દર રુપીયા મોટી રકમ ગણાય.

મેં ક્રોતકોવને વાત કરી તો એ મને કહે, 'મી. પાઠક, તમે પોતે જ કરો!'

મેં કહ્યું, 'સર, મારાથી એટલાં બધાં સ્ટેન્સીલ હાથે કટ નહીં થાય, મારી શક્તી બહારની એ વાત છે. પ્લીઝ, આપણે ટાઈપીસ્ટની માંગ મંજુર રાખીએ!'

એ સાંભળી, રોષ વ્યક્ત કરતાં, કડક ક્રોતકોવસાહેબ કંઈક એવી મતલબનું વદ્યા કે, મેં ટાઈપીસ્ટ સાથે કશોક ભાગ રાખ્યો હશે... મારું કમીશન ઠરાવ્યું હશે!

અને મારો મીજજ છટક્યો, મેં કહ્યું, 'આઈ એગ્રી વીથ યુ મી. ક્રોતકોવ, ધેટ ઈંડીયન્સ આર ડીઝઑનેસ્ટ, મે બી, બટ આઈ એમ નોટ... નોટ એટ ઓલ!'

એ સાથે જ મી. ક્રોતકોવને બે હાથ જોડી, મેં તત્કાલ ઑફીસ છોડી... ભર્યાંભાદર્યાં મુમ્બઈમાં હુ સાવ બેકાર બની ગયો.

*

એક પોએટીક જસ્ટીસનો યા તો નૈતીક વીજયનો બનાવેય ટુંકમાં જ ટાંકું :

સંભવતઃ 1965માં મને 'ધીરે વહે છે દોન'ના અનુવાદ બદલ 'સોવીયેત લેન્ડ નેહરુ પારીતોષીક' મળ્યું – ડૉ. જયન્ત પાઠક તથા સ્વ. સુરેશ જોશી સાથે, ભાગમાં. એ સ્વીકારવા હું મુમ્બઈ ગયો. પારીતોષીક અર્પણ સમારંભમાં મી. ક્રોતકોવ હાજર. મીઠું – મીઠું સ્મીત વેરતાં, હાથ મીલાવી મને માનપુર્વક કહે,

'મી. પાઠક, પ્લીઝ, યુ કમ બેક ટુ અવર ઑફીસ. મી. વ્યાસ ઈઝ પ્રેટી ઓલ્ડ એન્ડ ઈન્ફર્મ...' (વ્યાસ એટલે સ્વપ્નસ્થ)

મતલબ કે, ‘મી. પાઠક, તમે અમારી ઑફીસમાં પાછા જોડાઈ જાવ. મી. વ્યાસ ખુબ વૃદ્ધ અને અશક્ત થઈ ગયા છે. અમારે એક સશક્ત હાથની અનીવાર્ય જરુર છે...’

હું તો મનોમન ખુશખુશાલ. મેં કહ્યું, ‘સાહેબ, ખુબ ખુબ આભાર! આઈ એમ સો હેપી! તમારી આ ઑફર મારે માટે અનહદ આનન્દદાયક છે. બટ... સો સોરી...’ સરોજ પણ સાથે હતી. એ પણ ખુશ.

ત્યારે અમે બન્ને બારડોલીમાં સાથે જ ગુજરાતીનાં પ્રાધ્યાપક–વ્યાખ્યાતા. મોજ હતી. ત્યાં આઝાદી ને વસતીવધારાથી નરકાગાર બની રહેલા મુમ્બઈમાં પાછાં ફરવાનું દીલ જ કેમ થાય? વળી, થોડાં વર્ષથી તબીયત ગંભીર રીતે કથળેલી. એટલે મનોમન શંકાય ખરી કે, પહેલાં જેવી સફળતાથી હવે કામ ન થાય તો?

શક્ય છે કે, પાટનગરના બોસ–બન્ધુઓએ મી. ક્રોતકોવને, મને એમ કાઢી મુકવા બદલ બરાબરના ખખડાવ્યા હોય.

*

અને અરસો લગભગ એ જ, કદાચ 1960ના ફેબ્રુઆરીનો, જ્યારે ક્રુશ્ચોવ ભારત આવ્યા, એ જ મહીને, સરોજની દીલ્હીવાળી નૃત્યમંડળી ‘ભારતીય કલાકેન્દ્ર’ એનો ‘રામાયણ’ બેલે લઈને વળી મુમ્બઈ આવી. અને અગાઉ જણાવ્યું તેમ, સ્વ. સોપાનની ટકોરથી યા તો ગમે તે કારણે, પણ સરોજેય ત્યાં, મુમ્બઈમાં જ સવેતન નર્તીકા તરીકેની નોકરી છોડી દીધી. બસ, આમ અમે બન્ને મુમ્બઈની મહાનગરીમાં મફતીયા મંજીરાં વગાડતાં થઈ ગયાં.

1959ની સાલમાં મારો પગાર લગભગ સાડી છસો રુપીયા. આ રુપીયો તે પચાસી દરમીયાનના મોટા, નક્કર મુલ્યવાળો. સ્લેટર રોડ પરની મારી પેટાભાડુત તરીકેની ખોલીય માસીક રુપીયા 130/-વાળી, મોંઘીદાટ કહેવાય. વળી ચી. શર્વરી

સુનીતી હાઈ સ્કુલ ફોર ગર્લ્સમાં ભણે, એ જ 'સુનીતી' જ્યાં સરોજ પોતે ભણેલી ને જ્યાંથી એ મેટ્રીક થયેલી. એ જ અન્ધારીયા, ખખડધજ, ખદબદતા માળામાં રહી ભણે, જેનું વર્ણન એક પુસ્તકમાં સરોજની જ કલમે તીવ્ર આલેખાયેલું ટાંક્યું છે.

અપરમ્પાર કઠણાઈ, એકસામટી ત્રાટકી. છતાં સરોજે કદી મને એક શબ્દયે ઠપકારુપે નથી ટપાર્યો કે, 'શા માટે આવી સારી નોકરી તેં છોડી?' મેંય સરોજને ક્યારેય કશું કહ્યું નહીં. હસતાં– રમતાં જ નોકરી શોધતાં શહેરમાં ફરવા લાગ્યા... અને આ શોધખોળની કરુણાન્તીકાય સર્ગ–3ને અન્તે વર્ણવતાં લખ્યું છે કે 'આગે આગે ગોરખ જાગે અને તેય જાગ્યો જ' તો હવે એવી 'ગોરખ જાગૃતી'ની ગાથા :

*

**18**

## *સર્ગ – 2*

## આડત્રીસે ભણવા બેઠો!

ડીસેમ્બર, 1990માં, સાવલી, સાહીત્ય પરીષદના જ્ઞાનસત્ર નીમીત્તે મળ્યાં, ત્યારે પુજ્ય હીરાબહેન પાઠકે કહ્યું કે,

'મારી એક મહેચ્છા તો ન જ ફળી કે તમે બે સાથે રહો!'

પરન્તુ પુજ્ય હીરાબહેનની એ કેવળ મૌખીક મહેચ્છા જ નહોતી. એમણે તો એક મોટું સાહસ એ માટે ખેડેલું. આશ્ચર્ય! અમારા અવીચારી જુગટુમાં સક્રીય સાથ આપેલો. બાકી, મારી આવી યોજના આ દુનીયાનાં વહેવારડાહ્યાં નરનારીને તો હાસ્યાસ્પદ જ લાગે. વતનમાં મોજનું માધ્યમીક શીક્ષકપદ છોડી, કેવળ હાથમાં એક પડતર પેટી લઈ, મુમ્બઈ પહોંચ્યો ત્યારથી, અને ખાસ તો, 'હીન્દુસ્તાન'થી માંડીને

‘સોવીયેત દેશ’ છોડ્યું ત્યાં સુધી, એવી બેવકુફીઓ બદલ લોકોએ મને ટપાર્યો યા તો મારી મજાક કરી. હું ‘સોવીયેત ન્યુઝ એન્ડ વ્યુઝ’ (ગુજરાતી) નો ઈન–ચાર્જ થઈને ફરતો, ત્યારે વડોદરામાં એક વાર મુરબ્બી નન્દકુમાર પાઠક મળી ગયા. શ્રી. નન્દકુમાર રેડીયોમાં જ મોટા અધીકારી અને મારો ન્યુઝ એનાઉન્સરનો ઑર્ડર જ્યારે વીલમ્બાયેલો, ત્યારે તેઓએ આત્મીયતાપુર્વક મને મદદ પણ કરેલી. હું ફટાફટ નોકરીઓ છોડી દઉં, ત્યારે આમ તનમન યા ધનથી મદદ કરનારને સ્વાભાવીક જ દુઃખ થાય, જેવું દુઃખ હીરાબહેને સાવલીમાં વ્યક્ત કર્યું. વડોદરામાં શ્રી. નન્દકુમાર મળ્યા, ત્યારે મેં રેડીયો છોડી દીધેલો, એથી વીશેષ તેઓ ખાસ જાણે નહીં. એટલે હસતાંહસતાં કહે,

‘શું છે? તારા વીશે તો કંઈ જાતજાતની અફવાઓ આવે છે ને!’

મેં કહ્યું, ‘પત્રકારનો ગુણધર્મ જ અફવાઓ ફેલાવવાનો!’

મેં ‘સોવીયેત દેશ’ છોડ્યો એ પણ મુરબ્બી ગુલાબદાસને યા તો પુજ્ય હીરાબહેનને ગમ્યું થોડું હશે? મારો એક મીત્રે તો સરસ બોધક ટકોર પણ કરેલી,

‘એક સાહેબને સલામ ના મારો, સ્વમાન ખાતર ઝઘડો, પછી સો સાહેબોની સલામ મારવી પડે ને હાજીહા કરવી પડે!’

વાત તો સાચી, એક નોકરી છોડી દો. સ્વમાન ખાતર, પરન્તુ પછી બીજી મેળવતાં, તમારે સો ઠેકાણે, સ્વમાન નેવે મુકી, સાષ્ટાંગ નમસ્કાર કરવાના! સદ્ભાગ્યે અમારે એવું ના કરવું પડ્યું. કદાચ એનું એક મહત્ત્વનું કારણ એ જ કે, અમે સારા લેખકો, ગુલાબદાસભાઈની કે હીરાબહેનની અમારે માટે જે બીનશરતી લાગણી તે કેવળ અમારું, હીર પારખીને. બાકી આવાં અદકપાંસળાં માણસોને તે કોણ પાંખમાં લે? નવી નોકરી શોધવામાં મુરબ્બી ગુલાબદા–સોપાન દીલથી મદદ કરે, પણ કયારેય ન ટપારે કે, ‘આવી સારી નોકરી છોડી શીદને દીધી?’ અલબત્ત, કલ્પી શકું કે, મનોમન જરુર એવું મુલ્યાંકન કરતા તો હશે જ. અને પુજ્ય હીરાબહેન પાઠક તો

આખેઆખાં જ લાગણીનાં માણસ, અમારી હાલત જોઈ, અર્ધાંઅર્ધાં થઈ જાય. અમે જ્યોતીષમાં બીલકુલ ના માનીએ, બાકી બીજાં કોઈ હોત તો અચુક ખુશખુશાલ કહેત કે, કુંડળીમાં ગ્રહો જ એવા સરસ પડેલા કે, મુશ્કેલીની મહાદશામાં, જેવાં જોઈએ એવાં જ માણસો બરાબર મળી જાય! અવળું કરો, તેય સવળું નીવડે.

બન્યું પણ ખરેખર એવું જ : પુજ્ય હીરાબહેન સાથે તો આટલા ગાઢ પરીચયની કોઈ ભુમીકાય નહીં. જીન્દગીભરમાં, એક જ વાર, મુરબ્બી રામનારાયણ પાઠકને દુરથી જોયેલા, ત્યારે સૌ. હીરાબહેન સાથે. હું ગુરુકુળ–સુપામાં શીક્ષક, ત્યારે કશાક કાર્યક્રમ નીમીત્તે, તેઓ ત્યાં આવેલાં. 1946–47માં. આમ તો ત્યારે હું કવી, મારું એક કાવ્ય પણ રા.વી.પા.એ ‘પ્રસ્થાન’માં છાપેલું. પરન્તુ એવી ઓળખાણ કાઢવાની આદત જ જીવનમાં ન ફાવી. ‘કામ વીના મળવું નહીં’– એવો એક વણલખ્યો સીદ્ધાન્ત અમ બન્નેએ જીવનભર પાળ્યો. એવી કોઈ સભાન પ્રતીજ્ઞા તો નહીં, પરન્તુ સ્વભાવ જ બન્નેનો એવો. વીચારતાં એમ જ થાય કે, વગર કારણે, અમુક યા તમુકને મળવા જવાથી આખર કોને લાભ? આપણે કેટલી મફતની દોડધામ કરીએ ને ઉપરથી વળી એ માણસને વણવાંકે તકલીફ!

એથી જ, પુજ્ય હીરાબહેન વીચારે તો અમને સ્વાર્થી ગણી શકે. જો કે તેઓ એટલાં લાગણીશીલ, ઉદારમના, મહામના ને ભદ્ર છે, હવે હતાં કે, એવો વીચાર સુધ્ધાં ન કરે. પરન્તુ અણીને વખતે, એમણે અમને અજોડ, અમ જેવાંને તો કદાપી કોઈ ના કરે એવી મોટી મદદ કરી, એય વળી સાવ એક તરંગી યોજનામાં અને એને જ પરીણામે અમે પુનઃ સ્થાયી થઈ શક્યા. એટલું જ નહીં, કદાપી કલ્પનાય નહોતી, એટલાં સુખશાન્તીમાં મહાલ્યાં–ઝુલ્યાં ને સીદ્ધીઓમાં ફાલ્યાંફુલ્યાં! હીરાબહેને જે મદદ કરી એ તો અવર્ણનીય જ, છતાં અત્રે વર્ણવવા યથાશક્તી કોશીશ કરું, એમનું ઋણ અને અમારી આભારની લાગણી એ રીતે, આટલાં વર્ષે વ્યક્ત કરી લેવાની તક ઝડપું : અફસોસ કે આજે તેઓ હયાત નથી.

પુજ્ય હીરાબહેન એવાં કોઈ પત્ર–પત્રીકાનાં સમ્પાદક પણ નહોતાં કે જેથી લેખકો તરીકેય અમારો પરીચય ધરાવતાં હોય, અમારા પ્રત્યે આત્મીયતા સેવતાં હોય. ખરેખર, કેવી રીતે પ્રથમ સમ્પર્કમાં આવ્યાં, એ પ્રસંગેય આજે યાદ નથી. હા, સરોજની વાર્તાઓ તેઓ વાંચતાં. એના પ્રથમ સંગ્રહને મુમ્બઈ સરકારનું જે પ્રથમ પારીતોષીક મળ્યું, એમાં એક નીર્ણાયક પુજ્ય હીરાબહેન પણ ખરાં. અમે એમને એક વાર ‘વાર્તાવર્તુળ’માંય નીમન્ત્રેલાં. ત્યારે મને પુછે : ‘તમે પાઠક તે કેવા? ક્યાંના?’

મેં કહ્યું, ‘મુળ પંચમહાલનાં. તમે કવી જયન્ત પાઠકને તો ઓળખો જ ને? હું એમનો નાનો ભાઈ.’

તેઓ કહે, ‘એમ? તમારી એક વાર્તા વાંચીને પાઠક સાહેબને કુતુહલ થયેલું કે ‘આ દીલ્હીવાસી પાઠક આપણો કોઈ કુટુમ્બી તો નહીં હોય! બરાબર, આપણા સમાજની જ વાત લખી છે.’

‘પાઠક સાહેબ’ એટલે રા. વી. પાઠક, હીરાબહેન તેઓનો ઉલ્લેખ હમ્મેશાં એ રીતે જ કરતાં. હું શરુઆતમાં પન્નાલાલીય, પેટલીકરશાહી વાર્તાઓ લખતો, જેમાં અમારા સમાજની સમસ્યાઓને જ્ઞાતીય કાવાદાવાઓનાં બયાન આલેખાય–બ્રાહ્મણ જ્ઞાતીનાં. ‘સવીતા’ વાર્તામાસીકે કોઈ નીમીત્તે સો વાર્તાઓ સમાવતો એક દળદાર અંક પ્રગટ કરેલો, સોમો અંક હશે, જેના એક સમ્પાદક સ્વ. રામનારાયણભાઈ–એવું કંઈક યાદ છે. એ રીતે તેઓના વાંચવામાં મારી ઉક્ત વાર્તા ‘નાક રાખ્યું’ આવી. પણ તેઓ એટલી ટકોર કરીને, વીસરી ગયા. અને પછી ટુંક સમયમાં જ મહાપ્રસ્થાન કરી ગયા. સાક્ષાત્ પરીચય થવો રહી જ ગયો.

છતાં બેકારીની ફુરસદ દરમીયાન, અમે જેમ અવારનવાર ગુલાબભાઈને તથા સોપાનને મળીએ, તેમ હીરાબહેનને પણ મળતાં રહીએ. ખુબ માયાળુ ને વળી વીશ્વાસુ–માનવીના સદ્ અંશોને જ માનનાર તથા પ્રમાણનાર સન્નારી. અમારી બધી જ વાતો એ સહાનુભુતીથી સાંભળે ને સાચી જ માને. (અને હતી પણ સાચી જ) અને

સાંભળી, ગળગળાં થઈ જાય. પછી હું ‘જન્મભુમી’માં જોડાયો. ત્યારે પણ અમે હીરાબહેનને તો મળતાં રહીએ.

અમારી વાતો, મુખ્યત્વે બાલભાવવાળી સાંભળી, એકદા હીરાબહેન કહે, ‘પત્રકારત્વ એ તમારું કામ જ નહીં. તમારે માટે તો પ્રાધ્યાપક થવું જ ઉત્તમ’. ત્યારે તેઓ પોતે એસ. એન. ડી. ટી. યુનીવર્સીટીમાં પ્રાધ્યાપીકા.

મેં કહ્યું, ‘પણ થવાય જ કેવી રીતે? સરોજ ઈન્ટર આટ્ર્સ ને હું થર્ડ કલાસ બી. એ.!’

પુજ્ય હીરાબહેન કહે, ‘તો આગળ ભણો! હજીય વહી શું ગયું છે?’

વાહ ભાઈ! મારાં આડત્રીસ વર્ષ તો પુરાં થવા આવેલાં ને સરોજ ત્યારે એકત્રીસની. વધુમાં વળી નવેક વર્ષની શર્વરીનાં અમે પીતામાતા. આવી ઉમ્મરે કૉલેજમાં ભણવા બેસવાનું ને એય વળી બેકારીમાં, પ્રૉફેસર થવાના ચોક્કસ ધ્યેય સાથે! ‘કહેતા ભી દીવાના સુનતા ભી દીવાના!’ – એમ કદાચ ત્યારે ઈતર જનોએ માન્યું જ હશે, જો કે કોઈ બોલ્યું નહીં. પરન્તુ આ યોજના નીષ્ફળ જ નીવડી હોત તો, જરુર એવું બોલાત. પણ એ તો માત્ર સફળ નહીં, સવાઈ સફળ નીવડી!

મેં કહ્યું, ‘ભણવા તો બેસું, પણ ખાઈએ શું?’

હીરાબહેન કહે, ‘જાઓ, ખર્ચ બધો જ મારે આપવો.’

આય એક અદ્ભુત વાત હતી, ભાગ્યે જ કલ્પી પણ શકાય એવી અમારા સમ્બન્ધમાં હકીકતે બની. અરે, કેવળ એટલું જ નહીં, એથીય ઘણું આગળ! ત્યારે ઘણાખરા ગ્રેજ્યુએટો પરચુરણ નોકરી કરતાં કરતાં આગળ એમ. એ.માં જોડાતા. એ ખુબ વ્યાપક રસમ હતી, કારણ કે એમ. એ. ના વર્ગો કૉલેજોમાં કેવળ શની–રવી ચાલતા. પરન્તુ હીરાબહેને તો બીજી, પરમ ઉદાર એવી વીસ્મયજનક શરત પણ મુકી, ‘નોકરીબોકરી કરવાની નહીં હોં! કેવળ એકચીત્તે ભણવાનું જ, જેથી કલાસ

આવે ને પ્રૉફેસર થવાય.' આય વળી અદ્ભુતતર! ત્યારે 'પ્રૉફેસર' અર્થાત્ વ્યાખ્યાતા માટેની મીનીમમ લાયકાત એમ. એ. સેકંડ ક્લાસની હતી. જો કે મારે માટે તો એ રમતવાત, એટલી સજ્જતા તો સાહીત્યસાધના દરમીયાન કેળવી લીધેલી. પરન્તુ બે વર્ષ, ચાર ટર્મ તો ભરવી જ પડે–એ નીયમ. એમ ને એમ એમ. એ.માં ન જ બેસી જવાય, અને ત્યારે 'એક્સટર્નલ' કે એવી કશી વ્યવસ્થા નહીં... હશે ક્યાંક, તો ખબર નહીં. એટલે મામલો આટલેથી જ અટકતો નહોતો. અને હીરાબહેન તો જાણે કે આપવા જ બેઠાં હતાં : 'માંગ, માંગ, જે માંગે તે આપું!' એટલાં બધાં અમારા પર પ્રસન્ન. બીજી બાજુ, હું મુમ્બઈના જીવનથી કંટાળેલો. વળી મુમ્બઈમાં એમ. એ. ના વર્ગોની પદ્ધતી થોડી જુદી. યુનીવર્સીટી એ ચલાવે, જુદીજુદી કૉલેજોમાં ચાલે, કામના દીવસો દરમીયાન પણ ચાલે એવું બધું. જ્યારે ગુજરાતનાં અન્ય નગરોમાં કે જ્યાં યુનીવર્સીટીઓ જ નહોતી ત્યાં, એમ. એ.ના વર્ગોમાં કેવળ શની–રવી જ હાજરી આપવાની, બાકી નોકરી કરો ને હોજરી ભરો! બધી જ છુટ! ત્યારે ગુજરાત યુનીવર્સીટી રચાઈ ચુકેલી, અમદાવાદમાં એનું વડું મથક, અને દક્ષીણ ગુજરાત યુનીવર્સીટીનું અસ્તીત્વ જ નહીં. તદનુસાર સુરતની એમ. ટી. બી. કૉલેજમાં એમ. એ.ના વર્ગો શની–રવી ચાલે. વળી, મુમ્બઈ છોડવા મન ઘણું. હું કોઈ પણ સ્થળથી થોડાં વર્ષમાં જ કંટાળી જાઉં. સ્થળફેરનો મારો એક સંજીવક શોખ જ. મને થયું, જ્યારે હીરાબહેન આપવા જ બેઠાં છે, ત્યારે લાવ ને, જે જોઈએ તે બધું જ માંગી લઉં. બેવકુફી તો સીદ્ધ થવાની હશે ત્યારે થશે, ને ત્યારે જોયું જશે!

મેં કહ્યું, 'તમે કહો છો, તો એમ. એ. જરુર કરું, પરન્તુ એ મુમ્બઈમાં નહીં. મને સુરત જવા દો. ત્યાં જયન્તભાઈ છે, પોતે જ એમ. ટી. બી.માં પ્રૉફેસર છે... અને નાના નગરમાં બીજીય ઘણી અનુકુળતા, ને પ્રમાણમાં વળી સસ્તું....'

આવી વાત પણ હીરાબહેનના વીશાળ હૈયે તરત જ ઉતરી ગઈ, આશ્ચર્ય! તેઓ કહે, 'હા. એમ જ કરો, એ જ ઉત્તમ વીચાર છે. સુરતમાં ઘર રાખીને નીરાન્તે ભણો! પૈસાની ચીન્તા કરશો નહીં....'

મારી બેવકુફ ધૃષ્ટતાય ત્યારે અપરમ્પાર. બાકી આજે તો વીચાર કરતાંય શરમસંકોચ થઈ આવે છે.... તત્કાળ જયન્તભાઈને લખ્યું :

‘અમે સહકુટુમ્બ મુમ્બઈ છોડી સુરત આવીએ છીએ... સારું ને સસ્તું ઘર શોધી રાખજો! હું એમ. એ.માં જોડાવાનું છું, પ્રૉફેસર થવા, તો એડમીશનનુંય કરજો જ. અને શક્ય હોય તો સરોજ માટે કોઈ નાનકડી નોકરીય...’

મુર્ખામીનીય કોઈ મર્યાદા ખરી? અને છતાં જયન્તભાઈએ એવું બધું જ ગોઠવ્યું. સુરતમાં તેઓ પ્રતીષ્ઠીત પ્રાધ્યાપક, સારું વજન પડે. વળી હુંય સુરતમાં જ અગાઉ ભણેલો. એ વાતનેય હજી તો પન્દર વર્ષ વીતેલાં. લેખકો તરીકે પણ અમે સુરતમાં ઠીક ઠીક જાણીતાં... ખેર, એમ અમે એક સાંજે નીરાધાર સુરત બન્દરે ઉતર્યા.

જોકે નીરાધાર શેનાં? ‘કટાક્ષીકા’ લખવાના ‘જન્મભુમી’ મહીને સો રુપીયા આપે, સો રુપીયા હીરાબહેને કહ્યા. સુરતમાં જયન્તભાઈની વગ અને ભાઈશ્રી. કુંજવીહારી મહેતા વળી અમારા કૉલેજકાળના મીત્ર જેવા, જેઓ સાર્વજનીક એજ્યુકેશન સોસાયટી–સુરતના ત્યારે મન્ત્રી. આજે તો એ મહેતાસાહેબ નથી, અને જયન્તભાઈ પણ! એમણે તત્કાળ સરોજને શીક્ષીકાની નોકરી અપાવી, હરીપુરા હાઈ સ્કુલમાં, હીન્દી–ગુજરાતી ભણાવવાનું. ઈન્ટર આર્ટ્સ, અન્ડરગ્રેજ્યુએટસ, એટલે પગાર મહીને રુપીયા એકસો ને સત્તર. અમે તો એકદમ સુખી સુખી થઈ ગયાં–ભલે બધું જ ટેમ્પરરી. પણ ભાવીનો વીચાર કરવાની કુટેવ જ નહીં એ મહાસુખ. સૌથી મોટી સીદ્ધી તો એ કે, સરોજ નોકરીએ લાગી ને થોડા જ દીવસોમાં વળી સફળ શીક્ષીકા સીદ્ધ થઈ. એને તો જીવનરાહ જ જાણે સામે ખુલ્લો સાંપડી ગયો. બાકી, એ ખુબ કચવાતા હૈયે ને આંસુ સારતી આંખે, મારી આવી તરંગી યોજનાવશ, કેવળ મારી પાછળપાછળ ઘસડાતી જ સુરત આવેલી. એનું નાનકડું ને એકધુની મગજ આવી લાંબી, અદ્ધરતાલ યોજનાઓ સમજવા સુધ્ધાં સમર્થ નહીં. વધુમાં વળી પાંચ જ વર્ષ પુર્વે, આ જ સુરતમાંથી એ ગભરાઈને પરીક્ષા આપવાનું માંડી વાળી, ભાગેલી – એ અતીદુઃખદ યાદો પણ એને કમ્પાવે. છતાં ગાડું તત્પુરતું તો બરાબર ચીલે ચઢ્યું

: હું ભણું, શર્વરીય ‘જીવનભારતી’ જેવી સારી શાળામાં સ્વસ્થ શાન્તીથી ભણે ને સરોજ પાઠક નોકરી કરે... આવી વીલક્ષણ, છતાં સફળ યોજનાનો મુળભુત યશ, સાભાર ચાર વ્યક્તીઓને ફાળે જ : પુજ્ય હીરાબહેન પાઠક, મુરબ્બી જયન્તભાઈ પાઠક, પ્રા. શ્રી. કુંજવીહારી મહેતા અને સૌની મમતાળુ, આશ્વાસક છત્રછાયા સમા સાક્ષરવર્ય શ્રી. વીષ્ણુપ્રસાદ ર. ત્રીવેદી. આજે એમાંની કોઈ વ્યક્તીને આ હું સાભાર જણાવી શકું નહીં! અને સરોજ પણ હવે ક્યાં? નીર્દય કાલદેવતાએ મને સાવ એકાકી લટકાવી રાખ્યો છે. કેવી લાચારી, કેવી કરુણતા!

*

1960ના જુન મહીનાની પન્દર તારીખની આસપાસ એમ. એ.ના વર્ગો ચાલુ થતાં, પ્રથમ દીવસે એક વીચીત્ર માનવપ્રાણી વર્ગમાં બેઠેલું જોઈને, સહાધ્યાયીઓ આશ્ચર્યકુતુહલથી અન્દરઅન્દર ઘુસપુસ કરવા લાગ્યા. જો કે એક હીમ્મતબાજ મશ્કરાએ તો મને પુછીય પાડ્યું કે, ‘સાહેબ, આ કૉલેજ છે, હૉસ્પીટલ નથી!’

હું હાજરજવાબી ખરો. મેં જવાબ વાળ્યો, ‘આઉટડોર પેશન્ટસ બાબતમાં ઝાઝો ફરક નહીં!’

એ મીત્ર સમજ્યો કે નહીં! એ તો ખબર નથી, પરન્તુ મારો કટાક્ષ વીદ્યાર્થીસાથીઓને ‘દર્દીઓ’ લેખાવવાનો હતો, અને કમસે કમ કૉલેજીયન માત્ર ‘દીલનો દર્દી’ તો હોય જ. જો કે ત્યારે અમારો યુગ એકપક્ષી પ્રેમનો હતો, મતલબ કે બીજું પક્ષી તો બાપડું જાણતુંય ન હોય! અને હું તો ત્યારે એ તબક્કોય વટાવી ચુકેલો. બાકી પન્દર સાલ પહેલે, પાંચ વર્ષની પુર્વસ્નાતક કૉલેજીયન અવસ્થામાં તો મેં ઓછામાં ઓછા આવા દસ ‘માનસીક’ પ્રેમ કરેલા જરુર! માનસીક અને એથી જ નીર્દોષ અને બીલકુલ હાનીરહીત! જો કે હું એવા ‘આધ્યાત્મીક પ્રેમ’નો સદ્ઉપયોગ કવીતા સર્જવામાં કરતો. જે કોઈ વીદ્યાર્થી કવીતા રચતો, તે એક એક કાવ્યનાયીકા તરીકે કમસે કમ એક કૉલેજકન્યા સાથે એકપક્ષી પ્રેમથી જોડાયેલો રહેતો. દા.ત. હું

તો સ્વભાવે જ સાહસીક એટલે છેલ્લા વર્ષની છેલ્લી ટર્મમાં તો ‘પ્રેમીકા’ ને નામ સાથે સ્પષ્ટ સમ્બોધીને જ મેં બીનધાસ્ત કૉલેજ મેગેઝીન ‘સાર્વજનીકન’માં કવીતા ફટકારી, જે પ્રગટી પણ ખરી!

## તાપીનાં પુર

### મન્દા, જોને જલનીધી સમી તાપી કેવી જણાય?

(સુરત શહેર વીશે શ્રી. ઈશ્વરલાલ છો. દેસાઈએ લખેલું પુસ્તકમાં સુરતના પુર સન્દર્ભે આ કાવ્યનો અલ્પ ઉલ્લેખ પણ છે.) ત્યારના મર્યાદીત વીસ્તારમાં, કૉલેજને એક છેડેથી બીજા છેડા સુધી એ પ્રશ્ન કર્ણોપકર્ણ ગાજી રહ્યો કે આ મન્દા તે કોણ? જો કે પ્રાધ્યાપકો તો ચતુર, સુજાણ, એટલે સમજીય ગયેલા. બાકી નાયીકાને જાણ થયેલી કે નહીં, એ વાતની તો મને આજેય જાણ નથી થઈ... એક વાર દ્વીપક્ષી પ્રેમ કરવાનું સાહસ કરેલું ને રીસ્પોન્સ આપતી લાગેલી નાયીકાના ઘરમાં એક બપોરે હીમ્મતભેર ઘુસી પણ ગયો! પરન્તુ ત્યાં તો એણે પોતાના અસલી પ્રેમીનો પરીચય કરાવ્યો : જે પોલીસ ઑફીસર હતો. માર્યા ઠાર! બીજી વાર એ કાવ્યનાયીકા સામે નજર કરવાનુંય જોખમ ખેડ્યું નહીં. અરે, સોની ફળીયાનો રસ્તોય સદાનો ત્યજી દીધો! ટુંકમાં ત્યારના સુરતી માહોલમાં એકપક્ષી પ્રેમ જ સબસલામત! બધાં જ વીદ્યાર્થીઓ વીદ્યા જેટલા જ પ્રીયતમાનાય ‘અર્થી’ જરુર, પણ તે સર્વની ‘અરથી’ એકપક્ષી જ. હા, એક બે સુખીયા અપવાદ ખરા, જેમાં મીત્ર અનીરુદ્ધ સ્માર્ત તો સાચો, પુર્ણ વફાદાર, પછી તેણે તો એ હરવીદ્યાબહેન સાથે જ લગ્ન કર્યાં. પરમસુખી દામ્પત્ય! બીજા એક પ્રખર ‘જ્યોતીષાચાર્ય’ પણ એવા ધન્ય ખરા! માફક કરજો, વાત આડે પાટે ચઢી ગઈ, જો કે પ્રેમની વાત જ આમ તો સીધે પાટે ચાલી છે જ ક્યારે? વધુમાં લલચાવનારી : પાંચ વાક્યો ડરતાં ડરતાં ઉદ્ગારવાં હોય, ત્યાં પચીસ જ નીકળી પડે! અને એટલે જ, પ્રેમીકાના મુખારવીન્દનાં એક વાર દર્શન પામવા માટેય ગોપીપુરાના અગીયાર આંટાફેરા અમારે માટે આસાન! (હા, ત્યારે ગોપીપુરામાં પ્રેમીકાઓનું પ્રમાણ વધારે!)

તો હવે મુળ વાત પર આવીએ : 1960ના જુનમાં શરુ થતા એમ.એ. (ગુજરાતીના) વર્ગોમાં પહેલે જ દીવસે એક અસામાન્ય માનવપ્રાણીએ દેખા દીધી. હા, તે પાટલી પર સ્થીત હતું, એટલે વીદ્યાર્થી તો હશે જ એવું તારણ સાચું જ ઠરે અને ઠર્યું જ. મતલબ કે એક સહાધ્યાયીએ સંકોચાતાં સંકોચાતા પુછ્યું: 'તમે 'જીવનભારતી'માં નોકરી કરો છો?' ત્યારે સુરતમાં જીવનભારતી સ્કુલની શાખ એટલી ઉંચી કે આવો અપ–ટુ–ડેટ શીક્ષક એ સ્કુલમાં જ સંભવે. કારણ કે હું સુટબુટ ને ટાઈમાં સજ્જ હતો, વધુમાં ચહેરામહોરાથી આધેડતાની સરહદને અડું, એટલે વીદ્યાર્થી જેવો લાગું પણ નહીં! જો કે પછી તો શ્રી. ઉત્તમભાઈ ગજ્જર (વર્તમાન અગ્રગણ્ય આન્તરરાષ્ટ્રીય સમ્પર્ક – સ્વયંસેવક) જેવા એક–બે પરીચીતોય નીકળી આવ્યા, જેઓએ મારો મહીમા પ્રસ્તુત કર્યો : 'પ્રા. ડૉ. જયન્ત પાઠકના નાનાભાઈ અને પેલા પાઠયપુસ્તકના અનુવાદક એવા આ રમણ પાઠક! હું એમ. એ. ભણું, એ જ વર્ષમાં મારું અનુવાદીત પુસ્તક 'ચેખોવની શ્રેષ્ઠ વાર્તાઓ' પણ મારે જ ભણવાનું ! નવા નવા અધ્યાપકો તો મારાથી સંકોચાય, કેટલાક તો વયમાંય મારાથી નાના. દા.ત. મારા હાઈ સ્કુલી મીત્ર પ્રા. રજનીકાન્ત અસ્તી જેવા! ડભોઈમાં અમે સાથે ભણેલા. હું વચમાં વચમાં શંકા–વીરોધનો તાત્ત્વીક પ્રશ્ન ઉઠાવું ને પ્રાધ્યાપકો ગુંચવાઈ જાય. ઉશનસે તો મને કહી પણ દીધું કે, 'રમણ, તારે પ્રશ્ન પુછવો જ હોય તો ક્લાસની બહાર મળી પુછજે!' જો કે પન્દર વર્ષ પુર્વે મને પુર્વસ્નાતક પક્ષે ભણાવનાર વીદ્વાન, સુપ્રતીષ્ઠીત વીવેચક એવા પ્રા. શ્રી. વીષ્ણુપ્રસાદ ત્રીવેદી પણ હજી અમને ભણાવવા આવતા. અને ત્યારે તો તેઓની પેલી પુરાણી પરમ્પરા વધુ બલવતી બની રહેલી : પીરીયડ લેવા કરતાં, તેઓ વધુ તો માંડી જ વાળે! તેઓ તો કૉલેજની ઉંચી કીમતી પ્રતીષ્ઠા, નોકરીના આવાતેવા નીયમોથી હવે તેઓ પુરેપુરા પર... ત્યારે એમ. એ.ના પહેલા વર્ષની કોઈ પરીક્ષા જ નહીં, બે વર્ષની સામટી પરીક્ષા જ લેવાય. એટલે હીરાબહેનની ગર્ભીત સુચનાને અવગણીને મેં તો પહેલું વર્ષ જલસામાં વીતાવવા માંડ્યું : અને 'જલસાઘર' મળીય ગયેલું! હા, કલાસ ભરું, પણ વાંચવા–ભણવાનું રામરામ! સુરતની રાષ્ટ્રીય કલાકેન્દ્ર સંસ્થાએ સુરતમાં પ્રવેશતાં જ અમારી ધરપકડ કરી લીધેલી. પછી તો એમાં જ જામી પડ્યાં. રાષ્ટ્રીય કલાકેન્દ્ર આજેય (2014)

સુરતમાં એક અગ્રગણ્ય કલાસંસ્થા તરીકે બરાબર સક્રીય છે. ખુબ મજા આવતી. અને નાટ્યસંસ્થા એટલે મારી સ્વભાવગત રસીકતાનેય પુરો અવકાશ! અને સર્વત્ર માફકસર બદનામ થવાની તો મને આદત જ પડી ગયેલી. ખાસ્સું, લગભગ આખું વર્ષ જ હું તો જાણે બસ રંગલીલામાં ભુલી જ ગયો કે, હું સુરતમાં વધુ ભણવા, સેકંડ ક્લાસ સાથે એમ. એ. પાસ કરીને પ્રૉફેસર બનવાની ગંભીર જવાબદારી માથે લઈને આવ્યો છું! બાળપણથી જ સ્વભાવ એવો કે આગે આગે ગોરખ જાગે! અને બહુધા ગોરખ જાગતા જ રહ્યા. બાકી એમ. એ.માં નાપાસ થયો હોત તો હતાશ હીરાબહેનનો એવો નીસાસો અસહ્ય સહેવો પડત કે, 'મેં કુપાત્રે કૃપા કરી!' હું તો નફ્ફટ, પણ પુજ્ય હારીબહેનના હાર્ટનું શું?

અરે, પેલી મુળ વાત તો વીસરાઈ જ જાય છે કે, એમ. એ.ના ક્લાસમાં પ્રારંભમાં હું કુતુહલનો વીષય કેમ બન્યો? આઝાદીનાં તેર વર્ષની ફલશ્રુતીરુપે દેશમાંથી અને ખાસ કરીને ગુજરાતભરમાંથી ટાઈ (નેકટાઈ) દેશનીકાલ થઈ ગયેલી. અમારા પુર્વસ્નાતક યુગમાં બધા જ પ્રૉફેસરો ટાઈબદ્ધ કૉલેજમાં આવતા, ત્યારે હવે એવો કંઠબન્ધો એક પણ દેખાતો નહીં! ગુજરાતમાં ત્યારે ફકત એમ. આર. (મેડીકલ રીપ્રેઝન્ટેટીવ – દવા કમ્પનીઓના પ્રચારકો) જ ટાઈ લટકાવીને ઘુમે, જેઓ આજેય એ ગળે લગાવીને ફરે છે. એટલે જ પેલા મશ્કરા સહાધ્યાયીએ પ્રથમ દીવસે મારી મજાક કરેલી કે, 'સાહેબ, આ કૉલેજ છે, હૉસ્પીટલ નથી!' કારણ કે ત્યારે સુરતમાં ધીમે ધીમે એમ બોલાતું થઈ રહેલું કે, 'રમણભાઈ તો ટોયલેટમાંય ટાઈ પહેરીને જાય!'

નાટકોના રીહર્સલ માટે રોજ મધરાતે આશરે એક કી. મી.ની ટાંટીયાતોડ! ત્યારે મોટર–બાઈક કેવી! કોઈની પાસે સાયકલેય જોવા ન મળે. મારીય એવી ગુંજાયશ કયાં હતી? સોનીફળીયામાં આવેલી પોપાવાલાસાહેબની હવેલીથી તે નાનપરા ચોકી મહોલ્લામાં 'શાન્તીનીવાસ' સુધી રોજ રાત્રે લેફ્ટરાઈટ કરીએ : સાથે બાપડી દસેક વર્ષની શર્વરીય ફરીયાદ કરતી પણ ચાલે અચુક. પણ અન્તે નાટક જામ્યું, તે 'બ્રહ્મા, વીષ્ણુ, મહેશ' : માત્ર સુરતમાં જ નહીં, ગામડેગામડેય એના ખેલ

પડવા લાગ્યા. વધુમાં ત્યારે વળી ચીને ભારત પર હુમલો કરેલો, એટલે લોકો આર્થીક ભંડોળ એકઠાં કરવાય નાટકને નીમન્ત્રે...

છેલ્લે ગડતની રમણીય આંબાવાડીમાં ‘મધુરાત્રી’ ગુજારીને બીજે દી મુમ્બઈ પહોંચીય ગયો. પણ હું તો અણધાર્યો અને અકસ્માત જ ગંભીર માંદો પડી ગયો : અકળ માનસીક બીમારીનો ભયંકર હુમલો! હું અપંગ અને લાચાર બની ગયો : ઘર બહાર નીકળાય નહીં, જીવલેણ ગભરામણ થાય, ધોધમાર પસીનો દેહ આખો ભીંજાવી દે... ધબકારા વધી જાય. નાટકચેટકની બધી જ રોમેન્ટીક લીલામાંથી સદન્તર સન્યાસ : ઘરમાં જ નજરકેદ! ત્યારે માનસીક રોગના ડૉકટરો કેવા ને દવાય ક્યાંથી? એકલાએકલા મનોમન મુંઝાવાનું ને રીબાવાનું. વધુમાં માનસીક રોગ એક કલંક લેખાય, આજેય કોઈ ખુલ્લા દીલે જાહેરમાં તો ન જ કબુલે! એક જાણકાર જેવા મીત્ર નીકળ્યા ખરા, તેઓ જાણીતા વાર્તાકાર (ત્યારે જાણીતા, બાકી આજે તો વીસ્મૃત એ ગુજરાતી સાહીત્ય જગતની ખુબી!) શ્રી. હીરાલાલ ફોફળીયા. એમણે દવા સુચવી : ‘લીબ્રીયમ –10’, પણ ડોઝ બાબતમાં તેઓનું ભારે અવીચારી ખતરનાક પ્રીસ્ક્રીપ્શન : રોજની આઠેક ટીકડી! હું તો બસ ઘનઘોર ઉંઘ્યા કરું. કુંભકર્ણનો પુનર્જન્મ! જીવી ગયો એ જ આઠમું આશ્ચર્ય! આવી બદહાલતમાં વળી સીનીયર એમ. એ.માં ભણવાનું. ત્યારે પરીક્ષાય અમદાવાદ કેન્દ્રમાં આપવાની, વાંચવાનું ને તૈયારી કરવાની, પરીક્ષા સેકંડ ક્લાસ સાથે જ પાસ કરવાની જ. અને છેલ્લે પ્રૉફેસર થવાનું! ચોમેર અસહ્ય ચીન્તાનો માહોલ વ્યાપી ગયો. એવી ભયાનક, મજબુર હાલતમાંય મેં જરુરી હીમ્મત પકડી તો રાખી : મોત સાથે જ જાણે મેદાને જંગમાં ઉતરેલો... ભાંગ્યું ભાંગ્યું તોય ભરુચ!

હું બીલકુલ ખોરાક ન લઉં, તો જરાક સારું લાગે, જમ્યા બાદ હાલત એકદમ કથળી જાય : ધ્રુજારી વછુટે ને છાતી જોખમી પ્રમાણમાં ધબકવા લાગે, પસીનો છુટી જાય. બધા જ કાર્યક્રમો માંડી વાળીને સીધા પથારીમાં લાચાર ઝમ્પલાવી દેવાનું. કોઈ જવાબદાર વડીલ પણ નહીં કે હીમ્મત આપે કે કંઈક માર્ગ ચીંધે. સરોજ તો બાપડી કશું સમજે જ નહીં. એનું નાનકડું ને વળી કમજોર મગજ પલાયનવાદમાં

જ રાચે. એટલે હું સાવ એકલવાયો બધા જ કાર્યક્રમો અધ્ધરતાલ : લોકો આક્ષેપ કરે કે, ‘આવી બદહાલત તો પ્રેમભગ્ન અવસ્થા હોઈ શકે. જરુર આ અવગતીયા જીવને કોઈક ‘સદ્ગતી’ ભેટી ગઈ છે! જો કે હું તો બરાબર જાણું, નક્કર સત્ય જ હતું કે હું પ્રેમભગ્ન નહીં, પુરો પ્રેમમગ્ન હતો! પણ એથી કોઈ રાહત નહીં. બલકે છુપાવવાનું...’

આવી ભયંકર કસોટીમાં મેં તૈયારીય કરી ને અમદાવાદ પરીક્ષા આપવા પહોંચીય ગયો. ગુજરાત કૉલેજની હોસ્ટેલમાં ઉતારો, સવારે જમવાનું રદ્દ, ‘યા હકીમો જાવ, દુનીયામાં દવા મારી નથી!’ એવી જ હાલત! છતાં સુઝી તે દવા ઝાપટ્યે રાખું, સાવ નીરાધાર જેવી હાલત : કહેવાય નહીં ને સહેવાય પણ નહીં! આસપાસનાં સામાન્ય જનો તો જાણે – સમજે જ નહીં કે માનસીક રોગ એટલે શું? ફોબીયા એ વળી કઈ બલા? દા.ત. ‘કોરામીન’ નામની એક દવા આવતી, આમ તો હૃદયરોગ ઉપર અપાય. પણ એના પર લખેલું કે, ‘stimylates vital nerves’

– અને આપણે રામ એટલું તો બરાબર જાણીએ કે ફોબીયા પણ આમ તો મગજની, એટલે કે જ્ઞાનતન્તુઓની, અર્થાત્ નર્વસ સીસ્ટમની જ બીમારી કહેવાય. એટલે બેફામ કોરામીનની ટીકડીઓ ગળવા માંડી. ‘લીટલ નૉલેજ’ મારે માટે ‘ડેન્જરસ’ કહેવાય, એય બરાબર સમજું. પણ ગમે તે ભોગે, ડુબતો માણસ તણખલું ઝાલે – એવી માનસીકતાથી ગમે ત્યાંથી રાહત શોધું, બસ ટકી જવું ને તાત્કાલીક આવી પડેલું કામ પતાવવું – એવી જ માનસીકતાથી સુઝે યા સાંભળવા મળે, એવા બધા જ ઈલાજો અજમાવ્યા કરવાના. આશ્ચર્યની વાત એ જ કે, ખાસ કશી આડઅસર ન થઈ, અને કશું ઈદમ્ તૃતીયમ્ ન થઈ ગયું. બાકી એક સાંજે અંકલેશ્વર સ્ટેશને ટ્રેનની રાહ જોતાં એટલી તો ગભરામણ થઈ કે કોરામીનની સામટી ત્રણ ત્રણ ટેબલેટ ગળી ગયો! પરીક્ષામાંય એકન્દરે સારું કરી શક્યો... પરીક્ષા દરમીયાન પણ સામે પાટલી પર જ દવા મુકીને હું પરીક્ષા આપું. માનસીક રોગમાં તો કહેવાતો ઉટપટાંગ ઉપચાર પણ થોડી માનસીક રાહત જરુર આપે. પ્લેસીબો ઈફેક્ટ! એમ પરીક્ષાય સરસ ગઈ, રંગેચંગે પતી. દુકાળમાં વળી તેરમો મહીનો : પરીક્ષા પુરા

અગીયાર દીવસ ચાલી. પણ હું સર્વકાળે સફળ ! હાઈએસ્ટ માર્કસ અને ગોલ્ડ મેડાલીસ્ટ!

*

19

*સર્ગ – 3*

## આખરે પ્રૉફેસર થયો જ

પ્રૉફેસર થવાનું મત્સ્યવેધી લક્ષ્ય હવે તો હાથવેંતમાં જ : ત્યારે ગુજરાતમાં દર વર્ષે નવી નવી કૉલેજો નીકળે, જેથી અધ્યાપકોની તંગી, બજાર ગરમાગરમ! મને તો પરીક્ષા પહેલાં જ નોકરીય મળી ગયેલી. એય એક ચમત્કાર : રાજપીપળામાં નવી કૉલેજ ખુલે અને ત્યારે અમારા રાષ્ટ્રીય કલા કેન્દ્રીય મીત્રો જાદવભાઈ ટાંક, ચન્દ્રકાન્ત પુરોહીત વગેરેએ નર્મદા ડેમનો કશોક કોન્ટ્રાક્ટ રાખેલો કે એવું કંઈક પણ. એથી એ લોકોની રાજપીપળાની અવરજવર ખરી, તેઓએ રાજપીપળાના બેતાજ બાદશાહ, કૉલેજનાય સર્વેસર્વા એવા રતનસીંહ મહીડાને વાત કરી. મહીડાસાહેબ તો મોટા માણસ, ચોખ્ખી જ વાત કરી દીધી : 'અમારે તો યુનીવર્સીટીમાં સ્ટાફનું લીસ્ટ રજુ કરવું પડે. એમાં આવો ઉમેદવાર–થર્ડ ક્લાસ બી. એ. ચાલે જ કેવી રીતે? તો માફ કરશો!' આપણા રામ તો જો કે નોકરીની ઝાઝી ચીન્તા કર્યા વગર પરીક્ષાનું વાંચ્યા કરે... ત્યાં ચમત્કાર નમ્બર–1 : રાજપીપળાથી ઈન્ટરવ્યુનો ઑર્ડર આવ્યો! મેં વીચાર્યું, આ તો મહીડાસાહેબે શરમાશરમી ઈન્ટરવ્યુ કાઢ્યો હશે, બાકી એમણે પોતે જ ચોખ્ખી ના તો પાડી જ દીધી છે, પછી શું? માટે ઈન્ટરવ્યુમાં જઈને વાંચવાનો એક દીવસ શા માટે નીરર્થક બગાડવો? હું તો એનો વીચાર પણ મનમાંથી સદન્તર કાઢી નાખીને વાંચવામાં તલ્લીન, ત્યાં વળી ચમત્કાર નંબર–2 : રાત્રે દસ વાગ્યે ભગવાન સદેહે પ્રગટ થયા : મારા રાજપીપળાવાસી મીત્ર ભાઈલાલભાઈ જાણે

અન્તરીક્ષમાંથી જ પ્રગટ્યા : મને કહે, ‘ગાડી લઈને જ આવ્યો છું. તારે કાલે રાજપીપળા આવવાનું છે... બધું નક્કી જ છે...’

આમેય મારો જીવ ફરેડુ (પ્રવાસપ્રેમી) એટલે વીચાર્યું કે, ચાલો ત્યારે, રાજપીપળાના રમણીય વનપ્રદેશમાં એક દીવસ ફરી આવીને, જરા ફ્રેશ થઈ જાઉં! ગાડી છે, પછી શું? બાકી નોકરી મળે, એવી તો કોઈ આશા નહીં જ. ઈન્ટરવ્યુ માટે પ્રવેશ્યો, ત્યારે નવનીયુક્ત આચાર્યશ્રી હીસ્ટરી કે ઈકોનોમીક્સના, એટલે ગુજરાતી સાહીત્ય વીશે ખાસ કશું જાણે નહીં : એમણે બેચાર એવા વાહીયાત પ્રશ્નો પુછ્યા કે મારાથી સ્વભાવ પ્રમાણે બોલાઈ ગયું : ‘સાહેબ, આપશ્રી ગુજરાતી સાહીત્યનો કક્કોય જાણતા નથી ને આવા અફલાતુન પ્રશ્નો પુછો, એનો કોઈ અર્થ ખરો?’ બસ, ત્યાં ઈન્ટરવ્યુ પુરો, હુંય ધુંવાપુંવા બહાર નીકળી નાઠો... પણ મહીડાસાહેબે આચાર્યશ્રીને ખખડાવ્યા ને તત્કાલ તેઓ મારી પાછળ પાછળ બહાર આવ્યા : ચમત્કાર નંબર–3 : વગર અપવાસ કે સત્યાગ્રહેય આ આમુલ હૃદય–પરીવર્તન! મહીડાસાહેબે આચાર્યશ્રીને કહ્યું કે, ‘તમે ખોટો આ માણસને નારાજ કર્યો! આપણે તો તેને લેવાનો છે.’ બાપડા આચાર્યજી તો આશ્ચર્ય ઝરતી આંખે જોઈ જ રહ્યા. એટલે મહીડાસાહેબે સ્પષ્ટતા કરી : ‘આ રમણ પાઠક નાટકનો માણસ છે, અને કૉલેજમાં સાંસ્કૃતીક પ્રવૃત્તીઓ માટે એક નાટકનો માણસ પણ જોઈશે ને! મહીડાસાહેબે મારી પાછળ માણસ દોડાવ્યો, જે રેલવે સ્ટેશન અને બસ સ્ટેશન ઢુંઢી વળ્યો. પણ આ બન્દા તો ભાઈલાલભાઈ યોજીત ‘ભોજનસમારંભ’માં ટેસથી શ્રીખંડ ઝાપટતા હતા.

બીજે જ દીવસે સુરતને સરનામે ઑર્ડર આવી ગયો : ‘સેકંડ ક્લાસ આવશે તો લેક્ચરર, થર્ડ ક્લાસ આવશે તો ટ્યુટર... પણ પછી ગુજરાત યુનીવર્સીટીની તપાસ સમીતી (એલ. આઈ. સી.) આવી, એમાં આવેલા શ્રી. યશવંત શુક્લે તો યાદી જોઈને કહ્યું, ‘અરે, આ રમણ પાઠક તો ફર્સ્ટ ક્લાસ લાવશે! હું જ એમનાં પેપર તપાસીને આવ્યો છું.’ તેઓ મને ઓળખે અને મારો ખરેખર તો ફર્સ્ટ ક્લાસ નહીં; પણ હાયર સેકંડ ક્લાસ (હકીકતમાં તો હાઈએસ્ટ, કારણ કે એવો એક સુવર્ણચન્દ્રકેય મને મળેલો) તો આવ્યો જ, જે વળી સંજોગવશાત્ ‘ડીમ્ડ ફર્સ્ટ

ક્લાસમાંય' પ્રમોશન પામેલો! મતલબ કે, વાત એમ બની કે, 1964–65ના અરસામાં ગુજરાત યુનીવર્સીટીએ ફર્સ્ટ ક્લાસ માટેના માર્ક્સની મર્યાદા ઘટાડી : ત્યારે ગુજરાત યુનીવર્સીટીમાં 65 ટકાએ ફર્સ્ટક્લાસ અપાતો, જ્યારે વડોદરા અને વીદ્યાનગર યુનીવર્સીટીઓ 60 ટકાએ આપતી. એટલે ગુજરાત યુનીવર્સીટીએ સર્વત્ર સમાનતા લાવવા પોતાનીય મર્યાદા ઘટાડી 65 થી 60 કરી નાખી. જ્યારે મારા તો એમ. એ.માં કુલ 64 ટકા માર્કસ હતા. વળી, ત્યારે નીયમ એવો કે જે ઉમેદવાર ફર્સ્ટ ક્લાસ હોય, તેને સીધી પ્રૉફેસરશીપ (હેડ ઑફ ધ ડીપાર્ટમેન્ટના સ્થાન સાથે) મળે. વધુમાં એ જ વર્ષે, બારડોલી કૉલેજમાં, જ્યાં હું ત્યારે લેક્ચરર હતો ત્યાં, પ્રૉફેસરની જગ્યા ઉભી થઈ. મેં ન્યાય–યાચક આન્દોલન ઉપાડ્યું : 'અમે 64 ટકાવાળા લેક્ચરર રહીશું ને કોઈ ટોમ, ડીક એન્ડ હેરી 60 ટકાવાળો પ્રૉફેસરપદે નીમણુક પામી, અમારો બોસ થઈને આવશે! આ તે કેવો અન્યાય?' અમારી લડત સફળ થઈ : યુનીવર્સીટીએ અમને 'ડીમ્ડ ફર્સ્ટ ક્લાસ' બનાવીને પ્રૉફેસરશીપ માટે લાયક ઠરાવ્યા અને એમ હું મારી કારકીર્દીનાં ત્રણ જ વર્ષમાં 'પ્રૉફેસર એન્ડ હેડ ઑફ ધ ડીપાર્ટમેન્ટ' બની ગયો, અને પછી નોકરી દરમીયાન એ જ સ્થાને રહ્યો. ત્યારે કૉલેજના ડીપાર્ટમેન્ટમાં ત્રણ ગ્રેડ ચાલે : પ્રૉફેસર, લેક્ચરર અને ટ્યુટર...

હા, પછી (1964) હું બારડોલી કૉલેજમાં જોડાઈ ગયેલો. નોકરીઓ ને એ નીમીત્તે સ્થળો બદલી કાઢવાનો મને તો ભારે શોખ– હૉબી જ કહો ને !

*

## *સર્ગ – 4*

# સરોજ પણ પ્રૉફેસર

એક જ વર્ષમાં, 1963ના એપ્રીલ–મેમાં તો અમે વળી પાછા રાજપીપળાથી ઉચાળા ભર્યા. છેવાડું નગર, સુરતથી ખુબ દુર પડે, પછાત વીસ્તાર, લોકો લડાયક ને વળી અધ્યાપકોય એવા વીચીત્ર ભેગા થઈ ગયેલા કે, જીવ લાગે જ નહીં. રાજપીપળા છોડી દેવાની વાતો તો શરુથી જ હું કરતો થઈ ગયેલો. ત્યાં સરોજ શીક્ષીકા બની ગઈ. એટલે મીત્રો કહે, 'તમે તો રાજપીપળા છોડવાની વાત કરો છો ને બીજી બાજુ આમ માયા વધારતા જ જાઓ છો!' એમને બીચારીને ક્યાંથી ખબર કે, અમને માયા વધારતાં વાર નહીં, તો ત્યાગતાંય વાર નહીં? અમે તો માર્ચમાં જ રાજીનામાં રજુ કરી દીધાં. અને બરાબર દાહોદ જેવું જ બન્યું : સાથીઓ તો યથાવત જુનમાં ભાગી જવાની જ સલાહ આપતા હતા; પણ હું જરા જુદી માટીનો અને વળી મહીડાસાહેબનો માનીતોય માણસ, ભાગી છુટું તો કેવું લાગે? રતનસીંહ પુરા સમજદાર માણસ, રાજીનામાં મંજુર! કહે, 'હું જાણતો જ હતો કે તમને લોકોને અહીં નહીં ફાવે.' હું નવી જ નીકળેલી બારડોલી કૉલેજમાં જોડાઈ ગયો. ત્યાં એકલા રહેવાનું પણ રાખ્યું. સરોજ પુનઃ બેકાર બની રહી, એમ. એ.નું વાંચવા લાગી. અમે સુરતનું અમારું ભુતીયાવાસવાળું ઘર છોડેલું નહીં. સરોજ એકલી એમાં રહીને ક્લાસ ભરે ને વાંચે... હું માનસીક રોગથી મરણતોલ, પણ નોકરી ખેંચું! બારડોલીમાં હુંય એકલો જ.

વાસ્તવમાં ખરી પરીક્ષા તો પુનઃ મારી જ આરંભાઈ : રામબાણ વાગ્યાં હોય એ જ જાણે – એ ન્યાયે સરોજ પાસે પરીક્ષા તો જેણે અપાવી હોય એ જ જાણે! એનું વર્ણન શબ્દાતીત! સગર્ભાવસ્થાના નવ મહીના કરતાંય આ કસોટી કપરી. પેલામાં તો કેવળ નીષ્ક્રીય, રામ આશરે રાહ જોવાની, જ્યારે પરીક્ષામાં તો હીમ્મત ટકાવી રાખતાં, સાથે સાથે જ વળી સક્રીય તૈયારી પણ કરવાની, કરાવવાની, તેય ખુદ

બેસી પડનાર વ્યક્તી પાસે જ. સરોજનું માનસ બાલ્યવયથી જ અવીજ્ઞાનપ્રેમી, એટલે ભાષાવીજ્ઞાન જેવું પ્રશ્નપત્ર એને ગંભીર ગભરાવે. બાણભટ્ટ તો બધાં માટે અઘરો જ. અડધો બોજ હું ઉપાડું, અડધો ફેંકી દેવાનો એમ, જેમતેમ ગાડું હંકાર્યું.

અને પુનઃ વળી હું ફુલ્લી પાસ! સરોજે એમ. એ.ની પરીક્ષાય એ જ તરાહે પણ આપી ખરી. એક ઓર સાનુકુળ અકસ્માત તો એ કે, ત્યારે સુરતમાં જ ગુજરાત યુનીવર્સીટીએ એમ. એ. પરીક્ષાનું કેન્દ્ર ખોલ્યું. અર્ધી આફત આમ હળવી થઈ ગઈ. (1964)

બારડોલી પ્રદેશ કેળવણી મંડળમાં મેં સારી પ્રતીષ્ઠા જમાવેલી. નોકરી તો મરીમરીને જ કરતો–માંદગીને કારણે; પરન્તુ શીક્ષક ઘણો સારો ને વળી કલમબાજ, માજી પત્રકાર! એટલે સુરતનાં વર્તમાનપત્રો સાથે સમ્પર્ક. કૉલેજની પબ્લીસીટી બરાબર સંભાળી લીધી. ઉદ્‌ઘાટન સમારોહના સમાચાર ઝમકદાર ચમકાવ્યા. પહેલે જ વર્ષે, સરસ મેગેઝીન પ્રસીદ્ધ કર્યું. પ્રીન્સીપાલમાં લબ્ધ પ્રતીષ્ઠત પ્રા. કે. એલ. દેસાઈ, સુરતમાં અમારા ભુતપુર્વ અંગ્રેજીના પ્રાધ્યાપક. જો કે મારા વીચારવ્યવહારના આમ તો ઘણા વીરોધી; પરન્તુ ભુતકાળને નાતે એકન્દરે થોડી સહાનુભુતી ખરી. ને વળી હું માણસ કામનો સીદ્ધ થયો. ઠેકઠેકાણે વીવીધ વીષયોનાં ભાષણો કરું. એમ બારડોલી પ્રદેશ પ્રભાવીત. 1964માં કૉલેજના ત્રીજા વર્ષે વર્ગો ખોલવાના, એક નવો લેક્ચરર લેવાનો. એ સ્થાને હું સરોજની પણ શરતી નીમણુક મેળવી શક્યો... પણ સરોજ તો રડમસ મુખે એજ રટ્યા કરે કે,

‘જો જે ને હું તો નાપાસ જ થવાની અને તો મરી જ જઈશ.’

હવે એને કેમ સમજાવવી? એટલે કહ્યા કરું, ‘ભલે ત્યારે, મરી જજે!’ જો કે એ પછી ઘણાં આશ્વાસક વાક્યોય અચુક ઉમેરવાનાં. અને એમ, રીઝલ્ટનો દીવસ પણ આખર આવ્યો જ. સરોજ તો ચારપાંચ લીબ્રીયમ–ટેનની ગોળીઓ ખાઈને સવારથી જ ઉંઘી ગઈ. અમે જીવનભરની કસોટીઓનો સામનો આમ ટ્રાન્કવી–

લાઈઝરોથી, ઉંઘની ગોળીઓથી જ કરતાં રહ્યાં ! એ જ અમારી સંજીવની. આખરી વર્ષોમાં મેં દવાઓ લગભગ છોડી દીધી. ત્યારે સરોજબહેન જાતજાતની દવાઓ ઉપર જ પછી તો જીવતાં રહ્યાં... જયન્તભાઈ ને ભાઈ ચન્દ્રકાન્ત પુરોહીત પરીણામ લેવા 'ગુજરાતમીત્ર' પ્રેસમાં ગયાં...

'સેકંડ ક્લાસ!' સરોજને ઢંઢોળીને મોટેથી કહ્યું. અને એણે અર્ધબેહોશીમાં જ આનન્દ, આશ્ચર્ય, શંકા ને ભયમીશ્રીત જે ચીસ પાડી, પળભર તો અમે સૌ ગભરાઈ ગયા કે, 'ખોટું કર્યું, ખેલ ખતમ!' પણ સરોજ તો ધીમે ધીમે ભાનમાં આવી... આનન્દનો તીવ્ર આઘાત ખમી ગઈ. એની જીવાદોરી ખરે જ ઘણી મજબુત. આવી તો કંઈક મરણતોલ બેહોશીઓમાંથી એ અસંખ્યવાર જાગી, ઉઠી ને બરાબર દોડી.... હા, એક આખરી અપવાદ!

અને સરોજ પાઠક બારડોલી કૉલેજમાં લેક્ચરર બની ગયાં :

હાંફતા હૈયે ને કાંપતાં તનમન સાથે, ભયભીત ચહેરે ને લથડતાં ડગે, એકાદ પુસ્તક લઈ, સરોજ તો નીકળી. હુંય સાથે થયો, ક્લાસરુમના દરવાજા સુધી ગયો, બહાર ઉભો રહ્યો. નાટક માટે સમ્પુર્ણ સજ્જ અભીનેત્રીની અદાથી સરોજ સ્ટેજ પર ચઢી, મેં એ જોયું. ગજબની હીમ્મત આવી ગઈ લાગી, એનામાં. ત્યાં તો સંવાદ શરુ, જે પછી તો બરાબર પુરાં પચ્ચીસ વર્ષ અસ્ખલીત ચાલ્યો–સુસંવાદ બની રહ્યો.

*

21

## સર્ગ –5

# ગબડવાની મજા!

અંગ્રેજીમાં કહેવત છે કે, Rolling stone gathers no moss! મતલબ કે ગબડ્યા કરતો પથ્થર કદીય લીલ જમા ન કરી શકે! આમ તો બહુ સ્થળપરીવર્તનો નહીં કરવાની આ વ્યવહારુ સલાહ છે : એક જ સ્થળે વસી રહી, સમૃદ્ધી જમાવવાની, વારંવાર સ્થળ બદલતો જણ કશુંય ન કમાઈ શકે! પણ આવી કહેવતના રચયીતાને એ ખબર નહીં કે, ગબડવા ખાતર ગબડવાની પણ એક મજા છે! એક જ સ્થળે જીવનભર એક જ નોકરીને વળગી રહેવું – એ એક પત્નીવ્રત જેવું છે : કંટાળી જવાય ને જીન્દગી એકધારી રસહીન બની રહે. પરન્તુ ખેર! આપણા સમાજમાં પત્ની તો બદલી શકાતી નથી; જ્યારે નોકરી કે નોકરીનાં સ્થળો બદલવાની છુટ, તમારામાં 'છુટાછેડા'ની હીમ્મત જોઈએ! બાકી અન્યોની મહત્ત્વાકાંક્ષા (કે મજબુરી) એવી જ હોય કે એક જ સ્થળે પતી–પત્ની બન્નેની નોકરી હોય, સારી કમાણી જમા થાય. પછી એ જ નગરીમાં પોતાની માલીકીનું સારું મકાન બંધાવવાનું વગેરે–વગેરે, છોકરાં પરણાવવાનાં! પણ એમાં મજા કયાં?

મને એવી સ્થગીતતા ન ગમે : જીન્દગીનું બન્ધીયાર ખાબોચીયું રસહીન ગન્ધાઈ ઉઠે. ચરૈવેતી! ચરૈવેતી! ચરન વૈ મધુ વીન્દતી. ફરતા રહો! ફરતા રહો! જે ફરતો રહે છે, તે જ મધ મેળવે છે! મેં આ સીદ્ધાન્ત જન્મજાત સદ્‌ગુણ (?) તરીકે પ્રાપ્ત–આત્મસાત્ કરેલો : એકનું એક સ્થળ ગમે જ નહીં. પ્રેમીજનોને આંસુ સારતાં વીદાય આપીને, સ્થળ છોડી જવાનો જે 'આધ્યાત્મીક' અનુભવ છે, એય એક આનન્દ છે. વળી કોઈ એક જ સ્થળે પડ્યા રહો, એટલે જાત જાતના ચાંચડ ચટકા મારતાય થાય! એ જ રીતે બારડોલીમાં એક બાજુમાં જાહેરમાં હું માનનીય વ્યક્તી તરીકે લોકપ્રીય બની રહ્યો : લેખક, વીચારક, ઉત્તમ વક્તા, મળતાવડો, પરોપકારી મનુષ્ય, વધારામાં લાયન્સ કલબનો અગ્રણી ચાર્ટર સભ્ય : સંસ્થાનું મુખપત્ર પણ મેં

જ કાઢ્યું ને ચલાવ્યું, તે ‘સીંહનાદ’. અમારા પ્રમુખ શ્રી. લાયન ડૉ. જગુભાઈ પટેલ ઉત્સાહી અને દૃષ્ટીવન્ત ને અગ્રણી સક્રીય સભ્ય જે. સી. દેસાઈ અમે મળી જાતજાતના કાર્યક્રમો ગોઠવીએ અને બસ ફરતા રહીએ! લોકો કટાક્ષ પણ કરે : ‘લાયન્સ એટલે હું, બાવો ને મંગળદાસ’ ડૉ. જગુભાઈ ઉદાર તથા નીષ્ઠાવન્ત કાર્યકર, બસ અમને લઈને નીકળી પડે! એમણે જ મને અડધા ઉપરાન્ત ગુજરાતનાં દર્શન કરાવ્યાં અને ગુજરાત બહાર તે વળી છોગામાં! ખુબ મજા કરી : રખડવું, ખાવું–પીવું ને મજાકમસ્તી, બસ જલસા જ જલસા! પણ એવી લોકપ્રીયતાને પરીણામે જ કદાચ કૉલેજમાં, ખાસ તો સંચાલક મંડળમાં હું સંસ્થા–અપ્રીય બની ગયો : ‘લાઈન બહારનો માણસ!’ મને આજ્ઞાંકીત બની રહીને, મસ્કા મારી ટકી રહેવાની ટેવ જ નહીં – એમાં તો સ્વમાનહાની જ લાગે. અને હું માનું કે, ખુબ ભણેલો ને વળી શીક્ષક (આચાર્ય–અધ્યાપક) જેવા આદરણીય સ્થાને વીરાજમાન એવો પ્રૉફેસર તે ગરજુ ગુલામ જેવો બનીને મૅનેજમેન્ટના બની બેઠેલા **‘અભણ’** સાહેબોને સલામો માર્યા કરે, એ તો અધઃપાત! વધારામાં પ્રીન્સીપાલ વળી બહુધા મીથ્યાભીમાની, સેડીસ્ટ, પરપીડનવૃત્તીમાં રાચતો હોય : ‘નબળો માટી (પતી) બૈરી પર શુરો!’ એ કહેવત જેવો ઘાટ! હું તો આજન્મ બળવાખોર, આવી તેવી ગુલામી મને ક્યાંય, ક્યારેય માફક ન આવે, ન જ આવી. વળી વધારામાં મારાં વર્તન–વ્યવહાર પણ એવાં ‘મુક્ત’ કે સાહેબોને ખુંચ્યાં તો કરે જ... દાખલા તરીકે...

*

22

*સર્ગ – 6*

## ઐતીહાસીક વીદાય...

મને બારડોલી કૉલેજમાંથી વીદાય આપતાં, આચાર્યશ્રીએ કરેલું વીદાય પ્રવચન અજોડ અને ઐતીહાસીક ગણાય એવું : ક્યારેય કોઈ પણ સ્થળે કોઈપણ

નોકરીયાતને વીદાય આપતાં, બૉસે આવું પ્રવચન નહીં જ કર્યું હોય તે નક્કી : કમસે કમ અમારા તત્કાલીન આચાર્યશ્રીને તો એ રીતે બીરદાવી શકાય! જો કે એ હીમ્મતબાજ કરતાં, થાકેલા–કંટાળેલા મજબુર માનવીને મળેલો પહેલો અને છેલ્લો દીલ ખોલવાનો અવાજ હતો. બાકી મારી નોકરી દરમીયાન, ફરીયાદી ગણગણાટ તો ચાલ્યા કરે; પણ એટલી હીમ્મત કોની હોય કે મને કશું કહી શકે? અરે, ત્યારે તો રોટરી–લાયન્સ જેવી સેવાસંસ્થાઓ વચ્ચેય સ્પર્ધાભાવ ને દ્વેષભાવ, અને મૅનેજમેન્ટમાં રોટેરીયનો, એટલે પ્રૉફેસરો તો 'લાયન્સ' શબ્દ ઉચ્ચારતાંય બકરી બેં જેવું બોલી જાયઃ ના, ભાઈ, ના, હું એવો નહીં!

આવી પરીસ્થીતીમાં મારી વીદાય એ તો આચાર્યશ્રી માટે આનન્દોત્સવ! તેઓએ મને વીદાય આપતાં (જાહેરમાં) કહ્યું કે, 'રમણ પાઠક આ કૉલેજમાંથી જાય છે, એનો મને ખુબ જ આનન્દ છે, મને પરમ શાંતી થઈ... રમણભાઈ તો સાવ છેલ્લે પાટલે બેઠેલા માણસ છે... વગેરે!' પ્રતીભાવમાં મેંય ટોણો માર્યો કે, 'બધા જ ગરીબડા, બાપડા બનીને પહેલે પાટલે બીરાજમાન થવા સલામો મારતા હોય, ત્યારે સ્વેચ્છાએ છેલ્લો પાટલો પસન્દ કરનાર પણ કોઈક તો જોઈને ને ?'

મારા સ્વભાવ મુજબ, અસંભવ જેવી યોજનાઓ ઘડીને, પછી ફક્ત બેકારીની જ સીદ્ધી પ્રાપ્ત કરું! – એટલા ઉત્સાહથી રાજીનામું આપી જ દેવું, અને એમ નવમી માર્ચે તો રાજીનામું ધરી જ દીધું, જે દસમીએ મંજુર થઈને મને મળીય ગયું. જાણે સાહેબો માટે તો 'રાજી–રાજીનામું! તેઓ બાપડા આશાભર્યા રાહ જ જોતા હતા ! બીજી બાજુ, મારી અમેરીકા જવાની યોજના માત્ર તરંગી ફાફાં જ સીદ્ધ થયાં; કારણ કે વીઝા મળે તો ને? એટલે માથે ફક્ત બેકારી જ ઘુરકીયાં કર્યા કરે. પણ હું સ્વભાવે અવીચારી સાહસીક અને વળી સરોજની નોકરી ચાલુ! એટલે મન મનાવ્યું કે, 'કંઈ નહીં, ઘરમાં રોટલાની તો આપદા નથી ને!....'

હું એક છેલ્લા–પેલા 'કરતાં જાળ કરોળીયાની' જેમ – માનો કે 'છઠ્ઠા' પુરુષાર્થ માટે મુમ્બઈ જવા નીકળ્યો ને માર્ગમાં, વલસાડ કવી ઉશનસ્‌ને ત્યાં રોકાયો.

બીજે દીવસે, સવારે સવારે જ 'સંદેશ' અખબાર આવ્યું. તો એમાં સંખેડામાં પ્રૉફેસરની જાહેર ખબર... આપણા રામનું જીવન તો બસ આવા 'અનુકુળ' અકસ્માતોથી જ ટક્યું છે, ચાલ્યું છે, દોડ્યું છે : ઉશનસે મને સલાહ આપી કે, 'રમણ, તું બેકાર જ થઈ ગયો છે, તો અહીં અરજીય કરી તો જો!' કરી નાખી....

પછી તો મે મહીનામાં ક્યારેક ઈન્ટરવ્યુનુંય ઈજન આવ્યું. ઘરમાં કોઈને કહેલું તો નહીં જ, પણ યોગાનુયોગે જ અમે વડોદરા 'ફરવા ગયેલાં.' મેં ચુપચાપ રેલવે ટાઈમ ટેબલ જોઈને, પ્રતાપનગર સ્ટેશનેથી સંખેડાની ટ્રેન પકડી ને 'સંખેડા–બહાદરપુર' નામક સ્ટેશને ઉતરીય પડ્યો. ઈન્ટરવ્યુનો સમય 11–00 નો ને હું પહોંચ્યો 11–30 વાગ્યે, ટ્રેન એઝ યુઝવલ લેટ! બહાર નીકળી પુછ્યું: 'સાહેબો, કૉલેજ કયાં આવી?' તો જવાબ મળે, 'એ તો સંખેડામાં....' વળી મેં પુછ્યું, 'તો આ કયું ગામ છે?' સાહેબ, આ તો બહાદુરપુર !' રેલવેના વીચીત્ર પાટીયાને કારણે હું ઠગાયો. વળી પુછ્યું, 'તો પછી, સંખેડા કેવી રીતે જવાય!' જવાબ : 'સાહેબ, અહીંથી તો એક જ બસ જાય, જે ટ્રેન લેટ થઈ, એટલે ઉપડી ગઈ.... હવે તો ચાલતા જ જવાનું!' સાથે માર્ગદર્શનેય મળ્યું કે, આ બધા જ પેસેન્જરો સંખેડા જાય છે.... તમેય સાથે સાથે ચાલવા માંડો...' હું ચાલવા માંડ્યો, ત્યારે લગભગ બાર વાગવા આવેલા ! મે મહીનાનો માથે ધોમ તપે, ભુખેય લાગેલી. મનમાં થાય : 'પાછો જ વળી જાઉં! ત્યાં સંખેડામાં સાવ અજાણ્યા ગામમાં મને કોણ નોકરી આપવાનું ! ને વળી બાર તો વાગી ચુક્યા છે, હવે શેનો ઈન્ટરવ્યુ ને કેવી નોકરી!'

ત્યાં ઓરસંગ નદીનો વીશાળ રુપાળો રેતાળ પટ પડ્યો. સામે નદીની ધારે સંખેડાનાં મકાનોય નજરે પડે. મને થયું : નદી ખુબ જ રમણીય છે ને ગામયે જોવા લાયક દેખાય છે. તો ચાલને જીવ, આવ્યો છું. તો આ બધું જોઈને જ જાઉં! મુળેય પ્રવાસી જીવડો! સંખેડામાં પહોંચી તો ગયો. નોકરીની તો આશા હવે રહી જ નહોતી, એટલે કૉલેજને બદલે હું તો કોઈ ચાની હાટડી જ શોધવા લાગ્યો : કમસે કમ સંખેડાની ચા તો પી લઉં! ચાનો અઠંગ શોખીન! પણ ગામ સાવ બેકાર : કોઈ સારી દુકાનેય દર્શન–દુર્લભ!... ત્યાં બાજુમાંથી એક કાર પસાર થઈ, જેમાં ત્રણચાર ખાદી–

ટોપીઓ નજરે પડી. ન જાણેયા, કોણ જાણે કેમ મને કુદરતી પ્રેરણા જ થઈ કે, ‘આ લોકો જ કદાચ ઈન્ટરવ્યુ લેનારા હોય અને મોડા પડ્યા હોય મારી જેમ! મોટા માણસો તો મોડા પડે જ! પુનઃ કૉલેજની કોલમ્બસ–શોધ આરંભી : આગેકુચ! એક જ જવાબ મળે, ‘આગળ, આગળ ચાલ્યા કરો!’ મને થાય, આ તો ધરતીનીય બહાર નીકળી જવું પડશે કે શું? પણ છેવટ કૉલેજ પણ આવી જ. સ્ટાફરુમમાં બેઠેલા આશાભર્યા કે આશાવાદી ઉમેદવારોને મેં નીરાશાવાદી સુરે પુછ્યું : ‘ઈન્ટરવ્યુનું શું?’ હા, રુમમાં ચા નાસ્તો ચાલે, એટલે મનમાં તો મને નોકરી મળી ગયાથીય વધુ સંતોષ થઈ ગયેલો ! છતાં જવાબ મળ્યો : ‘આચાર્યપદ માટેના ઈન્ટરવ્યુ હમણાં જ પત્યા. હવે પ્રૉફેસરોના શરુ થશે.’ અરે વાહ! ક્યારેક અચકાતાં–ખંચકાતાં (હાફ–હાર્ટેડ) કરેલો પુરુષાર્થેય ફળે : બધે જ કાંઈ Where there is a will, there is a way એ જ અંગ્રેજી સુવાક્ય સાચું ના ઠરે! કેટલાંક જણાની કુંડળીમાં દશમો ‘અકસ્માત ગ્રહ’ પણ ભાગ્ય સ્થાનમાં ચમકતો હોય....

*

23

## સર્ગ – 7

## સંખેડાની તેજછાયા

અને વળી હું તો પ્રૉફેસર તરીકે લેવાઈ પણ ગયો : એય ચમત્કાર! જો કે એ અકસ્માત નહીં, યોજના હતી – એ વાતની તો મને ત્યાર બાદ પન્દર–વીસ વર્ષે જ સાચી જાણ થઈ : સુરતમાં નોકરી કરતા, મુળ બહાદરપુરના સજ્જન એવા પ્રૉફેસર ગોવીન્દ રુવાલાએ જ સંખેડા કૉલેજના સુત્રધારોને ભલામણ કરેલી કે, ‘આ રમણ પાઠક આવતો હોય, તો એને જવા નહીં દેતા!’ આભાર! (દક્ષીણ ગુજરાતમાં મારી એવી પ્રતીષ્ઠા હતી એટલે) અને એમ હું વળી સંખેડા કૉલેજમાં, અર્થાત્ મારી આધેડ પ્રાધ્યાપકીય કારકીર્દીની નમ્બર ત્રણની કૉલેજમાં પાછો પ્રૉફેસર બની ગયો.

લાયન્સ દ્વારા યોજાયેલા વીદાય સમારંભમાં મેં કહ્યું કે, 'ભીખુભાઈ (અસ્તાનવાળા) સાનફ્રાન્સીસ્કો જાય છે, તો હુંય સાન સાનફ્રાન્સીસ્કો જ જાઉં છું; પરન્તુ વાયા સંખેડા!' જો કે પછી હું ક્યારેય અમેરીકાનો 'ગ્રીનકાર્ડીયો' તો ન જ બની શકયો! (હા ફરવા જવાનું પુરા ચાર વખત થયું ખરું... આજે તો પુત્રીય અમેરીકાની જ નાગરીક છે.)

સંખેડા કોઈ પણ રીતે મને ફાવે એવું ગામ નહોતું. વીસમી સદીના સંસ્પર્શથી સાવ જ મુક્ત : ગામમાં કાર કે મોટર–બાઈક તો શું, એકાદ સાયકલ સુધ્ધાંય નહીં! (1971) વળી, સર્વત્ર પછાતપણાનાં જ 'મંગલા' દર્શન થાય. હા, 'મંગલા' જ માનું, કારણ કે કૉલેજ સવારની હતી. ચાલતા જ નીકળી પડવાનું... હું તો ગમે તેવા સમાજમાંય ભળી જાઉં. એટલે પ્રાધ્યાપકો બધા મીત્રો બની ગયા,. જુના પ્રાધ્યાપકો કહે, 'તમે આવીને તો આબોહવા જ બદલી નાખી! બાકી અહીં તો પ્રૉફેસરસાહેબ લેક્ચરર સાથે બોલતા સુધ્ધાં નહીં'! વાહ! ભારતીય માનસ તો સ્વર્ગમાંય વર્ણવ્યવસ્થા રચતું હશે અને ઉંચનીચના ભેદ પાળતું હશે.

સંખેડા ગામ ભલે અનાકર્ષક, પણ જંગલો ને પહાડો એના પડોશમાં જ, પુર્વ ગુજરાતનો વનવીસ્તાર : એટલે ખુબ મજા કરી. ત્યારે હું લેખક તરીકે 'પ્રતીષ્ઠીત' પણ ખરો, એટલે અમુક 'મહત્ત્વાકાંક્ષી' સાહેબો મારી ઈર્ષ્યાય કરે! દા.ત. એક ગાઢ દોસ્તી દાખવનારા મીત્રનું માનસીક સત્ય અકસ્માત ઉઘાડું પડેલું : મારી ગેરહાજરીમાં, હું રજા ઉપર હોઈશ ત્યારે કોઈ એક પરીચીત ભાઈ મને મળવા આવ્યા ને સંજોગોવસાત્ બીજા જ 'સાહેબ' ભેટી ગયા. આગંતુકને કંઈક નાટક અંગે મારું કામ હતું. એ સાંભળી, પેલા કહેવાતા ગાઢ દોસ્તનું ધુંધવાતું સ્વરુપ ભભુકી ઉઠયું, કહે, 'રમણ પાઠકને તે વળી નાટકનું શું ભાન? ચોરીઓ કરીને 'આરામ'માં (એ નામના વાર્તા માસીકમાં) સમીક્ષા લખી ખાય છે !... એને બદલે તમે મારું નાટક લઈ જાવ...' મુલાકાતી મીત્ર તો આભા જ બની ગયા : કેવો અર્થહીન પ્રલાપ! 'આરામ'માં તો હું 'ગયા માસની વાર્તાઓ'ની નીયમીત સમીક્ષા લખતો. એમાં વળી 'ચોરી'નો સંભવ જ કયાં? પેલા આગંતુક મીત્રે પછી મારી સાથેના તેઓના પરીચય

કે સમ્બન્ધની વાત જ ન ઉચ્ચારી. અને ઘરે પાછા ફર્યા બાદ મને પત્ર લખ્યો : ‘સાહેબ, ચેતતા રહેજો! તમારી ગેરહાજરીમાં અમુક સાહેબ તમારી વીરુદ્ધ બેફામ બોલતા હતા ને જબરી ઠાંસ મારતા હતા...’

અમે કૉલેજથી પાછા ફરતાં રોજ પોસ્ટ ઑફીસે ટપાલ લેવા જોઈએ. મેં પેલા સાથી મીત્રને કહ્યું કે, ‘મારી ગેરહાજરીમાં કોઈ મુલાકાતી તમને મળેલા... તમને યાદ કરે છે...’ પછી કાગળ વાંચી સંભળાવવા માંડ્યો. પણ ‘વીરુદ્ધનો’ ‘વી’ આવતાં જ હું એકાએક થમ્ભી ગયો... પછી જીન્દગીભર એ ‘પીડાગ્રસ્ત પ્રૉફેસરને’ આ હકીકતની તો મેં ખબર જ ન પડવા દીધી. મેં પુર્વવત્ જ ગાઢ મૈત્રી (મન મારીને) બરાબર ચલાવ્યે જ રાખી : સાથે ખુબ હર્યાફર્યા, ખાધુંપીધું ને જલસાયે કર્યા....

દરમીયાન, ચીખલી કૉલેજમાંથી ભાવભીનું ને આગ્રહભર્યું આમન્ત્રણ આવ્યા જ કરે : ‘અમારે ત્યાં તત્કાળ આવી જ જાઓ!’ મીત્રો, એઝ યુઝવલ, સલાહ આપે, ‘સંખેડા તમને નથી ફાવતું તો ભાગી છુટો ને! કોઈ પુછતું નથી! બાકી રાજીખુશીથી તો કોઈ છુટા ના કરે!’ પણ હું થોડોક ‘સીદ્ધાન્તવાદી’ ખરો, થોડીક સ્વપ્રતીષ્ઠાનીય કાળજી ખરી. એટલે જવાબ આપું : ‘એમ અધવચ્ચેથી ભાગી જાઉં એ તો કેવું લાગે? અને અહીં મને માનભેર નીમનાર આ સંસ્થાનો એમ વીશ્વાસઘાત તો કેમ થાય?’ અને હું ચીખલી કૉલેજના સુત્રધાર મુરબ્બી મોહનકાકાને સવીનય પ્રત્યુત્તર પાઠવું : ‘એમ અધવચ્ચેથી તો મારાથી ન અવાય. જુનમાં જરુર વીચારીશ.’ અને એમ જુન આવતાં જ હું ‘પ્યારા’ સંખેડાને આખરી સલામ મારીને, ચીખલી કૉલેજમાં ‘પ્રૉફેસર એન્ડ ધ હેડ ઑફ ધ ડીપાર્ટમેન્ટ’ પદે જોડાઈ ગયો.

*

## *સર્ગ – 8*

# સુસ્મરણીય ચીખલી

બસ, આ મારી છેલ્લી નોકરી અર્થાત્ નોકરી માટેનું છેલ્લું સ્થળ : છેલ્લાં દસ વર્ષ હું ચીખલીમાં જ ટકી રહ્યો ને ત્યાંથી જ નીવૃત્ત થયો : જીવનભરમાં મારી લાંબામાં લાંબી નોકરી તે ચીખલી ખાતેની! દક્ષીણ ગુજરાત અને તેમાંય વળી આ તો વલસાડ જીલ્લો–હરીયાળો ને દરીયાવદીલ! પ્રાધ્યાપક મીત્રોય મજેદાર મળી ગયા ને ખુબ મજા કરી. ચીખલી નગરીએ પણ મને ખુબ પ્રેમ–આદર આપ્યો. અરે, હજી આજે, ત્રીસ બત્રીસ વર્ષની નીવૃત્તી પછીય, એ સારા પ્રમાણમાં ટકી રહ્યો છે. ઉદારદીલ દક્ષીણ ગુજરાતનો ખરેખર એ સુખદ અનુભવ, બાકી આપણા રામના રંગઢંગ કાંઈ બહુ સજ્જનના તો નહીં જ હો! એટલે આપત્તીઓય સર્જાય. બાકી ત્યારે સાહીત્યક્ષેત્રેય હું પુરબહારમાં ખીલેલો અને વળી ઉપરથી 'રમણભ્રમણે' – 'ગુજરાતમીત્ર'માં પ્રગટતી મારી કટારેય ચોમેર ઉહાપોહ સર્જેલો : વીચારો બંડખોર એટલે આવકાર કરતાં વીરોધ જ વધારે! તેમ છતાં, ચીખલીએ, ગામના અગ્રણીઓએ તો એ પ્રત્યેય ઉદાર તથા હકારાત્મક (પોઝીટીવ) અભીગમ જ એકન્દરે દાખવેલો. આમ ચીખલીએ મને ભરપુર માનપાન પ્રેમ તથા આદર–આત્મીયતા આપ્યાં. બધી રીતે સુખશાંતી હતાં. ઉપરાન્ત, બહાર નોકરી અંગે જે સરળ–સહજ પરીસ્થીતી હતી, એય કંઈક કથળેલી, મતલબ કે માંગ અને પુરવઠાની વ્યવસ્થા બદલાતી જતી હતી. જોકે ચીખલી દરમીયાન, મને તો એક બે 'આમન્ત્રણો' મળેલાં ખરાં, કારણ કે નવી કૉલેજોય નીકળ્યા જ કરતી. પણ હવે તન–મન પણ પુર્વવત્ ઉધામા માટે એટલું ઉત્સુક નહોતું... મજબુત નહોતું!

ચીખલી ખાતેની મારી પ્રતીષ્ઠા તથા આદરમાનનો એક યાદગાર પ્રસંગ અન્તે ટાંકી લંઉ : નીવૃત્તી બાદ પણ, ચીખલીએ મારી ષષ્ટીપુર્તી ભારે રંગેચંગે ઉજવી. (ત્યારે સાઠ વર્ષ પુરાં થતાં જ નીવૃત્ત થવાનું.) પરન્તુ તે વળી એક ગણનીય

સાહીત્યકાર તરીકે! મુખ્ય અતીથીઓમાં ત્યારે સર્વશ્રી. ચન્દ્રવદન મહેતા, ગુલાબદાસ બ્રોકર, યશવન્ત શુકલ, રમણલાલ જોશી ને મફત ઓઝા, ઉપરાન્ત જયન્ત પાઠક અને ઉશનસ્ તો હોય જ... એ જ નીમીત્તે સાહીત્યપરીષદને, 'રમણ પાઠક ષષ્ટીપુર્તી (નવલીકા) પારીતોષીક' માટે દાન આપવામાં આવ્યું, જે ઈનામ આજેય ચાલુ જ છે એમ લાગે છે. (કુદરતનોય કેવો કરુણ કટાક્ષ કે આજે ઉપર્યુકત સાક્ષરવર્યોમાંથી એક પણ હયાત નથી!).... અને હુંય કયાં હવે સર્જક રહ્યો છું? એનેય એક 'ચમત્કાર' જ ગણીએ! અથવા તો મારા સ્વભાવની જ વીચીત્રતા! ગમે તે કહો, પણ મારા સાઠમે વર્ષે, મારી ષષ્ટીપુર્તી એક લેખક તરીકે ઉજવવામાં આવી, જ્યારે પન્દર જ વર્ષ બાદ મારી પંચોતેરમી જયન્તી, જેને 'અમૃત મહોત્સવ' એવું નામ આપવામાં આવેલું એ, એક અગ્રણી રૅશનાલીસ્ટ તરીકે (સુરતમાં) મનાવાઈ અને એમાં મુખ્ય મહેમાન પદે જાણીતા અભીનેતા ડૉ. શ્રીરામ લાગુ હતા, એક વીખ્યાત, પ્રતીષ્ઠીત રૅશનાલીસ્ટ તરીકે ! (ભાગ્યે જ કોઈ સાક્ષર એમાં હાજર હશે, અને મંચ પર તો કોઈ જ નહીં !) ટોટલ મેટા–મોર્ફોસીસ : દોઢ બે દાયકામાં તો 'રમણભ્રમણે' મને એક ગણનીય તથા માનનીય (?) રૅશનાલીસ્ટમાં પરીવર્તીત કરી દીધો !

*

અનુક્રમણીકા

## 25

## અધ્યાય – 6 : રૅશનાલીઝમની રાહે

## સર્ગ – 1 : બાળપણથી સંશયાત્મા

બાળપણમાં–કીશોરવય સુધી, અમારા ઘરમાં એવો કાયદો કે સાંજે પ્રાર્થના કર્યા પછી જ ખાવાનું મળે! કડક કાયદો! પ્રાર્થના કર્યા વીના ખવાય જ નહીં. પ્રાર્થનામાં, ભગવાનો (એક કરતાં વધુ મુર્તીઓ અને છબીઓ) સામે ઉભા રહીને સાતઆઠ ભજનો તો (ઓછામાં ઓછાં) રાગોટવાનાં જ. હવે મારી દયાજનક બદદશા વીચારો : એક તો બહારથી તનતોડ રમીને આવ્યા હોઈએ – ત્યારે સ્કુલો ઘર–લેસન આપતી જ નહીં એટલે નીશાળ છુટ્યા પછી ખાસ્સા બે–અઢી કલાક બસ શેરીમાં કે જંગલમાં રમ્યા જ કરવાનું – ઘરે આવીએ, સાત–સાડાસાતે, ત્યારે થાકીને લોથપોથ અને વધારામાં ભુખ્યાડાંસ. પણ બળતાપેટમાં ઘી હોમવાને બદલે આ તો લુખેલુખ્ખી પ્રાર્થના જ યોજાય, યોજાય જ. અડધા કલાકનાં આઠદસ ભજનોય આમ તો અત્યાચાર જ ગણાય. ત્યારેય અને આજેય શીક્ષણશાસ્ત્રીઓ ને બાળમનોવીજ્ઞાનીઓ સલાહો આપે છે કે, 'બાળકો પર ત્રાસ ના ગુજારો! જબરજસ્તી ન કરો'; પરન્તુ હજી આજેય આ પ્રાર્થનાનો ત્રાસવાદ તો ચાલુ જ, સ્કુલમાં અને બાળમન્દીરોમાં પણ! કહે છે કે એનાથી મન શાંત થઈ જાય. પણ અનુભવ ઉલટો જ છે, એટલે સીદ્ધાન્ત શંકાસ્પદ આધુનીક મનોવીજ્ઞાન મુજબ તો પ્રાર્થનાથી બાળમાનસ જડસુ થઈ જાય – રુઢીચુસ્ત જેવું! ભુખ અને ખાવાની ઉતાવળને કારણે મારું મન તો ભારી અસ્વસ્થ, ઉતાવળું ને આકળું જ થઈ જતું. આજેય એવી જ પ્રતીતી છે કે, પ્રાર્થના એ મુંગો ત્રાસવાદ, બાળકો વીરોધી આતન્કવાદ જ ગણાય... અમારા દુર્ભાગ્યે વળી અમારા મોટાભાઈ કવી હતા! દીવસના એકાદ ભજન તેઓએ જાતે જ રચી કાઢ્યું હોય, તો માર્યા ઠાર! અને એવી કુદરતી આપત્તીય વારંવાર ત્રાટકે! કારણ કે પેલી 'દીર્ઘ' પ્રાર્થનામાં વળી એક ગીત અમારા કશાય વાંકગુના વગર ઉમેરાઈ જ જાય! કવીઓ તો હમ્મેશાં પોતાની રચનાઓ સંભળાવવા રાજી જ હોય. એમાંય આ તો ભજન અને વળી તે ભગવાનને સંભળાવવાનું! એટલે મોટાભાઈ અમને શાના

છોડે? આમ, દીર્ઘ પ્રાર્થના સુદીર્ઘ બની જાય. હું – અમે લાચાર! ભગવાન જ તારણહાર નહીં, ત્યાં બીજું કોણ બચાવે? અને ત્યારે હું મારો બધો જ ગુસ્સો ભગવાન વીરુદ્ધ કાઢું : હે ભુંડા ભગવાન, તું આવો સાવ દયાહીન! તારણહારને બદલે ડુબાવણહાર! અહીં બાળકો બાપડાં ભુખે કકડીને મરી રહ્યાં છે અને તને તારાં વખાણ કરાવવાનો આટલો બધો ગાંડો મોહ! તું ભગવાન શેનો? તારામાં લાગણી કે દયા જ ક્યાં છે? પ્રાર્થના મારા મનમાં સખત નફરત જ જગાડે! મને થાય :

પ્રભો, તું આદી છે,
શુચી પુરુષ પુરાણ તું જ છે,
તું સૃષ્ટી ધારે છે,
સૃજન–પ્રલયે નાથ તું જ છે!

આવાં આવાં રોજ એકનાં એક વખાણ સાંભાળવાની સાવ લોભી લાલસાનો માર્યો, તું બાળકોને ભુખે મારે છે?... તું સાચો ભગવાન જ હોય, તો તારે પ્રગટ થઈને એમ જ કહેવું જોઈએ કે, 'પહેલાં બાળકોને ખાવાનું આપો, અને પછી જ બધાં શાંતીથી પ્રાર્થના કરો!'; પણ તું ક્યારેય એવાં કોઈ સારાં દયાળુ કામે પ્રગટ થયો? મુંગોમુંગો પાછો હસ્યા જ કરે છે!... (પ્રાર્થના આમ ઘણી વાર માણસને નાસ્તીકેય બનાવી દે!)

અને મને ભગવાન પ્રત્યે ભયંકર તીરસ્કાર થવા માંડ્યો. આમેય મને શ્રદ્ધાભક્તી તો ક્યારેય વળગેલી જ નહીં. પ્રાર્થના વેળાએ એક જ પ્રશ્ન મનમાં ઉઠે કે, 'હે ભગવાન, તું આવો છે ને તું તેવો છે' – એવી રોજીન્દી ચાલુ ખુશામતખોરી સાંભળીને જ પ્રસન્ન થાય એ ભગવાન કેવો? ફુલણજી! આમ ભુખ અને પ્રાર્થના દ્વારા જ હું બાળપણથી જ ધીમેધીમે નાસ્તીક બનવા લાગ્યો. જેની પરાકાષ્ટા એવી જ આવી કે, 'ભગવાન–બગવાન જેવું કંઈ છે જ નહીં, હોય એમ લાગતું જ નથી!...' વડીલો સલાહ આપતા કે, 'અન્ધારામાં એકલાંએકલાં બીક લાગે ત્યારે ગાયત્રી મન્ત્ર જપવો, તરત જ બીક ભાગી જશે.' અમારા 'જંગલી' ગામડામાં તો એકાન્ત

અન્ધકારમાં ઘરે પાછા ફરવાના પ્રસંગો તો રોજના! ત્યારે હું ગાયત્રીમન્ત્ર જોરજોરથી પોકારું; પણ... બીક તો વધતી જ જાય! પછી જરાક મોટા થતાં ગાયત્રીમન્ત્રનો અર્થ સમજ્યો અને જાણ્યું કે, એમાં તો સુર્યદેવતા પાસે બુદ્ધી માંગેલી છે. એમાં વળી બીક ભગાડવાની શક્તી પ્રગટે જ કયાંથી?... મારીય બુદ્ધી વધતી તો ગઈ; પણ સાથે સાથે જ 'ભ્રષ્ટ' પણ થતી ગઈ. આમ ઘરના ભક્તીમય વાતાવરણે જ મને અભક્ત, નાસ્તીક બનાવ્યો. વળી બુદ્ધી જરા વીલક્ષણ, લોકમતમાં ઉંધી ખોપરી, એટલે રૅશનાલીસ્ટ બન્યો. ટેવ જ પ્રયોગો કરવાની, તર્ક કરવાની, અને પોતાનાં જ પરીણામો તારવવાની :

દા.ત. એક વાર મોટા ભાઈની બેટરી રમવા લીધી ને એનો બલ્બ જ ઉડી ગયો. પછી તો આખી રાત પ્રાર્થના કરી, પુરી શ્રદ્ધાથી! માન્યું કે પ્રભુકૃપાથી બલ્બ પાછો ચાલુ થઈ જશે. પણ સવારે સવારે જોયું તો, બદલામાં માર જ ખાવાનો મળ્યો! પ્રતીતી થઈ કે ઈશ્વર કદીય લાચાર–ગરીબોની પ્રાર્થના તો સાંભળતો જ નથી! એક બલ્બ ઉડે ત્યાં એકસો ને એક હાજર થઈ જાય એવા પૈસાદારોની પ્રાર્થના જ એ ધ્યાનમાં લેતો હશે...

અને આ જ નીમીત્તે, જીવનમાં પહેલી વાર અને વળી છેલ્લી જ વાર લુચ્ચાઈનો પ્રયોગ કર્યો – હીમ્મતથી! મારા મીત્ર નટવર માણેકે સમજાવ્યું કે, આ ઉડેલ બલ્બ લઈને રતીલાલની દુકાને જા! રતીલાલ આંધળાને ઝાઝું દેખાતું નથી, એટલે નવો બલ્બ લેવાનો અને પછી સીફતથી બદલી લઈ, જુનો ઉડેલો પાછો આપતાં કહેવાનું, 'નથી જોઈતો, પાછો લઈ, પૈસા પાછા આપી દો !' હું તો ભાઈ પહોંચ્યો હીમ્મતથી ઠગના ગુપ્ત રોલમાં છેતરપીંડી કરવા રતીલાલની દુકાને, એમ પાકું માનતો કે વેપારીઓ બધા કમઅક્કલ તથા વીશ્વાસુ જ હોય! તેમાંય રતીલાલ તો વળી અન્ધ–વીશ્વાસુ! (એને આમ તો જરાક ઓછું દેખાતું) મેં ખેલ તો બરાબર પાડ્યો જ; પણ આવી સાદી કરામત પેલો રતીલાલ સમજ્યા વીના રહે કે? તેણે ધમકી આપી, 'ઉભો રહે, ટેસ્ટ કરી જોવા દે!' મારાં તો અંગઅંગ માર ખાવા રણઝણવા લાગ્યાં. ત્યાં વળી એ શાણો વેપારી બોલ્યો, 'ભલે, ત્રણ પૈસામાં લઈજા!'

(એક આનાને બદલે) મેં તો તરત ત્રણ પૈસા ચુકવીને બલ્બ ખરીદી જ લીધો. બચી ગયો! પછી રહસ્યેય પ્રગટ્યું : વેપારી બોલ્યો, 'ગંગાશંકરનો ભાણો છે, એટલે જવા દઉં છું.... હવે આવું ના કરતો!' (ગંગાશંકર પુરાણી મારા મામા ગામના પ્રતીષ્ઠીત વેપારી હતા.) બસ પછી જીન્દગીભર છેતરપીંડીનો પ્રયાસ કે પ્રયોગ કર્યો નહીં! દીવસો મહીનાઓ, અરે વર્ષોની પ્રાર્થનાએ મને જે જરાય ન સુધાર્યો, તેને દસ જ મીનીટમાં રતીલાલે સુધારી દીધો! ઉંડે ઉંડે મને વીચાર પણ આવે જ કે, આખી રાત જેની પ્રાર્થના કરી એ પેલો ભગવાન ભલો કે પછી ખરો સુધારક તો આ વેપારી માણસ જ! નાસ્તીક બનવાની દીશામાં એક ઐતીહાસીક છતાં સામાન્ય માનવીય સીમાસ્તંભ!

પછી તો જેમ જેમ મોટો થતો ગયો, તેમ તેમ શહીદ ભગતસીંહની જેમ, આ દુનીયાના ભયંકર, ભારોભાર પીડાગ્રસ્ત એ પીડાદાયક રંગઢંગ જોઈને, શંકા–ખાતરી થવા માંડી કે આવો કેવો ભગવાન! સર્વશક્તીમાન તથા દયાળુ કહેવાતો ઈશ્વર તે આવી અતીપીડાગ્રસ્ત દુનીયા ચલાવે! લાચાર પ્રાણીઓને અને માણસોને પીડવામાં જ, રીબાવવામાં જ જાણે કે એને આનન્દ આવે છે! અને એથી જ ભગતસીંહ ભગવાનને ચંગીઝખાન અને નાદીરશાહ જોડે સરખાવે છે! વાત તો સાચી જ... બર્ટ્રાન્ડ રસેલ પણ એમ જ કહે છે કે, કરોડો–અબજો વર્ષના પુરુષાર્થ પછી પણ જો ભગવાન આવી જ દુનીયા બનાવી શક્યો હોય, તો એના કરતાં તો એક મુરખ જણ સારો, એ જરુર આનાથી તો બહેતર દુનીયા બનાવે જ.

પછી તો, તર્કબુદ્ધી ને વીવેકશક્તી પણ ખીલવા લાગી : મનમાં થાય કે પ્રાણીઓ ઉપર તો નીરન્તર અમાનુષી, રાક્ષસી અત્યાચારો ગુજરે છે, એની વહારે તો કોઈ જ આવતું નથી; પણ માણસ જેવો માણસ તો પ્રાર્થના કરે છે, અરે, ઘોર આપત્તી વખતે ઈશ્વરને જીવલેણ પોકારો કરે છે, પાકી શ્રદ્ધાથી, તો પણ ભગવાન એને બચાવવા ક્યારેય પ્રગટ્યો હોય એવું બન્યું નથી. પ્રહ્લાદે ભલે પ્રભુને પોકારતાં ધગધગતા થાંભલાને બાથ ભરી; છતાં વીષ્ણુની કૃપાથી દાઝ્યો નહીં; પણ હું એવો જ ચાળો જરાક અમસ્તો કરવા જાઉં છું, અરે તાપણું તાપતા કોલસો આમતેમ ફેરવું–

ભગવાનનું નામ પણ પુરી શ્રદ્ધાથી લઈ જોઉં, છતાં દઝાય જ! પછી તો મોટો થતાં વીચારો આગળ વધતા રહ્યા : નીર્દોષ સ્ત્રી ઉપર બળાત્કાર થાય, ત્યારે પેલા નીર્દય બળાત્કારીને લાત મારીને રોકી દેવા ભગવાન કેમ કદીય હાજર થતો નથી? અરે, સારો માણસ પણ તરત દોડી જાય, જ્યારે ઈશ્વર જેવો ઈશ્વર!... વધારામાં બળાત્કારથીય પછી વળી બાળક પણ જન્મે! એવા નીર્દોષ, અબુધ બાળકનીય ભગવાનને દયા ન આવે? આવો કમજોર, ક્રુર, લાગણીહીન ઈશ્વર તે વળી સર્વજ્ઞ, સર્વશક્તીમાન, દયાળુ–કૃપાળુ! ના... ના, માન્યામાં આવે એવી આ માન્યતા જ નથી...

*

26

*સર્ગ– 2*

## સોળે સાન ?

સોળે સાન અને વીસે વાન – એવી એક કહેવત હતી – છે : લોકો મારી ઠેકડી ઉડાડવા લાગ્યા, ખાસ કરીને વડીલો કે, 'આ માણસને સોળે બુદ્ધી આવવાને બદલે નાઠી! ઉંધી ફરી ગઈ!' કારણ કે, હું હવે યુવાન થવા આવેલો અને વડીલો જોડે શરત લગાવવા લાગેલો, કે 'ઈશ્વર જેવું કંઈ જ નથી. બોલો, લાગી શરત!' વડીલો તુચ્છકાર કે દયા ભાવથી હસતા, શરત તો નહોતા લગાવતા; પણ આગાહી ભાખતા ને ચેતવણી જરુર ઉચ્ચારતા : 'પચાસ–સાઠ વરસનો થા! દુઃખ પડશે એટલે આપોઆપ ભગવાનને ભજતો થઈ જશે!' (મતલબ કે આ દેશમાં ત્યારે મોટા ભાગનાં મનુષ્યોને મોટી વયે દુઃખ જ પડતું! જો કે આજેય શું છે!) પછી તો હું સાઠનો, સીત્તેરનો ને એંશીનોય થયો અને આજે નેવુંય વટાવી ગયો છું, અને ક્વચીત દુઃખેય પડ્યું હશે; છતાં ભગવાનને ભજતો તો નથી જ થયો – એ લોક શરત હારી ગયા છે! પણ અફસોસ કે મારો વીજય બતાવી શકું, એ માટે એક્કેય હયાત જ નથી. તેઓને આ સંસારમાંથી તો ભગવાન ન જ મળ્યો, એટલે કદાચ એને શોધવા બધા

વહેલાવહેલા સ્વર્ગમાં રવાના થઈ ગયા! બીજી બાજુ, મારું નામ લેતાં હવે ભગવાન ગભરાય છે!

હું હાઈ સ્કુલના છેલ્લા વર્ષમાં ભણું, અમે મીત્રો ત્યારે ગાંધી હવામાનના પ્રભાવે જરા વહેલા પરીપકવ થઈ ગયેલા : જીવન વીશે ગંભીરગંભીર ચર્ચાઓ કરીએ. રોજ સાંજે અચુક ગોમા નદીના રમણીય રેતાળ ભાઠામાં ફરવા જવાનું. દોઢ બે કલાક બરાબર ચર્ચાઓ ચાલે, જીવનની અને સંસારની તમામે તામામ સમસ્યાઓ ચર્ચીએ : મૌલીક યા ગાંધીચીંધ્યા માર્ગે, અવળીય કવચીત્! બધા જ આમ તો બુદ્ધીશાળી સમજાય; પણ મને ખેદ થાય : આમ કેમ, તેઓ કેમ આટલી સાદી વાત – એકદમ સાદું સત્ય સમજી સ્વીકારી શકતા નહીં હોય? ‘ઈશ્વર નથી’ – એના પુરાવા તો ડગલે ને પગલે આમ ચોમેર વેરાયલા મળ્યા જ કરે છે, જ્યારે નક્કર હકારાત્મક પુરાવો એક પણ નથી જડતો! તેમ છતાં, આ લોક આવી અર્થહીન, કપોલકલ્પનાને કેમ છોડી શકતા નથી! આજેય એ પ્રશ્ન તો મુંઝવે જ છે. પણ લોકો તો વીચારતા જ નથી. આપણા, આમ તો લગભગ અજ્ઞાન પુર્વજો એવી તો કેવી સજ્જડ, છતાં મીથ્યા માન્યતાઓ આ નવી–નવી પેઢીઓનાં મનમાં ઘુસાડતા જ રહ્યા કે આજેય ક્યાં એ નીકળે છે? કહેવાય જ છે ને કે, બાળપણના સંસાર વજ્રલેપ બની વળગી જ રહે છે. હા, કોઈ મારા જેવાના મનમાંથી એ ભાગીય જાય! જરુર છે, સંશયાત્માની : શ્રદ્ધા નહીં, પણ સંશય કરો! પરન્તુ ચારેકોરથી, આજે પેઢીઓથી ભોળી જનતા ઉપર એ લોક તુટી જ પડતા રહ્યા છે, બસ લલકાર્યા જ કરે છે કે શ્રદ્ધાથી તો પહાડ પણ ચળી (ખસી) જાય! માટે જ રસેલ લખે છે કે, યુગોથી એમ કહેવાતું આવ્યું છે : શ્રદ્ધાથી તો પર્વત પણ હટાવી શકાય. પરન્તુ એ રીતે એક પણ પર્વત તો શું, નાનો ટેકરોય હટવાનો દાખલો ઈતીહાસમાં નોંધાયો નથી, જ્યારે આજે અણુબોમ્બના એક જ ધડાકાથી જળને સ્થાને સ્થળ અને સ્થળને સ્થાને જળ ક્ષણ માત્રમાં ફેલાવી દઈ શકાય! એ જ તો વીજ્ઞાનનો વીજય છે. વીજ્ઞાન એ નક્કર તથા ઈન્દ્રીયગોચર સત્ય છે. એથી અલબત્ત ધીમે ધીમે વીજ્ઞાનનો વીજય થતો રહ્યો છે ને ધર્મ હારતો–પીછેહઠ કરતો જાય છે. જો કે આવી વીજયપ્રાપ્તીની શોધ કરનાર પણ માણસ જ છે. તો બીજી બાજુ, માણસ એક જડસુમાં જડસુ એવું સ્થીતીચુસ્ત પ્રાણી પણ છે. એટલે

સમગ્ર સંસાર તો આવાં સત્યો કયારેય સ્વીકારશે? તેઓનો ભગવાન ખુદ પણ આવા ઉજ્જ્વળ ભાવીની આગાહી ન જાને કેમ આજેય કરી શકતો નથી!

એમાં વળી નરસીંહભાઈ પટેલના પુસ્તક (ગ્રંથ) 'ઈશ્વરનો ઈન્કારે તો મારે પક્ષે બળતામાં મારા લાભાર્થે ઘી હોમ્યું. આ પુસ્તક ત્યારે તાજુંતાજું જ પ્રગટેલું. ત્રીસીના દાયકાની (1930–40) આ વાત છેઃ જ્યાં અગ્ની છે, ત્યાં પ્રકાશ છે' એ સીદ્ધાન્ત સદાય સાચો નથી ઠરતો. કારણ કે હજી આજેય આ તો બસ ભારેલો અગ્ની જ છે. નરસીંહભાઈને આદર આપનારા ખુદ મહાનુભાવો પણ તેઓએ ઉપસ્થીત કરેલી આ ગંભીર બાબતમાં ઝાઝો રસ નહોતા દાખવતા! આ પુસ્તક 'પ્રસ્થાન' જેવા પ્રતીષ્ઠીત કાર્યાલયે પ્રગટ કરેલું; પણ એનું મુખ્ય કારણ અલગ જ હતું : નરસીંહભાઈ એક મોટા પ્રતીષ્ઠીત સ્વાતન્ત્ર્યસેનાની હતા. બાકી ગાંધીજી અને ગાંધીવાદીઓ તો 'અઠંગ' અન્ધશ્રદ્ધાળુઓ જ હતા. આજેય પોતાના કાન પરથી મોબાઈલ ક્ષણભર પણ નહીં હઠાવનાર સજ્જનોય એવા જ અન્ધશ્રદ્ધાળુ રહ્યા છે! આપણા ભારતમાં વીજ્ઞાન ભરપુર ઘુસ્યું છે. પણ વૈજ્ઞાનીક અભીગમ હજી સરહદ નથી ઓળંગી શકતો! એથી જ માઈક ઉપરથી મહાભારત રજુ થાય છે, અને ડૉકટરો એક્સ–રે મશીન ઉપર લીંબુ–મરચાં ટાંગે છે! આઈન્સ્ટાઈને યોગ્ય જ કહ્યું છે કે, અનીવાર્યતા છે વૈજ્ઞાનીક અભીગમની, બાકી વીજ્ઞાનના સાધનો વાપરવાથી સગવડો સીવાય કોઈ વૈચારીક લાભ નથી. અને વૈચારીક ઉત્કર્ષ વીના જીવનો ઉત્કર્ષ શક્ય નથી. લોકો ચુસ્ત, ધાર્મીક માન્યતા મુજબ ઉઘાડે પગે જ દર્શને જાય, પણ વળી સ્કુટર કે કાર હંકારતા! ધર્મમાં તર્ક ચાલે જ નહીં, ચલાવવાનો જ નહીં!

'ઈશ્વરનો ઈન્કાર' ને; પણ ઈશ્વરે જ હરાવ્યું... આ દેશ જે કદીય સુધર્યો નથી તે અમે તે વળી સુધરે? અફસોસ કે આજે તો ધર્મઘેલછા જ વધતી જાય છે : પહેલા કુંભમેળામાં દસ લાખ ભક્તો ડુબકી મારવા દોડતા, આજે દસ કરોડ જણા દોટ્યો કાઢે છે!.... શું થશે આ દેશનું? અને ધાર્મીક આતન્કવાદનો વીચાર કરીએ તો વળી વધુ ભયાવહ પ્રશ્ન જ ઉઠે કે, 'શું થશે આ માનવજાતનું!... કેવળ મીથ્યાત્ત્વ ખાતર બરબાદ થઈ જશે?' ખેર, નરસીંહભાઈ આપણા ગુજરાતના પ્રથમ

રૅશનાલીસ્ટ, અને તેય વળી ડૉ. કોવુર યા ગોરાના કશાય પ્રભાવ વીના જ, સ્વતન્ત્ર સ્વબુદ્ધીતર્કથી જ, સેલ્ફ–સ્કુલ્ડ ! જો કે નરસીંહભાઈએ ‘રૅશનાલીસ્ટ’ શબ્દ નથી પ્રયોજ્યો. ત્યારે કદાચ આપણે ત્યાં આવી કોઈ વીચારસરણી જ જાણીતી નહીં. હા, ‘વીવેકબુદ્ધી’ શબ્દ એકાદબે સ્થળે તેઓએ પણ વાપર્યો છે, એવો ખ્યાલ છે.

બીજી બાજુ, હું પોતે ધીમેધીમે સ્વ–વીવેકાબુદ્ધીથી જ રૅશનાલીસ્ટ થતો જતો હતો, જો કે મનેય ત્યારે આને ‘રૅશનાલીઝમ’ કહેવાય એવો કશો ખ્યાલ નહીં. પણ ભારે મુક્તીનો, મુક્ત મનોદશાનો અહેસાસ કરતો હતો. યોગાનુયોગે જ એ જ અવસ્થા દરમીયાન, ઘર કુટુમ્બની જવાબદારીને પરીણામે વારસાગત યજમાનવૃત્તીની કામગીરી મારે માથે પડી (1942). મુરબ્બી દાદાજીનું અવસાન થયું અને મુરબ્બી મોટાભાઈની બદલી અમારા ગામથી દુર દુધીયા થઈ અને અહીં આ સવાલ તો રોટલાનો હતો : યજમાનવૃત્તી (ગોરપદું) તો બન્ધ થાય જ કેવી રીતે? હું ત્રણ વ્યક્તીત્વમાં હીમ્મતભેર જીવવા લાગ્યો, આત્મઘૃણા સાથેય! એક બાજુ આઝાદીની લડત લડું, બીજી બાજું, રૅશનાલીઝમનો યથાવકાશ પ્રચાર કરું, અને ત્રીજી બાજુ વળી, હું યજમાનોનો પુજ્ય ગોરમહારાજ બની ગયો! યજમાનવૃત્તીય ચાલુ જ કરી દીધી : માન્યું, આય રૅશનાલીઝમ છે!

‘ઈન્દ્રાય સ્વાહા’ ને ‘અગ્નેય સ્વાહા’ – ‘પાણી મેલો’ ‘આચમન કરો’ – ઉદ્‌ગારતો હું કર્મકાંડ કરાવું. પડોશી ગોરદેવ પાસે બધી વીધી બરાબર ક્રમબદ્ધ લખાવી જાઉં. બાકી, શ્લોકાદી તો એકેય ન આવડે – પણ એ બાપડી અભણ જમાતને એની શું ખબર પડે? તેઓને ફક્ત વીધીની જ પરવા અને ફીકર, બાકી બધું જ બોગસ, ઘોર છેતરપીંડી... અને વળી લગભગ બધા જ બ્રાહ્મણો આવું અગડંબગડં જ હાંક્યે જ રાખતા! કદાચ આજેય! બધી જ પાયા વગરની વાતો, ત્યાં ફરકેય કયો પડે? કેટલીક તો એટલી અર્થહીન વાતો કે જો એ સંસ્કૃત ભાષામાં ન હોય, તો આવાં કર્મકાંડ એક દીવસ પણ ન ચાલે! હું લગ્ન કરાવું અને બારમુંતેરમુંય ગગડાવી જાઉં : આજે તો હું ભારપુર્વક પ્રચાર કરું છું કે મરણોત્તર વીધી જેટલો અર્થહીન અને અસત્ય વીધી બીજો એક્કેય નથી – જાત – અનુભવનો એટલો જ

લાભ! પણ કોઈ માને તો ને? લોકો દલીલ કરે જ કે, 'આત્માનો ઉદ્ધાર કેવી રીતે થાય?' પણ તે કેવો કરીએ છીએ, એ તો અમે મનોમન જ જાણીએ! છતાં ભલભલા માણસોય હજી આજેય એવો વીચાર નથી કરતા કે 'આત્માનો ઉદ્ધાર' એટલે શું? અને અમુકતમુક વીધીથી એ થાય પણ કેવી રીતે? ભારત દેશ ખરો–ભયંકર શાપીત દેશ છે. અહીં આવાં અનીષ્ટો નાબુદ થવાને બદલે વધતાં જ જાય છે : હવે વળી 'નારાયણબલી' નીકળી પડ્યો છે ને લોક એ માટે કરનાળી દોડે છે! અરે, આજે તો ગોરમહારાજનોય વટ, દોરદમામ, તેઓની કીંમતેય ભારે વધી પડ્યાં છે. કેટલાક તો 'એપોઈન્ટમેન્ટ' હોય તો જ હાજરી ફરમાવે! સત્યનારાયણ કથાના એડવાન્સ બુકીંગનો ચાર્જ એક હજાર રુપીયા! (કદાચ હવે વધ્યો જ હશે)... અને ખુદ સરકાર જ વળી યુનીવર્સીટી કક્ષાએ કર્મકાંડ ભણાવે અને ડીગ્રીય આપે! નીરાધારો કેશામ્ ઈહ કથય મેં રોદીમી પુરઃ ?

*

27

*સર્ગ– 3*

## અન્તીમ ભ્રમણ – રમણભ્રમણ

જવા દો! પણ શું થાય? આ દેશની અને દુનીયાની દશા (અવદશા, પીડા ને વીનીપાત) જોતાં જીવ–ઝાલ્યો નથી રહેતો : રેશનાલીઝમની વાત નીકળતાં જ, કંઠની મોતીમાળા પાણીમાં ફગાવી દેતા મુર્ખ વાનરની દૃષ્ટાંતકથા સખેદ સ્મરણે ચઢે છે અને 'અરણ્ય જલ્પ' અવશ આરંભાઈ જાય છે. આ દેશની ખાજો દયા! પણ જવા જ દો!

1982ના જુલાઈની પહેલી તારીખે હું ચીખલી કૉલેજમાંથી નીવૃત્તી વયને કારણે નીવૃત્ત થયો. અમારા વખતમાં કાયદો એવો કે, નીવૃત્ત થનારને

જન્મદીવસવાળો મહીનો પુરો કરવા દેવો. અને મારો તો જન્મ જ ત્રીસ તારીખે, એટલે એક જ દીવસનો ‘મફત’ લાભ મળ્યો! અને પહેલી ઓગસ્ટથી જ હું પુત્રીને ત્યાં, એનાં બાળકો સાચવવા સુરત આવી જ ગયો. પુત્રી શર્વરીય સુરતમાં પ્રૉફેસર અને બે બાળકોને નોકરને હવાલે ઘરમાં મુકીને (પુરીને!) નોકરી પર જવાનું! મારી બાલકરુણા બેહદ, બાળકના સુખાનન્દ માટે મારું સર્વસ્વ ત્યજવા તત્પર! એટલે બાળક નોકરને હવાલે રહે, એ વાત જ મને અસહ્ય પીડે : ન જાણે નોકર શુંય તકલીફ, દુઃખ ને દુર્વ્યવહાર બાળકને માથે ગુજારતી હોય. બસ, નીર્ણય કર્યો કે હવે બાળઉછેરનું કાર્ય જ બજાવવું...

પણ નીવૃત્ત થતાં જ આત્મઠપકા સાથે પ્રશ્ન મુંઝવવા લાગ્યો કે લોક માટે તેં શું કર્યું? થોડું સાહીત્ય સર્જ્યું, યથાશક્ય નામદામ પણ કમાયો; પણ એથી લોકને શું લાભ થયો? લોકસેવા તો જીવનારંભે જીવનધ્યેય બનાવેલું, એ તો ચુકાતું જ રહ્યું. એટલે ઉશનસના પેલા કાવ્ય જેવો પ્રશ્ન મને પીડવા લાગ્યો : ‘આઝાદી તો આવી, પણ એમાં તે શું કર્યું?’ થયા જ કરે કે કંઈક પ્રજાહીતનાં કામ કરવાં જોઈએ, પણ એવાં સેવાકાર્ય સુઝે ને આવડે તો ને? સંસ્થાઓ રચવી ને સંસ્થાકીય સેવાકાર્ય આદરવાં–એવું તો આપણા રામને જીવનભર આવડ્યું જ નહીં. સંસ્થાલક્ષી સંગઠનો ઉભાં કરવાં ને વહીવટ ચલાવવો–એ બાબતમાં હું સાવેસાવ અભણ–જીવનભરનો અણઘડ મને એવું કાર્ય આવડ્યું જ નહીં! દા.ત. એક વાર સુરતમાં ભાઈ અતુલ પાઠકજી મને સ્થાનીક ‘ઈસ્કસ’નો પ્રમુખ બનાવવા આવ્યા. ત્યારે મેં સ્પષ્ટ કહી દીધું કે, ‘મારું નામ મુકવાની તમને તીવ્ર ઈચ્છા હોય તો તે ભલે! બાકી એ અંગેનું કોઈ કામ હું કરીશ નહીં, એવું તેવું મને આવડશે જ નહીં...’ મારી આવી અશક્તી નહીં પામી શકનાર એક લેખકમીત્રે તો કટાક્ષેય જાહેરમાં લખ્યો : ‘મી. સદસ્યકુમાર હોદ્દેવાલા!’ પણ હું તો પાકો બુદ્ધુલાલા! યોગાનુયોગે વળી એવું બનેલું કે મને દીલ્હીની સાહીત્ય અકાદમીએ સભ્ય બનાવેલો, જેથી એ મીત્ર છેડાયેલાં જો કે મેં તો એવા સ્થાનનો તત્કાળ અસ્વીકાર જ કરેલો.

આમ તો, દાયકાઓ સુધી સામ્યવાદીય રહ્યો. પણ એ તો વીશાળ આન્તરરાષ્ટ્રીય ક્ષેત્ર : પ્રકાંડ વીશ્વકક્ષાના નેતાઓ વીશ્વભરમાં ઘુમતા હોય, મજુરોના મામલા ચગાવતા હોય, હડતાળો પડાવતા હોય, ત્યાં મારા જેવા તુચ્છ અંટોળકાટલાં વામનને પુછેય કોણ? ખાલી પાછળ પાછળ ભટક્યા કરવાનું, જેનો સરવાળો શુન્ય! સામ્યવાદનું આકર્ષણ ઘટતું જાય ને લોકો માટે કંઈક કરવાની ઈચ્છા બલવત્તર બનતી જાય! અન્તે તો બાહ્યાભ્યન્તર ઈચ્છા એક : 'રૅશનાલીઝમનો પ્રચાર કરવો જોઈએ... જગતભરમાં ધર્મ અને ઈશ્વરે હાહાકાર મચાવ્યો છે, આતન્કવાદ ફેલાવ્યો છે'... પણ એ માટે કરવું શું? કાંઈ સુઝે જ નહીં ને કશુંય મુદ્દલે આવડે જ નહીં! ત્યાં વળી એક વધુ, 'ચમત્કાર' બન્યો, કદાચ હવે છેલ્લો જ! બાકી આખું જીવન આમ આકસ્મીક ચમત્કારોથી આગે આગે ચાલતું રહ્યું છે, અને વળી કોઈ જ 'ચમત્કાર' મારી ઈચ્છાને અવરોધનાર એવો નીવડ્યો નથી. એવું જ બનતું રહ્યું છે કે, God said, let there be light, and there was light ! એ જ ન્યાયે, ચમત્કાર વીરોધી એવા રૅશનાલીઝમના લાભાર્થે જ આ 'ચમત્કાર' બન્યો!

તો સાંભળો એ અણધાર્યો જ ચમત્કાર : એક દી ગુજરાતના સુપ્રસીદ્ધ દૈનીક 'ગુજરાતમીત્ર'ના સુત્રધારો તરફથી નીમન્ત્રણ મળ્યું, પહોંચ્યો : આદરણીય તન્ત્રીશ્રી પ્રવીણકાન્ત રેશમવાળા, સમર્થ તથા વગદાર મેનેજર શ્રી. ચન્દ્રકાન્ત પુરોહીત, અગ્રગણ્ય સાક્ષરશ્રી ભગવતીકુમાર શર્મા વગેરે બેઠેલા, જેઓએ મારો આદરસત્કાર કર્યો. પછી માંગણી મુકી : 'અમારા અખબારમાં કટાર લખો!' એ પહેલાં હું 'જન્મભુમી'માં કટાર લખતો, દોઢ બે વર્ષ લખી; પરન્તુ એ તો હાસ્ય–કટાક્ષની કૉલમ હતી : 'કટાક્ષીકા', એય વળી ભરપુર જામેલી, જે એમ. એ. થઈ પ્રૉફેસર થવા માટે જ છોડી. 'ગુજરાતમીત્ર'ના મુરબ્બીઓ પણ મુળ તો એવી જ હાસ્યની કટાર માગી રહ્યા હતા (ત્યારે અન્યથા પણ હું 'સારા હાસ્યકાર' તરીકે સ્વીકારાવા લાગેલો.)

પરન્તુ મારી ઈચ્છા હવે 'હાસ્ય'ની કટાર લખવાની મુદ્દલે નહીં. મનમાં દુઃખ થાય કે, દુનીયાના હાલહવાલ જોઈ જ્યારે ચોધાર રડવું આવી જાય છે, ત્યારે

વળી હસવાનું કેવું? એ તો લાગણીહીન અપરાધ જ ગણાય – એમ મનમાં પાકી પ્રતીતી થઈ રહી હતી. ઈચ્છા બસ એક જ રહી ગયેલી : ‘રૅશનાલીઝમનો ભરપુર પ્રચાર કરો અને માનવજાતને નીકન્દનમાંથી બચાવી લો!’ સાઠેક વર્ષની વયે એક વીધાન બર્ટ્રાન્ડ રસેલનું વાંચવામાં આવેલું : ‘જો સમગ્ર માનવજાત વીવેકબુદ્ધીથી વીચારતી ને વર્તતી થાય, રૅશનાલીસ્ટ બની રહે તો જગતની તમામ સમસ્યાઓ એક જ દીવસમાં ઉકલી જાય –’ વાત સાવ સાચી : લગભગ સર્વ જીવલેણ સમસ્યાઓ કેવળ માનવીની મુર્ખતાની જ નીપજ છે. ટૉલ્સટૉયે પણ એવું જ, સાવ સત્ય જ કહ્યું છે કે, માનવજાતનો વીનાશક પ્રશ્ન એ નથી કે માણસ દુષ્ટ છે. ખરી આત્મઘાતી સમસ્યા તો એ જ છે કે, માણસ મુર્ખ છે!...

મેં હા – ના કરતાં કરતાં ‘ગુજરાતમીત્ર’નું ઈજન ખેંચ્યે રાખ્યું. પછી એકાદ મહીના બાદ એક દીવસ એક ગંભીર (વીવેકબુદ્ધી પુત) લેખ લખીને મોકલાવતાં જણાવ્યું કે, ‘સાહેબો, હાસ્યલેખ લખવાની તો હવે શક્તીય નથી ને વૃત્તીય નથી. ઈચ્છો તો આવા ગંભીર લખાણની કટાર શરુ કરીએ!’ તેઓનો આ બાબતેય ઉમળકાભર્યો આવકાર જ મળ્યો : ‘લખો જ!’ અને એમ ‘રમણભ્રમણ’ ચાલુ થયું, અને દક્ષીણ ગુજરાતમાં રૅશનાલીઝમ લગભગ ઘેર ઘેર ગવાતું–ચર્ચાતું થઈ રહ્યું... અને ત્યારે હું લખતોય કેવું જોરદાર! ભારોભાર બંડખોર, બીલકુલ બીનધાસ્ત! આજે તો એ વાંચું છું, તો હું પોતેય દંગ થઈ જાઉં છું અને ઉંડા અવસાદમાં ડુબી જાઉં છું : ‘ત્યારે આપણી આમ જનતા કેટલી બધી ઉદાર હતી, સાચા અન્તરથી સહનશીલ! સહીષ્ણુ! ભગવાનોને તુચ્છકાર્યા, ધાર્મીક રીતરીવાજોને પડકાર્યા, શાસ્ત્રો પર ટીકાનો મારો ચલાવ્યો, અરે ગીતાની અને ગાંધીજીનીય કડક ટીકાઓ કરી, ધર્મઘેલી પ્રજાની બેવકુફીઓની ઠેકડી ઉડાડી, શરાબબંધીનો ઉગ્ર વીરોધ, વેશ્યા વ્યવસાયની તરફેણ અને એની આવશ્યકતાઓનું ભારપુર્વક પ્રતીપાદન, જ્યોતીષને હમ્બગ ગણાવી એનો પર્દાફાશ, પ્રેમલગ્ન જ હોવાં જોઈએ, લગ્નો દ્વારા જ્ઞાતી તથા ધર્મકોમના ભેદ તોડી શકાય, વ્યભીચારને ગંભીર ગુનો ગણવાનો વીરોધ, સામાન્ય સ્વીકાર્ય ઘટના ગણવાનો અનુરોધ, આદરણીય ને પુજ્ય ગણાયેલાં પાત્રોની નીર્બળતા કે કમઅક્કલ ખુલ્લી પાડવી – ગુરુ થઈ બેઠેલાની

ફીલસુફીની ઠેકડી! વડીલોની આજ્ઞા માનશો નહીં! જનોઈ કાઢીને ફગાવી જ દો! લગ્ન કરો જ નહીં! અને થયા પછી ન ફાવે તો છુટાછેડા જ લઈ લો! પુનઃ લગ્ન કરો! લગ્ન વગર જ સહજીવન જીવો! – બસ જીવનનું કોઈ ક્ષેત્ર છોડ્યું નહીં, સર્વત્ર પરમ્પરાભંગ અને મુલ્ય પરીવર્તન, રૅશનાલીઝમ આધારીત જ અલબત્ત!

અને છતાં મને મારવા કોઈ દોડી આવ્યું નહીં. મારઝુડ કરી નહીં, મારાં હાડકાં ભાંગી નાખ્યાં નહીં, મારા ઘરમાં ભાંગફોડ કરી નહીં, તીરસ્કાર–બહીષ્કાર કશું જ નહીં! હા, એકબે સ્થળે 'ગુજરાતમીત્ર'ની હોળી કરવામાં આવેલી, સુરત વીસ્તારના અગ્રણીઓ 'રમણભ્રમણ' બન્ધ કરો! એવી માંગણી સાથે કાર્યાલયમાં પહોંચી ગયેલા, એવું બધું સાંભળવા મળતું, છતાં ધન્ય છે, 'ગુજરાતમીત્ર'ના મીત્રોને! એવું કંઈ જ થયું નહીં... અને આજે 38–38 વર્ષથી 'રમણભ્રમણ' ચાલ્યા જ કરે છે! હા, એ બાપડું નરમ પડી ગયું છે, નમ્ર બન્યું છે (ડરી ગયું છે); કારણ કે દેશમાં અસહીષ્ણુતા ને ઝનુન એકદમ વધી ગયાં છે : વાતવાતમાં લોકોની લાગણી દુભાઈ જાય છે, ટોળાં ધાકધમકી આપવા ને ઝુડી નાખવા હાકોટા–પડકારા કરતાં બસ નીકળી જ પડે છે! ટુંકમાં, આપણા દેશબાંધવોએ ભયંકર જોખમી એવી વૈચારીક પીછેહઠ કરી છે. અફસોસ!... આમ છતાં, રૅશનાલીઝમનો મારો આવો બધો પ્રચાર 'એકહથ્થુ' જ હતો. એને સંસ્થાકીય પ્રવૃત્તીમાં પલટાવવાની અનીવાર્યતા હતી... (મારી બંડખોર, ક્રાંતીકારી રૅશનાલીસ્ટીક વીચારણાનાં સુવાકયોના બે સંગ્રહો પ્રગટયા છે : **'આચારી સબ જગ મીલા'** (પ્રકાશક : **નયા માર્ગ**, ખેતભવન, ગાંધી આશ્રમની બાજુમાં, અમદાવાદ – 380 027 ફોન : (079) 2755 7772 વાર્ષીક લવાજમ : રુપીયા 150/-) અને 'વીવેક વીજય' (પ્રકાશક : સન્માન પ્રકાશન, અમદાવાદ – 380 009). વધુ માટે એ વાંચી શકાય.

અને લ્યો, વળી એક વધુ ચમત્કાર! (જો કે એ મારા જીવનનો નહીં, જાહેર જીવનનો) : 1980ના દાયકામાં સુરતમાં કોઈ મહત્ત્વાકાંક્ષી સાધુ મહારાજે એક ભવ્ય (**'ભવ્ય'** એટલે ભયંકર બગાડપ્રધાન એવો ખર્ચાળ) યજ્ઞનું આયોજન કર્યું. આમ તો, બીજા મહાયુદ્ધથી જ દુનીયામાં અને ખાસ તો ભારતમાં જીવન જરુરીયાતની ચીજોની

તંગી ચાલે, જેમાં આપણી આઝાદીએ તો બળતામાં ઘી નહીં, ધોધમાર પેટ્રોલ જ હોમ્યું! અનાજ, ઘી, દુધ, ખાંડ, તેલ, શાકભાજી–ફળો એ સર્વની ભયંકર તંગી અને આકાશભેદક મોંઘવારી! માણસ, ખાસ કરીને 70 ટકાનો ગરીબ વર્ગ (ગરીબોય પુરા સીત્તેર ટકા! કેવો કારભાર કર્યો આપણે?) તો બીચારો કેવળ જીવી રહેવા માટેય લાચાર ફાંફાં મારે છે. જ્યારે બીજી બાજુ, બાવાસાધુઓએ પુણ્ય કમાવા ચોખા અને ચોખ્ખાં ઘી અગ્નીમાં હોમવા છે! – એ કેમ ચુપચાપ ચલાવી લેવાય? સુરતના વીચારશીલ (કંઈક પ્રગતીશીલ વીચાર સેવનારા, સામાજીક, ધાર્મીક સુધારા ઝંખનારા) અગ્રણીઓ ભેગા મળ્યા, વીચાર કરવા માટે કે, ‘કંઈક કરવું જોઈએ, આવા બગાડયજ્ઞો કેમ ચાલવા દેવાય, રોકવા જ જોઈએ’ ‘રમણભ્રમણ’ના પ્રભાવે ને પ્રતાપે મનેય એમાં નીમન્ત્રણ મળ્યું. અન્યો હતા : સર્વ આદરણીય શ્રી. ગોરધનદાસ ચોખાવાળા, કુંજવીહારી મહેતા, બાબુભાઈ દેસાઈ, ડૉ. બી. એ. પરીખ, હોશંગ મીરઝા વગેરે (અન્ય મહાનુભાવોય હતા; પણ યાદ નથી આવતા) મીટીંગમાં મેં સુચવ્યું : આ યજ્ઞ રોકી શકાશે તો નહીં જ. હા, કોઈ અગ્નીસ્નાન કરવા તૈયાર થાય, તો કંઈક કદાચ થાય – મતલબ કે ભયંકર તોફાન મચાવવું જોઈએ! ભાઈ હોશંગ મીરઝા કહે, ‘હું અગ્નીસ્નાનેય કરું!’ પણ અન્તે શાણપણ પ્રવર્ત્યું. નક્કી થયું કે, આ યજ્ઞ તો કોઈ પણ સંજોગોમાં હવે રોકી જ નહીં શકાય; પરન્તુ આવી સુધારક પ્રવૃત્તી માટેની એક સંસ્થા રચી છુટા પડીએ! તો હવે પછીય આવાં કામ થઈ શકે.’ અને એમ અમારી ‘સત્યશોધક સભા–સુરત’નો સુમંગલ જન્મ થયો.. જે આજેય સક્રીય છે ને મોટા મોટાં મહત્ત્વનાં સરસ–સુન્દર કાર્યો બજાવતી રહે છે. (એક ઐતીહાસીક ધન્ય ઘટનાય યાદ કરી લઈએ : એક વાર ગુજરાતમાં દુકાળ હોવાથી, મુખ્યમન્ત્રીશ્રી હીતેન્દ્ર દેસાઈની સરકારે આવો એક યજ્ઞ અટકાવેલો–સરકારી ફરમાનથી! બસ, ફક્ત એ એક મંગલ પ્રસંગ જ, બાકી તો આઝાદ સરકારોએ તો યજ્ઞાદી જેવાં મીથ્યા કર્મકાંડ ઉપર કાનુની પ્રતીબંધ ફરમાવવો જોઈએ...); પણ ‘સેક્યુલરીઝમ’ની વીભાવના જ આપણે લોક ન સમજ્યા અને ગાંધીવાદી સર્વધર્મસમભાવ જેવી ખોટી કરી! એથી તો ધર્મો બીનધાસ્ત અને નીર્બન્ધ, બેફામ બની જાય, જે સમાજનું સત્યનાશ વાળી નાખે – નાખે જ છે. છતાં સરકાર એમાં હસ્તક્ષેપ ન કરે, એવી

ખતરનાક નીતી આઝાદ સરકારોએ સેકયુલરીઝમને બહાને ચલાવી! અને ભારતમાં તો અનેક ધર્મો ને અગણીત પંથો – બધા જ બહેકી ઉઠ્યા! એ બેવકુફીનાં ઘોર વીનાશક પરીણામો આપણે ભોગવી રહ્યા છીએ. તોયે ન જાગે મારો આતમરામ!

*

28

*સર્ગ – 4*

## મુમ્બઈની મહેમાની

ત્યાં રેશનાલીઝમના આંદોલનક્ષેત્રે વળી એક ઓર વધુ મોટો, નોંધપાત્ર ‘ચમત્કાર’ સીદ્ધ થયો : એ જ જાણે ‘મુમ્બઈવીજય’! એક વાર નડીયાદમાં ‘ઉંઝાજોડણી’ અંગેની એક મીટીંગ યોજાયેલી. ત્યાં મુમ્બઈના સુધારાવાદી–સત્યશોધનના મશાલચી શ્રી. ગુલાબદાસ ભેડા ભેટી ગયા : ભારે જીજ્ઞાસુ જીવ, સત્યશોધક, વીચારક! એથી જ ઉંઝાજોડણી પ્રચારના આંદોલન બાબતે; પણ એના પાયાના નક્કર વૈજ્ઞાનીક સીદ્ધાન્તો એમને કાને પડ્યા, અને એ વીચારવીવેકનીષ્ઠ પુરુષને તે સત્ય, ઉચીત પ્રતીત થયા. ગુલાબાદાસભાઈનો હીમ્મતબાજ જીવનાભીગમ જ એવો કે, સત્ય લાગે તે સત્વરે સ્વીકારવું અને વ્યવહારમાં – અમલમાં; પણ આચરવું જ ને વળી પ્રચારવું. એમ તેઓ ઉંઝા–જોડણીવાદીય બની ગયા..

ઉંઝાજોડણીનો પાયાનો સીદ્ધાન્ત પણ વૈજ્ઞાનીક છે, પુરો ભાષાવૈજ્ઞાનીક, પણ આપણા ‘કારભારી’ વગદાર સાક્ષરો જડસુ, અજ્ઞાન રુઢીદાસ તથા મીથ્યાભીમાની છે. તેઓ એક સાદોસીધો, સ્પષ્ટ–દેખીતો ભાષાવૈજ્ઞાનીક સીદ્ધાન્ત અદ્યાપી સ્વીકારતા જ નથી : અરે, વીરોધ કરે છે! લેખક ઉઠીને લોકહીતનો એક સુધારો ફગાવે, એ પ્રજાની જ કમનસીબી–કરુણતા! બાકી ઉંઝા–જોડણીનો પાયાનો સીદ્ધાન્ત એકદમ વૈજ્ઞાનીક છે : લીપીમાંથી જે ધ્વનીઓ બીલકુલ અર્થહીન–

પ્રભાવહીન બની ગયા હોય, મતલબ કે ઉચ્ચારાતા ન હોય અને અર્થભેદ પણ સર્જતા ના હોય, તે રદ કરવા! તદનુસાર, ગુજરાતી લીપીમાંથી હ્રસ્વ–દીર્ઘનો વપરાશ રદ કરવો; કારણ કે ઉચ્ચારણમાં હ્રસ્વ–દીર્ઘ જેવા કોઈ ભેદ પાંચસો વર્ષથી રહ્યા જ નથી, અને એ બન્નેના સામાન જ ઉચ્ચારણથી કોઈ અર્થભેદ કે ગોટાળો ઉદ્ભવતો નથી (મતલબ કે અર્થભેદ સરળતાથી સમજી શકાય છે. દા.ત. 'મારા પીતા ચા પીતા નથી' એ વાક્યમાં બન્ને'પીતા' શબ્દો સરખા જ ઉચ્ચારાય છે, અને છતાં બન્નેના ભીન્નભીન્ન અર્થ પુર્વાપર સમ્બન્ધથી સમ્પુર્ણ બરાબર જ સમજાય છે) માટે ગુજરાતી લીપીમાંથી હ્રસ્વ અને દીર્ઘ એમ બબ્બે સંકેતો રદ કરી, કોઈ એક જ સંકેત રાખવો, જે સરળતાની દૃષ્ટીએ દીર્ઘ 'ઈ' અને હ્રસ્વ 'ઉ'નો જ રાખવો બહેતર. એથી વ્યાપક જોડણીદોષો આપોઆપ સુધરી જાય અને લીપી શીખનારને માથેથી સાવ મીથ્યા, અર્થહીન બોજ દુર થાય! સાક્ષરોના વીરોધ છતાં, આ જોડણી આજે વ્યાપક પ્રમાણમાં સ્વીકારાઈ જ છે. દા.ત. આજે દસબાર સામયીકો; પણ ઉંઝાજોડણીમાં પ્રગટે છે અને બરાબર વંચાય પણ છે જ. એટલું જ નહીં સુરતના વડીલશ્રી ઉત્તમભાઈ અને મધુકાન્તા ગજ્જરની જીવનપ્રેરક વાચનયાત્રા 'સન્ડે ઈ.મહેફીલ' https://sites.google.com/site/semahefil/ પીડીએફ સ્વરુપે અને નવસારી કૃષી યુનીવર્સીટી, નવસારીના રૅશનાલીસ્ટમીત્ર શ્રી. ગોવીન્દ મારુનો 'અભીવ્યક્તી' બ્લોગ : http://govindmaru.wordpress.com પણ ઉંઝાજોડણીમાં પ્રગટે છે અને દેશ–વીદેશમાં બન્નેનું સાહીત્ય/ઈ.બુક્સ ખુબ જ વંચાય છે. (મેં ઉંઝાજોડણીને 'રૅશનલ જોડણી' લેખાવી અને સૌએ આ વાત વધાવી લીધી.)

ગુલાબભાઈ મને કહે : 'તમે તો મને ભારે દ્વીધામાં નાખી દીધો છે.'

મેં કહ્યું : 'વીચારજો મુરબ્બી, સત્ય સદાય સત્ય જ છે, એમાં 'હું' કે 'તું'નું (વ્યક્તીનું) કોઈ મહત્ત્વ નથી' અમે મુમ્બઈના દૈનીક 'સમકાલીન'માં શરુ થયેલી મારી ક્રાંતીકારીકટાર 'સંશયની સાધના' વીશે વાત કરી રહ્યા હતા.

વાત જાણે એમ બનેલી, એક વજનદાર, પ્રભાવક અકસ્માતરુપે કે, મુમ્બઈમાં એક કાર્યક્રમમાં મને ‘સમકાલીન’ (ગુજરાતી અખબાર)ના તન્ત્રીશ્રી હરી દેસાઈ મળી ગયા. કહે, ‘મીત્રોની ભલામણ સાંભળી, અખબારમાંય કટાર લખો ને!’ મેં કહ્યું, ‘હું તે રૅશનાલીઝમ–પ્રચારક લેખો લખું....’

‘મંજુર!’

હું તો હજી આનાકાની જ કરતો રહ્યો, ત્યાં હરીભાઈએ તો કાર્યાલય પર સીધો ફોન જ ખખડાવ્યો : ‘કાલના અંકના પહેલે પાને જાહેરાત મુકશો કે, ‘સમકાલીન’માં... (વીશેષણો) રમણ પાઠકની કટાર શરુ થાય છે!’ મેં નામ આપ્યું : ‘સંશયની સાધના’ જે પછી તો વરસાદી વાવાઝોડાની જેમ જામી. બૌદ્ધીકોમાં વ્યાપક ચર્ચાનો વીષય બની રહી. ‘સંશયની સાધના’માં હું ‘રમણભ્રમણ’ કરતાંય વધુ ધારદાર, જોરદાર, સત્ત્વશીલ, સમૃદ્ધ, બંડખોર તથા વૈવીધ્યપુર્ણ લેખો પ્રગટાવવા લાગ્યો. આ કટાર પણ મેં દસેક વર્ષ લખી, ભરપુર સફળતાપુર્વક જામી...

મુમ્બઈમાં મારા આવા આક્રમણે હાહાકાર મચાવી દીધો. આશ્ચર્યની વાત– મારે માટે તો એ કે, મુમ્બઈ જેવા અદ્યતન મહાનગરમાંય આપણા ગુજરાતી બન્ધુઓએ ભાગ્યે જ કોઈએ ‘રૅશનાલીઝમ’ શબ્દ સાંભળેલો! મુમ્બઈના ગુજરાતી સાક્ષરો તો વળી તળ ગુજરાતના જેવા જ જડસુ તથા પછાત, તેઓએ તો ઠેકડીઓ ઉડાડવા માંડી કે, ‘જેની પાસે રૅશનીંગનું કાર્ડ હોય તે રૅશનાલીસ્ટ!’ (રૅશનીંગ એટલે અનાજ–ખાંડ વગેરેની માપબંધી) વાદવીવાદનો વંટોળ ઉઠ્યો : ‘સમકાલીન’ પણ મોકળું મેદાન આપ્યું. હરી દેસાઈ અમારા અમુક અંશે સમર્થક : લાંબાંટુંકાં તમામ ચર્ચાપત્ર છાપે જ અને ચર્ચાને બરાબર ચગાવે, રોજ સંખ્યાબન્ધ ચર્ચાપત્રો પ્રગટે, ક્યારેક તો હરીભાઈ આખું એક પાનું ચર્ચા માટે ફાળવે! એ પરમ્પરા વળી અનુગામી તન્ત્રીશ્રી શાહે પણ ચાલુ જ રાખી. આમ ‘સમકાલીન’ની ઉદાર નીતીએ પણ રૅશનાલીઝમના ‘મુમ્બઈપ્રવેશ’માં પ્રચંડ સેનાબળ પુરું પાડ્યું. બુલન્દ વીરોધ થાય; પણ વીરોધીઓની સાથેસાથે જ, સમર્થકો પણ એટલા જ નીકળી આવ્યા, લશ્કરી

પરીભાષામાં વર્ણવું તો સ્વેચ્છાએ જ, તનમન તથા ધનથી શસ્ત્રસજ્જ થઈને કુદી પડ્યા. કાફલા બનતા ગયા! એવા જ એક તે શ્રી. ગુલાબદાસ ભેડા! નડીયાદની ચર્ચા બાદ થોડા વખતમાં ગુલાબદાસભાઈ પાકા, દઢ તથા અગ્રણી રૅશનાલીસ્ટ તરીકે પ્રગટ્યા અને પુરેપુરા સક્રીય બની 'કામે ચઢી ગયા!' અફસોસ! હૃદયવીદારક વેદનાની વાત છે કે આજે ગુલાબભાઈ સ્વ. ગુલાબ ભેડા બની રહ્યા છે. (જો કે લોકમત પ્રમાણે રૅશનાલીસ્ટો અર્થાત્ નાસ્તીકો સ્વર્ગમાં નહીં, નરકમાં જ જાય! માટે એક નવા વીશેષણની અનીવાર્યતા છે : 'નરકસ્થ!)' અને એક સ્પષ્ટતા : હું ભાષાવીજ્ઞાનનોય રસીયો છું. સાથે સાથે રૅશનાલીસ્ટ એટલે પુર્ણ ઉદાર પુરુષ : એમ માનું. રૅશનાલીસ્ટમાં ધાર્મીકો જેવી કટ્ટરતા, સંકુચીતતા, મર્યાદા તથા ચોખલીયાવેડા ન જ હોય, એટલે રૅશનાલીસ્ટને મન તો 'સ્વર્ગસ્થ' (કે 'નરકસ્થ') એટલે ફક્ત મૃત વ્યક્તી! આવા શબ્દો તો ભાષાની શોભા તથા સમૃદ્ધી છે. માટે એના મુળ (મુળ અર્થ)ને ન જ વળગી રહેવાય. રૅશનાલીસ્ટો તો એ છુટથી, નીઃસંકોચ પ્રયોજે જ. શબ્દ એટલે તો ફક્ત રુઢી જ! જાણો છો? 'કુશળ' શબ્દનો મુળ અર્થ 'દર્ભ લાવનારો' અને 'પ્રવીણ' મુળ અર્થ 'વીણા વગાડનારો' એવો થાય છે. સુજ્ઞેષુ કીં બહુના?.... પછી તો મેં 'રૅશનાલીઝમ' માટેનોય ગુજરાતી શબ્દ શોધી કાઢ્યો : 'વીવેકબુદ્ધીવાદ', જે નર્મદ યા નરસીંહભાઈ પટેલ જેવા આપણા પુર્વજ સુધારકોએ પ્રયોજેલો પણ ખરો : જો કે એને 'રૅશનાલીઝમ' કહેવાય – એવી ખબર ભાગ્યે જ તેઓ કોઈને હતી; પણ તેઓ તે શબ્દ પ્રયોજતા જરુર હતા, બરાબર 'રૅશનાલીઝમ'ના જ અર્થમાં. (આજે તો 'વીવેકબુદ્ધીવાદ' શબ્દ પણ ઠીકઠીક વ્યાપક વીસ્તારોમાં સ્વીકારાયો છે.)

'સંશયની સાધના' સમકાલીનમાં દસેક વર્ષ ચાલી, બરાબર ચાલી, દોડી : સમવીચારસાથીઓ પરસ્પર સમ્પર્ક સાધવા લાગ્યા ને જોતજોતામાં તો મંડળ બની ગયું, મુમ્બઈના રૅશનાલીસ્ટો ખરેખર ઉદાર અને ખેલદીલ : તેમણે તો સુચવેલો વીવેક શબ્દ પણ યથાર્થ સમજીને સ્વીકારી લીધો. પોતાના મંડળને નામેય આપ્યું 'વીવેકપંથી'. જબરજસ્ત સક્રીયતા સાધી એ મુમ્બઈગરાઓએ!

અને ‘રૅશનાલીઝમ’ માટેનો સાચો ગુજરાતી પર્યાય ‘વીવેકબુદ્ધીવાદ’ જ લેખાય; કારણ કે અંગ્રેજી વ્યાખ્યા મુજબ, રૅશનાલીઝમનો પાયો જ સત્ય જ્ઞાન માટે ‘રીઝન’નો વીનીયોગ કરવો જોઈએ એવો છે. હવે આ ‘રીઝન’નું સુયોગ્ય ગુજરાતી ‘વીવેક’ જ થાય. તર્કવીવેક (હાઈ સ્કુલી શીક્ષણ દરમીયાન, ‘રીઝન’ એટલે ‘કારણ’ એવો અર્થ શીખેલા તે તો ભુલી જ જવાનો! વાસ્તવમાં, કારણનું અંગ્રેજી તો ‘કોઝ’ થાય.) ‘વીવેક’ શબ્દ એના શુદ્ધ સંસ્કૃત ભાવાર્થમાં, ‘સત્ય–અસત્ય’ તથા ‘સારું–ખરાબ’ વચ્ચે ભેદ તારવવાની માનસીક શક્તી–‘બુદ્ધી’. યાદ રાખો, અંગ્રેજીમાં ‘રૅશનાલીઝમ’ની વ્યાખ્યામાં કયાંય ‘બુદ્ધી’ (‘ઈન્ટેલીજન્સ કે ‘ઈન્ટેલેક્ટ’) શબ્દ પ્રયોજાયો જ નથી. માટે ‘બુદ્ધીવાદ’ યા ‘બુદ્ધીપ્રામાણ્યવાદ’ જેવા શબ્દો ખોટા જ, ખોટો અનુવાદ સીદ્ધ થાય છે. અને વાતેય સાચી જ છે. માનવજાતનાં તમામ અનીષ્ટોનું મુળ જ એની ‘બુદ્ધી’ જ છે. બાકી ભાગ્યે જ કોઈ ‘માનવીય’ અનીષ્ટ પશુપક્ષીઓને–પ્રાણીઓને પીડે છે. એનું કારણ એ જ કે એ લોકોમાં બુદ્ધી નથી. માટે જ પ્રાણીઓ સત્યનારાયણની કથા કરાવતાં નથી કે આત્માના ઉદ્ધાર માટે મરણોત્તર વીધી સરાવતાં નથી! માટે જ બુદ્ધીથી આરંભાયેલા તથા પ્રયોજાયેલો કામોને વીવેકથી ચકાસવા પડે : યોગ્ય છે કે નહીં? આવી ચકાસણી દ્વારા સત્ય પામવું પડે અને સાચા જ લાભાલાભ નક્કી કરી, તે પ્રમાણે જ વર્તવું–જીવવું રહે. એ જ રૅશનાલીઝમ અને એ જ અભીગમ રૅશનાલીઝમ દ્વારા પ્રચારાય છે, અને એથી જ રૅશનાલીઝમ માનવસુખ માટે અનીવાર્ય એવી વીવેકપુત જીવનરીતી સીદ્ધ થાય છે. આમ ‘રૅશનાલીઝમ’નું ગુજરાતી ‘વીવેકબુદ્ધીવાદ’ જ થાય ઈતીસીદ્ધમ. (બાકી તો હવનમાં હાડકાં નાખવાં એ માનવસ્વભાવ છે, જે રૅશનલ નથી!)

મુમ્બઈના રૅશનાલીસ્ટ બાંધવોએ : ટુંક સમયમાં જ વળી એક મુખપત્ર શરુ કર્યું, જેનું નામેય ‘વીવેકપંથી’, જે આજેય ચાલે છે (2014). ગુલાબભાઈ તો ગયા; પણ તેઓનાં સુપુત્રી હર્ષાબહેને (બાડકર) હામ ભીડી છે : અભીનન્દન તથા શુભેચ્છાઓ !.....

મુમ્બઈવાસી રૅશનાલીસ્ટો સાચા અર્થમાં જ 'વીવેકપંથી', મતલબ કે તેઓ વીવેકી અને વીનમ્ર, પુરા ખેલદીલ ! તેમણે રૅશનાલીઝમના તેઓ માટે આદ્ય પુરસ્કર્તા તથા મુમ્બઈ ખાતેના પ્રેરક પુરુષ તરીકે મારો ભરપુર આદર કર્યો. બીજી દીશામાં, પોતાની લીટી મોટી દેખાડવા કેટલાક રૅશનાલીસ્ટો મારી લીટી ભુંસવા મથી રહ્યા હતા, ત્યારે મુમ્બઈવાસી મીત્રો ખુલ્લા દીલે તથા આત્મીય ઉલ્લાસથી પોકારતા કે અમારું આવું નવજીવન 'સંશયની સાધના'ને જ આભારી છે. હું તેઓનો ખરેખર નખશીખ ઋણી છું: તેમણે મને પુરા દીલથી, પુરો ઓળખી, પુરાં આદરમાન આપ્યાં. હું તેઓના આમન્ત્રણથી અનેક વાર મુમ્બઈ જઈ આવ્યો. તેઓ 'શીષ્યભાવે' જ મારી સાથે ચર્ચા કરવા બેસે. એક જ દાખલો –તેઓના નીખાલસ તથા નમ્ર પ્રેમાદરનો ટાંકુ : છેક હમણાં જ તેઓએ (તેમની આ નવજાત રૅશનાલીસ્ટ સંસ્થાએ) મારો એકાણુમો (91) જન્મ દીન મુમ્બઈમાં ઉજવ્યો. હા, સુરતના મીત્રોની આત્મીયતા તથા તેઓના એવા જ સ્નેહ–આદરની તો હું અત્રે તુલના જ નથી કરતો. એ લોકે તો, (અથવા તો એ લોકે પણ) મને તો ઉંચકી જ લીધો છે. અહીંની સત્યશોધક સભા 'રમણભ્રમણ સુવર્ણચંદ્રક' ચલાવે છે અને વીજય ભગત(કંસારા) તથા તેઓના સાથીઓએ હમણા 'રમણ પાઠક વ્યાખ્યાનમાળા'ય શરુ કરી છે (2011). હું તેઓનો પણ પુરા અંતઃકરણથી આભારી છું જ. રૅશનાલીઝમના મારા પ્રચારકાર્યની બીજી અતીમુલ્યવાન ફલપ્રાપ્તી તે આવા સરસ મીત્રો... આજે તો હું અતીવયોવૃદ્ધ તથા અપંગ જેવો થઈ ગયો છું, તેમ છતાંય આ મીત્રોના સાથ સહકાર તથા આદરભાવ એવા જ અકબન્ધ છે (2014).

તો આ સાથે આ આત્મકથા (જો કે 'આત્મકથા' તો બહુ ભારે શબ્દ છે, એટલે 'આત્મઝરમર' જેવો નવો શબ્દ સર્જવો એ બહેતર) હું પુરી કરું છું. શરીર કામ આપતું નથી અને હવે આવાં તેવાં કામ થતાં નથી, એટલે ઉત્તરાર્ધમાં અનીચ્છાએ પણ નાછુટકે એ ખુબ ટુંકાવવી પડે છે. ખેર, પુરી થઈ શકી, એ જ મોટો સાનુકુળ તથા અમુલ્ય અકસ્માત! તો મીત્રો, ખુબ ખુબ ભાવભીની ને સાભાર સલામ! રજા ત્યારે હવે દીલબર, અમારી વાત થઈ પુરી! (નાથાલાલ દવે)

29

## અધ્યાય – 7

# કેટલાક નોંધપાત્ર પ્રસંગો

આ છે અન્તીમ અધ્યાય : વીદાય! અહીં હું કેટલાક નોંધપાત્ર પ્રસંગો ટાંકું છું. 'નોંધપાત્ર' એટલે કોની દૃષ્ટીએ? એવો પ્રશ્ન થાય. અલબત્ત, એ મારી કે એકલાની દૃષ્ટી તો નથી જ; કારણ કે એક કરતાં વધુ લેખકોએ તે ખુબ ઉમળકાભેર આલેખ્યા છે. એટલે હુંય માની લઉં કે, 'નોંધપાત્ર' જ ગણાય.. બીજું કે, અહીં મેં 'ટાંકુ છું' – શબ્દપ્રયોગ કર્યો છે, તે હેતુપુરઃસર જ છે : આ પ્રસંગો પ્રથમ પુરુષ એકવચનમાં આલેખાયેલા આત્મકથાવત્ પ્રસંગો નથી, અહીં 'હું' ત્રીજા પુરુષ બહુવચનમાં જ બહુધા ઉલ્લેખાયો છે.

હવે ત્રીજી ખુબ મહત્ત્વની વાતઃ આ પ્રસંગોમાં મારી પ્રશંસા છે, જેને માટે એવો સાધાર આક્ષેપ થઈ શકે કે, આ પ્રસંગો આત્મપ્રશંસાના હેતુથી ટાંક્યા છે. વળી એ અન્ય દ્વારા વર્ણવાયેલા હોઈ, એમાં અલ્પ અતીશયોક્તી જેવું પણ પ્રતીત થાય તો ક્ષમા કરશો જ, મીત્રો! આમ તો આત્મકથામાં ઓછીવત્તી આત્મપ્રશંસા તો આવે જ; કારણ કે એના નાયકમાં કંઈક જાહેર જનતાને જણાવવા જેવું હોય, અનુકરણીય હોય, તો એ પ્રશંસનીય જ હોય ને? હા, એમ કરવામાં મર્યાદા, સંયમ, વીવેક, ઔચીત્ય જાળવવાં જોઈએ (પણ એ તો મેં જાતે જે પ્રસંગો આલેખ્યા હોય તેમાં)!... બાકી આખા જગત સાહીત્યમાં હજી કોઈએ જ આત્મનીન્દા સભર આત્મકથા લખી નથી! કોઈ આત્મકથામાં મેં અદ્યાપી એવું નેગેટીવ નીવેદન તો નથી જ વાંચ્યું કે, 'હું મુરખ છું, ડફોળ છું. ગધેડો છું, લુચ્ચો છું, લમ્પટ છું...વગેરે.' મતલબ કે અહીં આત્મપ્રશંસાને સંયોગાધીન ગણવા વીનન્તી!

એક વધુ સ્પષ્ટતાય અત્રે કરી લઉં કે, આ આત્મકથા હું પુરા મુક્ત અને સશકત તમનમનથી યથેચ્છ લખી શક્યો નથી, અને એમ કરવામાં નક્કર ગંભીર મુશ્કેલી છે જ : હું ખુબ લાંબુ જીવ્યો અને વળી છેક અન્તકાળે જ (91ની વયે) આ

લખવા માટે મન મક્કમ કર્યું : એટલે જો હું બધું જ વીગતે લખવા બેસું તો એક કરતાં વધુ ભાગમાં 'ગ્રંથ' લખવો પડે! એ મારી શક્તીબહારની અનુચીત હોંશ ઠરે. એટલે અન્તકાળ હોઈ, જરા ઉતાવળે આ કથા આટોપવી પડી છે. શારીરીક શક્તી પણ હવે કામ આપતી નથી. આ તો સ્નેહીજન નાનુભાઈના આત્મીય આગ્રહ પ્રેરીત પ્રેમપ્રસાદી જેવું છે. એટલે પણ આવા તૈયાર પ્રસંગો ટાંકી જ લઉં છું. તો ક્ષમાયાચના અને અલવીદાય!

હવે એવા આ કેટલાક પ્રસંગો :

## રમણ પાઠકનો તલસલાટભર્યો પ્રેમ

રમણભાઈનાં પ્રકૃતી અને વ્યક્તીત્વ જ કંઈક એવાં હતાં કે, સ્ત્રીઓ તેઓને અન્તરથી મમતા અર્પતી. ચોક્કસ તબક્કે, ઉંચા આદર્શધારી, ભાવનાશાળી અને સુરુચીચાહક એવા રમણભાઈ આવા સ્નેહસમ્બન્ધોને ભાગ્યે જ દેહસમ્બન્ધ સુધી પહોંચવા દેતા; પણ એ જુદી વાત છે. અત્રેનો મુદ્દો તો એ છે કે, શું સદાય સ્ત્રીઓ જ રમણભાઈ પ્રત્યે સ્નેહવીહવળ બનતી? અને શું રમણભાઈ સદાય અવીચળ, નીર્મોહી, તટસ્થ તથા સ્વસ્થ રહેતા? ના, તેઓ પણ માણસ છે, એટલે એવું તો બને જ કેમ? રમણભાઈ પણ ઉત્કટ પ્રેમમાં પડ્યા જ છે, અને મરણતોલ ઝુર્યા છે; પરન્તુ એવા ઝુરાપામાંથીય કવીતા ઝમતી, જે ખરેખર ઉંચી કાવ્યરચનારુપે પુરી માણવા જેવી છે. અત્રે એ ટાંકીએ, જેથી પ્રતીતી થાય કે રમણભાઈ કેવળ કવીહૃદયના જ નથી; પ્રેમી હૃદયના પણ છે અને સર્જક કવી પણ છે –હતા તો ખરા જ. એક ઘટના 1940ની સાલની : રમણભાઈ ફક્ત 18 વર્ષના અને બાલીકા કદાચ 14–15ની. કલાપીની જેમ રમણભાઈ એ બાળાના ઉત્કટ પ્રેમમાં પડ્યા. જ્યારે પેલી મુગ્ધ બાલીકાના હૃદયની વાત તો એ જાણે! પણ કમસે કમ એક મીલનમાં તો પહેલ એ બાલીકાએ, એ મુગ્ધાએ જ કરેલી. અને એ યાદગાર પ્રસંગની યાદગાર કવીતા રમણભાઈએ રચી : બન્યું એવું કે સુરતની ત્યારની તાપી કાંઠે એકાન્ત ચોપાટીને બાંકડે, રમણભાઈ એકલા પ્રકૃતીને નીહાળતા અને માણતા બેઠા હતા. ત્યાં પાછળથી

એકદમ ચુપચાપ કોઈએ આવીને એનાં ગૌર, સુકુમાર આંગળા વડે એમની આંખો દાબી દીધી, તે વખતના રમણભાઈ પેલી મુગ્ધા કરતાંય વધુ મુગ્ધ અને શરમાળ, કશું મીઠુંમીઠું બોલી જ શક્યા નહીં ! પેલી બાલીકાય સ્તબ્ધ. છેવટે ‘જાઉં છું’ કહીને એ ચાલી ગઈ અને પછી રમણભાઈને કાવ્ય સ્ફુર્યું :

સંધ્યાટાણે રવી ઉદધીમાં સ્નાનની મોજ માણે,
રાત્રી કેરા અસીત દુકુલે તેજછાંટા ઉરાડે.
મન્દંમન્દં સરતી સરીતા પાસથી સીન્ધુ હૈયે,
જેવી ધીરે અરવ પગલે ચાલતી પાસ આવી...

બાલીકાએ આવીને આંખો દાબી, પછી બન્ને સાવ મુક;પણ એ બધી પંક્તીઓ ભુલાઈ ગઈ છે...એટલે કાવ્યની અન્તીમ સારરુપ, ચોટરુપ પંક્તીઓ :

બોલી તું કે, ‘જઈશ હું હવે...’
હાસ્ય લુખ્ખું કરીને,
બોલી ગ્યો હું ‘બસ ?’, નવ કરી આગ્રહોની ધમાલ...
કેવું પેલું મીલન–મધુરું ? મુંગું, સુક્કું બધીર !
ને કેવી આ વીરહકટુતા રમ્ય, વાચાલ, (અ) ધીર ?

આ જ બાલીકાનાં કેવળ દર્શનાર્થે રમણભાઈ કલાકો સુધી એના શાળાથી ઘરે જવાના રસ્તે પ્રતીક્ષાઘેલા ખડા રહેતા. બાળા તો ગડાગડ કરતી ગાડીમાં સડસડાટ પસાર થઈ જાય, કવચીત્ જ આંખથી આંખ સસ્મીત મળે. આ તલસાટનું કાવ્ય પણ તેઓએ રચ્યું :

ઉભો છું આ રસ્તે,

*

30

## શાશ્વતીને સહારે

રમણભાઈ એક વખતે જ્યાં રહેતા હતા ત્યાં બાજુમાં એક ફેમીલી રહેવા આવ્યું. એમાં બાર – તેર વરસની એક બાળકી હતી, જે પાડોશીદાવે રમણભાઈ – સરોજબેનને ત્યાં આવવા–જવા લાગી. બાળકીને ગીતનો, સંગીતનો અને નૃત્યનો શોખ. રમણભાઈ તથા સરોજબેન બન્ને નૃત્ય–સંગીતનાં પ્રશંસક અને કૉલેજમાં પ્રાધ્યાપક તથા પ્રાધ્યાપીકા. બાળકી એવી આ શાશ્વતી સ્વાભાવીક રીતે જ રમણભાઈનાં સ્નેહ, કાળજી અને વીદ્વતાથી પ્રભાવીત બની. 'રમણીયમ્'માં આ વાત લખતાં. સમ્પાદકશ્રી રજનીકુમાર અહીં જરા અટકીને લખે છે : 'રમણભાઈએ આ બાળકીને બાર–તેર વરસની વયે રમાડેલી, એટલે પીતૃભાવ પણ સહજપણે જન્મી ચુક્યો હતો.'

રમણભાઈએ છોકરીનાં માતાપીતાની મંજુરીથી એક સંગીતકલાસમાં તેને દાખલ કરી દીધી. સાથેસાથે ગુપ્તપણે શાશ્વતીને નૃત્યની તાલીમ આપવાનું પણ ગોઠવી દીધું હતું. કારણ કે રમણભાઈની કલાપારખુ નજરે જોઈ લીધું કે બાળકી નૃત્ય માટેની ઉત્તમ પ્રતીભા ધરાવે છે. સમયના વહેવા સાથે રજનીકુમાર પંડ્યા જ્યારે ફરીથી રમણ પાઠકને ઘેર વર્ષો પછી ગયા ત્યારે, રજનીકુમાર એમ લખે છે કે, શાશ્વતી બારમાંથી બાવીસ વરસની, સુન્દર સૌંદર્ય નીતરતી યૌવના બની ગઈ હતી. બી.એ. થઈ ચુકી હતી. ગીત અને સંગીત તો ઠીક; નૃત્યમાં પણ નીપુણ થઈ ગઈ હતી. પોતાના પગ ઉપર ઉભી રહેવા માટેનું સામર્થ્ય પણ એણે મેળવી લીધું હતું;એટલે કે નોકરી કરીને કમાણી કરવા લાગી હતી. રજનીકુમાર લખે છે : 'શાશ્વતીને જન્મ આપનારાં જનકજનની ભલે જુદાં; પણ તેનાં ઉછેર, કેળવણી પાછળની રાતદીવસની મહેનત કરનાર અને ભોગ આપનાર 'સાચાં જનકજનની' તો રમણભાઈ અને સરોજબહેન.'

શાશ્વતી ગ્રીનકાર્ડ ધરાવતી છોકરી હતી, તેથી જો તેની સાથે લગ્ન થાય તો પોતાને પરદેશ જવા મળે, એ લોભ કોઈ પણ મુરતીયા માટે મોટી લાલચ હતી. શાશ્વતીની જ્ઞાતીમાં જબ્બર દહેજ આપવો પડે એવો કુરીવાજ. આવા રીવાજની સામે રમણપાઠકના સંસ્કારથી ઉમદા અને આદર્શ વીચારો ધરાવતી શાશ્વતી ખીન્ન રહ્યા કરે. પોતાને પરણાવવા માટે પોતાના પીતાએ સામે ચાલીને દહેજ આપવાનું જો ફરજીયાત હોય તો, તે શાશ્વતીને મંજુર ન હતું. એક છોકરો મળ્યો. પહેલાં તો મીઠીમીઠી વાતો કરીને પોતે દહેજ લીધા વગર પરણવા તૈયાર થશે, શાશ્વતીના ગીત–સંગીત અને નાટ્યવર્ગોનો અભ્યાસક્રમ પુરો થાય ત્યાં સુધી પરદેશ જવાનું નામ પણ નહી લે' (ત્યારે અમેરીકા–ગમન માટે લોકો રજીસ્ટર્ડ લગ્ન તાત્કાલીક કરી–કરાવી દેતા.) એવાં એવાં વચનો તેણે આપ્યાં. આથી કાગળ ઉપર એ છોકરાનાં શાશ્વતી સાથે લગ્ન થયાં. (રજીસ્ટર્ડ)

લગ્ન રજીસ્ટર્ડ થયા પછી છોકરાએ પોત પ્રકાશ્યું. 'દહેજ પણ જોઈશે!' અને પરદેશ જવાની ઉતાવળભરી તૈયારીના અણસાર પણ આપ્યા.તેથી શાશ્વતી રોષે ભરાઈ : 'બસ, આની સાથે તો લગ્ન નહીં જ !' એવો નીર્ણય કરી, ઘેરથી ભાગીને રમણ પાઠકને ઘેર આવતી રહી. હવે તે તથા રમણ પાઠક જુદાં જુદાં ગામે રહેતાં હતાં.

ઘેરથી ભાગેલી શાશ્વતીને સંઘરનાર તરીકે પહેલાં શકમંદ રમણભાઈ જ નીવડે એ સાવ સ્વાભાવીક હતું. તેમણે શાશ્વતી માટે એક માત્ર સલામત ઘર તે રજનીકુમારનું એમ સમજીને મદદ માટે રજનીકુમારને ફોન કર્યો. તો રજનીકુમાર પંડ્યા તથા તેમના વાર્તાકાર પત્ની તરુલતા દવેએ શાશ્વતીને પોતાની બાંહોમાં સમાવી લીધી. તેમને મન જેવી તેમની પુત્રી તર્જની એવી જ શાશ્વતી હતી!

આ બાજુ શાશ્વતીનાં ઘરવાળાંઓ ઉશ્કેરાઈ ગયેલાં : પોલીસ ફરીયાદથી માંડીને શાશ્વતીને શોધવાનાં બધાં કાટલાં ત્રાજવામાં મુકાઈ ગયાં હતાં. જો કે ચોતરફથી બારી–બારણાંથી ખુલ્લા અને હવા ઉજાસવાળા રજનીકુમાર પંડ્યાના

ફ્લેટમાં પણ જાણે શાશ્વતી અભેદકીલ્લાની માફક સુરક્ષીત હતી અને સહી સલામત પણ હતી.

વાત આટલે સુધી તો ઠીક; પણ શાન્ત વાતાવરણમાં અને ભરઉંઘમાં ફટાકડો ફુટે અને ઝબકીને જાગી જવાય એવી એક કપટની વાત બની : શાશ્વતીના પીતાએ ખોટો તાર કરીને રમણભાઈને પોતાને ગામ–પોતાને ઘેર બોલાવ્યા. અને હીમ્મતબાજ તથા 'ફરજબાજ' રમણભાઈ ઉપડ્યા પણ ખરા!

શાશ્વતી ઘેરથી ભાગી તે પછી શાશ્વતીના બાપે રમણભાઈને અજુગતા પત્રો લખેલા. એ પછી, તાર મળ્યા છતાં 'કાંઈ તેમને ગામ ન જવાય' એવું સીધુસાદું ગણીત માંડે તો તે રમણભાઈ નહીં! અને....

'એ લોકોને આડીઅવળી કોઈ કુશંકા ન હતી; કારણ કે એ રમણભાઈના શાશ્વતી સાથેના પુત્રીવત્ સમ્બન્ધની પવીત્રતા તો સૌએ સ્વીકારી હતી. પણ માત્ર એટલો જ વાંક એ પાઠકદમ્પતીનો કે એમણે અણગમતા લગ્નની વેદી પરથી શાશ્વતીને ભાગી છુટવામાં મદદ કરી હતી.' – આટલું લખ્યા પછી, રજનીકુમાર પંડ્યાએ પુસ્તકમાં એમ પણ લખ્યું છે કે, 'જુઓ, રમણભાઈની ખાનદાની! શાશ્વતીને મારે ઘેર મેં આશરો આપેલો, આમ છતાં રમણભાઈ મારું નામ ઉઘાડું એટલા માટે પાડતા ન હતા કે તેમને ડર હતો કે મારું નામ ખુલતાંની સાથે જ પેલા લોકો મને પાતાળમાંથી શોધીને ખતમ કરી નાખશે.'

આપણે વાત કરી ગયા કે, શાશ્વતીના બાપે રમણભાઈને ખોટો તાર કરીને બોલાવ્યા; પણ પછી, ત્યાં શું થયું એ વાત કહેવાની હજુ બાકી છે. શાશ્વતી રજનીકુમારના ઘરમાં ત્રીસ દીવસ કરતાં પણ વધારે વખત રહી, તે દરમીયાન ઉતરેલા ચહેરે અને જાણે અરધોઅરધ વજન ગુમાવી ચુકેલા રમણભાઈ રજનીભાઈને ઘેર આવ્યા. ત્યાં રમણભાઈએ સાવ સહજ ભાવે પોતાની જે આપબીતી વ્યક્ત કરી, તે વીશે રજનીકુમારે લખ્યું છે : 'શાશ્વતીના પીતાએ ગામની

વચ્ચે, તેમના ઘરના હીંચકા ઉપર જબરાબરના રમણભાઈને ઘેર્યા હતા. જે જીભથી ‘રમણભાઈ...રમણભાઈ...’ શબ્દો સુકાતા ન હતા એ જ જીભથી ગાળોનો વરસાદ વરસાવ્યો હતો. માગ્યું પાણી પણ નહોતું આપ્યું અને ચંપલ ઉગામીને એમને ઠમઠોરવા સુધીની વાત પણ આવી પહોંચી હતી. પોલીસ બોલાવીને પુરી દેવાની ધમકીઓ અપાવા માંડી હતી અને આ ઘેરામાં ગામ આખું સામેલ હતું. આ એ જ ગામ કે જ્યાં રમણભાઈ એકટાણે ઉપાડ્યા ઉપડતા ન હતા, તે જ ગામે એમને પગ નીચે કચડી નાખવા માટે લબડધક્કે લીધા હતા.’

પછી તો વાત પરાકાષ્ટાએ પહોચીં, રજનીકુમાર લખે છેઃ ‘કહી દો... કહી દો...’માંથી સાવ નીચલા પાટલે ઉતરી જઈને ‘કહી દે...’ કહી દે... સા... .... શાશ્વતીને કયા તારા મીત્રને ઘેર છુપાવી છે?’ એમ કહીને કાંકરીચાળો કરવામાંથી પણ ગામલોકો અને કેટલાક લબરમુછીયા પાછા પડ્યા નહતા! રજનીભાઈએ એ વખતે રમણભાઈ કહ્યું : ‘કહી દેવું હતું ને મારું નામ! કહી દેવું હતું કે જાઓ અમદાવાદ, રજનીભાઈને ત્યાં! તમારી શાશ્વતી તેમના ઘરમાં, એમના પરીવારમાં સલામત છે અને લીલાલહેર કરે છે. આ એમનો ફોન નંબર ને આ ઠેકાણું! છોડો મને, અને પકડો એમને.’

આ વખતે રમણભાઈ શું બોલ્યા એ ખબર છે? હવે તમને કહું : તેઓ બોલ્યા, ‘રજનીભાઈ, તમારું નામ ખુલ્લું કરી દઉં એવો કાપુરુષ હું નથી. શરણાગતને હું પોતે આશરો ન આપી શક્યો એ તો ઠીક; પણ એને આશરો આપનારના માળાને સળગાવનારને દીશા હું ચીંધી શકું? તમે તો અમને બન્નેને જીવાડ્યાં! એ ઋણ જીવનભર નહીં ભુલાય.એના કરતાં હું જાતે જ જાન દઉં એ જ બહેતર.’ પછી તો રમણભાઈનાં પીતૃવત્સલ પુત્રી–જમાઈ શર્વરી–મુકેશે પીતાના બચાવમાં સીધું ઝમ્પલાવ્યું. તેઓના કુટુમ્બની આબોહવા જ એવી સ્નેહસભર ઉદાર હતી કે, આ સમગ્ર તોફાનમાં તેઓને રમણભાઈનો તો કશો અક્ષમ્ય દોષ દેખાયેલો જ નહીં. (બાકી એવાય પ્રત્યાઘાત શકય બને જ) એથી ઉલટું, મુકેશકુમારે તો એક સારો મુરતીયોય શોધી કાઢ્યો ને બારોબાર શાશ્વતીનાં લગ્ન પણ કરાવી દીધાં.સમસ્યા

એકદમ હલ! વધારામાં વળી એ પતી જ્ઞાતીનો જ હતો. ખુબ સુશીક્ષીત પણ હતો, એટલે બધું સમ્પુર્ણ અનુકુળ નીવડ્યું. મુકેશે હીમ્મતભેર શાશ્વતીના પીતાને પણ જાણ કરી, તો તેઓય ખુશખુશાલ! તે સજ્જનોની જ્ઞાતીમાં જ, આટલો સુસજજ મુરતીયો અને તેય વળી વગર વાંકડાએ (દહેજ વગર જ ) મળે જ શાનો? આમ સૌ સારું, જેનો અન્ત સારો!

અને માનશો? આટઆટલું બની ગયા, વીતી ગયા પછી પણ રમણભાઈએ પ્રસ્તુત પરીવાર સાથે જીન્દગીભર મધુરો સ્નેહસમ્બન્ધ જ રાખ્યો. ‘જીન્દગીભર એટલે શાશ્વતીના પીતાના અવસાન સુધી!’

*

31

## આવું તો કોઈ ના કરે !

રમણભાઈને જયન્તભાઈ (જયન્ત પાઠક)ને ત્યાં જવાનું ગમે. જયન્તભાઈ સાથે તો એમને ભરપુર મજા આવે, બેય ભાઈઓ સતત ખડખડાટ હસતા જ હોય! પરન્તુ આખું કુટુમ્બ પણ ભેગું મળીને કીલ્લોલ કરે.

..ભાભી ભાનુબહેન માંદગીને લીધે પથારીવશ. વાતવાતમાં એમણે રમણભાઈને ઠપકો આપ્યો. ‘રમણભાઈ, તમારા દાંત કેમ કાળા પડી ગયા? જરા કાળજી રાખો!’

રમણભાઈએ પળભરમાં જ વીચાર કરી લીધો, અને જવાબમાં બોલ્યા, ‘સીગરેટ પીવાના કારણે હશે.’

ભાભી કહે, ‘બળી એ સીગરેટ! છોડી દોને!’

રમણભાઈ કહે, ‘હવે છોડી જ દેવી છે...’

હવે, સાચી હકીકત તો એવી હતી કે રમણભાઈ તો દાંતનું ચોકઠું પહેરે અને તે એટલું જ સ્વચ્છ રાખે, કયાંય એક નાનકડોય ડાઘ નહીં! પણ રમણભાઈ ભાભીની મનોદશા સમજી ગયા કે પથારીવશ ભાભીને જરા વડીલપણું બતાવવાનું મન થયું હશે, કદાચ આવું કંઈક કહીને પોતાનો સ્નેહભાવ પણ દર્શાવવો હોય વગેરે. એટલે ભાભીનું માન અને મન એમણે બરાબર જાળવી લીધું. બાકી, રમણભાઈ તો એટલી બધી સીગરેટ પણ નથી જ પીતા.

*

એ જ દીવસનો બીજો પ્રસંગ : ચી. પ્રાચી કહે, ‘રમણકાકા, તમે ખરા! પોતાની જ વીરુદ્ધ લખી આપ્યું. એવું તો કોઈ ના કરે!’ (પ્રાચી કવી જયન્ત પાઠકની પૌત્રી)

વાત જાણે એમ બનેલી કે, ભત્રીજી ચી. પ્રાચી યુનીવર્સીટીની કોઈ ડીગ્રી માટે લઘુશોધનીબન્ધ તૈયાર કરી રહી હતી. જેનો એક વીષય હતો : ‘સાહીત્યકાર રમણભાઈ પાઠક’ ચી. પ્રાચીએ કાકાની મદદ માંગી તો, ‘વાર્તાકાર રમણ પાઠક’ બાબતમાં, ખુદ રમણભાઈએ જ લખી આપ્યું કે, ‘રમણ પાઠકમાં મુળ વાર્તાકાર તરીકેની કોઈ નીજી પ્રતીભા હોય, એમ પ્રતીત થતું નથી. પરન્તુ તેઓની અનુકરણશક્તી જબરજસ્ત, એટલે અમુકતમુકના અનુકરણરુપ વાર્તાઓ તેઓએ લખી, જેમાંની અમુક સારી પણ નીવડી આવી. દા.ત. તેઓની શરુઆતની વાર્તાઓ પન્નાલાલ–પેટલીકરના ચોખ્ખા અનુકરણરુપ છે, જ્યારે પછીની રચનાઓ સુરેશ જોશી–શૈલીનું સ્પષ્ટ અનુકરણ છે. એથી જ ગુજરાતી સાહીત્યમાં વાર્તાકાર તરીકે રમણ પાઠક લાંબું ટકી ન શક્યા વગેરે.’

ચી. પ્રાચી સમક્ષ સ્પષ્ટતા કરતાં, રમણભાઈએ કહ્યું કે, ‘તારે એક શોધનીબન્ધ લખવાનો છે, એટલે એમાં કંઈક મૌલીક સંશોધન જેવુંય આવવું જોઈએ ને? કેવળ એકલાં વખાણ કરે, એથી નીબન્ધ શોભે નહીં...’

યુનીવર્સીટીસમક્ષ અને પછી સમીક્ષાર્થે અગ્રગણ્ય સાક્ષરો સમક્ષ પ્રસ્તુત થનારા એક શોધનીબન્ધમાં, પોતાની ધરાર વીરુદ્ધ એવું પોતે જ લખી આપે તે રમણભાઈ જ!

*

32

## લગ્નમાં મહેમાનોનું શું કામ?

જયન્ત પાઠક એટલે કે રમણ પાઠકના મોટાભાઈ, તેમના મસીયાઈ ભાઈ ઉશનસ્ અને લેખક–પત્રકાર ચન્દ્રકાન્ત પંડ્યા એ ચારેયની જીગર જોડી. શર્વરીએ પોતાની મેળે જીવનસાથી તરીકે પતીની પસન્દગી કરી લીધી એટલે રમણભાઈએ લગ્ન કરાવી આપ્યાં. ચન્દ્રકાન્ત પંડ્યા નવસારીમાં અચાનક રમણભાઈને રસ્તામાં ભેટી ગયા, ત્યારે ઠપકો આપતાં કહે છે : ‘અલ્યા, શર્વરીના લગ્ન કર્યાં અને અમને ખબર સુધ્ધાં ન આપી?’ તો રમણભાઈ બોલ્યા : ‘લગ્નમાં વર અને કન્યા સીવાય બીજાનું શું કામ? એમાં વળી ખબર શેની આપવાની?’

33

## નવો ‘નર્મદ’

કૉલેજમાં ચં.ચી. મહેતા લીખીત ‘નર્મદ’ નાટક ભજવવાનું નક્કી થયું. (1944) અધ્યાપક શ્રી. હીરાલાલ ગોદીવાળાએ નર્મદના પાત્ર માટે ખાસ રમણભાઈ

ઉપર જ પસન્દગી ઉતારી, રમણભાઈએ નર્મદનું પાત્ર આબાદ રીતે ભજવી બતાવીને તે પાત્ર માટે તેમને પસન્દ કરનાર પ્રા. હીરાલાલ ગોદીવાળાનો નીર્ણય યથાર્થ સીદ્ધ કર્યો. આમ નર્મદ તરીકે રમણભાઈનો અભીનય ખુબ વખણાયો. ગોદીવાલા સાહેબ રમણ પાઠકના ચાહક, તેઓ તો ધન્ય ધન્ય !

જાણીતા નાટ્યવીદ્ અને લેખક શ્રી. હકુમત દેસાઈએ થોડા માસ પહેલાં (1902) એક અખબારમાં લખ્યું હતું કે, 'ચં.ચી. મહેતા લીખીત 'નર્મદ' નાટકની ભજવણીમાં રમણ પાઠકે, છેક 1944માં, નર્મદની મુખ્ય ભમીકા ભજવેલી. તે હજી આજેય અઠ્ઠાવન વર્ષ પછીય ભુલી ભુલાતી નથી, રમણની એ પાઘડીધારી નર્મદ–છબી નજર સમક્ષ તરવરે છે...વધુમાં લખે છે : 'ત્યારથી 'સવાઈનર્મદ' તરીકે તમારું સ્થાન મારા દીલમાં અંકીત છે, જે સ્થાન તમે 'વીવેકબુદ્ધીવાદી' તરીકે તન્દુરસ્ત સમાજના સર્જન માટે પ્રદાન કરી રહ્યા છો, તેથી વધુને વધુ માનપ્રદ બનતું રહ્યું છે.'

*

34

## સૌથી મોટો આનન્દ બીજાને આનન્દ આપવાનો

રમણભાઈ કહે છે : મીત્રો મને ઘણીવાર સલાહ આપે છે : ભાઈશ્રી, લોકો તમારી ભલમનસાઈનો લાભ ઉઠાવે છે. ત્યારે હું મનમાં જ જવાબ આપું છું : 'દોસ્તો, આવી સલાહ આપનારાઓ, તમને ખુદને જ મારી ભલમાનસાઈનો કેટલો બધો લાભ મળે છે! તો અન્યોને પણ થોડો લેવા દો ને! હું બરાબર સમજતો હોઉં છું કે, અમુકતમુકે મારી ભલમનસાઈનો લાભ લીધો; પરન્તુ એવો તેમને લાભ આપવાનો મને આનન્દ આવ્યો તેનું શું? એનો અર્થ તો આખરે એવોજ થયો કે મારી ભલમનસાઈનો લાભ તો ખુદ મેં જ ઉઠાવ્યો! મારી ભલમાનસાઈથી બેઉ પક્ષે જો લાભ ઉઠાવી શકાતો હોય તો એ મારે મન બેવડો આનન્દ તો ખરો જ ને?'

સ્વેચ્છાએ છેતરાનારો, જે જાણે છે કે, મને લોકો છેતરે છે, તે વાસ્તવમાં કદીય છેતરાતો નથી!

સંસારમાં આનન્દો જાતજાતના છે; પરન્તુ સર્વથી ઈષ્ટ, સૌથી મોટો, સૌ આનન્દમાં નીર્દોષ આનન્દ તો બીજાને આનન્દ આપવાનો આનન્દ છે, એમ રમણભાઈ માને છે. મંગુ છોકરો દુધ આપવા આવે અને હું તેને સીંગચણા ખવડાવું, કીકીબહેનને તેમના બાંધેલા પગાર કરતાં રુપીયો – બે રુપીયા વધારે આપી દઉં, ચન્દુ ગાંડાને બાદશાહી ચાના ચાલીસ પૈસા અવારનવાર આપતો રહું, પટાવાળા કે ટપાલીને હક્કના આપતો હોઉં એમ પાંચ–દસ રુપીયા ઉછીના આપું, ગમે તેવું અગત્યનું કામ રઝળતું મુકી બાળકો સાથે રમવા માંડું કે તેમનું કામ કરી આપું. શાણા લોકો કહે છે કે, ‘તમે લોકોને આ બધી ખોટી ટેવો પાડો છો.’ પરન્તુ પેલા સર્વના ચહેરા ઉપર ક્ષણભર ચમકી જતો આનન્દ જોઈ, જીવનની સાર્થકતા અનુભવવાની કુટેવ મને પડી ગઈ છે તેનું શું? એ આનન્દ જો હું ગુમાવી બેસું તો મૈત્રેયીની જેમ, પ્રશ્ન થાય કે, ‘જે સુવર્ણ મને આનન્દ ન આપી શકે, મનને પ્રસન્નતા ન આપી શકે એ સુવર્ણને હું શું કરું?’ હું એકલો–એકલો મારા ઘરમાં મીષ્ટાન્ન બનાવીને ઝાપટું, એનો જીભને લાગેલો સ્વાદ તો ઘડીભરમાં ઓસરી જાય. જ્યારે કોઈને ખવડાવ્યાનો આનન્દ, તજ્જન્ય સ્નેહભાવ કેવો પુનઃ પુનઃ રોમાંચ જગાડતો રહે! (રમણભાઈના સ્વભાવની આય એક વીશીષ્ટતા.)

*

35

## રમણભાઈની ઉગ્રતા ?

ગામની મગનલાલ એન્ડ કમ્પની ભાંગી પડી. રમણભાઈએ ત્યારે આ માણસને એક હજાર રુપીયા ઉછીના આપેલા. પાર્ટી બેસી ગઈ એ વાતનો શહેરમાં

ગણગણાટ શરુ થતાં, સરોજબહેન રમણભાઈને પેલા પાસે હજાર રુપીયાની ઉઘરાણી કરવા મોકલે અને રમણભાઈ કહે છે કે, ‘હું ચા પીને પાછો આવું, બીજું શું કરું? પૈસા તેની પાસે હોય જ નહીં ત્યાં?’ તે વખતના હજાર એટલે આજના લાખ!

આમ ને આમ દીવસો વીતતા ચાલ્યા. રમણભાઈની સ્થીતી આમ જુઓ તો સુડી વચ્ચે સોપારી જેવી ! લેણા પૈસા આવે કે ન આવે તેનો રમણભાઈને એવો ખાસ હરખશોક નહીં, એવો તેમનો સ્વભાવ; પરન્તુ સરોજબેન આકળાં–ઉતાવળાં થઈને પણ, ઉઘરાણી પતાવી આવવા દબાણ કરે. બીચારા રમણભાઈ આખરે કરે તોય શું કરે? એકવાર રમણભાઈએ જઈને પેલાને કહ્યું : ‘ભાઈ, હું પણ જાણું છું કે તું અત્યારે મુશ્કેલીમાં છે. તું એક કામ કર. મને એક હજારનો ચેક લખીને આપી દે. હું તારો એ ચેક સરોજબેનને ઘેર જઈને બતાવી દઉં એટલે મારી તો જાન છુટે! ચેક હું બેંકમાં નાખું કે ન નાખું, તે કાંઈ તેઓ જોવાનાં નથી. તેમને મનમાં શાન્તી થઈ જાય! આ વાત આપણા સીવાય કોઈ નહીં જાણે. એક તું, એક હું અને એક ઉપરવાળો તારો ભગવાન!’

રમણભાઈ કહે છે કે, મેં મારું વચન પાળી બતાવ્યું. ચેક મેં સરોજબહેનને બતાવી દીધો અને વાત પુરી થઈ ગઈ. પણ પછી આ ભાઈએ ‘ઈપ્કો’ ટુથપેસ્ટની એજન્સી લીધી. સરોજબહેન ઈપ્કો ટુથ પેસ્ટનાં બન્ધાણી.રમણભાઈ આ ભાઈની દુકાને જઈ ચડ્યા અને ટુથપેસ્ટનો ભાવ પુછ્યો. પેલાએ એકનો ભાવ રુા. 6/- કહ્યો. રમણભાઈએ છ ટુથપેસ્ટ ખરીદ કરી, જેના થતા હતા રુપીયા છત્રીસ, પણ રમણભાઈના ખીસ્સામાંથી પાંત્રીસ જ રુપીયા નીકળ્યા. પેલાએ રુપીયા હાથમાં લેતાં કહ્યું : ‘વાંધો નહીં, રમણભાઈ, એક રુપીયો આવતાં–જતાં આપી જજો!’

રમણભાઈ તો સ્તબ્ધ જ! શું આ એ જ માણસ કે જેને મેં હજાર રુપીયા ઉછીના આપ્યા હતા, તે પત્નીને ખોટો ચેક બતાવીને, પત્નીને છેતરીને જતા કર્યા! તે જ માણસે આજે એક રુપીયા માટે ‘કાંઈ વાંધો નહીં...’ એમ કહીને પોતાની ઉદારતા બતાવે છે!

રમણભાઈએ પછી મીત્ર ગાંડુભાઈ સાથે પેલાને કહેવરાવ્યું કે, ‘હું, તું અને તારો ભગવાન જાણે – એ શરત આજથી ફીટ્ટુસ! હું બધાને જ હવે કહેતો ફરીશ.’ આને શું રમણભાઈની ઉગ્રતા કહીશું?

*

36

## કીશોરવયે ‘ક્રાંતી’!

નાસ્તીકતાના વીચારો, બાળપણમાં સમજનું પ્રાગટ્ય થયું ત્યારથી જ. એક પ્રખર નાસ્તીક તરીકે આજે ગુજરાત તો શું તેમને જાણનારા દેશપરદેશના અને દરીયાપારના લોકોય ઓળખે. આ લક્ષણ પ્રથમ પ્રગટ કરનાર એક પ્રસંગ : એટલે કીશોરવયે એક ડીબેટમાં રજુ થયેલા રમણના વીચારો :

રમણે કહ્યું : ‘ગીતા એટલે શું છે? મને તો કૃષ્ણના તમામ વીચારો કરતાંય પહેલા અધ્યાયમાં અર્જુને કરેલી દલીલો વધુ મુલ્યવાન અને સમજદારીભરી લાગે છે. હું તો એમ માનું છું કે ‘ગીતા’ તો લડાવી મારવાનો એક મોટો બોધ છે. અર્જુનની વાત શું ખોટી હતી? લડીને શો ફાયદો? લોહી રેડીને શો ફાયદો? ભલેને કૌરવો રાજ્ય કરતા!’ રમણે એ વખતે સૌ પ્રથમ પોતાના એ વીચારો એ રીતે રજુ કરીને, કૃષ્ણને ઉતરતા ચીતરી બતાવતાં બ્રાહ્મણો ગુસ્સે થયા. રમણને મારવા લીધો. રમણની જીન્દગીનો રૅશનલ વીચાર સૌ પ્રથમ આ રીતે રજુ થયો અને કસોટી પણ! (પન્દર–સોળ વર્ષની વયે)

*

## સુવર્ણચન્દ્રકનો અસ્વીકાર

અમદાવાદમાં, સાયન્સ એન્ડ કલ્ચરલ સોસાયટીના મુખ્ય અધીપતી શ્રી. રવજીભાઈ સાવલીયાનાં સુપુત્રીએ પોતાના લગ્નમાં પીતા તરફથી મળનાર ચૌદ તોલા સોનાનો અસ્વીકાર જાહેર કર્યો, અને એ ચૌદ તોલા સોનાના ચૌદ સુવર્ણચન્દ્રકો બનાવીને સમાજના જુદા જુદા ક્ષેત્રે કામ કરનારી ચૌદ વ્યક્તીઓને, તેઓની કામ કરવાની હોંશ અને ધગશ વધે એ ખાતર, કદરરુપે આપવો એવો નીર્ણય શ્રી. સાવલીયાએ કર્યો. એ વાતની રજુઆત કરીને કીર્તીબહેનના પીતા રવજીભાઈએ જણાવ્યું કે, 'રૅશનાલીઝમની પ્રવૃત્તીની કદરરુપે એ સુવર્ણચન્દ્રક સર્વપ્રથમ રમણ પાઠકને આપવો એવું અમે મોવડીઓ સાથે ચર્ચા કરીને નક્કી કર્યું છે.'

શ્રી. સાવલીયાનો નીર્ણય સૌએ હર્ષનાદ અને તાળીઓના ગડગડાટથી વધાવી લીધો. અને રમણ પાઠકે ચન્દ્રકનો અસ્વીકાર કર્યો!

પછી રમણ પાઠક પોતાનો પ્રતીભાવ આપવા ઉભા થયા. તેમને આનન્દ પણ થયો. આમ છતાં, આ ઉમ્મરે તેમને આવાં માન–સન્માન અને ચંદ્રક–ઍવૉર્ડોની જરુર નથી એમ કહીને, 'ચન્દ્રક મને આપવાને બદલે મારાથી નાની ઉમ્મરના જે લાયક લાગે એમને આપો કે જેથી તેમનો કામ કરવાનો ઉત્સાહ વધે–એવો આગ્રહ રાખ્યો. અને ચન્દ્રકનો અસ્વીકાર કર્યો!'

*

38

## કેટલાક જલદ અભીપ્રાયો

કડોદના નીવૃત્ત શીક્ષક અને પ્રખર, સક્રીય રૅશનાલીસ્ટ લેખકશ્રી એન. વી. ચાવડા લખે છે કે, 'રમણ પાઠકે મારું આખું જીવન પલટાવી નાખ્યું. મને પરમ આસ્તીકમાંથી નાસ્તીક બનાવી દીધો!' તેઓ કહે છે, રમણભાઈની કલમમાં જે સ્પષ્ટતા, વેધકતા, નીડરતા, સાહસીકતા અને તાર્કીકતા છે તે અન્યમાં જોવા મળ્યાં નથી. જ્યારે રમણભાઈને લાગ્યું કે સાચાં સુખ, શાન્તી, આનન્દ અને સુવ્યવસ્થા ભારતમાં ભારતીયોને મળે તેમ નથી, ત્યારે તેમણે બેધડકપણે લખ્યું કે, 'ભારતીયો, ભારત છોડીને પરદેશમાં જતા રહો! આ દેશમાં તમારું કોઈ ભવીષ્ય નથી.' મેરે દેશકી ધરતી સોના ઉગલે, ઉગલે હીરે મોતી, અને મેરા ભારત મહાન–ના નારા લગાવનારા આપણા દેશની ઘેટાંશાહી પદ્ધતી વચ્ચે, આવો ઉપદેશ આપતું નીડર મંતવ્ય સ્પષ્ટપણે કોણ વ્યક્ત કરી શકે?

'આપણી શાળા–કૉલેજો દસ વર્ષ માટે બન્ધ કરી દો!' આવું કલ્પનાતીત ક્રાન્તીકારી વીધાન કરવું એ જાણે રમણભાઈની વીશીષ્ટતા છે.

આપણી વડીલ પેઢી એનાં સન્તાનોને નાતજાત, દહેજપ્રથા, અન્ધશ્રદ્ધા, કુરીવાજ અને વ્યર્થ ક્રીયાકાંડોમાંથી મુક્ત કરવાને બદલે ફસાવવા લાગી છે, ત્યારે રમણભાઈએ યુવાનોને હાકલ કરી : 'માબાપોની આજ્ઞાઓ માનશો નહીં! પોતાની વીવેકબુદ્ધીને અનુસરો!'

હીન્દુ–મુસ્લીમ ઐકય માટે તેમણે આન્તરધર્મીય લગ્નો કરવાની હીમાયત કરી.

નપાવટ રાજકારણીઓ આ દેશમાં કદી શાન્તી, સ્થીરતા, સુવ્યવસ્થા સ્થાપી શકવાના નથી એવું લાગ્યું, એટલે ‘આ દેશનું સંચાલન વીશ્વ સરકારને સોંપી દેવું’, એ જ માત્ર ઉપાય છે એવું જલદ વીધાન પણ તેઓ કરે છે!

ધર્મના ઠેકેદારો છળી ઉઠે એવું સ્પષ્ટ સુચન રમણભાઈ પાઠકે કર્યું છે કે, ‘હવે આ દેશને મન્દીરોની જરુર નથી. મન્દીરોને બદલે સંડાસો બાંધો!’ – આવા લખાણથી આસ્તીકો ઉશ્કેરાયા; પણ બીજી બાજુ, ઉદારમના મોરારીબાપુએ આ અનુરોધને વધાવી લીધો, અને એમ શૌચાલયો માટે બારડોલીમાં એક ખાસ કથા યોજી : આજે તાલુકાનાં બાર ગામોમાં સુન્દર, વ્યવસ્થીત સંડાસ ખડાં છે!

વીવેકપુર્વકના મુક્ત, પરપાત્રીય જાતીય સમ્બન્ધોને રમણભાઈ ‘સંજીવની’ કહે છે. પરપાત્રીય સેક્સમૈત્રી મનુષ્યને સ્ફુર્તી, શક્તી અને નવજીવન બક્ષે છે એમ રમણભાઈ માને છે. હા, ઉભયની સમ્મતીથી જ.

ગુજરાતમાં રહેવા છતાં દારુબન્ધીનો તેઓ વારંવાર પોતાના લેખો દ્વારા વીરોધ કરતા રહ્યા છે. તેઓ માને છે : ‘દારુબન્ધી અનેક પ્રકારના ભ્રષ્ટાચારની, અનીષ્ટોની જનની છે. દારુબન્ધી એ મનુષ્યના વ્યક્તીસ્વાતન્ત્ર્ય પર સીધી તરાપ મારે છે...’ માનવ–અધીકારનો ભંગ છે!

રમણભાઈ કહે છે : ‘ધર્મ એક બાજુ ઉત્તમ સદુપદેશ આપે છે, જ્યારે બીજી બાજુ, એ જ ધર્મગ્રંથોનો વીરોધાભાસ આપણને બહુ જ અકળાવી જાય છે. જ્ઞાતીવાદ, વર્ણભેદ, બહુપત્નીત્વ. આતતાયીની હત્યા, સ્ત્રીજાતીનું હલકાપણું, સ્ત્રીનીન્દા, પશુબલી, નરબલી, અર્થહીન કર્મકાંડ અને બગાડ, વહેમો અને અન્ધશ્રદ્ધાઓ, સ્વર્ગ અને નરક, પાપ અને પુણ્ય, આત્મા અને પરમાત્મા, ભુત અને પ્રેત જેવી અસત્ય, આવી આવી અધમ તથા અસામાજીક બાબતોને ધર્મ જ પુરસ્કૃત કરે છે!’ ક્રીયાકાંડો ઉપર પ્રહાર કરતાં રમણ પાઠક લખે છે : ‘શ્રાદ્ધ અને પીંડદાન ધુર્ત બ્રાહ્મણોની યોજના છે. યજ્ઞો એ ધન–ધાન્યનો બગાડ છે. કથા–પારાયણો સમય

અને શક્તીનો બગાડ છે. જ્યોતીષ વીજ્ઞાન નહીં; પરન્તુ હાનીકારક પાખંડ છે. પેટભરા પંડીતોની પૈસા કમાવાની એ બધી તરકીબો છે.'

*

39

## દીનેશ પાંચાલ અને રમેશ મોદી

દીનેશ પાંચાલ લખે છે : 'રમણ પાઠકે અન્ધશ્રદ્ધા, વહેમ, કુરીવાજો વગેરેને 'રમણભ્રમણ'ની એરણ ઉપર મુકી વીચારોના એવા ઘણ માર્યા છે કે બોમ્બ ફુટે ને અમુક ચોરસ માઈલના એરીયાને છીન્નભીન્ન કરી નાખે, એમ સમાજના અસરગ્રસ્ત વીસ્તારોમાં સન્નાટો બોલાવી દીધો છે. એમના પ્રત્યેક શનીવારીય ધરતીકમ્પ એવા ધમાકેદાર રહ્યા છે કે જ્યોતીષીઓ, તાંત્રીકો, ધાર્મીકો, રુઢીચુસ્તો અને અન્ધશ્રદ્ધાળુઓના આખેઆખા એપાર્ટમેન્ટ હચમચી ગયા છે. રમણભાઈ પાઠકના આવા બોમ્બબ્લાસ્ટથી અકળાઈ ઉઠેલા અસન્તુષ્ટોએ વળી ભેગા મળી 'ગુજરાત મીત્ર'ની હોળી કરી. કેસો પણ થયા. પ્રેસનેય ધમકી મળી. પણ એ એકલવીર પુરી તાકાતથી ઝઝુમતો રહ્યો. પરીણામે રૅશનાલીઝમનો દીવડો હોલવાઈ જવાને બદલે એની વધુ ને વધુ દીવેટો સળગતી ગઈ.'ભક્તને કારણે ભગવાનનું સન્માન થયું' – એમ કહીને દીનેશ પાંચાલે આપણને એક સરસ માહીતી આપી છે : 'સુરતની સત્યશોધક સભાએ 'રમણભ્રમણ' કૉલમની સફળતા અને ઉપયોગીતાથી પ્રેરાઈને 'ગુજરાત મીત્ર'નું સન્માન કર્યું!

રમેશ મોદી 'સ્નેહસાગર' રમણભાઈનો તેમની પુત્રી સાથેનો વાત્સલ્યથી ભરેલો સ્નેહ અને દોહીતરાં તર્જની અને મલ્હાર માટેનું ઉષ્માપુર્ણ વાત્સલ્ય એટલે જાણે ઉત્સવનું જ અસ્તીત્વ–એમ કહીને પુરસ્કારે છે, ત્યારે છલોછલ પ્રેમથી રસતરબોળ એવા રમણભાઈનું આ બીજું રુપ સામે આવે છે.

**40**

## સ્નેહ–પ્રેમ – મહત્ત્વાકાંક્ષા અને સમ્પ્રાપ્તી – રમણપાઠક

હમણાં જ (એપ્રીલ – 2013) એવા જ એક સ્નેહીજન શ્રી. નરેશ જોશીએ મને વાત કહી, મારે માટે ખુબ સન્તર્પક તથા પ્રસન્નતાની વાત કે, ‘મામા, મેં જોયું, હું આપણા સ્વજનવર્તુળમાં ભરપુર ઘુમ્યો છું, તમારા સ્નેહીજનોની પણ અવારનવાર મુલાકાત થતી રહે છે. ક્યારેય, ક્યાંય તમારા વીરુદ્ધ યા તમારી ટીકારુપે એક શબ્દેય કોઈ વડે બોલાતો સાંભળવા મળ્યો નહીં! કોઈ જ એવું કહેનાર મળ્યું નહીં કે, ‘જવા દો, એસા... તો નાસ્તીક છે, અધર્મી છે, લાઈન બહારનો માણસ છે...’ બધા જ તમારે માટે આદર–અહોભાવથી યા કમસે કમ શુભ ભાવનાથી જ વાત કરતાં સાંભળવા મળ્યા...’ મેં જવાબમાં કહ્યું કે, બહુમતી પરીચીતો તથા લોકો તમારા વીચારને નહીં, વ્યવહારને જ ધ્યાનમાં લેછે.

આ દીર્ઘ જીવનમાં હું બીજું કંઈ જ કમાયો નથી, કદાચ અગાઉ પણ ઉલ્લેખી ગયો છું કે આજે અન્તકાળેય (2014) મારી પાસે દુન્યવી દોલત બીલકુલ જ નથી. : ન રોકડ, ન ઝવેરાત, ન જમીનજાગીર, અરે, જેમાં રહું છું, એ ઘર પણ મારું નથી! પણ એવી તમામ પ્રાપ્તીઓનું બરાબર, બલકે ચડીયાતું સાટું વાળી આપે એવો ભરપુર લોકોનો ભરપુર પ્રેમ મને મળ્યો છે. હું બાળપણમાં પ્રેમ–વાત્સલ્યથી દુઃખદ રીતે વંચીત રહ્યો, જે સારું જ થયું; કારણ કે પ્રેમનાં અભાવ–વંચનાએ મને પ્રેમઘેલો અને પ્રેમાળ બનાવ્યો. મારું અન્યો પ્રત્યે વ્યવહાર કરવાની નીતી તે પ્રેમની રીતી! મારે કોઈ શત્રુ નથી. હા, કોઈ મને શત્રુ માને તો હું લાચાર! બાકી મારી વ્યવહારની નીતીનો સીદ્ધાન્ત, કવી જયન્ત પાઠકની જ પેલી કવીતાની જાણીતી પંક્તીમાં વર્ણવું તો,

ભઈ, માણસ છે!

રેશનાલીઝમે મને આત્મનીરીક્ષણ–પરીક્ષણ કરતાં શીખવ્યું, અને એમ સારો ‘માણસ’ બનાવ્યો. માણસનો કોઈ ગંભીર–અગંભીર દોષ (યા અનુચીત કૃત્ય) મારા મનમાં વસતો જ નથી, કોઈ કદાચ કવચીત્ કંઈક ખોટું કરી જાય તોય, મારો તેના પ્રત્યેનો અભીગમ એ જ રહેવાનો કે, ‘હોય એ તો ભઈ, માણસ છે!’

અને મને કેવી અણધારી રીતે સુખદ, મંગલ અકસ્માતથી જ, અણધાર્યા ચમત્કારથી જ કાયમી તથા પ્રગાઢ પ્રેમ મળી જાય છે! એનો એક ચમત્કારીક પ્રસંગ વર્ણવું :

દસેક વર્ષ પુર્વે મને એક ધુન થઈ આવી : બસ, બાળપણમાં જોયેલાં તમામ સ્થળો એકવાર પુનઃ જોઈ લેવાં, અને જે બીલકુલ જોયાં જ ન હોય; છતાં નામ સાંભળીને હૈયામાં યાદગાર બની રહ્યાં હોય, એવાં સ્થળો પણ એકવાર સાક્ષાત્–જોઈ નાંખવા... આમેય અતીતરાગ (નોલેસ્ટેલ્જીયા) મારી ગંભીર માનસીક બીમારી છે. મારાં નવનવ ભાઈ–બહેનોની, અને ખાસ તો ભાઈ જયન્તી (કવી ડૉ.જયન્ત પાઠક)ની ચીર વીદાયે મારું સર્વસ્વ લુંટી લીધું, હું રંક, દુખીયારો બની ગયો, તેનું એક સૌથી પીડાદાયક પાસું તો એ કે, ભુતકાળને વીવીધ સન્દર્ભે વાગોળતી ગોષ્ઠી કરવા માટે આજે આ વીશાળ સંસારમાં મારે માટે એક પણ સ્થાન રહ્યું નથી! અમે બે ભાઈઓ ભેગા મળીએ અને ભુતકાળની જે અફલાતુન યાદો કાઢી, ખડખડાટ ‘અસહ્ય’ હસ્યા કરીએ, યા ખેદ અનુભવીએ, ત્યારે જોનારા તો તાજુબ થઈને જોયા જ કરતા...

હવે પ્રગાઢ તથા કાયમી પ્રેમપ્રાપ્તીનો પેલો પ્રસંગ વર્ણવું : એક અકલ્પનીય તથા અદભુત, મજેદાર અકસ્માત :

મારી ઉપર્યુક્ત ધુની યોજનાવશ હું બેત્રણ અઠવાડીયાં માટે કાલોલ (પંચમહાલ) જઈને રહ્યો. ને દરમીયાન, મેં એક દીવસ નરેશભાઈને કહ્યું કે, ‘મેં નાનપણથી જ, કોણ જાણે કેમ કશાક ખાસ રસપુર્વક જન્ત્રાલ ગામનું નામ સાંભળ્યું છે; પણ કદીયે એ જોયું નથી. તો ચાલો, એક દીવસ જન્ત્રાલ જઈ આવીએ! જો કે

ત્યાં હું કોઈને જ ઓળખતો નથી, એટલે ગામમાં ફક્ત 'અર્થહીન' એક ચક્કર મારીને પાછા આવી જઈશું!'... એમ જન્ત્રાલ પહોંચ્યા, ત્યાં વળી નરેશભાઈને યાદ આવ્યું કે, 'રાખો, હું અહીં એક કુટુમ્બને ઓળખું છું, તો એને મળી આવીએ!'

અમે એ લોકને ત્યાં ગયા, તો એક ભદ્ર મહીલા બપોરની શાન્ત નવરાશામાં બેઠાંબેઠાં ટીવી જોયા કરે. સ્વાભાવીક જ મારું વીના પરીચયે પણ ઉચીત સ્વાગત કર્યું. તેઓ વાતવાતમાં કહે, 'મારી દીકરીય કવીતા લખે છે... જરા જોઈ આપો, કેવી છે એ કહો!' મેં કહ્યું, 'અત્યારે તો મુશ્કેલ. પણ એને કવીતાઓ લઈને સુરત મોકલજો... મારા મોટાભાઈ જયન્ત પાઠક તો મોટા કવી છે. અમે એની રચનાઓ જોઈને જણાવીશું અને પ્રોત્સાહન યોગ્ય જણાશે તો માર્ગદર્શન પણ આપીશું.'

પછી તો એ સુપુત્રી, અર્થાત્ કવયીત્રી નીતા દવેનાં કાવ્યો અમે જોયાં, વાંચ્યાં અને ખુબખુબ ખુશ થયા – એ બાલા નીઃશંક પ્રતીભા સમ્પન્ન હતી – છે અને ખુબ સરસ કવીતા સર્જે છે. હમણાં જ એનો એક સત્ત્વવન્તો કાવ્યસંગ્રહ પ્રગટ્યો છે : જે આપણા સાહીત્ય સંગમે જ પ્રસીદ્ધ કર્યો છે : (પલળી ગયાં નખશીખ મોસમમાં) વળી આ કાવ્યસંગ્રહની તૈયારી તથા એના પ્રકાશનમાં મારી ઘણી જ સક્રીય સહાય રહી છે, એનો મને આનન્દ છે. પછી, અમારો સમ્બન્ધ આમ કેવળ સાહીત્યકીય જ રહ્યો નહીં, બલકે આજે અમારી વચ્ચે પુરું સ્નેહસભર સ્વજનત્વ પ્રગટ્યું છે.

પણ આ સુભગ–સુખદ અકસ્માતે મારો સ્નેહલ પરીચય કેવળ કવયીત્રી નીવા સાથે જ બન્ધાવ્યો એવું નથી, એનાં સમગ્ર કુટુમ્બીજનો મારા એકદમ નીકટનાં સ્નેહીજનો આજે તો બની રહ્યાં છેઃ કુટુમ્બના વડા શ્રી. પંકજભાઈ દવે (ચી.નીવાના પીતા), માતા ચી. સૌ. ભક્તી (ભગવતી), ભાઈ પપ્પુ સૌ. સ્વીટી વગેરે સર્વ : સાવ નીઃસ્વાર્થ સ્નેહપ્રેમ અને સ્વજનત્વ... એક રમણીય, ગોમા નદીકાંઠે વસેલું જન્ત્રાલ ગામ પણ મને ખુબ ગમી ગયું ને ત્યાં ભરપુર આનન્દ કર્યો.

આમ ઉત્તરાવસ્થામાં, અન્તકાળે જ કહો ને! હું સ્નેહ–પ્રેમ–મૈત્રીની મબલખ મુડી સાથે બાંધીને વીદાય લઈ રહ્યો છું, એનો મને પરમ પરીતોષ છે : બધાં જ સ્વજનો મને અન્તરથી ચાહે છે, મારી ફીકર ચીંતા કરે છે, ને કેટલી અદ્ભુત આનન્દઘટના! (ખુદ શ્રી. નરેશભાઈ–નન્દીનીબહેન પણ તેઓમાંના જ સ્નેહીજનો). આવાં તો અન્ય પણ સરસ–સુન્દર સ્નેહીજનો મને મળ્યાં છે. ઉપરાન્ત, મીત્રો! મીત્રોથી તો બસ, ધન્યધન્ય! રૅશનાલીઝમમાં લેખન–પ્રવૃત્તીએ તો મને અજોડ તથા અમુલ્ય દોસ્તો બક્ષ્યા : ખાસ કરીને સુરતની રૅશનાલીસ્ટ બીરાદર મંડળી. આજે તો વૃદ્ધાવસ્થાને કારણે અપંગ જેવા મને મીત્રોએ લગભગ ઉંચકીને ફેરવવો પડે છે; છતાં હજીય એ લોક કહે છે, ‘સર, તમારા વીના મહેફીલમાં મજા જ ન આવે!’ કેટલી મુલ્યવાન અંજલી હું જાણે એક સાથે જ ત્રીમુર્તી–ગુરુ, મીત્ર અને આશ્રીત બની રહ્યો છું. એનો મને અવર્ણનીય એવો અસીમ આનન્દ છે. કારણ કે, મારી મહત્ત્વાકાંક્ષા તથા સંપ્રાપ્તી બન્ને જીવનમાં ફક્ત આ એક જ : ફક્ત સ્નેહપ્રેમ! અને એથી જ આજે હું સમ્પુર્ણ રાજી, સન્તુષ્ટ છું.

*

અનુક્રમણીકા

41

## અધ્યાય – 8

## ઉપસંહાર

## (લાંબું જીવન : ટુંકો સંતોષ)

છેલ્લા લેખ નં. 12 સ્નેહ–પ્રેમ ઈ.'માં મે શ્રી. નરેશ જોશીના ઉદ્‌ગારો ટાંક્યા છે : 'મામા, મેં જોયું, ક્યાંય તમારી વીરુદ્ધ કે તમારી ટીકારુપે એક શબ્દેય કોઈ વડે બોલાતો સાંભળવા મળ્યો નહીં... ઈત્યાદી' એ વાંચતાં બે અક્ષર લખવાનું આવશ્યક લાગ્યું. એ જ અરસામાં વળી, શ્રી. વલ્લભભાઈ ઈટાલીયાની મુલાકાત થઈ : તેઓએ કહ્યું કે, 'મને કદીય કોઈના પર ક્રોધ આવતો નથી કે હું કદીય કોઈની સાથે ઝઘડ્યો નથી. એટલું જ નહીં, મારા વીરોધીને પણ હું જરુર પડ્યે મદદ કરું છું ઈત્યાદી.' ખરેખર એક ઉદાર, લાગણીશીલ તથા મધુરા મદદગાર સજ્જન તરીકે શ્રી. વલ્લભભાઈ સમાજમાં સર્વત્ર પ્રીય છે.

અત્રે અમારા બેના આવા પ્રશંશાત્મક દાખલા તો એટલા માટે ટાંક્યા કે અમે બન્ને પાકા (અગ્રગણ્ય) રૅશનાલીસ્ટો છીએ!

જ્યારે બીજી બાજુ, રૅશનાલીસ્ટો વીરુદ્ધ કપોળકલ્પીત (મનઘડન્ત) એવા આક્ષેપો થાય છે કે, રૅશનાલીસ્ટો કઠોર હૃદયના હોય, તેઓ લાગણીહીન હોય, અતડા અને અસામાજીક હોય–માટે જ આથી ઉલટું જે સત્ય છે, તે અત્રે પ્રગટ કરવા પ્રેરાયો છું : તો  બે શબ્દ રૅશનાલીઝમ ખરેખર શું છે, કેવું છે–એ યથાશક્તી ન્યાય ખાતર લખું :

તો, આ આક્ષેપો સદન્તર ખોટા છે એવું કેવળ હું નથી કહેતો, બીજા પ્રતીષ્ઠીત અને વીચારશીલ પુરુષો પણ કહે છે : દા.ત. આ જ પુસ્તકમાં ટાંકેલ વીખ્યાત લેખક–વીચારક શ્રી. ગુણવન્ત શાહનો અભીપ્રાય જુઓ : (પરીશીષ્ટ–3)

'રૅશનાલીસ્ટ લાગણીશુન્ય હોઈ શકે; પરન્તુ રમણભાઈ તો...લાગણીથી લથબથ એવાં રૅશનાલીસ્ટ છે.' (હાર્દીક આભાર, સ્નેહીશ્રી ગુણવન્તભાઈ!)

અત્રે મારે ઉમેરવાનું કે, રૅશનાલીસ્ટ સમાજ એ તો વૈશ્વીક મંડળ છે, અને એના સભ્યો આખરે તો માણસ છે, અર્થાત્ અમારોય 'માનવસમાજ' છે. એટલે એના સભ્યોમાં માનવ–સહજ તમામ પ્રકૃતીભેદ સંભવી શકે–હોય જ : મતલબ કે, કોઈ નમ્ર હોય, તો કોઈ ગર્વીલો હોય, કોઈ શાન્ત હોય તો વળી ક્રોધી હોય, કોઈ લાગણીથી લથબથ હોય તો વળી કોઈ કઠોર મનનો હોય, કોઈ સહનશીલ હોય તો કોઈ ઉગ્ર પણ હોય–ટૂંકમાં, ભઈ, માણસ છે!

એક તાજો દાખલો : એક સામયીકની–માસીકની આર્થીક ટહેલ વાંચીને, મેં એના તન્ત્રીશ્રીને ગણનાપાત્ર રકમ મદદરુપે મોકલી, જે 'ગણનાપાત્ર' એ અર્થમાં પણ કે મારા જેવા 'ગરીબ' માણસ માટે આમ તો ભાગ્યે જ શક્ય બને. જવાબમાં, સાભાર પહોંચરુપે તન્ત્રીશ્રીનો પત્ર આવ્યો, મને ભારોભાર ગાળ દેતો! કારણ કંઈક એવું કે હું બીજાને પણ કેમ મદદ કરું છું? તેઓના મતે કદાચ વધારે કરું છું. (હકીકતમાં) બબ્બે પત્રો આવ્યા!) એક રૅશનાલીસ્ટ મીત્ર આ પત્રો વાંચીને એટલા તો ગુસ્સે થયા, બોલ્યા, 'આવા માણસને મદદ કરવી જ ન જોઈએ! પાછી મંગાવી લો! સા...ને ઉગ્ર, ગરમાગરમ પત્ર પાઠવીને, સીધો કરી નાખો ને! ઈ.' પણ માનશો? મને જરાય રોષ ચઢ્યો નથી. સદ્‌ભાગ્યે મને મનોવીજ્ઞાનનોય ઠીકઠીક અભ્યાસ છે, એટલે એનું માનસ હું સમજી, કળી શકુ છું, મેં આખી ઘટનાને સમ્પુર્ણ સ્વસ્થ, શાન્ત ચીત્તે હસી જ કાઢી! એ પણ મને રૅશનાલીઝમે જ શીખવ્યું છે. મારા મનમાં કોઈનાય પ્રત્યે 'વીરોધ' નથી.

ભાઈ નરેશ જોશીના ખુદના આ અહોભાવી ઉદ્‌ગાર બાબતેય થોડું જાણવા જેવું છે :

વર્ષો પુર્વે જવાનીના પ્રારંભે, હું મુખ્યત્વે કાલોલમાં રહેતો. ત્યારે એક રીવાજ હતો : રાત્રે જમ્યા પછી બજારમાં પાન ખાવા જવાનો ! અત્રે આશ્ચર્યચીહ્ન તો એટલા માટે કે અમે મોટાભાગના મીત્રો ખરેખર પાન ખાવા નહીં; પણ છાનાછુપા સીગરેટ–બીડી ફુંકવા જતા;કારણ કે ઘરમાં વડીલોની આમાન્યા નડે. દાયકાઓ બાદ, હું કાલોલ ગયો, ત્યારેય આશ્ચર્ય એ રીવાજ હજી ચાલુ જ ! તદનુસાર, અમે રાત્રે પાન ખાવા નીકળ્યા. ત્યારે એક અજાણ્યો યુવાન આગળ પડીને બધી સરભરા યોજવા લાગ્યો ને પૈસાય ચુકવી દેતો. મને કુતુહલ થતાં, પુછ્યું ને જાણ્યું કે, એ તો હતા શ્રી. નરેશ સુરેશચન્દ્ર જોશી – મામલતદાર. હા, વીદ્યાર્થીકાળમાં સુરેશ મારો મીત્ર, પણ પછી વધુ કાંઈ જ જાણું નહીં, એટલે મને આનન્દ થયો. પણ વધુ આનન્દ તો ત્યારે થયો કે જ્યારે જાણ્યું કે, આ નરેશ જોશી તો મારા લેખન–ચીન્તનથી આકર્ષીત–પ્રભાવીત છે, એમને રૅશનાલીઝમ પ્રતી લગાવ છે... 'મામા', એવું સમ્બોધન પણ તેઓની જ મૌલીક શોધ છે.બાકી એવા કોઈ સામાજીક સમ્બન્ધ પણ નથી અને પછી તો તેઓ ગાઢ સ્નેહીજન–પ્રેમીજન બની ગયા. અરે, એ તો ઠીક, તેઓનાં શ્રીમતીજી નન્દીનીબહેન તો પાકાં આસ્તીક, ધાર્મીક અને સામાજીક! તેઓએ પણ મને એટલી જ આત્મીયતાથી આવકાર્યો, બાળકો તો મને ચાહે જ! કારણ કે હું 'બાળઘેલો' છું. આજેય નરેશભાઈ અને નન્દીનીબહેન એટલો જ પ્રેમભાવ રાખે છે, મારું સાહીત્ય પ્રેમથી વાંચે છે : નોંધપાત્ર હકીકત તો એ કે, મારા વીચારોથી તેઓ મારા પ્રત્યે જરાય અણગમો દાખવતાં નથી. એજ રીતે, મારાં સર્વ સ્વજનો મારા પ્રત્યે એટલાં જ વ્હાલસોયાં છે. કોઈનેય મારા નાસ્તીક–બંડખોર વીચારો બાબત કશો જ વાંધો નથી.

એવું જ મારા સ્નેહીવર્તુળ તથા મીત્રમંડળનું પણ છે. દા.ત. ભાઈ ધનસુખ ઢીમર; જે મારી વર્તમાન સર્વ પ્રવૃત્તીમાં જમણો હાથ છે, તેઓ ખરેખર રૅશનાલીસ્ટ છે; પણ એમની શ્રીમતી ધર્મીષ્ઠાનું શું? ભાઈ, ધનસુખ તો મારો છેક ચીખલીનો વીદ્યાર્થી મીત્ર, પણ ધર્મીષ્ઠા તો વર્ષો બાદ લગ્ન દ્વારા એની જીવનસાથી બની. વધુમાં, એ તો પુરેપુરી ધાર્મીક ગૃહીણી છે. અને છતાં, મારા પ્રત્યે એનો પણ એટલો જ આત્મીય ભાવ છે, એવી જ લાગણી છે. આપણા સમાજમાં બહેનો તો આમેય ભાગ્યે

જ રૅશનાલીસ્ટ–વીવેકબુદ્ધીવાદી જોવા મળે છે. છતાં એકન્દરે બૃહદ્ સમાજમાં પણ મારા પ્રત્યે બહેનોની ઉદાર લાગણી જ માણવા મળે છે. રૅશાલીસ્ટ કે નાસ્તીક હોવાને કારણે તો કમસે કમ કોઈએ જ મને તીરસ્કાર્યો નથી.

માટે રૅશનાલીસ્ટ બનીએ તો સમાજ આપણને તીરસ્કારે, નફરત કરે ને ન્યાત બહાર મુકે, એવો જ એક અભીપ્રાય કે આક્ષેપ પ્રવર્તમાન છે, એ પણ મુળભુત રીતે અસત્યમુલક છે. આપણો સમાજ વૈચારીક દૃષ્ટીએ ખુબ જ ઉદાર છે; જે આનન્દઘટના છે, અભીનન્દનીય અવસ્થા છે, સમાજને મારી નમ્ર વીનન્તી કે, આવી પ્રગતીશીલ ઉદારતા તથા સહીષ્ણુતા છોડીને કટ્ટરતા અને સંકુચીતતાને કૃપા કરીને પુનઃ સમાજમાં ને ચીત્તમાં પ્રવેશવા ન જ દેશો! દુનીયા ખુબ આગળ વધી છે, ત્યારે આપણે રખે ને પછાત રહી જઈએ–બની રહીએ! બીજાના દાખલો અનુસરો તો પશ્ચીમી સમાજો તરફ જ મીટ માંડજો અને કટ્ટરતાને જરાય પ્રવેશવા ન દેજો!

અને અન્તમાં, રૅશનાલીસ્ટોની સુકુમાર લાગણીશીલતાનો એક તાજો જ પ્રસંગ ટાંકીને વીરમું : હું સ્વેચ્છામૃત્યુમાં, એક રૅશનાલીસ્ટ તરીકે માનું, અને હવે 92 થયાં એટલે સક્રીય વીચાર પણ પ્રસંગોપાત વ્યક્ત કરું: ત્યારે હમણાં તા. 24–01–2014ના રોજ મળેલા અમારા સ્નેહમીલનમાં રૅશનાલીસ્ટ મીત્રોએ મને જીવાડવાનો જે વીવીધ રાહતકારક ઉપાયો વીચાર્યા, એ સાંભળતાં હું તો ધન્ય ધન્ય થઈ ગયો. આમેય રૅશનાલીસ્ટ બીરાદરી–છેક મુમ્બઈથી સૌરાષ્ટ્ર સુધી–ગજબની લાગણીબદ્ધ છે. એ ખુબ આનન્દની અભીનન્દનીય હકીકત છે, ખરેખર મોટી સીદ્ધી છે. સ્નેહ મીલનમાં તો સુરતના અમુક જ મીત્રો હતા : સર્વશ્રી વલ્લભભાઈ ઈટાલીયા, છગન બરવાળીયા, બાબુભાઈ દેસાઈ, પ્રેમ સુમેસરા, વીજય ભગત, સંજય ઢીમર, ગુણવંત ચૌધરી વગેરે; પરન્તુ અન્ય સુરતી રૅશનાલીસ્ટો મીત્રો પણ એટલી જ લાગણી રાખે છે, જેઓ છે. સર્વશ્રી ડૉ. બી. એ. પરીખ, સુર્યકાંત શાહ, સીદ્ધાર્થ દેગામી, ઘડીઆસાહેબ, રાજુલ દેસાઈ, અર્ચનાબહેન, ઉત્તમ + મધુ(ગજ્જર), કાકડીયાસાહેબ, ખીમજીભાઈ વગેરે... કોઈનાં નામ ભુલાયાં હોય તો ક્ષમાયાચના!

રૅશનાલીઝમ વીરુદ્ધની કેટલીક ગેરમાન્યતાઓની સ્પષ્ટતા કરી, વાસ્તવીકતાની યથાશક્ય ઝલક પ્રસ્તુત કરવા જ આ પ્રકરણ (ઉપસંહાર) લખું છું...જીવન ખુબ લાંબું ગુજર્યું. પ્રમાણમાં કામ ઓછું થયું, મહેચ્છા મુજબની લોકસેવા સંજોગવશાત્ ન જ કરી શક્યો, એટલો અસંતોષ અવશ્ય ડંખે છે. છતાં રૅશનાલીઝમ ક્ષેત્રે – જે પણ એક મહત્ત્વની માનવસેવા છે – થોડું સારું કામ કરી શક્યો, એનો ઠીક ઠીક સન્તોષેય છે. માટે જ 'લાંબુ જીવન : ટૂંકો સંતોષ'ની આ કથા વ્યક્ત કરી વીરમું... કોઈને ગમે યા કોઈને ઉપયોગી પ્રતીત થાય, તો કૃતકૃત્ય થઈશ.

*

અનુક્રમણીકા

પરીશીષ્ટ – 1

# મોરારીબાપુનો રાજીપો અને મહુવા આવવાની વીનન્તી

||રામ||

આદરણીય વડીલ શ્રી. રમણલાલ બાપા (પાઠક)

પ્રણામ ! જય સીયારામ !

બે દીવસ પહેલાં–મુમ્બઈથી લંડન–અમેરીકા જવા રવાના થયો, ત્યારે મુમ્બઈ આપણા વીનુભાઈ મહેતાએ કહ્યું કે, રમણબાપાનો એક લેખ વાંચ્યો, જેમાં વીચાર રજુ થયો કે, સમાજ આ મુક્તી, તે મુક્તી–વગેરે વગેરે કહેતો રહે છે, પરન્તુ સૌથી શ્રેષ્ઠ તો છે, 'દમ્ભમુક્તી'. આપે આ દમ્ભમુક્તીની જે વાત કહી એ એટલી ગમી અને સ્પર્શી ગઈ કે મને થયું, હું મારો રાજીપો લખું. આ પત્ર લંડનથી લખી રહ્યો છું. પત્ર લખવાની બહુ આદત ન હોવાથી ભાષાદોષ કે કાંઈ પણ ચુક હોય એને ક્ષમ્ય ગણશો. મળવાનો યોગ થશે ત્યારે મળીશ.

આપની વીવેકબુદ્ધી સાથે–સાથે વ્યવહારુ વીનોદ–બુદ્ધી પણ આનન્દ આપી જાય છે.

આપનું સ્વાસ્થ્ય સારું હશે. અનુકુળ હોય ત્યારે આપે મહુવા આવવાનું છે, વીનન્તી છે, જેથી અમને સૌને વીશેષ લાભ મળે. પુનઃ મારી પ્રસન્નતા અને રામ –સ્મરણ સાથે,

–મોરારીબાપુ

'કૈલાશ', મહુવા (હાલ લંડન)

તા. 23–6–2002

જીન્હકે કપટ, દમ્ભ નહીં માયા ।
તીન્હકે હૃદય બસહુ રઘુરાયા ॥

(રામચરીતમાનસ)

43

પરીશીષ્ટ– 2

## સત્યના ઉપાસક

જીવની સર્વ ગતી અને પ્રવૃત્તીને તર્કસંગત બનાવવાનો પ્રૉફેસર રમણભાઈ પાઠકનો આગ્રહ અને તે વીશે તેમની નીષ્ઠા તેમને માટે આદર ઉપજાવે છે. તેઓ જીવનમુલ્યો નવેસરથી શોધે છે. વૈચારીક ટેવો અને સામાજીક પરમ્પરાઓ વારંવાર માંજવી જોઈએ, નહીં તો એ કટાઈ જાય અને લાભ કરતા હાની વીશેષ કરે.

પ્રૉફેસર રમણભાઈ પાઠક સ્વતન્ત્ર દૃષ્ટીના વીદ્વાન, વીવેચક અને પ્રાધ્યાપક છે. ભારતીય પરમ્પરામાં સ્વતન્ત્ર પ્રકાશમય વીચાર–અભીગમને વેદના સમયથી સ્થાન મળ્યું છે, નહીં તો ગાયત્રી મન્ત્રનો આટલો મહીમા ન હોત. ઋતસ્ય ધીતીઃ વૃજીનાની હન્તી । સત્યની ઉપાસના અજ્ઞાન તથા પાપનો નાશ કરે છે.

–સાક્ષરવર્ય વીષ્ણુપ્રસાદ ર. ત્રીવેદી

*

44

પરીશીષ્ટ – 3

## આવારા મસીહા

કોઈ બાબતે પ્રતીભાવ આપતી વખતે સંવાદ–વીવાદ પણ સર્જાતા. બન્ને પક્ષે વીવેક જળવાતો; કારણ કે આદરને ગોબો નહોતો પડ્યો. આવા માનવીય ચમત્કારનો વધારે જશ રમણભાઈને ફાળે જાય છે. આવી હાર માટે હું ધન્યતા અનુભવું છું.

રૅશનાલીસ્ટ લાગણીશુન્ય હોઈ શકે; પરન્તુ રમણભાઈ તો અનોખી માટીના રૅશનાલીસ્ટ છે. તેઓ લાગણીથી લથપથ એવા રૅશનાલીસ્ટ છે. જો તેઓ ઈશ્વરમાં શ્રદ્ધા ધરાવતા હોત તો ભક્તીમાં ડુબી ગયા હોત. 'ગુજરાતમીત્ર'ની કટાર દ્વારા ખોખલી ધાર્મીકતા, અન્ધશ્રદ્ધા, વહેમ અને ચમત્કાર સામે લગભગ નર્મદની અદાથી જે ઝુંબેશ ચલાવી તેને પરીણામે એક યુનીવર્સીટી કરી શકે તેટલું વ્યાપક કામ થયું. જ્યાં દમ્ભમુલક ધાર્મીકતાની બોલબાલા હોય ત્યાં એમની કલમ શાંત રહી જ ન શકે.

–ગુણવન્ત શાહ

*

## 45

પરીશીષ્ટ – 4

## માનપત્ર

આજનો દીવસ હાલોલ નગરી માટે ખરેખર એક પરમ સૌભાગ્યનો દીવસ છે; કેમ કે આજે આપ અમારા હાલોલનગરને આંગણે પધારો છો, આશરે અર્ધી સદીના અન્તર પછી! અને હાલોલનગર માત્ર અમારું જ કેમ કહી શકાય? આપનુંય ખરુંસ્તો! આપ પાઠકબન્ધુઓ અમારી હાલોલ હાઈસ્કુલમાં એક વાર એક સાથે જ શીક્ષકો હતા, એટલે હાલોલ તો આપણા સૌનું સહીયારું જ ગણાય. એટલે આજે આપણા જ હાલોલનગરમાં આપનું સ્વાગત કરતાં અમે સૌ હાલોલવાસીઓ સ્વાભાવીક રીતે જ આનન્દ–ઉમળકો અનુભવીએ છીએ.

અમને યાદ છે કે જયારે આપ આ હાઈ સ્કુલમાંથી છુટા થયા, ત્યારે આ નગરે આપને અશ્રુવીભોર વીદાય આપી હતી. આજે આપને પુનઃ અહીં જોતાં એવાં જ આંખોમાં આંસુ છે, પણ તે હરખભાવના છે.

આપની કારકીર્દીનો પ્રારમ્ભ કદાચ હાલોલથી થયો છે, અહીં જ એના પાયા નખાયા છે, પછી એમાંથી જે હવેલીનું સર્જન થયું છે તેને આજે અહીં બધાની વચ્ચે ઉભેલી જોતાં અમારા આનન્દનો પાર નથી.

હાલોલનગરી આ પુર્વાંચલથી વડોદરા – સુરત – મુમ્બઈના માર્ગે નીકળી જવા માટે જાણે ઉમ્બર જેવી છે. આ વનાંચલમાંથી, આ ગોમાકરડ – પાવાગઢમાંથી શુંય બીજ જેવું લઈને આપશ્રી એક દીવસ હાલોલ છોડીને પશ્ચીમમાં નીકળી ગયા કે આજે અર્ધી સદી પછી પુનઃ આવતાં, આ નાના ઘરના પ્રવેશદ્વારે જાણે માતા નથી. આ પંથકમાંથી જ કશીક કુશાગ્ર બુદ્ધીમતાનાં બીજ લઈને આપ વીશાળ વીશ્વમાં નીકળી ગયા, જેથી આપ એકી સાથે સાહીત્યમાં એક કુશાગ્ર કલાના સર્જક સાહીત્યકાર અને એવા જ કુશાગ્ર બુદ્ધીના સુધારક–ચીન્તકરુપે વીકસી, સાર્થક વૃક્ષ સમા બન્યા છો!

તીક્ષ્ણ બુદ્ધીને કારણે વીદ્યાભ્યાસમાં સદાય તેજસ્વી રહ્યા ને મહાનગરોમાં પત્રકારત્વ ક્ષેત્રે, આકાશવાણીમાં ન્યુઝ–એનાઉન્સર તરીકે ને કૉલેજોમાં પ્રાધ્યાપકી કરી, છેવટે હાલ સુરત મહાનગરમાં સેવાનીવૃત્ત જીવન ગાળી રહ્યા છો. પણ વીશાળ વીશ્વભ્રમણને કારણે જે જીવનદષ્ટી સાંપડી તેને કારણે જીવનની ઘણીબધી ગ્રંથીઓથી મુક્ત એવા ખુલ્લા દીલના બની કારુણીક, સામાજીક, બુદ્ધીપ્રવીણ સદ્ગૃહસ્થ તરીકે, નર્મદનગરીમાં જ નર્મદના સુવીક્સીત એવા ઉત્તરાધીકારીરુપે પ્રવૃત્ત થયા છો. સુરતના લબ્ધપ્રતીષ્ઠ અખબાર ‘ગુજરાતમીત્ર’માંની આપની ‘રમણભ્રમણ’ કટાર, વીસમી સદીના ઉત્તરાર્ધની સુધારાવીષયક સૌથી સશકત, ‘દાંડીયો’ પછીની સર્વોત્તમ સુરતસ્થ કટાર છે એમ કહેવામાં અત્યુક્તી નથી.

દલીત–શોષીત પ્રત્યે સ્વંયભુ અપાર હમદર્દી, અજ્ઞાન, વહેમ, અન્યાયપ્રત્યે અત્યુગ્ર અમર્ષ આપને ઘડીકમાં બુદ્ધ જેવા, તો ઘડીકમાં જીવનનો સર્વથા સ્વીકાર કરતા ચાર્વાક જેવા સ્થાપે છે. પાવાગઢ પંથકના વનબીજનો એ વીકાસ હશે એમ

ગણીએ તો એનો પાયાનો યશ હાલોલને ફાળે જ આવે અને એથી હાલોલ આજે પરમ ગૌરવ અને ધન્યતા અનુભવે છે.

પ્રભુ (પ્રભુમાં તો આપને શ્રદ્ધા જ ક્યાં છે? છતાંય) આપને માનવ અને સત્યની સેવા માટે નીરામય સુદીર્ઘ આયુષ્ય આપે એવી શુભકામના (પ્રાર્થનામાં પણ આપને શ્રદ્ધા જ કયાં છે?) વ્યક્ત કરી વીરમીએ છીએ.

| | |
|---|---|
| હાલોલ<br>તા. 16–5–'93 | અમે છીએ,<br>આપના ભુતપુર્વ વીદ્યાર્થીઓ |

*

**46**

પરીશીષ્ટ – 5

## જીવન–ઝલક (સાલવારી)

| | | |
|---|---|---|
| 30–07–1922 | : | જન્મ |
| જુન, 1934 | : | પોતાના વતનના ગામ રાજગઢ (ગોઠ)માં પ્રાથમીક શીક્ષણ પુરું કર્યું. |
| જુન, 1935 | : | કાલોલ ગુજરાતી નીશાળમાંથી વ.ફા. પરીક્ષા પાસ કરી. |
| જુન, 1936 | : | ગોધરાની ન્યુ હાઈસ્કુલમાંથી એક વર્ષમાં ત્રણ અંગ્રેજી ધોરણ પાસ કર્યા. |
| જુન, 1940 | : | કાલોલ (પંચમહાલ)ની એમ. જી. એસ. હાઈસ્કુલમાંથી મેટ્રીક પરીક્ષા પસાર. |
| ઑગસ્ટ, 1942–43 | : | સ્વાતન્ત્ર્ય–આંદોલનને કારણે એક વર્ષ ભણવાનું છોડી, પછીથી દેવગઢ બારીયામાં પ્રાથમીક શીક્ષક, છએક માસ માટે, બન્યા. |
| જુન, 1945 | : | બી.એ. (મુમ્બઈયુનીવર્સીટી) થયા. |

| | | |
|---|---|---|
| જુન, 1945થી | : | દાહોદ, હાલોલ, ગુરુકુળ સુપા વગેરે સંસ્થાઓમાં માધ્યમીક શીક્ષક. |
| જુલાઈ, 1948 | : | મુમ્બઈના 'હીન્દુસ્તાન' દૈનીકમાં જોડાઈ, પત્રકાર બન્યા. |
| જુન, 1950 | : | ઑલ ઈન્ડીયા રેડીયો ન્યુ દીલ્હીમાં, ગુજરાતીના ન્યુઝ–એનાઉન્સર. |
| નવેમ્બર, 1950 | : | સરોજ પાઠક સાથે, દીલ્હીની કોર્ટમાં, આન્તરજ્ઞાતીય પ્રેમલગ્ન. |
| જુલાઈ, 1957 | : | રેડીયો છોડી, સોવીયેત એલચી કચેરીના માહીતી વીભાગ – (સોવીયત દેશ)માં, ગુજરાતી બુલેટીનના મુખ્ય સમ્પાદક તરીકે જોડાયા. ત્યાંથી મુમ્બઈ બદલી થઈ. |
| ફેબ્રુઆરી, 1960 | : | સોવીયેત માહીતી વીભાગની નોકરી છોડી, 'જન્મભુમી' દૈનીકમાં જોડાયા. |
| મે, 1960 | : | 'જન્મભુમી' છોડ્યું, મુમ્બઈ છોડ્યું. |
| જુન, 1960 | : | આડત્રીસ વર્ષની વયે, પુનઃ એમ. ટી. બી. કૉલેજ – સુરતમાં જ ભણવા બેઠા. (એમ.એ. થઈ પ્રાધ્યાપક થવાના ધ્યેય સાથે!) |

| | | |
|---|---|---|
| જુન, 1962 | : | સુવર્ણચન્દ્રક સાથે એમ.એ. પાસ. રાજપીપળા કૉલેજમાં ગુજરાતીના પ્રાધ્યાપક બન્યા. |
| જુન, 1963 | : | બારડોલી કૉલેજમાં જોડાયા. (ગુજરાતી વીષયના હેડ ઑફ ધ ડીપાર્ટમેન્ટ) |
| જુન, 1971 | : | બારડોલી છોડી, સંખેડા કૉલેજમાં પ્રાધ્યાપક. |
| જુન, 1972 | : | સંખેડા છોડી ચીખલી કૉલેજમાં પ્રાધ્યાપક. |
| જાન્યુઆરી, 1976 | : | ‘ગુજરાતમીત્ર’ દૈનીકમાં ‘રમણભ્રમણ’ કટારનો આરંભ (જે અદ્યાપી ચાલુ જ છે (2014). |
| જુલાઈ, 1976 | : | પ્રથમ અમેરીકા–પ્રવાસ (ત્રણ માસ માટે) |
| જુલાઈ, 1982 | : | સાઠ વર્ષની વય પુરી થતાં નીવૃત્ત |
| 01–08–1982 | : | ચીખલી છોડી, સુરત આવી રહ્યા, ચી. શર્વરી (પુત્રીના) ઘરસંસારમાં મદદરુપ થવા. |

| | | |
|---|---|---|
| ઓકટો. 1982 | : | ચીખલી ગામે ષષ્ટીપુર્તી તથા વીદાય સમારમ્ભ ભવ્ય રીતે ઉજવ્યો. (સર્વશ્રી ગુલાબદાસ બ્રોકર, યશવન્ત શુકલ, ચન્દ્રવદન મહેતા તથા રમણલાલ જોશીની ઉપસ્થીતીમાં). |
| 16–4–1989 | : | સરોજ પાઠકનું અવસાન. |
| ઑગસ્ટ, 1990 | : | બીજી વારનો અમેરીકા – પ્રવાસ (ત્રણ માસ માટે) ઈંગ્લૅન્ડ સહીત. |
| જુન, 1995 | : | સુરત છોડી, બારડોલી વસ્યા, જ્યાં હાલ તેઓ વસે છે. |
| 1996 | : | ‘સમકાલીન’માં વીચારક્રાન્તી જગાવનાર કટાર ‘સંશયની સાધના’નો આરમ્ભ. |
| 1997 | : | પંચોતેર વર્ષ પુર્ણ કર્યાં, એ નીમીત્તે ‘અમૃત્ત મહોત્સવ સમીતી’ સુરત – બારડોલીએ વીવીધ કાર્યક્રમો યોજ્યા. ‘રમણભ્રમણ’ ચન્દ્રકની સ્થાપના. |
| 2012 | : | રમણ પાઠક વ્યાખ્યાનમાળાનો પ્રારંભ. (આજેય પ્રવૃત્ત જ છે. 2014) |
| 12–03–2015 | : | અવસાન |

*

અનુક્રમણીકા

પરીશીષ્ટ – 6

## રમણ પાઠક ‘વાચસ્પતી’નું લેખન–સર્જન–ચીન્તન

| | | |
|---|---|---|
| વાર્તાસંગ્રહ | : | સબસે ઉંચી પ્રેમસગાઈ, પ્રીત બંધાણી, અકસ્માતના આકાર, વાચસ્પતીની શ્રેષ્ઠ વાર્તાઓ. |
| નવલકથા | : | ઓથાર. |
| હાસ્યસંગ્રહ | : | વ્યંગવાઙમય, હાસ્યલોક (જયોતીન્દ્ર દવે પારીતોષીક વીજેતા), હાસ્યોપનીષદ્, હાસ્યરમણા, વાચસ્પતીની વ્યંગ્યવાચા, રમણપાઠકની શ્રેષ્ઠ હાસ્યરચનાઓ. |
| વીવેચન | : | વાર્તાવીલોક, શબ્દનો સંગ, ડૉ. કેશુભાઈની નવ નવલકથાઓ. |
| ચીન્તનાત્મક નીબન્ધસંગ્રહો | : | રમણભ્રમણ, પ્રતીકાર, આંસુ અનરાધાર, આક્રોશ, પ્રકોપ, પડકાર, સત્યપ્રકાશ, સત્યપ્રમાણ, સત્યદર્શન, વીચારવીવેક, વીચારમાધુરી, વીચારદર્શન, ચીન્તનદર્શન, જીવનદર્શન, મનનદર્શન, ઉંડા અન્ધારેથી, સ્વપ્નસંકેત, મધુપર્ક (સંપાદક : રજનીકુમાર પંડ્યા), સંશયની સાધના, આનન્દની આરાધના, વીવેકનો વૈભવ (વી. ર. ત્રીવેદી પારીતોષીક વીજેતા), આચારી સબ જગ મીલા |

(સંકલન), ઉજાસનાં એંધાણ, રૅશનાલીઝમની રાહે, રૅશનાલીઝમના રંગ, નીબન્ધલોક (લલીત નીબન્ધો), વીવેક–વલ્લભ, વીવેકવીજય વગેરે.

| | | |
|---|---|---|
| જીવનકથા | : | અતીતના આયનાની આરપાર. |
| આત્મકથા | : | આત્મઝરમર |
| સેક્સ | : | કામકલા–કામવીજ્ઞાન. |
| સમ્પાદન | : | રજનીકુમાર પંડ્યાની શ્રેષ્ઠ વાર્તાઓ, નીજાનન્દે હમ્મેશાં રામ (લક્ષ્મીરામ પાઠકનો કાવ્ય સંગ્રહ), સરોજ પાઠકની શ્રેષ્ઠ વાર્તાઓ (દી. જાડેજા સાથે), સરોજ પાઠકની પ્રતીનીધી વાર્તાઓ (ભારતી રાણે સાથે), ગની દહીંવાલાનાં કાવ્યો (સરોજ પાઠક સાથે), રમણભાઈ નીલકંઠની શ્રેષ્ઠ હાસ્ય રચનાઓ, ભગવતીકુમાર શર્માની શ્રેષ્ઠ હાસ્ય રચનાઓ. |
| અનુવાદ | : | ટોકીયોથી ઈમ્ફાલ, ધીરે વહે છે દોન – ભાગ–2 (સોવીયેત લેન્ડ નહેરુ પારીતોષીક વીજેતા), ચેખોવની શ્રેષ્ઠ વાર્તાઓ (ડૉ. જયન્ત પાઠક સાથે), હું કેમ નીરીશ્વરવાદી છું ? – (ભગતસીંહ), મનમહાસાગરની તરંગલીલા (એરીક હોફરનાં સુવાક્યો). |
| ભાષાવીજ્ઞાન | : | ભાષાસીદ્ધાન્તસાર, ગુજરાતી લીપી અને જોડણી. |

ઈતર : રમણલોક (ષષ્ટીપુર્તી પ્રકાશન), રમણીયમ્ (અમૃત–મહોત્સવ પ્રસંગે, સમ્પાદક : રજનીકુમાર પંડ્યા), સામા પુરનો તરવૈયો (જીવનઝલક લેખક : જમનાદાસ કોટેચા), સરોજ પાઠક (ગુજરાતી સાહીત્યેર ઉપેક્ષીતા).

*

અનુક્રમણીકા

**48**

## ૯૨ વર્ષે પણ તેજીલા તોખાર : પ્રા. રમણભાઈ પાઠક 'વાચસ્પતિ'

પ્રા. શ્રી રમણ પાઠકનો મુખ્ય પરિચય જેટલો નિરીશ્વરવાદી સુધારક તરીકેનો છે તેટલો જ સાહિત્યકાર, સુધારક, ચિંતક, લેખક, વિવેચક તરીકેનો પણ છે. સાહિત્યનાં બધાં સ્વરૂપોમાં રમણભાઈની કલમ બખૂબી ઘૂમે છે. એમાં નર્મ કટાક્ષ અને મીઠું હાસ્ય પણ આવી જાય. 'સેક્સ' સહિત વિવિધ સ્વરૂપોમાં તેઓનાં કુલ સિત્તેરથી વધુ પુસ્તકો પ્રગટ થયાં છે.

'વાચા'ને નામે એમના જેવાં સરળ, આખાબોલાં, ગુજરાતી સાહિત્યનાં ટોચનાં વાર્તાકાર સ્વ. સરોજબહેન પાઠક જેવાં પત્ની પામીને એમને અંજલિરૂપ જ કદાચ એમણે 'વાચસ્પતિ' ઉપનામ રાખ્યું હશે. એમણે એમના એક પુસ્તક 'વાચસ્પતિની વ્યંગ્ય વાચા'માં વાચા શબ્દ ઉમેર્યો હતો. એ ભલે વાણીના ભાવે હોય, આપણને સરોજબહેનનું મીઠું સ્મરણ પણ કરાવે છે. રમણભાઈ ખરેખર 'વાચસ્પતિ' છે !

વાચન, વિજ્ઞાન, ચિંતન, પ્રવાસ, લેખન એમના રસના વિષયો છે. ગુજરાતીમાં પ્રથમ નંબરે, સુવર્ણચંદ્રક મેળવીને એમ.એ. થયેલા રમણભાઈ આખેઆખા સાહિત્યના જીવ છે.

તા. ૩૦-૭-૧૯૨૨ એમનો જન્મદિવસ. પંચમહાલ જિલ્લાના પહાડી વનપ્રદેશમાં આવેલું રાજગઢ ગામ, જે આજે તો ગોઠના નામે જ ઓળખાય છે, તેવા નાનકડા ગામમાં મોટાભાઈ સુપ્રસિદ્ધ કવિ સ્વ. શ્રી જયંતભાઈ પાઠક સાથે બાળપણ વીત્યું. કુલ ત્રણ ભાઈઓ - છ બહેનોનો મોટો પરિવાર. આખો પરિવાર સુશિક્ષિત અને સુસંસ્કૃત. આવા માહોલમાં રમણભાઈ નિરીશ્વરવાદી બન્યા તેથી નવાઈ ભલે લાગે, માણસ નામે માણસ તરીકે જીવવાનો ચિંતકોએ જેને ધર્મ માન્યો છે તેવા ધર્મના સંસ્કાર તો એમને ગળથૂથીમાં જ મળ્યા છે.



આજે ૯૨ વર્ષની ઉંમરે પણ રમણભાઈ એવા જ તરોતાજા, સ્પષ્ટવક્તા, સુધારક, ચિંતક, લેખક અને સ્થૂળ ધર્મને નહીં માનનારા નાસ્તિક, છતાં સંપૂર્ણપણે માનવધર્મને વરેલા મળવા જેવા માણસ છે.

– નાનુભાઈ નાયક

*The End*